વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૮મું
જૂન - ૨૦૨૩
અંક : ૫૪૧

મંગલ મંદિર ● જૂન-૨૦૨૩ ● ૧
(કુલ પાના : ૯૨)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## આવઈ અષાઢી બીજ

# કચ્છી

## નયેં વરેંજી મળેં કેં લખ લખ વધાઈયું



: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005

Email : kjssmangalmandir@gmail.com • Website : www.kutchijainahd.org

● શુભેચ્છા સહ ●



પ્રભુલાલ એમ. સંઘવી

ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

Chandrakant K. Gada
+91-9825069290

BLUE STAR INDUSTRIES

Stainless Steel Re-Rollers

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

Bharat B. Gala
M. : 93270 05460

SHREE Raju ENTERPRISE

RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in



SKYBLUE STATIONERY MART

EVERY THING THAT YOU THINK

**South Bopal :** 35, Gala Magnus, Opp. Safal Parisar-1, Ahmedabad
**Krutika Haria : 9099047163**

**Surdhara :** GF Shop No. 26, Maple Trade Centre, SAL Hospital Road, Thaltej, Ahmedabad.
**Piyush Salva : 9879568027**



ફ્યુઝન કિડની કેર પ્રા. લી.

FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



ડો.હિમાંશુ શાહ [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્વાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦

Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

● શુભેચ્છા સહ ●



અનિલ પાસુભાઈ શાહનંદ

૮૯, યોગેશ્વરનગર સોસાયટી,
અંજલી ચાર રસ્તા, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. ૯૪૨૬૦ ૫૫૪૪૮, ૯૩૨૭૦ ૬૩૩૫૫


સાચા સંબંધને તોડવાની ભૂલ ના કરતા,
ઝાડ પરથી તૂટેલા પાંદડા ફરીથી
લીલા નહીં થાય.



સૌંદર્યનું આયુષ્ય માત્ર જુવાની સુધી
અને ગુણોનું આયુષ્ય આજીવન
સુધી સાથે રહે છે.



# સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

## હાર્દિક શુભેચ્છાઓ

એવો વિચાર ના કરો કે,
મોટા માણસ, મારા મિત્ર થાય,
એવો વિચાર કરો કે ...,
મારા મિત્રો મોટા માણસ થાય..!!!

કુંડળી મળતી ન હોય છતાં
આજીવન ચાલવાવાળો સંબંધ
એટલે ભાઈબંધી

## સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

# અંગ્રેજી શીખવા માટેનાં શ્રેષ્ઠ પ્રકાશનો

રોજિંદા જીવનમાં અંગ્રેજીનો પ્રભાવ ખૂબ વધી રહ્યો છે. એટલા માટે અંગ્રેજી ભાષાનો પદ્ધતિસરનો અભ્યાસ આજે અત્યંત જરૂરી બન્યો છે. અંગ્રેજી શીખવા ઇચ્છુક બધા અભ્યાસાર્થીઓ માટે આ પુસ્તકો તૈયાર કરવામાં આવ્યાં છે.




દરેક બુકસેલરને ત્યાં મળે છે.


NAVNEET®

ગુજરાતના સ્વાતંત્ર્યસેનાની, પત્રકાર, ચરિત્રલેખક, અનુવાદક અને ઇતિહાસકાર કાન્તિભાઈ મ. શાહની સંસ્કાર સાહિત્યમંદિર, ભાવનગર દ્વારા પ્રકાશિત કેટલીક અપ્રાપ્ય પ્રશિષ્ટ કૃતિઓ ગુજરાતી વાચકો માટે પુનઃ પ્રકાશિત અને ઉપલબ્ધ કરી છે.










| | | | |
|---|---|---|---|
| 1. | પદ્માને તીરે (પર્લ બક) | (અનૂદિત નવલકથા) | 380 |
| 2. | પ્રથમ પત્ની અને બીજી વાતો (પર્લ બક) | (અનૂદિત નવલકથા) | 220 |
| 3. | આશાનું બીજ 1-2 (પર્લ બક) | (અનૂદિત નવલકથા) | 400 |
| 4. | ચિત્રાની પ્રેમકથા (લીન યુ ટાંગ) | (અનૂદિત નવલકથા) | 200 |
| 5. | હરતાં-ફરતાં હાડપીંજરો વચ્ચે | (પ્રવાસકથા) | 250 |
| 6. | દુર્ભિક્ષ (વાર્તાઓ) | (પ્રવાસકથા) | 220 |
| 7. | બંગાળની લોકકથાઓ | (લોકકથા સાહિત્ય) | 280 |
| 8. | કાશ્મીરની લોકકથાઓ | (લોકકથા સાહિત્ય) | 100 |
| 9. | દક્ષિણ દેશની લોકકથાઓ | (લોકકથા સાહિત્ય) | 220 |
| 10. | રાષ્ટ્રસપૂત બળવંતરાય મહેતા જીવન-કાર્ય | (જીવનચરિત્ર) | 400 |
| 11. | કવિવર રવીન્દ્રનાથ ઠાકુર | (જીવનચરિત્ર) | 200 |
| 12. | સૌરાષ્ટ્રમાં ગાંધીજી : આશા અને પૂર્તિ | (જીવનચરિત્ર) | 500 |
| 13. | મુસ્તફા કમાલ પાશા | (જીવનચરિત્ર) | 270 |
| 14. | દરિયાની વેળ (પર્લ બક) | (કિશોરકથા) | 100 |
| 15. | બલિદાન કથાઓ ભાગ 1-5 | (કિશોરસાહિત્ય) | |
| | 1. રામપ્રસાદ બિસ્મિલ | | 125 |
| | 2. કાકોરીના દેશભક્તો | | 180 |
| | 3. અમર શહીદો | | 150 |
| | 4. બાબા ગુરુદત્તસિંહ | | 200 |
| | 5. ક્રાંતિના ઝંડાધારીઓ | | 125 |
| 16. | મહાભારત કથાવલિ ભાગ-1-4 (ચક્રવર્તી રાજગોપાલાચારી લિખિત) | (બાળ-કિશોરસાહિત્ય) | 800 |
| 17. | જાપાનની પરીકથા 1થી 6 (પ્રમીલાબહેન શાહ ભાવાનૂદિત) 1. યામાતો તાકેનાં પરાક્રમો, 2. ચાંદકુમારી, 3. જાદુઈ આરસ 4. અક્ષયપાત્ર, 5. બૂઢી ફૂભારજા, 6. અમરલોક | | 600 |

પુસ્તકોના સંપૂર્ણ સેટની છાપેલી કિંમત રૂ. 5920/- છે.
અત્યારે આ સેટ 4700/-ની કિંમતે ઘેરબેઠાં ફ્રી ડિલીવરીથી મળી જશે.
છૂટક પુસ્તકો 10 % કમિશનથી ફ્રી ડિલીવરીથી મળશે.

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001,
ફોન : 079-22149660,
09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-15
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ : gurjarprakashan@gmail.com
વેબસાઇટ : www.gspbooksmall.com




# COLLEGE OF DENTAL SCIENCES & RESEARCH CENTRE

**Recognized by Dental Council of India**
**Affiliated to Gujarat University**

Centre For Excellence in Teaching, Learning & Research

Opp. Pleasuure Club, Near Bopal, Manipur,
Ta. Sanand, Ahmedabad, Gujarat.

Tel : +91 6355092242, +91 8758774700
Email : dental.lib@gmail.com

છેલ્લા ૪૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫

ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com

વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી** મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦
- **મહેન્દ્ર દોશી – સભ્ય** મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧
- **ફાલ્ગુની હિરેન – સભ્ય** મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭
- **ચૌલા કુરૂવા – સભ્ય** મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮
- **રસિક ખીમજી મહેતા – સભ્ય** મો. ૯૩૨૮૨ ૪૭૦૬૯

**કવર પેઇજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- નયે વરેંજી વધાઈ .......... **અશોક મહેતા**.......૯

**ષષ્ઠી પૂર્તિ વિશેષાંક**

- ષષ્ઠી પૂર્તિ વિશેષાંકના લેખકશ્રીઓને અભિનંદન .......... ૧૧
- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૨ .......... **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી**..... ૧૨

**શિક્ષણ**

- મહામૂલી માતૃભાષા .......... **પ્રવીણ કે. લહેરી**..... ૧૫
- શિક્ષક કથા નિમિત્તે વિશ્વશિક્ષક મોરારીબાપુને સાદર .......... **જગદીશચંદ્ર છાયા**..... ૧૭

**વિજ્ઞાન - પ્લેનેટેરીયમ**

- ચાલો, ઉજ્જૈન પ્લેનેટેરીયમની મુલાકાતે .......... **ભરત'કુમાર' પ્રા. ઠાકર**..... ૧૮

**પ્રવાસન**

- પ્રવાસન સ્થળ તરીકે વિકસવાની રાહ જોતો કડિયા ડુંગર .......... **મનીષ જોશી 'મૌન'**..... ૨૦
- કચ્છ પ્રવાસન : સામાન્ય માહિતી .......... ૨૧

**સમાજ**

- લગ્ન વિષયક સમસ્યાઓ .......... **વસંત 'કચ્છ કેસરી'**..... ૨૩

**નારી જાતિનું ગૌરવ**

- ભાષા, ભૂષા અને પરિવેશનું કૌવત અને નારી જાતિનું ગૌરવ .......... **ચાર્વિ ભટ્ટ**..... ૨૪

**યોગ કથા**

- આધ્યાત્મિક ઉર્ધ્વગમન અને શરીર વ્યવસ્થા માટે યોગ .......... **યોગસાધક કિરણ ચાંપાનેરી**..... ૨૬

**વિશિષ્ટ સંસ્થા**

- ગુજરાતનું એકમાત્ર આત્મનિર્ભર શિક્ષણ મોડેલ : "ચાણક્ય એકેડેમિ" ....... **ડૉ. પૂર્વી ગોસ્વામી**..... ૨૮

**વિશિષ્ટ દિવસ**

- વિશ્વ પર્યાવરણ દિવસ .......... **ડૉ. મિહિર એમ. વોરા**..... ૨૯
- મુખ્યમંત્રી અમૃતમ અને મુખ્યમંત્રી વાત્સલ્ય યોજનામાં મફત સારવાર માટે નોંધાયેલી હોસ્પિટલોની યાદી .......... ૩૧

**વ્યક્તિ વિશેષ**

- સિનિયર મનોચિકિત્સક ડૉ. મણિલાલ ગડાને પ્રતિષ્ઠિત 'લાઈફ ટાઈમ એચિવમેન્ટ ઍવોર્ડ'' .......... **અશોક મહેતા**..... ૩૨
- પાગલ પાછળ પાગલ! .......... **CA કુલીનકાંત લુઠિયા**..... ૩૩

**તીર્થ દર્શન**

- દર્શન-૩૦ : શ્રી ચાણસ્મા તીર્થ
- દર્શન-૩૧ : શ્રી પાટણ તીર્થ .......... **પ્રેષક : કે.ડી. શાહ**..... ૩૪

**તંદુરસ્તી**

- જીવનશૈલી - આવનારા દાયકામાં : ભાગ-૨ .......... **ડૉ. મણિલાલ ગડા / ડૉ. દિપ્તી ગડા**..... ૩૫
- હૃદયરોગની સારવારનો ત્રીજો વિકલ્પ .......... **ડૉ. કમલેશ એન. શાહ**..... ૩૭

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## વાર્તા


● આકાશને આરસીમાં ઝીલવાની તમન્ના .... **રમીલાબેન પી. મહેતા** ..... ૩૯
● બોધકથા : હંમેશાં સકારાત્મક ભાવ રાખો .... **સુમિત્રાબેન દાદુભાઈ નિરંકારી** ..... ૪૦


## નિયમિત વિભાગો


● ***Nano Nine*** શબ્દ રમત-૧૯૫ .... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૪૧
● ***Nano Nine Sudoku*** (ક્રમાંક-૧૧૫૩) .... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૪૩


## અન્ય સંસ્થાઓના સમાચાર


● અન્ય સંસ્થાઓના સમાચાર .... ૪૪
● આંજો કાગર .... ૪૭


## જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી


જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી .... **સંકલન : રસીક ખીમજી મહેતા** ..... ૫૧


## દેશ વિદેશ


● દેશ - વિદેશ .... **ચૌલા કુરૂવા** ..... ૫૩


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર


● આપણા ડૉક્ટર્સને પહેચાનો : મણકો-૧ : ડૉ. નીતુબેન પરીખ, M.D. (Medicine) ... **અશોક મહેતા** ..... ૫૯
● ઉડતી નજરે... .... ૬૧
● અતીતના ઓવારેથી... : મણકો-૨.. .... ૬૨
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી .... ૬૫
● સમાજના પાલડી ખાતેના ડૉક્ટર્સ સાથે સ્નેહ મિલન સમારંભ .... ૬૮
● ગેટ-ટુ-ગેધર બાદ મળેલ ડૉક્ટર્સશ્રીઓના પ્રતિભાવ .... ૭૧
● મહિલા ઉત્કર્ષ સમિતિ .... ૭૨
● ગૃહ ઉદ્યોગ સમિતિ .... ૭૫
● ગૃહ ઉદ્યોગ સમિતિ ● પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદરના નેજા હેઠળ મેડિકલ કેમ્પ .... ૭૬
● ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટરમાં દિલ્હી સ્થિત 'આયુષ્માન કાર્ડ' સમિતિની વિઝીટ .... ૭૮
● મેડિકલ સેન્ટર - પાલડી ખાતે મેડિસીન વિભાગની તકતીનું અનાવરણ ● મેરેજ બ્યુરો સમિતિ .... ૭૮
● મેડિકલ સ્ટોર વ્યવસ્થા સમિતિ ● વિદ્યાર્થી પુરસ્કાર યોજના .... ૭૯
● 'મંગલ મંદિર'ના લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી .... ૮૦
● 'મંગલ મંદિર'ના પ્રાપ્ત થયેલ લવાજમો (તા. ૧૧-૪-૨૦૨૩થી તા. ૩૦-૫-૨૦૨૩ સુધી) .... ૮૧
● સમાજ દર્પણ : સરનામા ફેરફાર / અવસાન નોંધ / અભિનંદન .... ૮૨
● વર્ષ ૨૦૨૩માં બાળવર્ગ અને ધોરણ-૯ સુધીની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાઓનું માહિતી પત્રક .... ૮૩
● વર્ષ ૨૦૨૩માં ધોરણ-૧૦ અને તેનાથી ઉપરના વર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાઓનું માહિતી પત્રક ૮૫


## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો


● ગઝલ .... **અંકિતા મારૂ 'જીનલ'** ..... ૧૯
● મન .... **મનીષા અજય વીરા 'મન'** ..... ૨૫
● મૉલ મથા ઢક .... **કુસુમ ગાલા 'કુસુમ'** ..... ૪૨
● હાઈકુ .... **દિલીપ આચાર્ય 'દિલકશ'** ..... ૫૫


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રીલેખ

# નચે વરેંજી વધાઈ



અશોક મહેતા

આવતી તા. ૨૦ જૂન ૨૦૨૩ને મંગળવારના રોજ અષાઢી બીજનો તહેવાર આવે છે અને એ તહેવાર એટલે કચ્છી નૂતન વર્ષ. કચ્છી નૂતન વર્ષના સહુ કચ્છી ભાઈ-બહેનોને ખૂબ ખૂબ અભિનંદન. નવા વર્ષની વધાઈ. નયે વરેંજી વધાઈ. એ દિવસે અમદાવાદમાં જગન્નાથજીની રથયાત્રાનું પણ અનેરું મહત્ત્વ હોય છે.

તહેવાર ખુશીથી મનાવીએ. એકબીજાને અભિનંદન આપીએ. આનંદથી દિવસ પસાર કરીએ. આ એક પ્રકારની વાત થઈ. પરંતુ અન્ય તરફ ગત વર્ષે શું કર્યું અને આવતા વર્ષે શું કરવા માંગીએ છીએ તેના આયોજનો વિચારવા પણ જરૂરી છે.

આ પ્રકારના આયોજનોની વિચારણાના અનુસંધાને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે રવિવાર તા. ૧૮-૬-૨૦૨૩ના સાંજના ૪ વાગ્યાના સમયે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે એક સેમિનારનું આયોજન કરેલ છે કે જેમાં અમદાવાદ સ્થિત દરેક કચ્છી ઘટક સમાજના પ્રમુખશ્રી - મંત્રીશ્રીને આમંત્રિત કરવામાં આવેલ છે. સાથે સાથે અન્ય અનેક કચ્છી મહાનુભાવોને પણ આમંત્રિત કરવામાં આવી રહેલ છે. આ સેમિનાર યોજવા પાછળનો હેતુ અમદાવાદ સ્થિત દરેક કચ્છી ઘટક સમાજો - સંગઠનો સાથે બેસીને વિચાર - વિમર્શ કરીએ અને ભવિષ્યમાં આપણે આપણી કર્મભૂમિમાં અને તેના સંપૂર્ણ જન સમુદાયને ઉપયોગી થાય તેવી કઈ કઈ પ્રવૃત્તિઓ કરી શકીએ.

આ અંગે વધુ વિચાર કરતા શાળાકીય અને કોલેજનું શિક્ષણ, ટેકનિકલ શિક્ષણ, વિદ્યાર્થી - વિદ્યાર્થિનીની હોસ્ટેલ, કેરિયર ગાઈડન્સ અને પર્સનાલિટી ડેવલપમેન્ટ, ઉચ્ચ શિક્ષણ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન, વિવિધ પ્રકારના કૌશલ્ય કેન્દ્રો, હેલ્થ સેન્ટર, મેડિકલ જીમ, ફિઝીયોથેરાપી સેન્ટર, થેલેસેમિયા સારવાર, કેન્સર માટે ડે-કેર સેન્ટર, મેડિકલ સેન્ટર, નાની-મોટી હોસ્પિટલ વગેરે પ્રકારની અનેકવિધ પ્રવૃત્તિઓ કરી શકાય કે જે સમગ્ર ભારતને સિદ્ધિના શિખરે પહોંચાડવામાં યોગ્ય રૂટ બની શકે – યોગ્ય રાહ બની શકે.

આ પ્રકારની દરેક બાબતે યોગ્ય ચર્ચા કરી જો નિર્ણય લઈ શકાય તો તે આપણા માટે એક અનેરી સિદ્ધિ બની રહેશે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વાત કરીએ તો તેણે તેની ૬૦ વર્ષની સફરમાં અત્યાર સુધી અમદાવાદમાં ત્રણ અતિથિ ભવન, એક આવાસ યોજના, એક સાંસ્કૃતિક હોલ, એક કચ્છ સંસ્કૃતિ મ્યુઝીયમ, ત્રણ મેડિકલ સેન્ટર, ત્રણ ડાયાલિસિસ સેન્ટર, બે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સ્થાપિત કરેલ છે તથા કેરિયર ગાઈડન્સના વર્કશોપ છેલ્લા ૧૫થી પણ વધુ વર્ષથી અવાર-નવાર યોજી રહેલ છે. તદુપરાંત કચ્છી નૂતન વર્ષ દરમિયાન નવા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર, નવા મેડિકલ સેન્ટર અને એક નવી હોસ્પિટલ પ્રસ્થાપિત કરવાના આયોજનો વિચારી રહેલ છે.

આપણે ઈચ્છીએ કે વિશાળ જનસમુદાયની સેવા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પોતાના નવા પ્રયાસોના સારામાં સારા પરિણામો મેળવે અને સાથે સાથે અમદાવાદ - ગાંધીનગર સ્થિત અન્ય કચ્છી ઘટક સમાજોને આ પ્રકારના કાર્યો સારી રીતે પાર પાડવા તેઓને મદદરૂપ બની રહે.

અંતમાં, ફરી કચ્છી નૂતન વર્ષની સહુને મુબારકબાદી.

કચ્છી નયે વરેંજી ગચ ગચ વધાઈયું....

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦**

# શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થી ભવન

ટ્રસ્ટ નોંધણી નંબર : એ-૩૬૭, મહેસાણા તા. ૧૦-૧૨-૧૯૫૨

**(સંચાલિત : જૈન કન્યા છાત્રાલય)**

**ભાઉપુરા, તા. કડી, જી. મહેસાણા - ૩૮૨ ૭૧૫. ફોન : (૦૨૭૬૪) ૨૬૩૪૪૧, ૨૬૨૫૧૩**

E-mail : jainkadiboarding@gmail.com

Income-Tax 80(G) No. : CIT/GNR/80-G/PTN-06/2014-15 ● PAN No. :AAATS7684L

---

**જ્ઞાનનો પ્રકાશ સર્વત્ર ફેલાય અને તેને પ્રજ્વલિત રાખવાના યજ્ઞમાં સહભાગી બનનાર**

**શિક્ષણપ્રેમી શુભેચ્છક પરિવારથી આપને વિદિત થવા જોગ**

**શ્રી જ્ઞાતિ સમાજ/સંસ્થા/મંડળ તેમજ આપના પરીચિત સ્નેહીજનોની દીકરીઓના**

## અભ્યાસ/શિક્ષણ, સંસ્કાર તેમજ સંસ્કરણ અંગે

**આપના તરફથી પખવાડિક કે માસિક પ્રસિધ્ધ થતી પત્રિકા/લેખ/મેગેઝીનમાં પ્રસિધ્ધ કરવા અંગેની વિગત**

આજના સમયમાં શિક્ષણ વેપાર બની ગયો છે. શાળામાં વસુલાતી ઊંચી ફી, મોંઘા પુસ્તક, નોટબુક, યુનિફોર્મ, ટ્યુશન ક્લાસીસ વગેરેનો ખર્ચ દરેક વર્ગને પોષાતો નથી. જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓનો અભ્યાસ પૈસાના અભાવે અટકી ન પડે તે માટે **જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થી ભવન - ભાઉપુરા, તા. કડી, જી. મહેસાણા-૩૮૪ ૪૪૦ (કન્યા છાત્રાલય)** ૫૦ વર્ષથી વધારે સમયથી જૈન ધર્મના ચારેય ફિરકાઓની દીકરીઓના અભ્યાસ અર્થે અવિરત ઉજાગર રહી બોર્ડિંગ વ્યવસ્થા સાથે નજીવા ખર્ચે ઉપરોક્ત તમામ સગવડ પૂરી કરે છે. તે અંગે આપ અમારી સંસ્થાનો સત્વરે સંપર્ક કરી ફોર્મ ભરી નીચે મુજબની પ્રક્રિયા પૂરી કરશો.

૧. ધોરણ-૫ થી ૧૦ તથા ધોરણ-૧૨ ફોર્મ મેળવી, ભરીને તા. ૧૭-૫-૨૦૨૩ સુધી સંસ્થામાં મોકલી આપવાના રહેશે.

૨. ધોરણ ૧૧ તેમજ કોલેજમાં પ્રવેશ મેળવવા પરિણામ આવ્યેથી દિન-૭માં ફોર્મ ભરી માર્કશીટની ઝેરોક્ષ કોપી સંસ્થામાં મોકલી આપવી. ત્યારબાદ આપની માર્કશીટ સ્કુલ/કોલેજમાં એપ્રુવ્ડ કરાવ્યા બાદ પ્રવેશને પાત્ર બનશો.

૩. તા. ૨૧-૫-૨૦૨૩, રવિવારના દિવસે સવારે ૧૦.૦૦ કલાકથી ઈન્ટરવ્યુ માટે જણાવવામાં આવશે. (ફોર્મમાં બે મોબાઈલ નંબર લખવા ફરજિયાત છે.)

૪. ફોર્મ મેળવવા અંગે તેમજ સંસ્થાની વધુ જાણકારી મેળવવા અંગે Website : www.jainladieshostel.org

**• સંપર્ક •**

સુપ્રિન્ટેન્ડન્ટશ્રી : મો. +૯૧ ૭૮૧૭૦ ૮૭૭૫૧, વોટ્સએપ નં. : +૯૧ ૯૪૦૮૬ ૧૬૯૨૭

**www.jainladieshostel.org**

***કરે છે ચિંતન કેવી રીતે લાવવું પરિવર્તન***

*સહકારની અપેક્ષા સહ* *"વિદ્યા વિનયથી શોભે છે"*

મંગલ મંદિર ● એપ્રિલ-૨૦૨૩

# ષષ્ઠી પૂર્તિ વિશેષાંકના લેખકશ્રીઓને અભિનંદન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'નો એપ્રિલ-૨૦૨૩નો અંક ષષ્ઠી પૂર્તિ વિશેષાંક તરીકે બહાર પાડવામાં આવેલ હતો. ત્રણ સંપુટના આ વિશેષાંકના બીજા સંપુટમાં કચ્છ અને અન્ય બાબતોએ નામી અને ખૂબ જ અભ્યાસપ્રદ તથા ચિંતનશીલ લેખકોના લેખ લેવામાં આવ્યા હતા કે જે દરેક લેખ અત્યંત પ્રભાવશાળી રહેલ હતા.

આ લેખોમાંથી પણ ઉત્તમ કક્ષાના લેખોની પસંદગી કરવા નીચે મુજબની એક નિર્ણાયક સમિતિની રચના કરી તેની જાહેરાત પણ એ જ અંકમાં કરવામાં આવેલ હતી.

*૧. શ્રી કેશુભાઈ દેસાઈ – અમદાવાદ*
*૨. શ્રી રોહિતભાઈ શાહ – અમદાવાદ*
*૩. શ્રી બલવીરસિંહ જાડેજા – અમદાવાદ*
*૪. બહેનશ્રી દર્શનાબેન ધોળકિયા – ભુજ*

***ઉપરોક્ત નિર્ણાયક સમિતિનો આ અંકના ઉત્તમ લેખો માટેનો નિર્ણય આવી ગયેલ છે, કે જે નીચે મુજબ છે.***

★ ***પ્રથમ ક્રમાંક*** **: શ્રી હસમુખભાઇ અબોટી - માંડવી** તેમના લેખ 'દરિયાપાર પર સાગરસૂતના કિરદાર' માટે
**શ્રી હરેશભાઇ ધોળકિયા - ભુજ** તેમના લેખ 'કચ્છનું શિક્ષણ : બ્રાન્ડેડ બનવાની અઢળક તકો' માટે
(નોંધ : પ્રથમ ક્રમાંકે બે લેખકશ્રીઓ આવેલ છે.)

★ ***દ્વિતીય ક્રમાંક*** **: શ્રી જેઠો લાલવાણી - અમદાવાદ** તેમના લેખ 'કચ્છમાં સિંધુ સંસ્કૃતિ (પૌરાણિક અવશેષો ધોળાવીરા)' માટે

★ ***તૃતીય ક્રમાંક*** **: શ્રી નરેશભાઇ અંતાણી - ભુજ** તેમના લેખ 'કરાંચીમાં બ્રિટીશરોને હંફાવનાર કચ્છી સપૂત : દેવજી જોશી' માટે

***તદુપરાંત આ નિર્ણાયક સમિતિએ અભિનંદન આપવા સ્વરૂપ નીચે મુજબના ત્રણ લેખોની પણ પસંદગી કરેલ છે.***

★ **શ્રી સંજય પી. ઠાકર - ભુજ** તેમના લેખ 'વિશ્વની સૌથી પ્રાચીન સેલોર ધોળાવીરામાં' માટે

★ **શ્રી ભરત'કુમાર' પ્રા. ઠાકર - અંજાર** તેમના લેખ 'કચ્છના નૂતન તીર્થધામો - છેલ્લા સાંઈઠ વર્ષમાં નિર્માણ પામેલા દર્શનીય સ્થળોની ઝાંખી' માટે

★ **શ્રી ભાવિન વોરા - ભુજ** તેમના લેખ 'કચ્છનું ઔદ્યોગિકીકરણ' માટે

ઉપરોક્ત બધા જ લેખકશ્રીઓને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના તથા તેના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'ના ખૂબ ખૂબ અભિનંદન. નિર્ણાયકશ્રીઓને પણ તેમની સેવા બદલ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના તથા તેના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'ના પણ ખૂબ ખૂબ અભિનંદન.

પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર લેખકશ્રીઓને યોગ્ય પુરસ્કારથી આવતા દિવસોમાં નવાજવામાં આવશે.

અન્ય ત્રણ લેખકશ્રીઓને પણ આવતા દિવસોમાં પ્રશસ્તિપત્રો આપવામાં આવશે.

આ તબક્કે મંગલ મંદિરના ષષ્ઠી પૂર્તિ વિશેષાંકમાં અને સમગ્ર બાર મહિના દરમિયાન અવારનવાર પોતાના અભ્યાસપ્રદ લેખો મોકલનાર લેખકશ્રીઓને ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે.

અત્રે એ નોંધ લઈએ કે વાચક વર્ગમાંથી શ્રી વસંતભાઈ 'કચ્છ કેસરી'એ પ્રથમ ક્રમાંકના લેખ માટે શ્રી હરેશભાઈ ધોળકિયાને પસંદ કરેલ છે કે જે સંપૂર્ણપણે યોગ્ય અભિપ્રાય છે. તેથી તેમને પણ અભિનંદન આપી પુરસ્કૃત કરીએ.

**તંત્રી મંડળ, "મંગલ મંદિર"**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૨

સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી (ગાંધીધામ - અમદાવાદ)
(સમાજના ભૂતપૂર્વ મંત્રી તથા 'મંગલ મંદિર'ના ભૂતપૂર્વ તંત્રી)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. જેના સાચા જવાબો હશે તે તમામના નામ 'મંગલ મંદિર'ના આગામી અંકમાં છાપવામાં આવશે. એમાંય વળી ઈનામ જીતવાની તક તો ખરી જ...! પ્રાપ્ત થયેલા સાચા જવાબો પૈકી ડ્રો થશે. પસંદગી પામેલ લક્કી ૫ વ્યક્તિને ઈનામ આપવામાં આવશે.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

### ★ આપે આટલું કરવાનું છે :

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... ઈનામ મળશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

### • આ અંકના સવાલો •

૧. ચાંગોદર ખાતે મેડિકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન કઈ તારીખે થયું? સમારંભના પ્રમુખ કોણ હતા?
૨. મંગલ મંદિરનું વાર્ષિક લવાજમ કેટલા રૂપિયા છે?
૩. સમાજના મુખપત્રનું પ્રથમ નામ શું હતું?
૪. સમાજના પ્રથમ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરનું ઉદ્‌ઘાટન કઈ તારીખ અને કયા વારે થયું હતું?
૫. મંગલ મંદિરનો માર્ચ-૨૦૦૭નો અંક કયા નામથી પ્રગટ થયેલ?
૬. મંગલ મંદિરને વર્ષ ૨૦૧૫માં કયો ઍવોર્ડ પ્રાપ્ત થયેલ?
૭. ૧૯૯૬માં "પરિણય મિલન સમિતિ"નું ગઠન કોના કન્વીનરપદે થયેલ?
૮. શ્રી કચ્છી જૈન મહિલા મંડળની સ્થાપના કઈ તારીખે થઈ હતી?
૯. સમાજનું પ્રથમ ડાયાલિસિસ સેન્ટર શાહીબાગ ખાતે કઈ તારીખે પ્રારંભ થયો અને તેનું શું નામકરણ કરવામાં આવેલ?
૧૦. પાલડી ભવનની જગ્યાના મૂળ માલીક કોણ હતા? આ જમીન ખરીદીનો દસ્તાવેજ ક્યારે થયો?

### ★ નોંધ

૧. આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના પ્રગટ થતા મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે.
૨. સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે.

## • ગયા અંકના સવાલોના સાચા જવાબો •

૧. સમાજનું પ્રથમ અતિથિ ભવન તા. ૧૪-૯-૧૯૮૬માં બન્યું.
નામ : માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન રાખવામાં આવ્યું.
૨. આરોગ્ય મેળો તા. ૮-૨-૨૦૦૪ના રોજ યોજાયો. નાયબ વડાપ્રધાન શ્રી એલ.કે. અડવાણીજી ઉપસ્થિત રહ્યા હતા.
૩. બોપલ મેડિકલ સેન્ટરનું ઉદ્ઘાટન તા. ૧૨-૧-૨૦૨૦ને રવિવારના રોજ થયું. નવનીત મેડિકલ સેન્ટર નામ રાખવામાં આવેલ.
૪. ભારતના મુખ્ય ૧૧ બંદરો છે. કંડલા મુખ્ય બંદર છે.
૫. કચ્છની સ્થાપના ઈ.સ. ૧૨૭૦માં થઈ. ઈ.સ. ૧૮૧૫માં કચ્છ બ્રિટીશ સામ્રાજ્ય હેઠળ આવ્યું.
૬. મંગલ મંદિરનો નવેમ્બર-૨૦૦૭નો દીપોત્સવી અંક "મુંબઈ વિશેષાંક" તરીકે પ્રગટ થયો.
૭. ૨૦૧૩ કચ્છ શક્તિ ઍવોર્ડ શ્રી અશોકભાઈ મહેતાને અર્પણ થયો.
૮. પોકેટ ડાયરી તા. ૧૭-૯-૧૯૭૮માં પ્રગટ થઈ.
૯. 'સુવર્ણ જયંતી વર્ષ'ની તા. ૧૪-૪-૨૦૧૨થી તા. ૧૪-૪-૨૦૧૩ સુધી ઉજવણી કરવામાં આવી.
૧૦. સંસ્થા તા. ૪-૧-૧૯૮૬ના રોજ રજિસ્ટર્ડ થઈ.

## • ગયા અંકના સવાલોના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓ

| | | |
|---|---|---|
| ૧. | શ્રી ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ | ૬૩૫૨૫ ૨૪૨૭૦ |
| ૨. | શ્રીમતી જ્યોતિબેન એલ. શાહ - અમદાવાદ | ૯૪૨૬૨ ૪૫૪૪૩ |
| ૩. | રોનકબેન આઈ. શેખ - અમદાવાદ | ૯૨૭૬૭ ૫૨૨૩૫ |
| ૪. | પ્રો. ડૉ. લુબનાબેન આઈ. શેખ - અમદાવાદ | ૯૬૮૭૫ ૩૩૦૯૧ |

*ઉપરોક્ત ૪ ભાગ્યશાળીઓને વિજેતા જાહેર કરવામાં આવે છે અને દરેકને યોગ્ય પુરસ્કાર આપવામાં આવશે.*

## મંગલ મંદિરનું લવાજમ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સ્થાનિકે વસવાટ કરતા તથા બહારગામના સભ્યોને વિનંતી સહ જણાવવાનું કે અનેક સભ્યોએ હજુ સુધી 'મંગલ મંદિર'ના લવાજમ ભર્યા નથી. તેઓને વિનંતી કે તેઓ પોતાના લવાજમની રકમ તાત્કાલિક સંસ્થાની ઓફિસ પર મોકલી આપે.*

**• મંગલ મંદિરના લવાજમના દર નીચે મુજબ છે •**

- *૧ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦/-*
- *૨ વર્ષનું લવાજમ : રૂા. ૩૦૦/-*
- *૩ વર્ષનું લવાજમ : રૂા. ૪૦૦/-*
- *૫ વર્ષનું લવાજમ : રૂા. ૬૦૦/-*
- *૧૫ વર્ષનું લવાજમ : રૂા. ૧,૫૦૦/-*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :*

- *સંસ્થાનું નામ* : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ [Shree Kutchhi Jain Seva Samaj - Ahmedabad]
- *બેંક* : કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ [Canara Bank, Paldi Branch - A'bad]
- *એકાઉન્ટ નંબર* : ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032] ■ *IFSC કોડ* : CNRB0017007

*રજનીકાંત પારેખ, માનદ્ મંત્રીશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*


TOTAL
SPORTS & FITNESS
NOW IN AHMEDABAD
FF/4, B Agrawal Complex, Navrangpura,
CG ROAD Ahmedabad
+91 91369 37921
Grand Offers
RACKET SPORTS upto 50% off
CRICKET upto 35% off
BALLS upto 20% off
APPAREL & SWIMWEAR upto 20% off
CARROM upto 20% off
GAME SHOES upto 40% off
SKATES upto 30% off
FOOD SUPPLEMENTS upto 40% off
FITNESS ACCESSORIES upto 20% off
BEST BRANDS. BEST PRICES.
TOTAL
NIKE
adidas
PUMA
asics
Babolat
NIVIA
YONEX
SG
SS
DSC
new balance
COSCO
speedo
TOTAL
SPORTS & FITNESS
Customer Care: +91 82683 99999 | For Bulk Purchase / Enquiry: sales@totalsf.in
Dadar (E) | Santacruz (W) | Borivali (W) | Vashi | Thane (W) Korum & Viviana | Dombivali (E) | Kalyan
Nashik | Panvel | Nalasopara | Kurla Phoenix | Surat | Pune | Ahmedabad
Google Ratings 4.4+ Justdial Ratings 4.1+
Shop Online www.totalsf.in
@TotalSportsAndFitness
totalsportsandfitness

# મહામૂલી માતૃભાષા



પી. કે. લહેરી

ગુજરાત રાજ્યની વિધાનસભાએ તેના છેલ્લા સત્રમાં સર્વાનુમતે એક કાયદો પસાર કરી બિનગુજરાતી માધ્યમમાં શિક્ષણ આપતી તમામ પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૮માં ગુજરાતી વિષય ફરજિયાત રીતે ભણાવવો પડશે તેવી જોગવાઈ કરી. આ માટે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે માતૃભાષાની અનેરી કાળજી કરવા અને તમામ ચૂંટાયેલા લોક પ્રતિનિધિઓને કશા મતભેદ વિના ગુજરાતીની મહત્તા સ્વીકારવા માટે જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે. આવા કાયદા માટે માતૃભાષા અભિયાને રીટ પીટીસન કરી હાઈકોર્ટનાં દ્વાર ખખડાવ્યા હતા, પણ જે હાઈકોર્ટ કશી કાર્યવાહી ગુજરાતીમાં કરવા માટે સતત સંકોચ અને આનાકાની કરતી હોય તે સ્પષ્ટ આદેશ કરે કે કેમ તે પ્રશ્ન હતો. વિધાનસભ્યોની ફરજ હતી અને તે તેઓએ સુપેરે બજાવી તેનો આનંદ અને સંતોષ છે.

ગુજરાતીભાષી લોકો માટે જ્ઞાનકોશ રચી અનેક વિષયો અંગે સૌ માતૃભાષામાં અધિકૃત માહિતી મેળવી શકે તે માટે સ્વ. પદ્મભૂષણ શ્રી ધીરુભાઈ ઠાકરે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની સ્થાપના કરી. ગુજરાતી વિશ્વકોશ (Gujarati Encyclopedia)ના હજારો અધિકરણો પસંદ કરી તજજ્ઞો પાસેથી તે અંગેની માહિતી સંક્ષિપ્તમાં પણ સચોટ રીતે રજૂ કરી તેમણે ગુજરાત અને ગુજરાતીઓ પર ઉપકાર કર્યો છે. આ સંસ્થાના સંવર્ધનની જવાબદારી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ નિભાવી રહ્યા છે. બાળ વિશ્વકોશ (ભાગ ૧ થી ૧૦) અને પરિભાષાકોશ પ્રગટ થઈ ચૂક્યા છે. વિજ્ઞાનકોશ, નારીકોશ, સંતકોશ તથા ગ્રંથાલય વિજ્ઞાનકોશ જેવા અલગ અલગ કોશ તૈયાર કરાવવાની સાથે અસંખ્ય પ્રકાશનો દ્વારા ગુજરાતી ભાષાને સમૃદ્ધ બનાવવામાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનો ફાળો દીર્ઘકાલીન સમય માટે યાદ કરાશે. હવે તો ગુજરાતી વિશ્વકોશના તમામ ખંડો ઓનલાઈન (https: gujarativishwakosh.org) આંગળીના ટેરવે ઉપલબ્ધ છે અને દરરોજ સરેરાશ છથી સાત હજાર લોકો તેનો લાભ લે છે તે હકીકત આપણને આશા આપે છે કે આપણી માતૃભાષાનો ઉપયોગ સીમિત થવાને બદલે વ્યાપક રીતે વૈશ્વિક ધોરણે થઈ રહ્યો છે.

અમદાવાદમાં જ્યારે વિશ્વકોશના ગ્રંથો તૈયાર થઈ રહ્યા હતા ત્યારે દૂર લંડનમાં એક સફળ ગુજરાતી ઉદ્યોગ સાહસિકે ગુજરાતને તમામ શબ્દકોશો સંકલિત કરીને તેના પર્યાય, અંગ્રેજી અર્થ સાથે ઓનલાઈન ઉપલબ્ધ કરાવવા માટે અજોડ પ્રયત્ન કર્યા હતા. આ માતૃભાષાપ્રેમી અને શબ્દકોશ મારફત ગુજરાતીને દુનિયા સમક્ષ સબળ રીતે રજૂ કરનારા શ્રી રતિલાલ ચંદરયા મૂળ જામનગર (હાલાર)ના. શરૂઆતમાં પૂર્વ આફ્રિકા અને ત્યારબાદ ઇંગ્લેન્ડમાં રહીને તેમણે માતૃભાષાના સંરક્ષણ અને વિકાસ માટે સ્વપ્ન સેવ્યું હતું. તે સપનું સાકાર પણ કર્યું. કમનસીબે વિદેશમાં ઊછરેલા કુટુંબના સભ્યો માટે શબ્દકોશને ઓનલાઈન પર સજીવન રાખી તેને અદ્યતન રાખવાનું કામ લંડનમાંથી કરવામાં સ્વાભાવિક મર્યાદાઓ હતી. તેમણે પૂરી છાનબીન કરીને ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ સાથે તેમના શબ્દકોશોનું સંકલન ગુજરાતી લૅક્સિકનને જોડવા સમજૂતી કરી. આ એક અજોડ ભાગીદારી છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને ગુજરાતી લૅક્સિકનના સંગમના સાક્ષી બનવા માટે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ગુજરાત વિશ્વકોશ ભવનમાં તા. ૧૨ મે, ૨૦૨૨ને ગુરુવારના રોજ પધાર્યા. આ પ્રસંગે ગુજરાત વિશ્વકોશ વતી તેમની પાસે માંગણી મૂકવામાં આવી. જે રીતે બંગાળ, કર્ણાટક, તમિલ, તેલુગુ, મરાઠીભાષી રાજ્યોમાં માતૃભાષાથી અલગ માધ્યમમાં શિક્ષણ આપતી તમામ પ્રાથમિક શાળામાં સંબંધિત માતૃભાષાનું શિક્ષણ આપવું કાયદાથી ફરજિયાત બનાવવામાં આવ્યું છે તેમ ગુજરાતમાં બિનગુજરાતી માધ્યમ ધરાવતી તમામ પ્રાથમિક શાળાઓ ધોરણ ૧ થી ૮માં ગુજરાતી ફરજિયાત વિષય તરીકે રાખવામાં આવે. આ સૂચનનો પ્રતિભાવ આપતાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈએ માર્મિક રીતે કહ્યું, 'જે વસ્તુ આગળ માતૃ શબ્દ લાગે તે તમામ બાબતો આપણા માટે પવિત્ર અને ગૌરવમયી છે.' આપણને સૌને એ વાતનો અઢળક આનંદ છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ટૂંકા સમયમાં આ અંગે કાયદાકીય જોગવાઈ કરી સૌને સ્પષ્ટ સંદેશ આપ્યો છે, 'સદા સૌમ્ય વૈભવે ઊભરાતી, મળી માતૃભાષા મને ગુજરાતી.' કવિ શ્રી ઉમાશંકર જોશીની લાગણીને છ કરોડ ગુજરાતી ભાષીઓની ભાવિ પેઢી સમજે તે માટે ગુજરાત સરકારે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈની આગેવાનીમાં જે કાર્ય કર્યું તેનું મૂલ્ય ઐતિહાસિક છે. સરકારે તેની ફરજ બજાવી. હવે ગુજરાતી પ્રજાની અને સમાજની માતૃભાષા પ્રત્યેની ઉપેક્ષા અને લઘુતાગ્રંથિ ખંખેરીને ગુજરાતીને

ગૌરવવંતા સ્થાને સ્થાપિત કરવાની જવાબદારી છે.

*કવિ મયૂર અનુવાડિયા લખે છે :*

***'વેપાર કૌશલ્ય ભારોભાર રગમાં, જગમાં એ પ્રભાવ***
***વળી સુખદુ:ખમાં નફો નુકસાનથી પર હૈયાના ભાવ***
***શબ્દોની છે અહીં સંપત્તિ અનેરી ને મૌનમાં કૈં રણકાર***
***સાહિત્યને નવે રસમાં કવિઓ ગાતા ગૌરવ ભભકાદાર.'***

આપણે ત્યાં ૧૯૮૦-૯૦ના દાયકામાં અંગ્રેજી માધ્યમની શાળાઓ બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળી. અંગ્રેજી વિના વિદેશમાં ભણવું કે સ્થાયી થવું શક્ય નથી. અંગ્રેજી વિના સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળ થવું કઠિન છે. અંગ્રેજી આંતરરાષ્ટ્રીય ભાષા છે. અંગ્રેજી દ્વારા વિશ્વના અનેક દેશો સાથે સંવાદ સાધી શકાય છે. આ કારણો (જેમાં આંશિક સત્ય પણ છે) આપી મા-બાપે સંતાનોને અંગ્રેજી માધ્યમમાં બાળ મંદિરના વર્ગોથી જ દાખલ કરવા માંડ્યા. ખૂબ મોટી ગુજરાતી વસતી ધરાવતા પચરંગી શહેર મુંબઈની સેંકડો ગુજરાતી માધ્યમિક શાળાઓ પત્તાના મહેલની માફક આંખના પલકારમાં બંધ થઈ. ગુજરાતનાં તાલુકા કક્ષાના ગામોમાં જ્યાં ગુજરાતી માધ્યમિક શાળાઓ ન હતી ત્યાં ત્યાં પણ અંગ્રેજી માધ્યમની શાળાઓ ખૂલવા માંડી. સંતાનોને ગુજરાતી માધ્યમમાં તો ભણાવાય જ નહીં તેવા માહોલ વચ્ચે વિદેશમાં નહીં, ગુજરાતમાં લગભગ બે પેઢીઓ અંગ્રેજી માધ્યમમાં ભણી. સાથે સાથે તેને ગુજરાતી વાંચવા-લખવાનો કોઈ મહાવરો જ ન રહ્યો. ભાષા પ્રેમીઓમાં દહેશત પેદા થઈ કે શું ગુજરાતી ભાષા કાળક્રમે લુપ્ત થઈ જશે? અંગ્રેજી શાળાઓ મુખ્યત્વે કમાણી કરવાના હેતુથી શરૂ થઈ હતી. સજ્જ શિક્ષકોની તંગી, અંગ્રેજી શીખવવાવાળાનું અધકચરું ભાષાજ્ઞાન જેવા અનેક પરિબળોનાં કારણે મેડિકલ - એન્જિનિયરીંગ કોલેજોમાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓનો દબદબો રહ્યો. મા-બાપ દ્વારા સારી ગુજરાતી માધ્યમની શાળાની શોધ શરૂ થઈ. 'માધ્યમ ગુજરાતી ઉત્તમ અંગ્રેજી'નું સૂત્ર પ્રચલિત બન્યું. હવે વિટંબણા એ હતી કે ખૂબ સારી ગુજરાતી માધ્યમની શાળાઓ સમાજ અને સરકારની ઉપેક્ષાના કારણે બંધ પડી હતી. 'ન રહ્યા ઘરના કે ન રહ્યા ઘાટના' જેવી ઉક્તિ સાર્થક કરી ગુજરાતની શાણી પ્રજાએ પોતાના પગ પર જ કુહાડી મારવાની ભૂલ કરી છે.

ગુજરાત સરકારનો ગુજરાતી વિષય ફરજિયાત કરવાનો નિર્ણય ક્રમશઃ આજની સ્થિતિમાં ગુણાત્મક પરિવર્તન લાવશે. ગાંધીજીએ પોતાના શિક્ષણના અનુભવને વાગોળતા સ્પષ્ટ કહ્યું છે કે, 'અંગ્રેજી માધ્યમના કારણે જ તેમને ગણિત-વિજ્ઞાન જેવા વિષયો ભણવામાંથી રસ જ ઊડી ગયો હતો.'

આજના સંદર્ભમાં આપણે સૌએ માતૃભાષા ગુજરાતીને જાળવી તેનો વિકાસ કરવામાં યત્કિંચિત પ્રદાન કરવાનું છે. ગુજરાતી લખતી કે બોલતી વખતે બિનજરૂરી અંગ્રેજી શબ્દોનો વપરાશ ટાળવો જરૂરી છે. અન્ય ભાષાના શબ્દો અપનાવવાનો અર્થ એ તો ન જ થાય કે ભાષાને વર્ણસંકર બનાવીએ. આપણે સૌએ એક વાત તો સમજીને સ્વીકારવી જ પડશે. માતૃભાષાના માધ્યમમાં શિક્ષણ, વહીવટ, ન્યાય, રોજબરોજના સંવાદમાં જેટલો વધારે ગુજરાતીનો ઉપયોગ થશે તેટલું સામાન્ય નાગરિકોનું પ્રદાન વધશે. તેના વ્યક્તિત્વનો વિકાસ થઈ સમાજને સુદૃઢ બનાવશે. આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાનું જતન કરીને આપણા પૂર્વજોની સિદ્ધિઓ અને વર્તમાનની સંભાવના વચ્ચે સેતુ રચી શકીએ તે જવાબદારી આપણા સૌની સહિયારી છે. આમાં પ્રમાદ કે ઉપેક્ષા સેવીશું તો આપણે માતૃભાષાના ભવિષ્ય સાથે ચેડાં કર્યાનો દોષ વહોરીશું. ■

## શિક્ષક કથા નિમિત્તે વિશ્વશિક્ષક મોરારીબાપુને સાદર

**(અનુસંધાન : પાના નં. – ૧૭ ઉપરથી ચાલુ)**

- **'જય'નું 'પ્રિય!'**

મોરારીબાપુ 'જય'ને બદલે 'પ્રિય' શબ્દ બોલે છે. તો ધ્યાન દોરું કે હવે શાળાઓમાં 'પ્રિય' શબ્દ ભણવામાં નબળા બાળકો માટે બોલાય છે.

- **'અસ્મિતા પર્વ' વેકેશનમાં યોજો :**

મોરારીબાપુ દ્વારા એપ્રિલ મહિનામાં 'હનુમાન જયંતી' હોય ત્યારે અસ્મિતા પર્વની ઉજવણી થતી. એ દિવસોમાં બાળકોની પરીક્ષા ચાલતી હોઈ, ઘણા રસિકજનો એ પ્રસંગ માણી શકતા ન હતા.

બાપુ બહુ સમાધાનકારી વલણ દાખવતા ઉદાર મતવાદી છે. જેમ કે તા. ૪-૪-૨૦૧૫ના બાપુએ 'અસ્મિતા પર્વ'માં કહ્યું હતું કે, 'કંબોડિયાવાળાએ તો હનુમાનજીને પરણાવી દીધા. મને એ ગમ્યું.' આમ, તેમણે સૌને પ્રેક્ટીકલ બનવા જણાવ્યું. બાપુ પોતે પ્રેક્ટીકલ બનવાના હિમાયતી છે.

તો 'અસ્મિતા પર્વ' વેકેશનમાં યોજોને! જો શિયાળુ કે ઉનાળુ વેકેશનમાં 'અસ્મિતા પર્વ'ની ઉજવણી કરવાનું શરૂ થશે તો ભાવકોનો ઉમળકો છલકાઈ ઉઠશે. ખાસ તો શિક્ષકો એનો બહોળો લાભ લઈ શકશે. જેની અસર બાળકોનું ગુણવત્તાલક્ષી શિક્ષણ સુધારણા અભિયાન પર અવશ્ય પડશે. શિક્ષકોને અસ્મિતા પર્વનો લાભ મળવો જ જોઈએ.

- **કથા 'માનસ બાળક' :**

મોરારીબાપુ મૂળ એક પ્રાથમિક શિક્ષકનો જીવ છે. અગાઉ તેઓ એક વર્ગ શિક્ષક હતા. હવે ભલે 'વિશ્વ શિક્ષક' બન્યા છે એ ખરું, પણ તેથી શું? બાળક તો શિક્ષકના હૃદયમાં કાયમી અંકિત - સ્થાપિત હોય છે જ. તેથી તેઓ બાળકને કેન્દ્રમાં રાખીને 'માનસ બાળક' કથા કરે એવી નમ્ર પ્રાર્થના. ■

# શિક્ષક કથા નિમિત્તે વિશ્વશિક્ષક મોરારીબાપુને સાદર

જગદીશચંદ્ર છાયા

ગાંધીનગર ખાતે તા. ૧૩મી મે, ૨૦૨૩થી મોરારીબાપુ શિક્ષકો માટે કથા કરવાના છે ત્યારે એક નિવૃત્ત શિક્ષકના નાતે કશુંક લખવાની પ્રેરણા થઈ છે. એમાં શિક્ષક અને શિક્ષણ કેન્દ્રસ્થાને રહેશે.

મારી ૪૦ વર્ષની શિક્ષણ યાત્રા પર દૃષ્ટિ કરતાં ગજબનું પરિવર્તન થયેલું દેખાય છે. માનશો? મને અરજી કર્યા વિના શિક્ષક તરીકે નિમણૂંકનો ઓર્ડર મળ્યો હતો. (પછી જૂની તારીખમાં મેં અરજી લખી આપી હતી). આટલી હદે સરળ હતી નિમણૂંક. આજની પેઢી માનવા માટે તૈયાર નહીં થાય, પણ છે સત્ય હકીકત.

એક સમયે શાળામાં શાળાંત પાસ સ્ટાફ હતો. મારી નિવૃત્તિ પહેલાં મારી શાળામાં આવ્યો M.Sc., B.Ed. સ્ટાફ! ક્યાંક M.Ed., M.Phil., Ph.D. પણ! કોલેજના પ્રોફેસર થવાની લાયકાત ધરાવતા શિક્ષકો મારા આસિસ્ટન્ટ! મને ક્ષોભ થતો. પછી વિચારતો, પરિવર્તન આમ જ આવતું હશે? હવે તો ટાટ, ટેટ ઉપરાંત બી.ઈ., બી.ટેક. ડિગ્રીધારી ઈજનેરો પણ પ્રાથમિક શિક્ષકો બનશે!

હવે શાળાઓ કોમ્પ્યુટર લેબ સહિતની આધુનિક ટેકનોલોજીથી સજ્જ છે.

અગાઉ શિક્ષણના ખાનગીકરણને પ્રોત્સાહન આપવાની સરકારી નીતિ ન હતી. એટલે સરકારી શાળાઓમાં બાળકોની સંખ્યા બહુ ઘણી હતી. એટલે ઓરડા ઓછા પડતા. એક રૂમમાં 'અ' અને 'બ' એમ બે વર્ગો ચાલે. એટલે એક રૂમમાં શિક્ષકો બે હોય. મારો અનુભવ છે કે એક બેંચ પર અમે બે શિક્ષક ભાઈ-બેન બેસતા! એક રૂમ, બે વર્ગો, બે શિક્ષકો 'બેંચસ્થ' અને ૮૦+ બાળકો 'પટસ્થ!'

એ સમયે 'બાળકોને મારજો' એવો વાલીઓ આગ્રહ રાખતા! 'શિક્ષક પ્રધાન' વ્યવસ્થા હતી. આજે ભૂલેચૂકે હાથ ઉપડી જાય તો પોલીસ ફરિયાદ થઈ શકે છે. મીડિયા બ્રેકિંગ ન્યુઝ બનાવી દે છે. 'સોટી વાગે ચમચમ, વિદ્યા આવે રમઝમ' ભૂલી જઈએ. સમયને માન આપીએ, એમાં જ સૌનું ભલું છે.

એ સમયે દૈનિક આંક પઠન થતું. એટલે બાળકોને ઘડિયા કડોકડ કંઠસ્થ થઈ જતા. ગુણાકાર, ભાગાકાર, દાખલા ગણતી વખતે બાળકોને એનો સીધો લાભ થતો. ગણનમાં ઝડપ આવતી, કાવ્યગાનનો પણ ખૂબ મહિમા હતો.

હું ભણતો ત્યારે શાળામાં જ કચ્છનો ઇતિહાસ અને કચ્છની ભૂગોળ વિષયો શીખવવામાં આવતા. બંને વિષયના પાઠ્યપુસ્તકો હતા. આ વ્યવહારુ જ્ઞાન જીવનમાં બહુ ઉપયોગી જણાયું છે. આવું સ્થાનિક શિક્ષણ ફરી અભ્યાસક્રમમાં દાખલ કરવું જરૂરી જણાય છે. 'કેરો' વિશે જાણતા હોઈએ, ને કચ્છની એક સમયની રાજધાની 'કેરા' વિશે જાણકારી ન હોય એ કેમ ચાલે?

- **રામ કથામાં 'ગામ ગાથા!' :**

ધોળાવીરા ખાતેની રામકથામાં મોરારીબાપુએ આદર્શ ગામની બ્લ્યુ પ્રિન્ટ આપી. ગ્રામ્ય જીવનનો ધબકાર ઝીલતી કથામાં બાપુનો ગામ-પ્રેમ છલકાય છે.

ગામમાં વહેતી નદી, મંદિર, સારી શાળા, સમર્પિત એવો નખશીખ શિક્ષક, કર્તવ્યનિષ્ઠ તલાટી, ચૂંટણીના ડખા ન હોય, ચૂંટણી થાય પણ પછી મતભેદો ભૂલાય, સમરસ પંચાયત, શીલવંત સાધુ, વર્ણભેદ ન કરે એવો કથાકાર, ગાયોની સેવા. બાપુએ વર્ષમાં એક કથા ગામડાંમાં યોજવાની ઇચ્છા જાહેર કરી.

- **'રામકથા' જેમ એક શિક્ષક દ્વારા 'ગામ કથા' પણ ગવાય છે :**

સોશિયલ મીડિયા દ્વારા વૈશ્વિક વટવૃક્ષ બની ગયેલું મારું 'ગામ ગાથા' ગ્રુપ છેલ્લા દસ વર્ષથી 'ગામ કથા' ગાય છે. એક શિક્ષક દ્વારા ચાલતી આ 'ગામ કથા' ONE & ONLY હોવાનું હું ગૌરવ લઉં છું. ૨૦૧૯માં બાપુની ભુજ મુલાકાત વખતે મેં એમને મારી 'ગામ કથા' વિશેની વાત કહેતાં એમણે તરત એક લેખ પર પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી શુભેચ્છા પાઠવી હતી. જે મારા માટે કોઈ મોટા ઍવોર્ડથી વિશેષ મૂલ્યવાન છે.

બાપુના મત મુજબ શ્રેષ્ઠતા સાબિત કરવા અરજી ફોર્મ ભરવાની રીત ઉચિત નથી. ત્યારે વિનમ્રતાથી બાપુનું ધ્યાન દોરું કે આપના તરફથી અપાતા ઍવોર્ડ માટે અપનાવાતી અરજી ફોર્મ ભરવાની રીત આપની જાણ બહાર હોવી જોઈએ. હવેથી આપના તરફથી અપાતા ઍવોર્ડ માટે 'અરજી ફોર્મ ભરવાની રીત'ને બદલે કોઈ નવો વિકલ્પ અમલમાં મૂકી શકાય તો સારું.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૬ ઉપર)**

### દશાબ્દિ અવસર : ૨૦૧૩-૨૦૨૩

# ચાલો, 'ઉજ્જૈન પ્લેનેટેરીયમ'ની મુલાકાતે....



ભરત'કુમાર' પ્રા. ઠાકર



સૂર્યની આસપાસ ફરતા ગ્રહ - ઉપગ્રહ માટેના અંગ્રેજી શબ્દ 'પ્લેનેટ' પરથી 'પ્લેનેટેરીયમ' નામ ઘડાયું છે. શબ્દકોશ અનુસાર તેનો સામાન્ય અર્થ તારાઓ અને ગ્રહોની મહત્તા, સ્થિતિ અને ગતિનો ખ્યાલ આપવા માટેની કૃત્રિમ રચના કે ઘુમ્મટવાળી ઈમારત થાય છે. 'પ્લેનેટેરીયમ' માટે હિંદી - ગુજરાતીમાં આકાશગૃહ, તારામંડળ, નક્ષત્ર ભવન, ગગનમંડળ, આકાશ દર્શન, નભોમંડળ, તારાઘર, ગ્રહ નક્ષત્રાલાય જેવા પર્યાયો પ્રચલિત છે.

- **નભો મંડળોની વિસ્તૃત ભૂમિકા :**

તારા મંડળની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ સામાન્ય લોકોની ખગોળ વિજ્ઞાન સંબંધી જીજ્ઞાસાઓ સંતોષવાનો તથા વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રૂચિ વધારવાનો અને વૈજ્ઞાનિક અભિગમનો વિકાસ કરવાનો છે. બદલાતા પરિવેશમાં તારામંડળોની ગતિવિધિઓ માત્ર ખગોળ વિજ્ઞાન પૂરતી મર્યાદિત રહેવાને બદલે શિક્ષણ વિજ્ઞાન અને વિજ્ઞાન સંપર્કમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ મહિને આવતા સ્થાપનાની દશાબ્દી પ્રસંગે આપણે દેશમાં છેલ્લે સ્થપાયેલા "ઉજ્જૈન તારામંડળ"નો પરિચય કરીએ.

**આજે દુનિયામાં લગભગ ત્રણ હજાર, ભારતમાં ૪૮ અને ગુજરાતમાં છ આવા નક્ષત્ર ભવનો આવેલા છે.** તેમાં ૧૯૬૨માં સ્થાપિત બિરલા પ્લેનેટેરીયમ (કલકત્તા) ભારતનું સૌથી જૂનું, ભારતનું અને એશિયાનું સૌથી મોટું, વિશ્વમાં બીજા ક્રમનું સૌથી મોટું તથા રાષ્ટ્રસમૂહ દેશોનું બીજું પ્લેનેટેરીયમ છે! મેંગ્લોરનું સ્વામિ વિવેકાનંદ પ્લેનેટેરીયમ (સ્થાપના ૨૦૧૮) ભારતનું પ્રથમ થ્રી-ડી પ્લેનેટેરીયમ છે.

ગુજરાતમાં છ પ્લેનેટેરીયમો તેની સ્થાપનાના ક્રમાનુસાર આ મુજબ છે : વડોદરા (૧૯૭૬), પોરબંદર (૧૯૭૭), રાજકોટ (૧૯૯૨), અમદાવાદ (૧૯૯૭), સુરત (૨૦૦૯) અને નડિયાદ (૨૦૧૬). આમાં પીરામિડ આકારનું વડોદરા પ્લેનેટેરીયમ ગુજરાતનું સૌથી જૂનું, સૌથી મોટું અને ભવ્ય છે. આ સિવાય સંસ્થાગત કેટલાક નાના કક્ષાના તારાઘરો પણ આવેલા છે.

- **ઉજ્જૈન : પ્રાચીન ખગોળ કેન્દ્ર**

દ્વાદશ જ્યોતિર્લિંગો પૈકીનું એક, ક્ષીપ્રા નદીના કિનારે વસેલું અને રાજા વિક્રમનું આ પુરાતન નગર 'અવન્તિકા' તરીકે પણ ઓળખાયું છે. પ્રાચીન સમયમાં ઉજ્જૈન કાલગણનાનું કેન્દ્ર રહ્યું છે અને તે દિવસોમાં ત્યાં ગણિત, જ્યોતિષ, ખગોળમાં ખૂબ સંશોધન થયું છે. મહાન ખગોળજ્ઞ વરાહમિહિર (૫૦૫-૮૭)ની તે કર્મભૂમિ રહી છે. જયપુરના મહારાજા સવાઈ જયસિંહ દ્વિતીયે (૧૬૮૮-૧૭૪૩) અહીં ૧૭૨૫માં જંતરમંતર વેધશાળા (ઓબ્ઝર્વેટરી) સ્થાપી હતી, જે ભારતની પ્રથમ વેધશાળા છે.

રાજ્યમાં ઉજ્જૈનની પસંદગી પાછળ બીજું મુખ્ય કારણ પણ છે. આ જિલ્લાના મહિદપુર તાલુકાના ડોંગલા ગામે 'વિજ્ઞાન સંશોધન કેન્દ્ર' પણ સ્થપાયું છે. કેમકે અહીંથી કર્ક રેખા પસાર થાય છે. મધ્યપ્રદેશ રાજ્ય વિજ્ઞાન પરિષદના એક મોટા પ્રકલ્પ હેઠળ ઉજ્જૈનમાં અતિ આધુનિક હાઈબ્રિડ પ્લેનેટેરીયમની સ્થાપના કરવામાં આવી છે, જે આ રાજ્યનું પ્રથમ નભોમંડળ બન્યું છે.

- **નિર્માણ ખર્ચ - સમય - શુભારંભ**

૨૦૦૯નું વર્ષ 'આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન વર્ષ' તરીકે મનાવવામાં આવેલું. ત્યારે ૧૩મી નવેમ્બર, ૨૦૦૯ના તેનો

શિલાન્યાસ થયેલો. આ તારામંડળ થિયેટરના નિર્માણમાં ચાર વર્ષ લાગ્યા હતા અને અંદાજે બાર કરોડ રૂપિયાના ખર્ચે તે તૈયાર થયું છે. તેનો શુભારંભ ૧૨મી જૂન, ૨૦૧૩ના વિજ્ઞાનપ્રેમી અને પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ (૧૯૩૧-૨૦૧૫)ના હસ્તે થયો હતો.

તેના શુભારંભ પહેલા તેને તંત્રજ્ઞાનયુક્ત બનાવવા 'ખગોળ વિજ્ઞાન લોકપ્રિયકરણનાં વિવિધ પાસાઓ' પર ૨૦૦૯ અને ૨૦૧૨માં બે સંગોષ્ઠીઓ તથા ઉદ્ઘાટન પ્રસંગે 'વિજ્ઞાન પ્રસારણમાં તારામંડળોની ભૂમિકા' પર સેમિનાર સાથેના ત્રિ-દિવસીય 'તારામંડળ ઉત્સવ' (૧૦-૧૨ જૂન, ૨૦૧૩)નું પણ આયોજન થયેલું. જેમાં વિવિધ ખગોળવિદો, તારા મંડળોના નિયામકો તથા સમન્વયકો, વિજ્ઞાન સંચારના શોધાર્થીઓએ ભાગ લીધો હતો.

ઉજ્જૈન ગ્રહ નક્ષત્રાલયનો આરંભ 'કોસ્મિક કોલિજિયન્સ હાઈબ્રિડ શૉ' પર આધારીત એક દસ્તાવેજી ચલચિત્રથી થયેલો. જેમાં ઉજ્જૈનની યશોગાથાથી માંડીને બ્રહ્માંડીય ઉથલપાથલમાં મહાવિનાશથી બચવા માટે ગુરુત્વાકર્ષણ સિદ્ધાંતને સંભવિત ઉપાય તરીકે પ્રભાવી અને રોચક ઢબે રજૂ કરવામાં આવેલ.

## ● તારામંડળ થિયેટરનું વિહંગ દર્શન

ઉજ્જૈનના વસંતવિહાર વિસ્તારમાં તેનું લગભગ ૨૦,૦૦૦ ચો.ફૂટનું વિશાળ સંકુલ આવેલું છે. આ તારાઘર દેશના બીજા તારા મંડળોથી એ રીતે જુદુ પડે છે કે અહીં પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને અતિ આધુનિક તંત્રજ્ઞાનનો સમન્વય ઝળકી રહ્યો છે. વાસ્તુવિદોએ આ ગગન મંડળના ગુંબજને ભવ્ય મંદિરનો આકાર આપ્યો છે અને તેના ઉપર શિખરની પ્રતિકૃતિ મૂકી છે. તેના થિયેટરમાં એકસાથે સવાસો દર્શક આકાશીય રંગમંચની આશ્ચર્યકારક અને જીજ્ઞાસાવર્ધક ઘટનાઓનો રોમાંચક અનુભવ અને આનંદ લઈ શકે છે.

આપણા દેશમાં અત્યાર સુધી સ્થાપિત તારા મંડળોમાં 'ઑપ્ટો-મિકેનિકલ પ્રોજેક્ટરો'નો ઉપયોગ થઈ રહ્યો છે. પરંતુ ઉજ્જૈનના તારાઘરમાં તે ડિજીટલ ટેકનોલોજીનો સમાવેશ કરીને 'હાઈબ્રીડ પ્રોજેક્ટર' સ્થાપવામાં આવ્યું છે. તે માટે જાપાનની ગોટો આઈ.એન.સી. કંપનીની મદદ લેવામાં આવી છે. આ પેઢી તારામંડળો માટેનાં અત્યાધુનિક સાધનો બનાવે છે.

વિશેષજ્ઞોનું કહેવું છે કે હાઈબ્રીજ પ્રોજેક્ટરથી દર્શાવવામાં આવતાં આકાશી દશ્યોની ગુણવત્તા ઉચ્ચ કક્ષાની છે. તારા મંડળને ઓપ્ટીકલ ફાઈબર કમ્યુનિકેશન સિસ્ટમથી જોડવામાં આવ્યું છે, જેનો હેતુ 'રીયલ ટાઈમ ડાટા'ના આદાન પ્રદાનનો છે. નવનિર્મિત આકાશ દર્શન સંકુલમાં આગળ ઉપર થ્રી-ડી આઈમેક્સ થિયેટર અને સાયન્સ સિટીની સ્થાપના કરાશે. અહીં ખગોળ વિજ્ઞાન ગ્રંથાલય અને એક સંગ્રહ સ્થાન સ્થાપવાની દરખાસ્ત પણ છે.

ઉજ્જૈનને વિજ્ઞાન પ્રવાસન (સાયન્સ ટુરિઝમ)ના નકશા પર વિશિષ્ટ સ્થાન અપાવવાની રાજ્ય સરકારની યોજના છે અને તેની શરૂઆત અત્યાધુનિક હાઈબ્રીડ પ્લેનેટેરીયમથી થઈ ચૂકી છે.

## ● તો કચ્છમાં પણ તારાઘર!

ચાલુ વર્ષે 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' પ્રસંગે પ્રસિદ્ધ થયેલા સમાચાર અનુસાર તારાઓ, ગ્રહો, નક્ષત્રોનાં કૃત્રિમ દર્શન કરવા માટે કચ્છમાં નજીકના ભવિષ્યમાં આધુનિક નભો મંડળની સ્થાપનાની શક્યતા છે. અહેવાલ મુજબ જિલ્લા મથક ભુજ ખાતે ૨૦૦૬માં સ્થાપિત અને ઇન્ડિયન પ્લેનેટરી સોસાયટી સંચાલિત **"કચ્છમિત્ર લોકવિજ્ઞાન કેન્દ્ર"** દ્વારા આગામી સમયમાં કચ્છમાં અદ્યતન પ્લેનેટેરીયમ સાથેની વેધશાળા, વિજ્ઞાન ઉદ્યાન સહિતનો મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પ હાથ ધરાયો છે.

ઉલ્લેખનીય છે કે, આ કેન્દ્રે જિલ્લામાં વિજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં અને વૈજ્ઞાનિક અભિગમ કેળવવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી છે. **જાણીતા ખગોળવિદ્ અને સોસાયટીના અધ્યક્ષ ડો. જે.જે. રાવલ ઉર્ફે ડો. જિતેન્દ્ર જટાશંકર રાવલ (જન્મ ૧૯૪૫)ના જણાવ્યા મુજબ ૧૯૯૦માં છગનલાલ મહેતા વક્તવ્ય આપવા ભુજ આવેલા ત્યારે કચ્છમાં સાયન્સ પાર્ક, પ્લેનેટોરીયમ સ્થાપવાનું સેવેલું સ્વપ્ન હવે સાકાર થશે એવું જણાય છે.**

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## ગઝલ

ગમે ત્યારે, ગમે ત્યાં તું જવાની રાખ તૈયારી,
કરે બદલી ઘડીભરમાં, મરણનું કામ સરકારી.

કફન, શ્રીફળ, અગરબત્તી, ફૂલોના હાર ને દીવો,
ખરેખર મોત સસ્તું છે ને મોંઘી થઈ છે તરકારી.

જરા આરામથી તો શ્વાસ પણ લેવા ન દે જીવન,
ન કોઈ શ્વાસની ખટપટ, મજા છે મોતની ભારી.

જરા ફુરસદથી આવે તો જમાવીશું અમે મહેફિલ,
હશે મૃત્યુ ઉતાવળમાં તો રસ્તામાં થશે યારી.


તને લીધા વિના આ મોતને 'જીનલ' જવું પડશે,
જો સામે આવે તો રાજી કરી દઉં શેર ફટકારી.

*અંકિતા મારૂ 'જીનલ' – કાંદિવલી, મુંબઈ*

# પ્રવાસન સ્થળ તરીકે વિકસવાની રાહ જોતો કડિયા ડુંગર

મનીષ જોષી 'મૌન'

## *ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના નેત્રંગ નજીકના ડુંગરનું પૌરાણિક માહાત્મ્ય*








વૈશાખના વાદળછાયા વાતાવરણ વચ્ચે વડોદરાથી રાજીવ વ્યાસ અને જયદીપે કારને સ્ટાર્ટર માર્યું અને કાર ડભોઈ પછી મા નર્મદાના રંગસેતુ પુલને વળોટી, રાજપીપળા પહોંચી ત્યારે સવારના ૯.૩૦ વાગ્યા હતા. રાજપીપળા પછી પહાડોને કાપીને બનાવેલા વાંકાચૂંકા રસ્તા પર આદિવાસી સંસ્કૃતિના દર્શન થવા માંડ્યા. ફરવાના સ્થળ માંડણ અને વિશાલ ખાડી વચ્ચે ઓવરલોડ બે ટ્રક પણ ઊંધી પડેલી જોઈને વિચાર ટહુકો પણ થઈ ગયો... કે જીવન પણ વાંકાચૂંકા રસ્તા જેવું છે. ચેતીને અને ઓવરલોડ થયા વગર ચાલો તો ક્યાંય વાંધો નહીં આવે.

નેત્રંગ પહોંચતા જ કારમાં સવાર તૃપ્તિ અને ધર્મેન્દ્ર પટેલ, મનોરમાબેન, રાજીવ અને ફાલ્ગુની વ્યાસ, નિરંજન જોષી, મૌન અને વર્ષા જોષીના મન પુલકિત બન્યા હતા. જ્યારે બાળકો પ્રકૃતિ, વ્યોમ, ઓમ અને મેઘ "હવે આવશે કડિયો ડુંગર"ની બૂમ પાડી ખુશ થવા લાગ્યા હતા.

નેત્રંગથી રાજપારડી રોડ પર ૮ કિ.મી. દૂર કાર પહોંચી ત્યારે જાસપુર ગામે ડાબી બાજુ વળવા કડિયા ડુંગરનું બોર્ડ આવકારદાયક લાગ્યું.

આદિવાસીઓના વાંસના બામ્બુઓથી બનેલા સુંદર મકાનો અને હરિયાળીને નિહાળતા સહુ આગળ વધતા મન મંદિર નામના આધુનિક બંગલાને વળોટીને સિંગલપટ્ટીના ખખડધજ માર્ગ પર આગળ વધતી કારને છુટાછવાયા નારીયેળીના વૃક્ષો વધામણા કરતા હતા. જો કે વળાંકવાળા રસ્તા પર સાઈન બોર્ડ ન હોવાથી આગળ પણ જતા રહેવાની સંભાવના રહે છે.

કડિયો ડુંગર નજીક આવતા જ સિમેન્ટનો રસ્તો દેખાવા લાગ્યો અને કારની ગતિ તેજ બની. ઉદાસી અખાડાના આશ્રમના બોર્ડ નજીક લહેરાતા વૃક્ષ નીચે કાર વિસામો લેવા ઉભી અને સહુ આશ્રમ પહોંચતા જ વાનરના ટોળાએ હૂપાહૂપ કરીને આનંદ વ્યક્ત કર્યો. વાનરને જોઈને ચારેય બાળકો ખુશ ખુશ થઈ ગયા.

હા, કડિયા ડુંગરની તળેટીમાં સંત શ્રી ગંગાદાસજીનો આશ્રમ છે. સંતની આ તપોભૂમિ છે. બાપાનું સમાધિ મંદિર અને અખંડ ધૂણો પણ દર્શનાર્થીઓને પાવક કરે છે.

આશ્રમથી જ કડિયા ડુંગર પર જવાના પગથિયા શરૂ થાય છે. ડુંગર પર આવેલા મંદિરના દર્શન માટે આશ્રમમાંથી ચાવી લેવી પડે.

લોકવાયકા મુજબ આ ડુંગર પર વનવાસ દરમિયાન પાંડવોએ વાસ કર્યો હતો અને ભીમે હિડંબા સાથે અહીં લગ્ન કર્યા હતા. એટલે ભીમની ચોરી અને પાંડવોની ગુફા ઉપરાંત મા મનસાદેવીનું મંદિર આ ડુંગર પર આવેલા છે.

પાંડવો ડુંગર પર યજ્ઞ પણ કરતા. એટલે યજ્ઞ કક્ષ છે. બારેમાસ પાણીવાળો કુંડ પણ ડુંગર પર છે. ઋષિ પંચમીના દિવસે અહીં મેળો ભરાય છે. બાકી દર રવિવારે દર્શનાર્થીઓની ભીડ જોવા મળે છે. હાલમાં આશ્રમનું સંચાલન ઈશ્વરભાઈ પટેલ સુરતથી કરે છે.

ડુંગર પર નિસર્ગને આંખોમાં ભરી બપોરે અઢી વાગે આ પૌરાણિક સ્થળેથી આગળ વધવા સહુ આશ્રમની બહાર નીકળ્યા ત્યારે મનમાં એક વાત રમતી હતી કે 'પૌરાણિક સ્થળને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે તંત્ર ઉદાસીન કેમ છે?' જો આ સ્થળને વિકસાવવામાં આવે તો સહેલાણીઓની સંખ્યા વધતા પંથકવાસીઓની રોજીરોટી પણ વધે.

*(પૂરક માહિતી : ઈમ્તિયાઝ ખત્રી - નેત્રંગ)*

- **સંવેદના :**

*વિશાલ ઉત્તુંગ શિખર*
*મક્કમતા મોહી લે મન*
*પણ ક્યારેક... એક હળવા તોફાને થઈ જાય ભર ભર ભૂકો.*

**– નલીની રાવલ**

*ભગીરથ સમ ઘણા સજ્જન કિનારે લઈ ગયો... નદીને ઊંચકીને હું પહાડે લઈ ગયો.*

**– ગિરીરાજ બ્રહ્મભટ્ટ 'સરળ'**

## કચ્છ પ્રવાસન : સામાન્ય માહિતી

| ક્રમ | સ્થળનું નામ | વિશેષતા | ભુજથી અંતર | વિશેષ | કોન્ટેક્ટ નંબર | રીમાર્ક |
|---|---|---|---|---|---|---|
| ૧. | પ્રાગ મહેલ પેલેસ | રાજમહેલ | ભુજ (સ્થાનિક) | ભુજ | ૯૪૨૯૮ ૨૧૫૨૪ | ૧૯મી સદી રાવપ્રાગમલજી |
| ૨. | આઈના મહેલ પેલેસ | રાજમહેલ | ભુજ (સ્થાનિક) | ભુજ | ૯૪૨૭૫ ૬૯૯૪૧ | ૧૭૬૧માં રાવ લખપતજી |
| ૩. | છતરડી | શિલ્પ / સ્થાપત્ય | ભુજ (સ્થાનિક) | ભુજ | | મહારાજાઓની સમાધિ |
| ૪. | કચ્છ મ્યુઝીયમ | મ્યુઝીયમ | ભુજ (સ્થાનિક) | ભુજ | | બુધવારે બંધ |
| ૫. | હિલ ગાર્ડન | પર્યટન / બગીચો | ભુજ (સ્થાનિક) | ભુજ | | |
| ૬. | સ્વામિનારાયણ મંદિર | મંદિર | ભુજ (સ્થાનિક) | ભુજ | ૦૨૮૩૨-૨૫૦૨૩૧ | |
| ૭. | દાદા દાદીની વાડી | પર્યટન / બગીચો | ભુજ (સ્થાનિક) | ભુજ | ૯૯૭૯૪ ૦૭૯૯૨ | |
| ૮. | યક્ષ બૌંત્તેરા (નાના યક્ષ) | ધાર્મિક સ્થળ | ૮ કિ.મી. | | | |
| ૯. | કેરા | શિલ્પ / સ્થાપત્ય | ૨૦ કિ.મી. | કેરા-ભુજ | | |
| ૧૦. | વંદે માતરમ - ભુજોડી | મેમોરીયલ | ૧૦ કિ.મી. | ભુજ | ૯૫૧૨૧ ૨૦૦૦૬ | સોમવારે બંધ |
| ૧૧. | ઢોસા મહાદેવ | પર્યટન / ધાર્મિક | ૧૫ કિ.મી. | ઢોસા-ભુજ | | |
| ૧૨. | કોડકી ગંગાજી | પર્યટન / ધાર્મિક | ૧૫ કિ.મી. | કોડકી - ભુજ | | |
| ૧૩. | બિલેશ્વર મહાદેવ | પર્યટન / ધાર્મિક | ૩૦ કિ.મી. | નાથરકુઇ - ભુજ | | |
| ૧૪. | વાંઢાય (દેશલપર) | તીર્થધામ | ૨૭ કિ.મી. | દેશલપર | ૦૨૮૩૨-૨૭૬૨૩૨ | રહેવા જમવાની સગવડ છે |
| ૧૫. | પુંઅરેશ્વર મહાદેવ | પર્યટન / ધાર્મિક | ૩૦ કિ.મી. | દેશલપર | | પુંઅરોગઢ - શિલ્પ / સ્થાપત્ય |
| ૧૬. | વિથોણ ખેતબાપા મંદિર | પર્યટન / ધાર્મિક | ૪૫ કિ.મી. | વિથોણ | ૦૨૮૩૫-૨૮૩૩૩૨ | |
| ૧૭. | ધીણોધર ડુંગર | પ્રાકૃતિક / ધાર્મિક | ૬૫ કિ.મી. | નિરોણા | | |
| ૧૮. | નનામો ડુંગર - રોહા | ડુંગર | ૪૫ કિ.મી. | રોહા | | |
| ૧૯. | રક્ષકવન | બગીચો - પર્યટન | ૧૫ કિ.મી. | રૂદ્રમાતા | સોમવારે બંધ | કચ્છની વીરાંગનાઓની અમર શૌર્યગાથા |
| ૨૦. | કોટાય સૂર્યમંદિર | સૂર્યમંદિર / શિલ્પ | ૨૮ કિ.મી. | કોટાય - ભુજ | | |
| ૨૧. | ધ્રંગ | તીર્થધામ | ૩૫ કિ.મી. | લોડાઈ | ૯૮૯૮૨ ૭૧૦૯૦ | રહેવા જમવાની સગવડ છે |
| ૨૨. | અંધૌ | પુરાતત્ત્વ | ૭૩ કિ.મી. | ભીરંડિયારા | | |

| ક્રમ | સ્થળનું નામ | વિશેષતા | ભુજથી અંતર | વિશેષ | કોન્ટેક્ટ નંબર | રીમાર્ક |
|---|---|---|---|---|---|---|
| ૨૩. | સફેદ રણ | રણ | ૯૦ કિ.મી. | ધોરડો | | રણોત્સવ - શિયાળામાં |
| ૨૪. | કાળો ડુંગર | પ્રાકૃતિક / ધાર્મિક | ૯૦ કિ.મી. | ખાવડા | ૯૪૨૬૧ ૬૦૦૦૭ | રહેવા જમવાની સગવડ છે |
| ૨૫. | હાજીપીર | મુસ્લિમ તીર્થસ્થાન | ૧૧૭ કિ.મી. | હાજીપીર | | ચૈત્રના પ્રથમ સોમવારે મેળો |
| ૨૬. | છારી ઢંઢ - નખત્રાણા | પક્ષી દર્શન | ૮૦ કિ.મી. | નખત્રાણા | | યાયાવર પક્ષીઓ |
| ૨૭. | માતાના મઢ | તીર્થધામ | ૯૫ કિ.મી. | | ૦૨૮૩૯-૨૬૭૪૨૨ | રહેવા જમવાની સગવડ છે |
| ૨૮. | કલ્પવૃક્ષ | પ્રાચીન વૃક્ષ | ૧૦૭ કિ.મી. | દયાપર | | |
| ૨૯. | ઝારાનો ડુંગર | ઐતિહાસિક ડુંગર | ૧૧૬ કિ.મી. | માતાના મઢ | | |
| ૩૦. | લખપત | શિલ્પ / સ્થાપત્ય | ૧૩૨ કિ.મી. | લખપત | | લખપત કિલ્લો (પુરાતન) |
| ૩૧. | નારાયણ સરોવર | તીર્થધામ | ૧૪૮ કિ.મી. | | ૯૭૧૨૮ ૬૬૬૧૩ | રહેવા જમવાની સગવડ છે |
| ૩૨. | કોટેશ્વર મહાદેવ | તીર્થ-દરિયા કિનારો | ૧૫૦ કિ.મી. | ના.સરોવર | | શિવ વરદાન - રાવણ અહંકાર |
| ૩૩. | મણિયારો ગઢ | શિલ્પ / સ્થાપત્ય | ૧૩૦ કિ.મી. | બેરમોટી - નલિયા | | |
| ૩૪. | ઘોરાડ અભયારણ્ય | વન્ય જીવન | ૯૫ કિ.મી. | નલિયા | | નલિયા - જખૌ - ભાનાડા |
| ૩૫. | તેરાનો કિલ્લો | શિલ્પ / સ્થાપત્ય | ૮૨ કિ.મી. | તેરા-નલિયા | | વર્લ્ડ હેરિટેજ વિલેજ |
| ૩૬. | જખૌ | બંદર | ૧૧૦ કિ.મી. | જખૌ-નલિયા | | |
| ૩૭. | કોઠારા જૈન દેરાસર | તીર્થધામ | ૮૦ કિ.મી. | કોઠારા-નલિયા | | જમવાની સગવડ છે (સમયસર) |
| ૩૮. | પિંગલેશ્વર મહાદેવ | તીર્થ-દરિયા કિનારો | ૯૬ કિ.મી. | કોઠારા-નલિયા | | |
| ૩૯. | ગોધરા-અંબેધામ | પર્યટન / ધાર્મિક | ૭૦ કિ.મી. | માંડવી | ૦૨૮૩૪-૨૭૪૪૨૧ | જમવાની સગવડ છે |
| ૪૦. | ભોજાય | જૈન દેરાસર | ૭૦ કિ.મી. | માંડવી | ૦૨૮૩૪-૨૭૮૬૮૭ | જમવાની સગવડ છે (સમયસર) |
| ૪૧. | વિજય વિલાસ પેલેસ | રાજમહેલ | ૬૫ કિ.મી. | માંડવી | | |
| ૪૨. | માંડવી | બંદર / પર્યટન | ૬૦ કિ.મી. | માંડવી | | |
| ૪૩. | શ્રી શ્યામજી કૃષ્ણવર્મા | ક્રાંતિતીર્થ | ૬૫ કિ.મી. | માંડવી | | |
| ૪૪. | યક્ષ બૌંત્તેરા (મોટા યક્ષ) | ધાર્મિક સ્થળ | ૪૫ કિ.મી. | બીદડા | | |
| ૪૫. | બૌંત્તેર જિનાલય | તીર્થધામ | ૪૮ કિ.મી. | બીદડા | ૦૨૮૩૪-૨૭૫૪૫૧ | રહેવા જમવાની સગવડ છે |
| ૪૬. | બીદડા | હોસ્પિટલ | ૪૯ કિ.મી. | બીદડા | ૦૨૮૩૪-૨૪૪૪૪૪ | |
| ૪૭. | મુંદ્રા | બંદર | ૫૫ કિ.મી. | મુંદ્રા | ૦૨૮૩૮-૨૨૩૮૩૨ | અદાણી પોર્ટ |
| ૪૮. | ભદ્રેશ્વર | તીર્થધામ | ૬૦ કિ.મી. | ભદ્રેશ્વર | | રહેવા-જમવાની સગવડ છે |
| ૪૯. | જેસલ તોરલની સમાધિ | ઐતિહાસિક | ૪૦ કિ.મી. | અંજાર | | |
| ૫૦. | ગાંધી સમાધિ મંદિર | આદિપુર | ૫૦ કિ.મી. | ગાંધીધામ | | ગાંધીજીની અન્ય એક સમાધિ |
| ૫૧. | કંડલા | બંદર | ૭૦ કિ.મી. | ગાંધીધામ | | |
| ૫૨. | કંથકોટ કિલ્લો | પુરાતત્ત્વ/શિલ્પ | ૧૦૦ કિ.મી. | ભચાઉ-રાપર | | કિલ્લો-જૈન મંદિર - સૂર્ય મંદિર |
| ૫૩. | એકલમાતા મંદિર | તીર્થધામ | ૧૦૫ કિ.મી. | ભચાઉ-રાપર | ૯૮૨૫૪ ૭૬૯૯૯ | સ્વયંભુ પ્રગટેલ મૂર્તિ, રણદર્શન |
| ૫૪. | રવેચીમાંનું મંદિર | તીર્થધામ | ૧૨૨ કિ.મી. | રવ-રાપર | | રહેવા જમવાની સગવડ છે |
| ૫૫. | વ્રજવાણી | તીર્થધામ | ૧૭૨ કિ.મી. | રાપર | | |
| ૫૬. | ધોળાવીરા | પુરાતત્ત્વ | ૨૧૫ કિ.મી. | ધોળાવીરા | | |
| ૫૭. | મમાયમોરા ધામ | તીર્થધામ | ૧૬૦ કિ.મી. | રાપર | | |
| ૫૮. | સુરખાબ (મોટું રણ) | વન્ય જીવન | ૮૫ કિ.મી. | ધોરડો | | મોટું રણ |
| ૫૯. | ઘુડખર (નાનું રણ) | વન્ય જીવન | ૧૭૫ કિ.મી. | આડેર | | નાનું રણ |
| ૬૦. | કચ્છનો અખાત | પ્રાકૃતિક | ૧૨૦ કિ.મી. | શિકારપુર | | કચ્છનો અખાત |

# લગ્ન વિષયક સમસ્યાઓ



વસંત 'કચ્છ કેસરી' – મુંબઈ

અત્યારના સમયકાળમાં આપણા સમાજની અનેક સમસ્યાઓમાંથી એક અતિ મૂંઝવતી સમસ્યા છે દીકરા - દીકરીના વિવાહ - સગપણની. છેલ્લા ૧૦ વર્ષના નિવૃત્તિકાળ દરમિયાન આ વિષયમાં ચર્ચા વિચારણાને આધારે સંશોધન કર્યું છે તેના તારણરૂપે મારો અભિપ્રાય આપ સૌ વાચકો સમક્ષ વિનમ્ર ભાવે મૂકું છું.

***સમસ્યાઓ ઊભી કેમ થાય છે એ જાણીએ :***

૧. યોગ્ય ઉંમરના સંતાનો માટે યોગ્ય જીવનસાથીની પસંદગી અને યોગ્યતાના માપદંડ કરવામાં વડીલ માવતરની ખૂબ ઊંચી અપેક્ષાઓ.

૨. શૈક્ષણિક સમાનતા, રૂપરંગ, વાકચાતુર્ય, અંગ્રેજી ભાષા પરનો કાબૂ, ઊંચાઈ, વજન, શારીરિક બાંધો, વસ્ત્ર પરિધાનમાં આધુનિકતા, નોકરી કે વ્યવસાય, આવક, રહેઠાણ પોતાનું કે ભાડાનું, કુટુંબ નાનું કે મોટું તેમજ અંગત શોખ — આ સર્વ બાબતોમાં વડીલો પોતાનો વિચાર અનામત રાખતા હોય છે અને એ પ્રમાણે સર્વગુણ સંપન્ન પાત્ર શોધે છે.

૩. મુંબઈ શહેરમાં અમુક પરાઓ સુધીની રેખા બંધાયેલી હોય છે. તેની સીમામાં જ સગપણ થઈ શકે એવી માનસિકતા.

૪. આર્થિક સમાનતા પણ એક મુખ્ય ભાગ ભજવે છે.

૫. ભારતના અન્ય પ્રદેશોમાં વસતા આપણા સમાજને મુંબઈમાં યોગ્ય પાત્રની શોધ હોય છે જ્યારે મુંબઈના આધુનિક વર્ગને મુંબઈ બહાર સંબંધ બાંધવામાં ઈચ્છા ઓછી હોય છે. આવા અનેક પ્રશ્નોને લીધે આજે સામાન્ય રીતે સમાજમાં વિવાહની વય, જે ૨૨ થી ૨૫ વર્ષની યોગ્ય ગણાતી, તે ૩૦ વર્ષની આસપાસ થઈ જતી હોય છે અને ઘણાં કુટુંબોમાં સંતાનો ૩૦ વર્ષની વય વટાવી ચૂક્યા હોય છે. જેના લીધે તેવા યુવાઓ હતાશાનો ભોગ બનતા જોવાય છે. એમને જીવન નીરસ જણાય છે. આવા કિસ્સાઓમાં પછી વડીલો સાધારણ કે ઘણી બાંધછોડ કરી વિવાહ ગોઠવે છે. જેમાં નમતું જોખ્યાનો અફસોસ સાલે તેથી સુમેળભર્યા સંબંધો બનાવી શકાતા નથી અને ક્યારેક વિવાહ વિચ્છેદમાં પરિણમે છે.

વૈચારિક મતભેદથી મનભેદ થતા હોય છે અને લગ્નો નિષ્ફળ થઈ છૂટાછેડામાં પરિણમે. અમુક કિસ્સાઓમાં લગ્ન થઈ ગયા પછી પતિ - પત્ની બંને કમાતા હોય તો પત્ની સ્વતંત્રતાનો આગ્રહ રાખતી હોય, પોતાની આવક જુદી રાખી હક્ક જમાવતી હોય, ગૃહકાર્યની જવાબદારી પ્રત્યે અંતર રાખતી થાય. જેથી કલેશ થાય અને સંભવિતઃ આવા લગ્નનો અંત દુઃખદ જ આવે. આ આખી સમસ્યાનો ઉકેલ, મારા મત મુજબ, વડીલોએ પોતાની વિચારસરણી બદલવાનો સમય અત્યારે છે. **આજનો યુવાવર્ગ ખૂબ હોંશિયાર, જવાબદાર, વિચારશીલ હોઇ પોતાના જીવનસાથીની પસંદગી વિશે સ્વતંત્ર અને યોગ્ય માનસિકતા ધરાવતા હોય છે.**

કોલેજમાં કઇ લાઈન લેવી, કેટલું ભણવું, કેવું કેરિયર બનાવવું વગેરે બાબતોમાં શિખામણ આપવા વડીલોનો પનો ટૂંકો પડે તો પછી યુવાઓને પોતાનું જીવન ઘડવા માટે સ્વતંત્રતા આપવી જોઈએ. **સલાહ સૂચન પૂરતી દખલ રાખો પણ આગ્રહ ન રાખવો.** આવી વ્યવસ્થા અપનાવવાથી જ સગપણ વિવાહની સમસ્યાઓ ઘણે અંશે હલ થઈ શકશે. ■

## આત્મનિર્ભર શિક્ષણ મોડેલ : "ચાણક્ય એકેડેમિ"

(અનુસંધાન : પાના નં. – ૨૮ ઉપરથી ચાલુ)

- **કોરોનાકાળમાં ૮૩ વિદ્યાર્થીઓ અને ૧૩૩ સ્ટાફગણે એકજુટ થઈને સેવા કરી હતી**

લોકડાઉનના સમયે શાળા - કોલેજોમાં વેકેશન ચાલી રહ્યું હોવા છતાં આ સંસ્થાના કર્મચારીગણ અને વિદ્યાર્થીઓએ મહામારીમાંથી બચાવવા લોકોની સેવા કરી હતી. જેમાં સંસ્થામાં ભણતા બાળકોના વાલીઓએ પણ પોતાના વ્યવસાય કે પારંગતતા અનુસાર સાથે જોડાઈને નિઃશુલ્ક મદદ પહોંચાડી હતી. સંસ્થા દ્વારા ચાણક્ય કોવિડ કેર સેન્ટર ઊભું કરીને કોરોનાની ભયાવહ બીજી લહેરમાં આઠ હજાર જેટલા લોકોને વિવિધ માધ્યમોના ઉપયોગ થકી કોરોના જાગૃતિ, કોરાના સમયની મદદ તથા કોરોના પછી ઊભી થયેલી સમસ્યાના નિરાકરણ માટે સેવા આપી હતી.

અંતે, કચ્છી નયે વરેંજી મિડીકે લખ લખ વધાઈયું.

*ગિરીરાજ એન્ટરપ્રાઇઝ,*
*ન્યુ સ્ટેશન રોડ, ભુજ, કચ્છ. • મો. ૯૮૨૫૭ ૯૨૦૪૮*

# ભાષા, ભૂષા અને પરિવેશનું કૌવત અને નારી જાતિનું ગૌરવ



ચાર્વિ ભટ્ટ

*વાચકોમાં સુપ્રસિદ્ધ અને નામના ધરાવતું સામયિક એટલે "મંગલ મંદિર" જે કચ્છના લોકોની પહેલી પસંદ છે. જેમાં લેખ છપાય તો વિશેષ આનંદ થાય.*

*આથી કચ્છી નવા વર્ષ નિમિત્તે 'મંગલ મંદિર'ના અંકમાં લેખ છાપવા વિનંતી કરવામાં આવે છે.*

કચ્છ પ્રદેશ કળા, સંસ્કૃતિ અને બોલીની દૃષ્ટિએ નોખો પડતો પ્રદેશ છે. સ્ત્રીઓના લયમાં, મહેમાનગતિમાં અને પોશાકમાં સમાજ પ્રમાણેની ભિન્નતા જોવા મળશે. તળ પ્રદેશની સ્ત્રી અને શહેરમાં રહેતી સ્ત્રીનું સામ્ય વૈસ્મય સંશોધનનો વિષય છે. પણ બંને સ્ત્રી પોતાના કાર્યક્ષેત્રે આગળ છે. સ્ત્રીઓની વાત કરવા આજે એક પુસ્તકનો સંદર્ભ આપું. 'દિવ્ય ભાસ્કર'માં કોલમ સ્વરૂપે 'પાંજી બાઈયું' હેઠળ ડો. પૂર્વી ગોસ્વામીએ અનેક નારીઓના જીવન સંઘર્ષની વાતની નોંધ લઈને સામાન્ય જન સુધી મૂકી આપી છે અને એ પુસ્તક સ્વરૂપે આકાર લઈ **'પુણ્યશ્લોકા'**નું નામાભિધાન પ્રાપ્ત કરે છે.

**'પુણ્યશ્લોકા'** નામ વાંચતા જ 'બાહુક' ખંડકાવ્ય યાદ આવે અને 'પુણ્યશ્લોક નલોરાજા, પુણ્યશ્લોક યુધિષ્ઠિર' પંક્તિનું સ્મરણ થાય, પણ અહીં **પુણ્યશ્લોકા** સ્ત્રી છે જે સ્વાતંત્ર્ય સંઘર્ષમાં જોડાયેલી છે. સેવા અને સમર્પણમાં જેની આહૂતિ છે. કોઈ અધ્યાત્મના માર્ગે સૌને જોડે છે તો કોઈ કળા અને કસબથી પોતાનું કૌવત બતાવે છે. સાહસ અને શૌર્યના આ પ્રદેશની સ્ત્રી ૧૯૬૮ના સત્યાગ્રહમાં પણ જોડાઈ અને ૧૯૭૧ના યુદ્ધમાં જીવ સટોસટનો ખેલ પણ ખેલ્યો. આ પુસ્તકમાં અનુક્રમણિકામાં વિવિધ વિભાગમાં કચ્છની સ્ત્રીના અર્પણને વ્યાપક અર્થમાં મૂકી આપ્યું છે.

લેખકના સંશોધનમાં ગ્રામ્ય નારી છે જેને અક્ષરજ્ઞાન નથી, પણ પોતાની કલાથી એ પ્રખ્યાત છે. એ વાત એ વસ્તુની સાબિતી છે કે વ્યક્તિની લગન, ધગશ અને મહેનત તેને કંઈક અપાવે છે. બીજી નારી છે તે હાલના સમયમાં ટેકનોલોજી સાથે તાલ મિલાવી સ્પર્ધા કરે છે. ત્રીજી નારી છે જેણે સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાનો મહત્તમ ફાળો આપ્યો. ચોથી નારી છે જેણે સેવા અને સમયના સમર્પણ થકી છેવાડાની નારીને પોતાના કસબની કિંમત સમજાવી અને તેને પગભર બનાવી. પૂર્વી ગોસ્વામીએ અનુક્રમણિકામાં જ આ સ્ત્રી વિભાજન કર્યું છે. આ પુસ્તકની થોડી વાત આ મુજબ છે.

માંડવીએ સ્વાતંત્ર્ય સેનાનીઓ આ દેશને આપ્યા. **શ્યામજી કૃષ્ણવર્મા**, **દાદાભાઈ નવરોજીની પૌત્રીઓ** અને **ગંગાબા**. જેનો જન્મ કચ્છમાં થયો હતો એવા **ડૉ. મહેરબાનુ** કચ્છના પહેલા મહિલા તબીબ હતા. તેમની અન્ય બહેનો **પેરીન ગોશી** અને **ખુર્શેદ** પણ દાદાભાઈની પૌત્રીઓ. **પૈરીન,** જે ભારતના પ્રથમ પદ્મશ્રી મહિલા હતા, તેમણે બોમ્બવિદ્યા પણ શીખી હતી અને ઈન્ડો ઈજિપ્ત પરિષદ બ્રસેલ્સમાં પ્રથમ વખત 'વંદે માતરમ' ગીત ગાયું હતું. સ્વાતંત્ર્ય સંગ્રામના એ માહોલમાં તેમણે ગાંધીસેવા સેનાના સચિવ તરીકે પણ સેવા આપી હતી.

એવા જ બીજા સ્વાતંત્ર્ય સેનાની **પાનબાઈ ઠાકરશી** કે જેઓ 'કચ્છની સરોજીની' તરીકે ઓળખાય છે. ગાંધીજીના 'સ્વદેશી' પરના ભાષણને સાંભળી પાંચ જ દિવસમાં બાપુને પાંચ હજાર રૂપિયા ભેગા કરીને સોંપનાર આ સ્ત્રીને ગાંધીજી ઈતિહાસ ભણાવવાનું આશ્રમમાં કહે છે ત્યારે 'મને અભણને શું આવડે?'નો જવાબ ગાંધીજી કંઈક આ રીતે આપે છે : 'આપણી પેઢીનો અનુભવ નવી પેઢીને કહેવો એનું નામ ઈતિહાસ.' દીકરી બીમાર હોય ને આશ્રમમાંથી બહાર ન નીકળવાની આજ્ઞા અને અન્ય કોઈની સેવા કરવી એવા નિયમથી તેમને કાકા સાહેબની સુશ્રુષા કરવાનો લહાવો મળે છે. આ **ગંગાબહેને** કાંતણયજ્ઞ પણ આરંભ્યો અને જીવનના અંતિમ વર્ષોમાં બોચાસણમાં સ્થાયી થયા. આજે ત્યાં ગુજરાત વિદ્યાપીઠ ગ્રામસેવા કેન્દ્ર ચાલુ છે. ત્યાંની ગૌશાળાનું નામ **'ગંગાબા ગૌશાળા'** છે.

સેવા અને ત્યાગમૂર્તિ એવી સ્ત્રી એટલે માદામ કૃષ્ણવર્મા, શ્રોફ પરિવારના પુત્રવધૂ **પ્રીતિબેન** છે તો અધ્યાત્મથી જગતને ઉગારનાર એવી **સતી તોરલ**ની વાત આલેખી છે. બીજી તરફ **સાધ્વી મૈયા** જેનું સામૈયું ગાંધીજીએ માણ્યું અને કચ્છના પ્રવાસ દરમિયાન મંજલ ગામને 'સૂકામાં લીલું'ની ઉપમા આપી.

લેખકની પસંદગી પણ જોવા જેવી છે. ધોબીના જીવનની વાત કરતા તેમનું ગદ્ય વાર્તાના વાતાવરણને જીવંત કરતું લાગે છે.

ધોબણનાં ઘાટની વાત એ આ રીતે લખે છે : 'એક તરફ કપડાં ભરેલી રેંકડીઓનો કિચુડ કિચુડ અવાજ સંભળાય...' (પૃ. ૫૪)

કચ્છની વિશિષ્ટ જ્ઞાતિઓની ઓળખ તેમનો કલા-કસબ છે. લુહાર જ્ઞાતિની બહેનો 'કોપર બેલ' બનાવે છે, જેને કચ્છીમાં 'ખરકી' કહેવાય છે. અહીંની સ્ત્રીઓ મડવર્કમાં પણ પારંગત છે, જેનું ભરતગૂંથણ દેશ-વિદેશમાં જાણીતું છે. એવી જ્ઞાતિને પ્રોત્સાહન આપીને વિશ્વસ્તરે મૂકી આપવાનું કામ કરનાર **ચંદાબેન શ્રોફ**, હસ્તકલા ઉદ્યોગમાં કચ્છને આગળની હરોળમાં લઇ જનાર **વિજ્યાબેન, લોકગાયીકા મમાંબાઈ**, માટીના માણસ એવા **સારાબેન કુંભારે** કોરોના દરમિયાન દીકરા સાથે 'માટીનું લાઉડ સ્પીકર' બનાવ્યું. જો માટીની વસ્તુ સલામત પહોંચે તો જ મારા ખાતામાં રૂપિયા નાખજો એવી ચિંતા કરનાર ખાવડાના **સારાબેન**નું મધ્યપ્રદેશ સરકારે ૨૦૦૧માં 'અહલ્યાદેવી પુરસ્કાર' દ્વારા સન્માન કર્યું હતું. જેણે અમિતાભ બચ્ચનને ભરતના ટાંકા ભરતા શીખવ્યા એવા **બાયાબાઈ** 'મુતવા ભરત', 'બન્ની ભરત' અને 'કચ્છી ભરત' માટે જાણીતા છે. ૨૦૦૫માં ફ્રાંસમાં ભારતના રાજ્યોમાંથી કારીગરો જ્યાં ભેગા થયા હતા એવા 'લા-રશેલ' સ્થળે કચ્છની કલાનું પ્રતિનિધિત્વ કરનાર સ્ત્રી **બાયાબાઈ** હતા. આઠ વહુઓ ગરમાં એક સાથે રહે અને પોતાના વ્યવસાયની પરંપરા જાળવી રાખે એવા **અમીનાબેન** ઢોલ વગાડી અને ગાઈને લોકોને આજે પણ મંત્રમુગ્ધ કરી દે છે. **પાબીબેન રબારી** અજાણ્યું નામ નથી. એવું જ બીજું નામ જેમની અલગ એવી વેબસાઈટ છે એવા વણાટકામ ક્ષેત્રે જાણીતા **રાજીબેન**ની બ્રાન્ડનું નામ છે રાજીબેન.કોમ.

પુસ્તકનાં લેખનાં શિર્ષકો કાવ્યાત્મક ગદ્ય બને છે. જેમકે, 'ઓરડે ઓરડે માડીની લાગણીઓનો છે વાસ', 'મંજલમા માત તું, નમન હો સાધ્વી મૈયા', 'ભીતું તમે કેવી ભાગશાળી, લીપાઈ કરે કચ્છની બાઈ.'

પ્રસ્તાવનામાં પુસ્તકનો ઉદ્દેશ સ્પષ્ટ કરતાં ડૉ. પૂર્વીએ નોંધ્યું છે કે, "સંઘર્ષોમાં જે શક્તિ થાકી નથી, કર્તવ્યમાં જે પાછળ રહી નથી, જેણે નવા ઉન્મેષો સર્જ્યા છે અને ઉત્તમ પરિણામ આપ્યા છે તે નારી પોંખાયા વગર રહી જ કેમ શકે! જેનાથી એક દૃષ્ટાંત બની શકે અને કચ્છના કોઈક ખૂણે બેઠેલી નારીની વાત પુસ્તક આકારે મૂકી આપી કચ્છને ધબકતું રાખવાનો એક પ્રયોગ કર્યો છે." (પૃ. ૨૬)

કચ્છની સ્ત્રી માટી અને મોભ સમાન છે. સ્ત્રી સ્ત્રીને સમજી શકે છે, જાણી શકે છે એ વાતની સાબિતી આપણને પૂર્વી ગોસ્વામીના પુસ્તક **'પુણ્યશ્લોકા'**માંથી મળે છે. આ સ્ત્રીઓએ દુઃખ ખાનગી રાખ્યા અને પૂર્વીને અંગત કહ્યાં અને તેમણે સંઘર્ષ સ્વરૂપે અહીં મૂક્યા. આ પુસ્તકમાં અનેક સ્ત્રીઓની શૌર્યગાથા છે, જે અનુગામી પેઢી માટે સંઘર્ષમાં પ્રાણ ફૂંકવાનું કામ કરશે.

*નારાયણ નગર, ધરમપાર્ક પાસે, માધાપર,*
*કચ્છ - ૩૭૦ ૦૨૦. • મો. ૯૪૨૭૦ ૧૩૩૭૨*

## 'રત્તી' એટલે શું?

'રત્તી' – આ શબ્દ લગભગ દરેક જગ્યાએ સાંભળવા મળે છે. જેમકે તમને તો મારી રત્તીભર પણ ચિંતા નથી. તમને તો રત્તીભર શરમ જેવું નથી. તમારામાં તો રત્તીભર બુદ્ધિ નથી. આપ પણ અનેકવાર આ શબ્દ બોલ્યા હશો અને લોકોના મોઢે પણ અનેકવાર આ શબ્દ સાંભળ્યો હશે. આજે આપણે જાણીશું રત્તીની વાસ્તવિક્તા અને સામાન્ય બોલચાલમાં આ શબ્દ કેવી રીતે ઉપયોગમાં આવ્યો.

આપને જાણીને નવાઈ લાગશે કે રત્તી એક પ્રકારનો છોડ છે, જે લગભગ પહાડો ઉપર જોવા મળે છે. તેની વટાણાની શિંગો જેવી શિંગોમાં લાલ-કાળા રંગના બીજ (દાણા) હોય છે. તેને રત્તી કહેવામાં આવે છે. ગામડાંઓમાં તેને ચણોઠી પણ કહેવામાં આવે છે. પ્રાચીન સમયમાં જ્યારે વજન માપવાના સાધનો ન હતા ત્યારે સોના અને ઝવેરાતનું વજન કરવા માટે રત્તીના દાણાનો ઉપયોગ કરવામાં આવતો હતો. સૌથી નવાઈની વાત એ છે કે આ ફળનું ગમે તેટલું આયુષ્ય થાય, તેમ છતાં તેના અંદરના બીજનું વજન એક સમાન જ ૧૨૧.૫૦ મિલિગ્રામ (૧ ગ્રામનો લગભગ આઠમો ભાગ) થાય છે. પુરાતન સમયમાં વજન ગણતરીમાં ૯૬ રત્તી એટલે એક તોલો ગણવામાં આવતું હતું.

રત્તીના વજનમાં સહેજપણ વધઘટ ના થતી હોવાથી તથા એક સમાન રહેવાના ગુણના લીધે વજન કરવા માટે તેનો ઉપયોગ કરવામાં આવતો હતો. તેવી જ રીતે કોઈ વ્યક્તિના ગુણ, સ્વભાવ કર્મને માપવા માટે સર્વસામાન્ય રીતે બોલચાલમાં રત્તી શબ્દનો પ્રયોગ થવા લાગ્યો હતો.

*સુમિત્રા દાદુભાઈ નિરંકારી - છક્કડિયા (ધાણીત્રા), તા. ગોધરા*

## મન

મુંજો મન ઇતરો કીં ભરજે વેઓ
લગેતો પ્રેમમેં જિજો તણજે વેઓ

અકેતી મોભત રખે વિઠો વો નેં
ઈનકાર જે ધ્રા સે ધિરજે વેઓ

ન ચિઈ સગ્યો, ન સિઇ સગ્યો
લાગણીજે જંધરમેં વટજે વેઓ


રાંધરાંધમેં ત્રે સંબંધે સિકાર થેઓ
ઇ રુઇ રુઇ નાધાન સમજે વેઓ

છબી ચિતરે ગુંધર વારે વિઇ રેઓ
વફા જે ભધલે 'મન' ઠગજે વેઓ

*મનીષા અજય વીરા 'મન' - મુંબઈ*

### આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

## આધ્યાત્મિક ઉર્ધ્વગમન અને શરીર સ્વાસ્થ્ય માટે યોગ



યોગસાધક કિરણ ચાંપાનેરી

'યોગદર્શન' લેખમાળામાં યોગવિદ્યા, બ્રહ્મવિદ્યાની વાત ચાલે છે. આગળના લેખોમાં યોગ અંગેની સાચી સમજ અને સમાજમાં પ્રવર્તતી ભ્રામક માન્યતા, ભારતીય દર્શન શાસ્ત્રોમાં યોગવિદ્યા, શ્રીમદ્ ભગવદ્ ગીતાના કર્મયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગની વિચારણા કરી. ભારતવર્ષની આ અમૂલ્ય યોગવિદ્યા, યોગ દર્શનનો પરિચય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર વિશ્વને કરાવ્યો. ૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી દ્વારા વિશ્વના જન સમુદાયને યોગ પ્રત્યે જાગૃત કર્યા... આધ્યાત્મિક ઉર્ધ્વગમન અને શરીર સ્વાસ્થ્યમાં યોગના વિચારને જનમાનસ સુધી પહોંચાડ્યો. આગામી ૨૧ જૂન, ૨૦૨૩ના રોજ 'માનવતા' વિષયવસ્તુના આધારે નવમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાશે...

ભારતે સમગ્ર વિશ્વને યોગનો પરિચય કરાવ્યો. આંતરરાષ્ટ્રીય યોગ દિવસનાં ઉજવણીના પ્રારંભથી હવે ઘરે ઘરે, સોસાયટીઓમાં, જાહેર બગીચામાં યોગાભ્યાસનું પ્રમાણ વધ્યું છે. વિશ્વમાં યોગનું નામ ગૂંજતું થયું છે. સમગ્ર વિશ્વમાં સને ૨૦૧૫થી ૨૧મી જૂને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ની ઉજવણી થાય છે. આ યોગ દિવસની ઉજવણીનો પ્રારંભ કઇ રીતે થયો તે અંગેની રસપ્રદ વિગતો જાણીએ...

યોગ, એ ભારતના ઋષિમુનિઓ દ્વારા વિશ્વને મળેલ અણમોલ ભેટ છે. યોગ આધ્યાત્મિક અનુશાસન અને અત્યંત સૂક્ષ્મ વિજ્ઞાન પર આધારિત જ્ઞાન છે. જે મન અને શરીર વચ્ચે સામંજસ્ય સ્થાપિત કરે છે. યોગ સ્વસ્થ જીવન જીવવાની કળા અને વિજ્ઞાન છે. સંસ્કૃત 'યુજ્' ધાતુ પરથી યોગ શબ્દ બન્યો છે. યોગ એટલે મિલન કે જોડાવું. જીવનું શિવ સાથેનું જોડાવું એટલે યોગ. આત્માનું પરમાત્મા સાથેનું મિલન એટલે યોગ. ભારતવર્ષના પ્રાચીન ગ્રંથોમાં યોગવિદ્યા, બ્રહ્મવિદ્યા અંગે ખૂબ જ છણાવટ કરવામાં આવી છે. યોગ અંગેના ગ્રંથો અનુસાર યોગ અભ્યાસ વ્યક્તિગત ચેતનાને સાર્વભૌમિક ચેતનાની સાથે એકાકાર કરે છે. આધુનિક વૈજ્ઞાનિકોના મતાનુસાર બ્રહ્માંડમાં જે કાંઈ પણ છે તે પરમાણુનું પ્રકટીકરણ માત્ર છે. જેણે યોગમાં આ અસ્તિત્વના એકત્વનો અનુભવ, અનુભૂતિ કરી લીધી છે, તેને યોગી કહેવાય છે. યોગી પૂર્ણ સ્વતંત્રતા પ્રાપ્ત કરી મુક્તાવસ્થાને પ્રાપ્ત કરે છે. જેને મોક્ષ, મુક્તિ, નિર્વાણ કે કૈવલ્ય કહેવામાં આવે છે.

આપણા ભારત દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૭મી સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભાના ૬૯મા સત્રના સંબોધનમાં યોગનો મહિમા વર્ણવી વિશ્વ સમુદાયને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવવા આહવાન કરતા જણાવ્યું હતું કે, "યોગ પ્રાચીન ભારતીય પરંપરા તથા સંસ્કૃતિની અણમોલ ભેટ છે. યોગ અભ્યાસ શરીર અને મન, વિચાર અને કર્મ, આત્મસંયમ અને પૂર્ણતાની એકાત્મક્તા અને માનવ તથા પ્રકૃતિ વચ્ચે સામંજસ્ય સ્થાપે છે. યોગ સ્વસ્થ અને કલ્યાણનો પૂર્ણતાવાદી દૃષ્ટિકોણ છે. યોગ માત્ર વ્યાયામ નથી, પરંતુ પોતાની જાત સાથે, વિશ્વ અને પ્રકૃતિની સાથે એકત્વ શોધવાનો માર્ગ છે. યોગ આપણી જીવનશૈલીમાં પરિવર્તન લાવીને આપણામાં જાગૃતતા પેદા કરે છે અને પ્રાકૃતિક પરિવર્તનોથી શરીરમાં થનાર બદલાવોને સહન કરવામાં સહાયક બની શકે છે.... આવો, આપણે બધા સાથે મળીને યોગને આંતરરાષ્ટ્રીય યોગ દિવસના રૂપે સ્વીકાર કરવાની દિશામાં કાર્ય કરીએ..." આ મનનીય ભાષણ પછી ૧૧મી ડિસેમ્બર ૨૦૧૪ના રોજ સંયુક્ત રાષ્ટ્ર સંઘ મહાસભાના ૧૯૩ સભ્ય દેશોમાંથી ૧૭૭ દેશોના સમર્થન સાથે ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાનો સંકલ્પ સર્વસંમતિ સાથે પસાર કરવામાં આવ્યો. આ સંકલ્પમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ મહાસભાએ સ્વીકાર કર્યો કે યોગ સ્વાસ્થ્ય માટે તથા કલ્યાણ માટે પૂર્ણતાવાદી દૃષ્ટિકોણ પ્રદાન કરે છે. યોગ વિશ્વ જન સમુદાયના સ્વાસ્થ્ય માટે તથા તેમના લાભ માટે વિસ્તૃત રૂપે કાર્ય કરશે. યોગ જીવનના બધા પાસાઓમાં સામંજસ્ય સ્થાપે છે અને એટલા માટે બીમારી અટકાવવા, સ્વાસ્થ્ય સંવર્ધન અને જીવનશૈલી સંબંધી ઘણા વિકારોના ઉકેલ માટે યોગને જાણવામાં આવે છે.

૨૧મી જૂનનો દિવસ એ ઉત્તરીય ગોળાર્ધમાં સૌથી લાંબો દિવસ છે અને આ જ કારણે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૨૧મી જૂને વિશ્વ યોગ દિવસ મનાવવાનું સૂચન કરેલું અને તેનો સહર્ષ સ્વીકાર પણ કરવામાં આવ્યો. ત્યાર પછીના વર્ષે ૨૦૧૫માં ૨૧મી જૂને સમગ્ર વિશ્વમાં ***'સંવાદિતા અને શાંતિ માટે યોગ'*** થીમ આધારે પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ભારતમાં ૨૧મી જૂન ૨૦૧૫ના રોજ આયુષ મંત્રાલય દ્વારા રાજપથ નવી દિલ્હીમાં પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શાનદાર સફળતાપૂર્વક ઉજવણી થઈ હતી. આ ઉજવણીમાં ૩૫,૯૮૫ વ્યક્તિઓ સાથે સૌથી મોટા યોગ સત્ર અને એક જ યોગ અભ્યાસ સત્રમાં સર્વાધિક ૮૪ દેશોના નાગરિકો સહભાગી બન્યા હતા. આમ, બે ગીનીસ વિશ્વ રેકોર્ડ કર્યા. ભારત સરકારના આયુષ મંત્રાલય અને વિભિન્ન યોગ સંસ્થાઓ તથા સંગઠનોએ સાથે મળીને વિદેશ મંત્રાલય દ્વારા ભારતની બહાર સંયુક્ત રાષ્ટ્ર સંઘ મહાસભાના સભ્ય દેશોમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

સને ૨૦૧૬માં બીજા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ***'ટકાઉ વિકાસ લક્ષ્યોની સિદ્ધિ માટે યોગ'*** થીમ આધારે કરવામાં આવી. ભારતમાં આયુષ મંત્રાલયે મુખ્ય યોગ સંસ્થાઓ, કેન્દ્ર તથા રાજ્ય સરકારો, પ્રાદેશિક વિભાગો અને ચંદીગઢ પ્રશાસનના સહયોગથી કેપીટલ કોમ્પ્લેક્સ ચંદીગઢમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં ત્રીસ હજારથી વધુ લોકો સાથે યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તેઓએ યોગના પ્રાચીન આધ્યાત્મિક અનુશાસનથી મધુમેહ - ડાયાબિટીસ જેવી બીમારીઓનો ઈલાજ યોગ દ્વારા કરવાનું જણાવ્યું. ૧૫૦ દિવ્યાંગો દ્વારા પહેલીવાર આંતરરાષ્ટ્રીય યોગ દિવસના ઉપલક્ષ્યમાં સામાન્ય યોગ અભ્યાસક્રમનું પ્રદર્શન કેપીટલ કોમ્પ્લેક્સ ચંદીગઢમાં કરવામાં આવ્યું હતું.

સને ૨૦૧૭માં ***'સ્વાસ્થ્ય માટે યોગ'*** થીમ આધારે તૃતીય આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ભારતમાં આયુષ મંત્રાલયે ઉત્તર પ્રદેશ રાજ્ય સરકારની સાથે મળી લખનૌના રામાબાઈ આંબેડકર મેદાનમાં ઉત્તર પ્રદેશના રાજ્યપાલશ્રી રામ નાઈક અને મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથ તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આ યોગ દિવસનાં ઉદ્‌ઘાટન પ્રવચનમાં જણાવેલ કે, યોગ દુનિયાને સંગઠિત કરવામાં, એકીકૃત કરવામાં, પરસ્પરને જોડવામાં મહત્ત્વપૂર્ણ માધ્યમ બની ગયું છે. કારણકે યોગ દરેક વ્યક્તિની જીવનશૈલીનો હિસ્સો છે, યોગ એક સ્વાસ્થ્ય વીમા સમાન છે. યોગનો અભ્યાસ કરવો મોંઘો નથી.

સને ૨૦૧૮માં ***'શાંતિ માટે યોગ'*** થીમ આધારે ચોથો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાયો. ભારતમાં આયુષ મંત્રાલય દ્વારા અગ્રણી યોગ સંસ્થાઓ, કેન્દ્ર અને રાજ્ય સરકારના સહયોગમાં વન અનુસંધાન સંસ્થાન દહેરાદૂનમાં ચોથા યોગ દિવસની ઉજવણી થઈ. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ઉત્તરાખંડના મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ભવ્ય ઉજવણીમાં ૫૦,૦૦૦થી વધુ લોકો સહભાગી થયા હતા.

સને ૨૦૧૯માં પાંચમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ***'હૃદય માટે યોગ'*** થીમ આધારીત કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ભારતભરમાં ઉત્સાહભેર કરવામાં આવી હતી. રાંચીમાં મુખ્ય કાર્યક્રમમાં શરીર, મન, સમાજ અને આપણા વાતાવરણના સ્વાસ્થ્ય માટે યોગના મહત્ત્વ પર ભાર મૂકતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૪૦,૦૦૦થી વધુ લોકોને સંબોધન કરતા જણાવ્યું કે, શાંતિ, સંવાદિતા અને પ્રગતિ માટે યોગને આપણું સૂત્ર બનાવીએ. સરકાર યોગને પ્રિવેન્ટીવ હેલ્થકેર એન્ડ વેલનેસ સિસ્ટમને આધારસ્થંભ બનાવવા માટે કામ કરશે.

સને ૨૦૨૦માં આખું વિશ્વ કોવિડ-૧૯ની મહામારીમાં સપડાયેલું હતું. એટલે સમય અને સંજોગ પ્રમાણે ***'ઘરે યોગ અને પરિવાર સાથે યોગ'*** થીમ આધારે છઠ્ઠા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થઈ હતી.

સાતમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સને ૨૦૨૧માં ***'સુખાકારી માટે યોગ'*** થીમ આધારે ઉજવાયો. કોવિડ-૧૯ રોગચાળાને કારણે સંયુક્ત રાષ્ટ્રસંઘ ખાતેના ભારતીય મિશને સામસામે યોગ પ્રસંગોના સ્થાને વેબ ટી.વી. ઉપર ઓનલાઈન ઉજવણીનું આયોજન કર્યું હતું.

સને ૨૦૨૨માં આઠમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ***'માનવતા માટે યોગ'*** થીમ આધારીત ઉજવાયો. ભારતમાં મૈસુરમાં મુખ્ય કાર્યક્રમ યોજાયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મૈસુર પેલેસ પરિસરમાં ૧૫,૦૦૦થી વધુ લોકો સાથે યોગ દિવસની ઉજવણી કરી હતી. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનો ઉદ્દેશ્ય યોગ દ્વારા વિશ્વમાં આવેલા ઘણા ભૌતિક અને આધ્યાત્મિક ફાયદાઓ વિશે જાગૃતિ ફેલાવવાનો છે.

આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૩ની થીમ ***'માનવતા'*** છે.

ગુજરાતમાં તો ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૨૧મી જૂન ૨૦૨૩, નવમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીની તૈયારી તો ૧૪મી જાન્યુઆરી ૨૦૨૩થી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને થઈ રહી છે. યોગનો વિચાર વધુ અને વધુ જનમાનસ સુધી પહોંચે તે માટે રાજ્ય યોગ બોર્ડ અને તેની સાથે સંકળાયેલ યોગ કો-ઓર્ડિનેટર, યોગ કોચ, યોગ ટ્રેનર અને યોગ બોર્ડની પૂરી ટીમ દ્વારા સોસાયટીઓ સુધી જઈને આયુષ મંત્રાલયે સૂચવેલ કોમન યોગ પ્રોટોકોલ પ્રમાણે અભ્યાસ કાર્યક્રમ, યોગ શિબિર, યોગ તાલીમ વર્ગનું આયોજન થઈ રહ્યું છે.

ચાલો, આપણે સૌ સાથે મળી નવમા યોગ દિવસની ઉજવણી શાનદાર રીતે કરીએ અને યોગ માધ્યમથી ***'માનવતા'***ની મહેક પ્રસરાવીએ...

***૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર સોસાયટી, સૈજપુર બોઘા,***
***અમદાવાદ-૩૮૨ ૩૪૬. મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮***

# ગુજરાતનું એકમાત્ર આત્મનિર્ભર શિક્ષણ મોડેલ : "ચાણક્ય એકેડેમિ"



ડૉ. પૂર્વી ગોસ્વામી

સરકારે આજીવિકાના મુદ્દાને ધ્યાને લઈને શરૂ કરેલી આત્મનિર્ભર ભારતની પહેલને કચ્છની સંસ્થાએ શૈક્ષણિક ક્ષેત્રે અમલવારી આદરી છે. **આ તક્ષશિલા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, એ ગુજરાતની સૌપ્રથમ શૈક્ષણિક સંસ્થા હશે, જે કોઈ પણ રીતે ફી લીધા વિના છાત્રોને ફિઝીયોથેરાપીસ્ટ ડોક્ટર બનવા માટે મદદ કરે છે.** આ પ્રકલ્પ દ્વારા જરૂરિયાતમંદ પરિવારો પર એક પણ રૂપિયાનો બોજો નાખ્યા વગર સાડા ચાર વર્ષ સુધી ભણાવવામાં આવે છે. અભ્યાસ પૂર્ણ કરી લીધા બાદ જ્યારે છાત્ર રોજગારી મેળવતા થાય ત્યારે આ કોર્સની કોઈ પણ વ્યાજ વિના નાના નાના ટુકડાઓમાં ફી સંસ્થાને પરત કરે છે. **આમ, વિદ્યાર્થી વાલીઓ પર કોઈ પણ જાતનો આર્થિક બોજ રાખ્યા વિના ફિઝીયોથેરાપી ડોક્ટર બની શકશે.** 'ચાણક્ય એકેડેમિ'ની આત્મનિર્ભરતાની નીતિસૂત્ર પહેલને તેઓ શાળા કક્ષાએ વિદ્યાર્થીઓ માટે પણ શરૂ કર્યું છે. જેથી શાળામાં વધી રહેલા ડ્રોપ આઉટ રેશિયોને પણ મહદ્અંશે ઘટાડી શકાયો છે.

- **સંસ્થામાં કે.જી. થી કોલેજ સુધીના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે**

સંસ્થાના શિક્ષણ ક્ષેત્રે ચાલતા વિવિધ પ્રકલ્પોમાં બાલ મંદિરથી માંડીને કોલેજ સુધીના અભ્યાસક્રમો શીખવાડવામાં આવે છે. ૨૦૧૬માં ફિઝીયોથેરાપી કોલેજની સ્થાપના થઈ ત્યારથી કોલેજમાં અભ્યાસ કરી રહેલા કુલ વિદ્યાર્થીઓમાં ૯૦% દીકરીઓ છે. કોલેજ દ્વારા આજ સુધીમાં કચ્છના સવા લાખ લોકોને ૩૦થી ૫૦ રૂપિયાના સાવ સામાન્ય દરે ફિઝીયોથેરાપી આપવામાં આવી છે. જેમાં વિદ્યાર્થીઓ, સંરક્ષણ દળ, વૃદ્ધો, અનાથ તથા વિકલાંગ બાળકોને ફિઝીયોની નિઃશુલ્ક સારવાર આપવામાં આવે છે. **સમગ્ર કચ્છમાં ફિઝીયોથેરાપી ડોક્ટરનું અભ્યાસક્રમ ચલાવતી એકમાત્ર સંસ્થા 'ચાણક્ય એકેડેમિ' છે.**

સંસ્થાના ત્રિમૂર્તિ, ચેરમેન વાડીલાલભાઈ સાવલા, વાઇસ ચેરમેન સંદીપ દોશી અને મેનેજિંગ ટ્રસ્ટી પંકજભાઈ મહેતા સાથે મળીને આ સેવાકાર્યને આગળ ધપાવવા સતત પ્રયત્નશીલ છે. તેમના સેવાપ્રેમી શબ્દો સમાજ માટે ખરેખર પ્રેરણાદાયી છે. તેઓ કહે છે કે, 'પુષ્પ સમાન કોમળ બાલ માનસને તેની પૂર્ણતા સુધી વિકસતા રહેવાના કુદરતી યોગને, વૃક્ષને ટેકે વિકસતી વેલની માફક સહજ ઓથ બની રહેવું અમને ગમે છે.

*અમારા મતે :*

★ સત્ય, અહિંસા, અપરિગ્રહ, અચૌર્ય શીખવે તે જ્ઞાન...

★ સુખ અને દુઃખમાં, આનંદ અને વિષાદમાં સ્થિતપ્રજ્ઞ રાખે તે જ્ઞાન...

★ ચારિત્ર્યની પવિત્રતા અને સૂક્ષ્મ વિચારોની પણ શુદ્ધતા જાળવે તે જ્ઞાન...

★ આગ્રહ અને પૂર્વાગ્રહથી મુક્ત રાખે તે જ્ઞાન...

★ સહજતા, સરળતા, સાદગી, આત્મસાત કરતા શીખવે તે જ્ઞાન...

★ પ્રતિપલ પ્રસન્નતા જાળવતા શીખવે તે જ્ઞાન...

★ અધીરતા છોડાવે અને એકાગ્રતા કેળવે તે જ્ઞાન...

★ દરેક ઘટનામાં અને વ્યક્તિમાં માત્ર ગુણ જ દેખાય તે જ્ઞાન...

★ ક્યાંય દૂર એક નાનકડું પાંદડું ખરે તો સમસ્ત બ્રહ્માંડમાં એ થકી સૂક્ષ્મ પણ ફેરફાર થાય છે. આવી સમજ કેળવી આપે તે જ્ઞાન...

- **શિક્ષણ ક્ષેત્રે સંસ્થાની ચાણક્ય નીતિ ભવિષ્યમાં ડૉક્ટરોનું હબ ઊભું કરશે**

આર્થિક રીતે અસક્ષમ પરિવારો કે જે પોતાના સંતાનોને ડૉક્ટર બનાવવા તો ઈચ્છે છે, પણ તગડી ફી ભરવાની ક્ષમતાને અભાવે ઈચ્છા માંડી વાળે છે. આજે પણ વાલીઓ દીકરાઓના મુકાબલે દીકરી માટે દાક્તરી અભ્યાસક્રમમાં ઊંચી ફી ભરવા માટે ઓછો રસ ધરાવતા હોય છે. આવા સમયે માત્ર ફી ના કારણે કોઈ કાબેલ દીકરી ડૉક્ટર બનવાના સપનાઓથી વંચિત ન રહી જાય તે માટે આ શૈક્ષણિક સંસ્થાએ આત્મનિર્ભર પ્રકલ્પ શરૂ કર્યું છે. માત્ર દીકરી નહીં, દીકરાઓ પણ આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને લીધે આ અભ્યાસથી વંચિત ન રહે તે માટે સમાનતાના ધોરણે આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે.

(અનુસંધાન : જુઓ પાના નં.– ૨૩ ઉપર)

# વિશ્વ પર્યાવરણ દિવસ



ડૉ. મિહિર એમ. વોરા

૫ જૂન, ૨૦૨૩ના રોજ "વિશ્વ પર્યાવરણ દિવસ"ની થીમ #BeatPlasticPollution અભિયાન હેઠળ પ્લાસ્ટીક પ્રદૂષણના ઉકેલો પર ધ્યાન કેન્દ્રિત કરશે. વિશ્વ પ્લાસ્ટીકથી ડૂબી રહ્યું છે. **દર વર્ષે ૪૦૦ મિલિયન ટનથી વધુ પ્લાસ્ટીકનું ઉત્પાદન થાય છે. જેમાંથી અડધો ભાગ ફક્ત એક જ વાર વાપરવા માટે બનાવવામાં આવ્યો છે.** જનમાનસમાં પર્યાવરણ પ્રશ્ને જાગૃતતા વધે, લોકો પર્યાવરણ સુરક્ષાના કાર્યમાં સહભાગી બને તે હેતુથી તા. ૫ મી જૂન "વિશ્વ પર્યાવરણ દિન" તરીકે ઉજવાય છે.

૧૯૭૨થી સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા વિશ્વભરમાં ઊજવાતાં "પર્યાવરણ દિન"નું આ વર્ષનું સૂત્ર છે : **"હરિત અર્થતંત્ર."** સામાન્ય માનવીની જીવન વ્યવસ્થામાં સુધાર આવે સાથે પર્યાવરણ સામેના ખતરાઓમાં ઘટાડો થાય.

**વિશ્વમાં પ્રકૃતિના સંરક્ષણનો પ્રારંભ સર્વપ્રથમ ત્રીજી સદીમાં સમ્રાટ અશોકે કર્યો હતો.** પ્રકૃતિના મહત્ત્વને સ્વીકારતાં - વન્ય જીવજંતુઓના શિકાર પર અંકુશ અને રક્ષણના નિયમો આજેય તેના શિલાલેખોમાં જોવા મળે છે.

૧૯૭૨માં ૫મી જૂને સ્ટોકહોમ ખાતે સમગ્ર વિશ્વના પ્રતિનિધિઓ પર્યાવરણની જાળવણી માટે કટીબધ્ધ થવા એકઠા થયા. પર્યાવરણની જાળવણી માટે જાહેરનામું બહાર પડાયું. **આના ભાગરૂપે સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા તા. ૫મી જૂનના દિવસને "વિશ્વ પર્યાવરણ દિન" તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું.**

જનમાનસમાં પર્યાવરણ પ્રશ્ને જાગૃતતા વધે, લોકો પર્યાવરણ સુરક્ષા કાર્યમાં સહભાગી બને તે હેતુથી પ્રતિવર્ષ તા. ૫મી જૂને "વિશ્વ પર્યાવરણ દિન"ની ઉજવણી કરવામાં આવે છે. લક્ષ્યાંકો નિયત કરવામાં આવે છે, વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે.

વિશ્વમાં પ્રકૃતિના સંરક્ષણનો પ્રારંભ સર્વપ્રથમ ઇસુના પહેલા ત્રીજી સદીમાં સમ્રાટ અશોકે કર્યો હતો. પ્રકૃતિના મહત્ત્વને સ્વીકારતાં - વન્ય જીવજંતુઓના શિકાર પર અંકુશ અને તેના રક્ષણ માટેના નિયમો પણ એના સમયમાં બન્યા. જે આજે શિલાલેખોમાં જોવા મળે છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘ પર્યાવરણ દિને કાર્યક્રમોના આયોજન માટે વિષયની પસંદગી કરી સૂત્ર આપે છે. **વર્ષ ૨૦૨૩નો વિષય છે : "હરિત અર્થતંત્ર."** એક એવી અર્થ વ્યવસ્થા જેના ફળ સ્વરૂપે સામાન્ય માનવીની જીવન વ્યવસ્થામાં સુધાર આવે, સાથે પર્યાવરણ સામેના ખતરાઓમાં ઘટાડો થાય.

પર્યાવરણ જાળવણીથી જ ભરપૂર વરસાદ, વનરાજીની લીલીછમ ચાદર, શુદ્ધ હવા, પ્રલયકારી પૂરનું નિયંત્રણ, ભૂગર્ભ જળ-તળની યોગ્ય સપાટીની જાળવણી, પશુધનને યોગ્ય માત્રામાં ઘાસચારો, વનિલ ઉદ્યોગોને પૂરતો લાકડાંનો જથ્થો, રોજગારીની ઉપલબ્ધિ, પ્રાકૃતિક તત્ત્વોની જાળવણી કરી શકાય. આપણા પર્યાવરણમાં થતા હવા, જળ, જમીન અને અવાજનું પ્રદૂષણ રોકવું અને આવા પ્રદૂષણો દ્વારા પર્યાવરણને નુકસાન થતું અટકાવવું.

પર્યાવરણની સુરક્ષા દરેક દેશ માટે ચિંતાનો વિષય બન્યો છે. પર્યાવરણની સુરક્ષા અને સંવર્ધન માટે આંતરરાષ્ટ્રીય સ્તરે સક્રિય પ્રયત્નો થયા છે. એન્ટાર્કટીકા ખંડનું પર્યાવરણ જાળવવાનો પ્રોટોકોલ, જૈવ વિવિધતા જાળવવાની સંધિ, મહાસાગરોમાંની જૈવિક અને માછીમારી જાળવવાની સંધિ, વિવિધ પ્રદૂષણયુક્ત વાયુને ફેલાતો અટકાવવા માટેના પ્રોટોકોલ, વ્હેલના શિકારના નિયમો અંગેના કરાર, ઓઝોનના સ્તરને બચાવવા અંગે મોન્ટ્રીયલ પ્રોટોકોલ, મોસમ પરિવર્તન માટે જવાબદાર મનાતા ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન ઘટાડવાની સંધિ જેવા કેટલાય વૈશ્વિક કરારો અસ્તિત્વમાં છે.

ગ્રીન હાઉસ ઇફેક્ટ, ગ્લોબલ વોર્મિંગ, ક્લાઇમેટ ચેન્જ જેવી પર્યાવરણીય સમસ્યાઓ, એ વૈશ્વિક કક્ષાની સમસ્યાઓ છે. કોઈ સ્થાનિક પર્યાવરણીય સમસ્યાની અસર જે તે સ્થળ પૂરતી રહેતી નથી. તેની અસર ઘણા મોટા વિસ્તારોમાં અને મોટાભાગે લાંબાગાળાની હોય છે. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ક્લાઇમેટ ચેન્જ અંગે "કન્વિનિયન્ટ એક્શન" નામનું લખેલ પુસ્તક સ્પષ્ટ કરે છે કે, આપણે પર્યાવરણ અંગે કેટલા સંવેદનશીલ છીએ.

આપણે પ્રગતિ અને વિકાસના ઉચ્ચતમ શિખરો સર કર્યા છે તેનું ગૌરવ અનુભવીએ છીએ. તેના પાયામાં આપણા રાજ્યને મળેલા પ્રાકૃતિક વૈવિધ્યનો સિંહફાળો છે. દેશનો લાંબામાં લાંબો દરિયાકાંઠો ધરાવતા રાજ્યનું ગૌરવ હાંસલ કરવાની બાબતે વિચારીશું તો જોઈ શકાય કે લાંબા દરિયાકાંઠાના કારણે જ રાજ્યના દરિયાકાંઠે વૈવિધ્યપૂર્ણ પરિસર તંત્રો અસ્તિત્વમાં આવેલ છે.

ખારો રણ પ્રદેશ, ઘાસીયા મેદાનો તથા ભાંભરા પાણીના વિસ્તારોએ ઊભા કરેલ વિવિધ પરિસર તંત્રો રાજ્યના જૈવિક વૈવિધ્યને સમૃદ્ધ કરે છે. ગુજરાત રાજ્યની પૂર્વ પટ્ટીના વન વિસ્તારોનો જળસ્રાવ ધરાવતી મહી અને તાપી જેવી નદીઓના કારણે રાજ્યમાં મધ્ય ગુજરાત તથા દક્ષિણ ગુજરાત ખેતી ઉત્પાદનો અને આવકમાં મોખરાનું સ્થાન મેળવીને સમૃદ્ધિના ખોળે બેઠેલ છે. ગુજરાતની સુખ અને સમૃદ્ધિમાં નર્મદા નદીનો ફાળો કંઈ નાનોસૂનો નથી. નર્મદાના જળ થકી જ આજે ગુજરાત સાચા અર્થમાં સ્વર્ણિમ બની રહ્યું છે.

દરિયાકાંઠો, રણ પ્રદેશ, મોટી નદીઓ, ઘાસિયા મેદાનો, અરવલ્લી - સહ્યાદ્રી - સાતપુડાની ગિરીમાળાઓ, ચેરના વનો જેવા વૈવિધ્યસભર રાજ્યના પરિસર તંત્રોના પરિણામે રાજ્ય વાનસ્પતિક અને પ્રાણી સૃષ્ટિનું વૈવિધ્ય ધરાવે છે. પરિણામે રાજ્યમાં વિશ્વકક્ષાએ દુર્લભ કહી શકાય તેવા સિંહ, ઘુડખર જેવા સસ્તન પ્રાણીઓ, દરિયાઈ જીવો તથા વનસ્પતિઓ જોવા મળે છે.

રાજ્યની સમૃદ્ધિ અને વિકાસ આજે વિશ્વ કક્ષાએ ધ્યાન ખેંચી રહેલ છે ત્યારે તેના પાયામાં રાજ્યની પ્રાકૃતિક સંપદાનું મોટું પ્રદાન છે. ગુજરાતને સતત પ્રગતિના પંથે અગ્રેસર રાખવું હશે તો આપણે સહુએ પર્યાવરણની જાળવણી અને રક્ષણ કરતાં શીખવું પડશે. પર્યાવરણીય સંપદા સ્વચ્છ, સ્વસ્થ અને ટકાઉ હશે તો જ વિકાસ શક્ય બનશે. ગુજરાતની પ્રજા શાણી અને સમજુ છે. અહિંસા આપણો જીવનમંત્ર છે. પ્રકૃતિપ્રેમ અહીંની સંસ્કૃતિ છે.

ગ્લોબલ વોર્મિંગ અને વાતાવરણમાં બદલાવ જેવી પ્રવર્તમાન પર્યાવરણીય સમસ્યાઓથી બચવા માટે કુદરતી સ્રોતોનો મર્યાદિત ઉપયોગ કરી બિનપરંપરાગત ઉર્જાના સાધનોનો ઉપયોગ કરવો જરૂરી બનશે.

કુદરતી રીતે આટલો મોટો વિશાળ દરિયાકાંઠો ધરાવતું રાજ્ય હોઈ આપણે પવન ઊર્જાનો ઉપયોગ કરી, પવનચક્કી દ્વારા વીજ ઉત્પાદન કરી વાતાવરણમાં કોલસા કે અણુથી ઉત્પાદન થતી ઊર્જા દ્વારા ફેલાતું પ્રદૂષણ રોકીને વિશ્વને પર્યાવરણીય સમસ્યાઓથી બચાવી શકીશું. તદુપરાંત કર્કવૃત્ત આપણા રાજ્યમાંથી પસાર થતું હોઈ સૌર ઊર્જા વિપુલ માત્રામાં પ્રાપ્ત થઈ શકે તેમ છે.

આ સૌર ઊર્જાના મોટામાં મોટા સ્રોતનો ઉપયોગ કરી સૂર્યપ્રકાશ દ્વારા વીજળી પ્રાપ્ત કરવાના લક્ષને આપણે પ્રાથમિકતા આપી છે. **ચાલુ વર્ષે વિશ્વની સૌથી પ્રથમ સોલર સિટી પાટણ જિલ્લાના ચારણકા ખાતે પ્રસ્થાપિત કરવાની શરૂઆત કરી ગુજરાત સોલર એનર્જી હબ બનવાની દિશામાં અગ્રેસર રહેલ છે.**

પ્રદૂષણ મુક્ત ઉર્જા મેળવવા માટે સંકલ્પબદ્ધ છીએ. પરંતુ વધારેમાં વધારે પ્રયત્નો કરી વિશ્વમાં ગુજરાત નંબર-૧ બને તે દિશામાં આ એક મહત્ત્વનું પગલું ગણી શકાય. લાકડાનો બાંધકામ અને ફર્નીચર વગેરે કામોમાં વધારેમાં વધારે ઉપયોગ કરી વાતાવરણમાંના કાર્બનને સીલ કરવામાં આવશે તો હવામાનમાં કાર્બન ડાયોક્સાઇડનું પ્રમાણ નિયંત્રિત કરવામાં ઉપયોગી થશે. આ માટે "વધુ વૃક્ષો વાવો"ની ઝુંબેશ અનિવાર્ય છે.

"વિશ્વ પર્યાવરણ દિને" સહુ સંકલ્પ લઈએ. કૃષિ, ઉદ્યોગ, શિક્ષણ જેવા વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચતમ શિખરો સર કર્યા છે. તેને પ્રાકૃતિક સંપદાના સંરક્ષણ અને સંવર્ધન થકી ટકાઉ બનાવીએ.

*સંદર્ભ : ગુજ વીકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલ.*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ, વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## મફત સારવાર માટે નોંધાયેલી હોસ્પિટલોની યાદી

**(અનુસંધાન : પાના નં. – ૩૧ ઉપરથી ચાલુ)**

| | | |
|---|---|---|
| ૬૨. | સુરત મ્યુનિ.કોર્પો. મેડિ કોલેજ હોસ્પિટલ | સુરત |
| ૬૩. | સિવિલ હોસ્પિટલ | સુરત |
| ૬૪. | શ્રીજી હોસ્પિટલ અને ટ્રોમા સેન્ટર | વડોદરા |
| ૬૫. | સ્ટર્લિંગ એડ લાઇફ ઇન્ડિયા લિ. | વડોદરા |
| ૬૬. | ધીરજ હોસ્પિટલ અને સુમનદીપ વિદ્યાપીઠ | વડોદરા |
| ૬૭. | બેન્કર્સ હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ | વડોદરા |
| ૬૮. | બરોડા હાર્ટ ઇન્સ્ટી. અને રીસર્ચ સેન્ટર | વડોદરા |
| ૬૯. | મુનિ સેવા આશ્રમ | વડોદરા |
| ૭૦. | પ્રેમદાસ જલારામ હોસ્પિટલ | વડોદરા |
| ૭૧. | હિમાલયા કેન્સર હોસ્પિટલ | વડોદરા |
| ૭૨. | વિરોક સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ | વડોદરા |
| ૭૩. | પારૂલ સેવાશ્રમ હોસ્પિટલ | વડોદરા |
| ૭૪. | રીધમ હોસ્પિટલ | વડોદરા |
| ૭૫. | નાયક સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ | વડોદરા |
| ૭૬. | મેટ્રો હોસ્પિટલ | વડોદરા |
| ૭૭. | SCHVIJK હોસ્પિટલ | વડોદરા |
| ૭૮. | બેંકર્સ હાર્ટ અને મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ | વડોદરા |
| ૭૯. | એસ.એસ.જી. હોસ્પિટલ | વડોદરા |
| ૮૦. | GMERS મેડિ. કોલેજ જન. હોસ્પિટલ | વડોદરા |
| ૮૧. | નાડકારની હોસ્પિટલ | વલસાડ |
| ૮૨. | GMERS હોસ્પિટલ | વલસાડ |

# મુખ્યમંત્રી અમૃતમ અને મુખ્યમંત્રી વાત્સલ્ય યોજનામાં મફત સારવાર માટે નોંધાયેલી હોસ્પિટલોની યાદી

*મા વાત્સલ્ય યોજના હેઠળ કોઈપણ જાતના ભેદભાવ વગર રૂપિયા ૬ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવનાર ૬૦ વર્ષ ઉપરના અને સિનિયર સિટીઝનનું પ્રમાણપત્ર ધરાવનાર દરેકને વાર્ષિક પાંચ લાખની તબીબી સારવાર, નિયમોને આધીન, ગુજરાત સરકાર પૂરી પાડશે. આનો અમલ તારીખ ૧લી એપ્રિલથી શરૂ થઈ ચૂક્યો છે.*

| ક્રમ | હોસ્પિટલનું નામ | સ્થળ |
|---|---|---|
| ૧. | આરના સુપર સ્પે. હોસ્પિટલ | અમદાવાદ |
| ૨. | નારાયણ હૃદયાલય પ્રા.લિ. | અમદાવાદ |
| ૩. | એચ.સી.જી. કેન્સર સેન્ટર - સોલા | અમદાવાદ |
| ૪. | બોડીલાઈન હોસ્પિટલ | અમદાવાદ |
| ૫. | રાજસ્થાન હોસ્પિટલ | અમદાવાદ |
| ૬. | પુષ્પા ચિલ્ડ્રન હોસ્પિટલ | અમદાવાદ |
| ૭. | એચ.સી.જી. મલ્ટી સ્પે. હોસ્પિટલ - મીઠાખળી | અમદાવાદ |
| ૮. | મેડિલીંક હોસ્પિટલ | અમદાવાદ |
| ૯. | જી.સી.એસ. મેડિકલ કોલેજ | અમદાવાદ |
| ૧૦. | સંજીવની સુપર સ્પે. હોસ્પિટલ | અમદાવાદ |
| ૧૧. | જયદીપ હોસ્પિટલ | અમદાવાદ |
| ૧૨. | પારેખ હોસ્પિટલ | અમદાવાદ |
| ૧૩. | ક્રિષ્ના શેલ્બી હોસ્પિટલ | અમદાવાદ |
| ૧૪. | ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટી. | અમદાવાદ |
| ૧૫. | કિડની ડાયા. એન્ડ રીસર્ચ સેન્ટર | અમદાવાદ |
| ૧૬. | સિવિલ હોસ્પિટલ | અમદાવાદ |
| ૧૭. | યુ.એન. મહેતા કાર્ડિયોલોજી | અમદાવાદ |
| ૧૮. | શેઠ વી.એસ. જનરલ હોસ્પિટલ | અમદાવાદ |
| ૧૯. | એલ.જી. મ્યુનિ.કોર્પો. હોસ્પિટલ | અમદાવાદ |
| ૨૦. | મ્યુનિ. કોર્પોરેશન હોસ્પિટલ | અમદાવાદ |
| ૨૧. | જનરલ હોસ્પિટલ - સોલા | અમદાવાદ |
| ૨૨. | રિપને ઈન્સ્ટી. એન્ડ હોસ્પિટલ | અમદાવાદ |
| ૨૩. | ક્રિષ્ના હોસ્પિટલ | આણંદ |
| ૨૪. | એમ.એમ. પરીખ કાર્ડિયાક કેર સેન્ટર | આણંદ/ખંભાત |
| ૨૫. | હનુમંત હોસ્પિટલ | ભાવનગર |
| ૨૬. | એચ.સી.જી. હોસ્પિટલ | ભાવનગર |
| ૨૭. | ભાવનગર સિવિલ હોસ્પિટલ | ભાવનગર |
| ૨૮. | ગુજરાત અદાણી મેડિકલ | ભુજ |
| ૨૯. | સ્ટર્લીંગ રામાક્રિષ્ના હોસ્પિટલ | ગાંધીનગર |
| ૩૦. | ગોએન્કા હોસ્પિટલ | ગાંધીનગર |
| ૩૧. | GMERS મેડિકલ કોલેજ હોસ્પિટલ | ગાંધીનગર |
| ૩૨. | ગુરૂ ગોવિંદસિંહ જનરલ હોસ્પિટલ | જામનગર |
| ૩૩. | પ્રેમ સ્વરૂપ સ્વામિ મલ્ટી. હોસ્પિટલ | કલોલ |
| ૩૪. | DDMM હાર્ડ ઈન્સ્ટીટ્યુટ | ખેડા |
| ૩૫. | એઈમ્સ હોસ્પિટલ | કચ્છ |
| ૩૬. | બા કેન્સર હોસ્પિટલ | નવસારી |
| ૩૭. | ઓરેન્જ હોસ્પિટલ | નવસારી |
| ૩૮. | યેશા સુપર સ્પે. હોસ્પિટલ | નવસારી |
| ૩૯. | યશફીન હોસ્પિટલ | નવસારી |
| ૪૦. | માવજત મલ્ટી સ્પે. હોસ્પિટલ | પાલનપુર |
| ૪૧. | પાટણ જનતા હોસ્પિટલ | પાટણ |
| ૪૨. | GMERS મેડિકલ કોલેજ હોસ્પિટલ | પાટણ |
| ૪૩. | સ્ટર્લીંગ એન્ડ લાઈફ ઈન્ડિયા લિ. | રાજકોટ |
| ૪૪. | બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ | રાજકોટ |
| ૪૫. | શ્રી સત્ય સાંઈ હાર્ટ હોસ્પિટલ | રાજકોટ |
| ૪૬. | ક્રિષ્ના મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ | રાજકોટ |
| ૪૭. | એન.પી. કેન્સર હોસ્પિટલ | રાજકોટ |
| ૪૮. | ઉનીકેર હોસ્પિટલ | રાજકોટ |
| ૪૯. | એચ.જે. દોશી હોસ્પિટલ | રાજકોટ |
| ૫૦. | સિવિલ હોસ્પિટલ | રાજકોટ |
| ૫૧. | મેડીસ્ટાર હોસ્પિટલ પ્રા.લિ. | સાબરકાંઠા |
| ૫૨. | ભારત કેન્સર હોસ્પિટલ | સુરત |
| ૫૩. | શ્રી બી.ડી. મહેતા મહાવીર હાર્ટ ઈન્સ્ટિ. | સુરત |
| ૫૪. | પ્રભુ જનરલ હોસ્પિટલ | સુરત |
| ૫૫. | પી.પી. સવાણી હાર્ટ ઈન્સ્ટી. અને મલ્ટી. હોસ્પિ. | સુરત |
| ૫૬. | સીતા સુપર સ્પેશિયલ હોસ્પિટલ | સુરત |
| ૫૭. | લાઈફ લાઈન હોસ્પિટલ | સુરત |
| ૫૮. | લિઓન્સ હોસ્પિટલ | સુરત |
| ૫૯. | સાષી ચિલ્ડ્રન હોસ્પિટલ | સુરત |
| ૬૦. | યુનીકેર હોસ્પિટલ | સુરત |
| ૬૧. | વોકહાર્ટ હોસ્પિટલ | સુરત |

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૦ ઉપર)

# સિનિયર મનોચિકિત્સક ડૉ. મણિલાલ ગડાને પ્રતિષ્ઠિત "લાઈફ ટાઈમ એચિવમેન્ટ ઍવોર્ડ"

*– અશોક મહેતા*

૫૦થી વધુ વર્ષોથી માનસિક બીમારીઓ તથા મનોચિકિત્સા ક્ષેત્રે કાર્યરત રહેનાર તથા હકારાત્મક જનજાગૃતિ લાવવા અવિરત અથાગ પ્રયત્ન કરનાર કચ્છી સમાજના પ્રથમ મનોચિકિત્સક ડૉ. મણિલાલ ગડાને શ્રી બીદડા સર્વોદય ટ્રસ્ટ તથા કચ્છી મેડીકોસ એસોસિએશન દ્વારા પ્રતિષ્ઠિત "લાઈફ ટાઈમ એચિવમેન્ટ ઍવોર્ડ" તાજેતરમાં એનાયત કરાયો.

જે સમયમાં કચ્છી સમાજમાં ભણતરને પ્રાધાન્ય આપવામાં આવતું ન હતું તે સમયે ભણતર ક્ષેત્રે આગળ વધી કે.ઈ.એમ. હોસ્પિટલ તથા શેઠ જી.એસ. મેડિકલ કોલેજથી ૧૯૭૦માં MBBS થઈ પોસ્ટ ગ્રેજ્યુએટ સાયકિયાટ્રીમાં પદાર્પણ કરી મુંબઈ યુનિવર્સિટીથી M.D. તથા D.P.M.ની ડિગ્રીઓ ૧૯૭૬માં મેળવી. વડીલોના સ્વપ્નોને સાકાર કર્યા.

- **સાયકિયાટ્રીના દરેક ક્ષેત્રમાં નોંધપાત્ર કાર્ય :**

૧. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સંશોધનો કર્યા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાની બહુરાષ્ટ્રીય ડિપ્રેશનની બીમારીના સંશોધનમાં સહભાગી બની જીનીવામાં આ માટેની મીટિંગમાં સક્રિય ભાગ ભજવ્યો છે.

૨. રાષ્ટ્રીય ક્ષેત્રે સંશોધનો માટે ઍવોર્ડ મળ્યા છે.
   (i) ટીલક વેંકોબારાવ ઓરેશન - ઈન્ડિયન સાયકિયાટ્રી સોસાયટી – ૧૯૮૭માં.
   (ii) ડૉ. એસ.એમ. લુલ્લા ઓરેશન - બોમ્બે સાયકિયાટ્રી સોસાયટી - ૨૦૦૦.
   (iii) ડૉ. એલ.પી. શાહ ઓરેશન – ઈન્ડિયન સાયકિયાટ્રી સોસાયટી વેસ્ટ ઝોન – ૨૦૦૭.
   (iv) ડૉ. એલ.એમ. શાહ ઓરેશન – કચ્છી મેડીકોસ એસોસિએશન – ૨૦૧૮.
   (v) ડૉ. એલન ડી'સોઝા તથા ડૉ. ધનલક્ષ્મી ડી'સોઝા ઓરેશન – સાયન હોસ્પિટલ – ૨૦૨૩.

૩. મેડિકલ કોલેજમાં તેમજ રાજાવાડી મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલમાં સાયકિયાટ્રી વિભાગના વડા તરીકે ડિપાર્ટમેન્ટ સ્થાપિત કર્યું.

૪. દિવ્યાંગ બાળકો (મેન્ટલી ચેલેન્જ) માટે સુલભા સ્પેશિયલ સ્કુલની શરૂઆત ૧૯૭૯માં (૪૪ વર્ષ પહેલા) કરી.

૫. ગ્રુમિંગ માઈન્ડ્સ - ચાઈલ્ડ સાઈકિયાટ્રી સેન્ટરની સ્થાપના ૨૦૦૬માં કરી.








૬. વૈદ્યકીય ક્ષેત્રે મનોચિકિત્સાના વિષયો પર પાઠ્ય પુસ્તકો લખ્યા છે તથા પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોફેસર અને પરીક્ષક હતા.

૭. વર્તમાનપત્રો તથા મેગેઝીનમાં નિયમિત ગુજરાતીમાં મનોચિકિત્સાના વિષયો પર લેખ લખે છે.

***નીચેની સંસ્થાઓમાં પ્રેસિડેન્ટ રહ્યા છે :***

૧. ઈન્ડિયન સાયકિયાટ્રી સોસાયટી - વેસ્ટ ઝોન (૧૯૯૩-૯૪).
૨. બોમ્બે સાયકિયાટ્રી સોસાયટી (૧૯૮૯-૯૦).
૩. કચ્છી મેડિકોઝ એસોસિએશન (૧૯૯૨-૯૪)
૪. લાયન્સ ક્લબ ઓફ પંતનગર (૧૯૯૪-૯૫)
૫. સુલભા ટ્રસ્ટ ફોર સ્પેશિયલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ (૨૦૧૯થી).

*ડૉ. મણિલાલ ગડા સમાજની સેવા કરતા રહે એવી શુભેચ્છા....*

# પાગલ પાછળ પાગલ!



CA કુલીનકાંત ચાંપશી લુઠિયા

રસ્તે રખડતા, ભટકતા, લઘરવઘર અવસ્થામાં અહીંતહીં કચરાટોપલી પાસે પડ્યા પાથર્યા રહેતા, દિવસો સુધી નાહ્યાધોયા વિનાના મળમૂત્રથી દુર્ગંધ મારતા પાગલોને જોઈને ધનજીભાઈ જળોદરાના દિલમાં તેવા લોકો માટે કૂણી લાગણી જન્મી.

એવા એકલા અટુલા દેહભાન ભૂલેલા લાચાર અને નિ:સહાય અવસ્થામાં ભટકતા લોકોને સહારો આપી, તેમની દશા સુધારવાનું મનોમન નક્કી કર્યું. અને એવા માનસિક દિવ્યાંગોને સ્વીકારવા એક આશ્રમ સ્થાન ઊભું કર્યું. રસ્તે પડ્યા પાથર્યા રહેતા લોકોને પ્રથમ ભરપેટ ખવડાવી પીવડાવી, સમજાવી પટાવી, તેમને લાવી, દાઢી-બાલ કરાવી નવા વસ્ત્રો પહેરાવતા.

ધીરે ધીરે એવા પ્રભુજીઓની સંખ્યા વધતી ગઈ અને અહીં ધનજીભાઈના ભાણાભાઈને પણ આ સેવા કામ સોંપતા, એવા લોકોને સ્વેચ્છાએ અહીં લોકો પણ લાવતા થયા.

હવે ધનજીભાઈને લાગ્યું કે ઘરના ખૂણે અલાયદા રાખેલા રૂમો ટુંકા પડવા લાગ્યા ત્યારે પોતાની પાસેની જમીનના દસ્તાવેજોના પટારામાંથી કઈ જમીન આવા લોકોને આશ્રય આપવા ફાળવી શકાય તેનું આયોજન કર્યું.

શરૂઆતમાં કાચા બાંધકામમાં આશ્રય અપાયો. જેમ જેમ લોકોને, પોલીસને ખબર પડતી ગઈ તેમ હવે તો મહિલાઓને પણ આશ્રય આપવું પડ્યું!

પુરુષો કરતાં મહિલાઓની સંખ્યા વધી પડતાં આશ્રમ સ્થાનની આસપાસની જમીન પણ બાંધકામમાં વપરાતી થઈ. મહિલાઓની દેખભાળનું કામ કપરું જોઈ, ધનજીભાઈની દીકરી પીનલબેન પણ એ સેવાકામમાં જોડાઈ ગયા.

**હવે બહેનોની સંપૂર્ણ દેખભાળની જવાબદારી પીનલબેને માથે લઈ લીધી. આજે ૪૫ જેટલી બહેનોની પીનલબેન ખૂબ ખંતથી, મીઠાશથી અને આદરપૂર્વક સંભાળ લે છે.**

ધનજીભાઈએ પોતાની લાખોની કિંમતની મોંઘી જમીન પણ સંસ્થાને બાંધકામ અર્થે ફાળવી મસમોટું મકાન ખડું કર્યું.

દાતા તરીકે પોતાના નામની જરાય પરવા કર્યા વિના કરોડોની જમીન એ અંગૂઠા છાપ સેવકે સમાજને અર્પણ કરી છે.

**આજે આ સેવક દ્વારા આશરે ૪૦૦ જેટલા માનસિક રોગીઓનું પુનર્વસન કરવામાં ભવ્યાતિભવ્ય યોગદાન છે** અને સમાજમાં સત્કાર્યોની જ્યોત જગાવી છે. બોટાદના રસ્તે સમઢીયાળા-૧ માં ક્યારેક તેમની પીઠ થપથપાવી બે શબ્દો કદાચ બોલવામાં મોડા પડીએ, પણ અહીંથી આપણા સંજોગોનુસાર નાની મોટી રકમ અનુદાન રૂપે મોકલી પુણ્યાઈનું નાનકડું ભાથું બાંધી લઈએ તો...?

*સંપર્ક : ધનજીભાઈ જટોદરા : મો. ૯૪૨૬૨ ૩૯૫૬૪*
*ભાણાભાઈ : મો. ૯૯૨૪૮ ૮૭૯૯૦*
*પીનલબેન : મો. ૯૦૫૪૧ ૯૯૮૩૩*

***સામાજિક કાર્યકર, માનવ જ્યોત.***
***મો. ૯૮૨૦૦ ૩૯૪૬૯***

**Relitrade Stock Broking Pvt. Ltd.**

***SERVICES***

- Equity Trading
- Derivatives
- Commodities
- Mutual Funds
- Depository Services
- IPO
- Online Trading
- Margin Trading Fund
- SLBM

**Relitrade Stock Broking Pvt.**

'O' Block, Mondel Re:a'l Park, Nr. Rajpath Club,
S.G. Highway, Ahmedabad - 380 059.
**E-mail : wecare@relitrade.in**
**Contact : (079) 6819 9999**

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૩૦

### શ્રી ચાણસ્મા તીર્થ
### (શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાન)



મહેસાણા હારીજ માર્ગમાં ચાણસ્માના રેલવે સ્ટેશનથી ૧ માઈલ દૂર શ્રી ચાણસ્મા તીર્થ આવેલું છે. આ તીર્થમાં મૂળનાયક શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનની લગભગ ૨૩ સે.મી. ઊંચી તમાકુ વર્ણની પદમાસનસ્થ પ્રતિમા મળે છે. આ મંદિરનું દ્વાર ઉત્તર દિશામાં છે. તેમાં મૂળ નાયકની પ્રતિમા રેતીની બનાવેલી હોય તેવી લાગે છે. ભાટુઆર ગામમાંથી મળેલી પ્રતિમા હોવાથી તેનું નામ 'ભટેવા' પડ્યું હશે એવું પ્રમાણ જુદા જુદા સ્તવનોમાંથી મળી રહે છે. એમ કહે છે કે ઇડર પાસેના ભાટુઆર ગામમાં સૂરચંદ નામે એક ગરીબ શ્રાવકને ત્યાં પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા મળી આવતાં તે સુખી અને સંપન્ન થયો. આની ખબર ઇડરના રાજાને પડતાં એમણે આ પ્રતિમાની માંગણી કરી. આશાતના થવાના ભયથી સૂરદેવે એ પ્રતિમા રાજાને ન આપતાં ગામના પાદરે જમીનમાં ભંડારી દીધી. ચંદ્રાવતી (ચાણસ્મા)માં વસતા રવિચંદ્ર નામના શ્રાવકને એ પ્રતિમાની ભાળ મળતાં તે લઇ આવ્યો અને તેણે ચાણસ્મામાં મંદિર બંધાવી વિ.સં. ૧૩૩૫ની અખાત્રીજે આ મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી. એક એવી પણ હકીકત છે કે મારવાડના પાલિની પાસે આવેલા ભટેવા ગામના વતનીઓ આ તરફ આવ્યા હોય અને સાથે મૂર્તિ લાવ્યા હોય. એમણે અહીં મંદિર બંધાવી તેનું નામ ભટેવા પાર્શ્વનાથ રાખ્યું હોય. એક પરંપરા અનુસાર અચલગચ્છીય આ. શ્રી અજિતસિંહસૂરિજીના સદ્ ઉપદેશથી વિ.સં. ૧૩૩૫માં ભટેવા પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા થઈ હતી. સુંદર નિર્માણકલા ધરાવતા આ મંદિરનો જીર્ણોધ્ધાર દોઢસો વર્ષ પહેલા થયો.

*એવું નથી કે રંગ કલરમાં જ માત્ર હોય,*
*કામ પત્યા પછી માણસના રંગ પણ ફરી જાય છે.*

## તીર્થ દર્શન-૩૧

### શ્રી પાટણ તીર્થ
### (શ્રી પંચાસરા પાર્શ્વનાથ ભગવાન)



જ્ઞાન અને લક્ષ્મી, ભવ્ય ઈતિહાસ અને ઉદાત્ત ધર્મભાવનાથી સમૃદ્ધ એવું આ નગર મહારાજા કુમારપાળની રાજધાની અને કલીકાલ સર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યની કર્મભૂમિ હતું. આ નગરનું પ્રાચીન નામ અણહિલપુર હતું. અણહિલ નામના ભરવાડના નામ પરથી વિ.સં. ૮૦૨માં અક્ષય તૃતીયાને સોમવારે નાગેન્દ્ર ગચ્છાચાર્ય શ્રી શિલગુણસૂરિજીના જૈન વિધિવિધાન સાથેના મંત્રોચ્ચારથી આ નગરની સ્થાપના કરી. પરાક્રમી વનરાજ ચાવડા અણહિલપુર પાટણનો પ્રથમ રાજા બન્યો. પોતાના પૂર્વજોની રાજધાની પંચાસરાથી શ્રી પાર્શ્વનાથ ભગવાનની આ અલૌકિક પ્રતિમાને પાટણ લાવીને નવા બંધાયેલા જિનાલયમાં શ્રી શિલગુણસૂરિજીના હસ્તે પ્રતિષ્ઠા કરાવી અને તેથી આ તીર્થ પંચાસરા પાર્શ્વનાથના નામે વિખ્યાત બન્યું. મુસ્લિમ આક્રમણને કારણે આ નગર અને મંદિરોનો વિધ્વંસ થયો, પરંતુ વિ.સં. ૧૭૩૦માં ફરી પાટણ વસ્યું અને સેંકડો મંદિરો નિર્માણ પામ્યા. વિ.સં. ૧૬૪૮માં શ્રી લલીતપ્રભુસૂરિજીએ રચેલા 'પાટણ ચૈત્ય પરિપાટી'માં તે સમયે આ નગરમાં ૧૦૧ જેટલાં મોટા જિન મંદિરો અને ૯૯ નાનાં દેરાસરો હતા તેમજ મંદિરમાં હજારો પ્રતિમાઓ હતી. જેમાં ૩૮ રત્નોની પ્રતિમાઓ પણ હતી. વિ.સં. ૧૯૨૯માં શ્રી હર્ષવિજયજી રચિત ચૈત્ય પરીપાટીમાં પાટણમાં ૯૫ મોટા મંદિરો અને ૫૦૦ નાના દેરાસરો હોવાનું નોંધ્યું છે. કહે છે કે પાટણનો પુનરોધ્ધાર થયો, પરંતુ પ્રતિમાજી તો એ જ પ્રાચીન છે. મૂળનાયક શ્રી પંચાસરા પાર્શ્વનાથ ભગવાનની આશરે ૧.૨ મીટર ઊંચી શ્વેત વર્ણની પદમાસનસ્થ પ્રતિમા છે. આ ઉપરાંત આ નગરના ૫૫ મહોલ્લામાં ૮૪ મોટા મંદિરો તથા ૧૩૪ દેરાસરો છે તેમજ શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર જેવી સંસ્થાઓ છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

# જીવનશૈલી આવનારા દાયકામાં - ભાગ-૨

**(Lifestyle for Next Decade : Part-2)**




ડૉ. મણિલાલ ગડા (સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

'મંગલ મંદિર' એપ્રિલ-૨૦૨૩ના અંકમાં આપણે જાણ્યું કે જીવનશૈલી એટલે વ્યક્તિની, કુટુંબની અને / અથવા સમાજની વ્યક્તિગત તથા સામાજિક વર્તણુંક તથા જીવવાની પદ્ધતિ.

કોરોનાના સમય બાદ દરેક ક્ષેત્રે ઝડપી પરિવર્તન થઈ રહ્યા છે. વ્યક્તિગત ક્ષેત્રે, કૌટુંબિક ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે નોંધપાત્ર પરિવર્તનો થયા છે તથા થઇ રહ્યા છે. આ પરિવર્તનની અસર પ્રત્યેક વ્યક્તિ પર થઈ રહી છે.

અન્ય ક્ષેત્રો જેવા કે સ્વાસ્થ્ય ક્ષેત્ર, ધંધાકીય તથા વ્યવસાયીક ક્ષેત્ર, સંદેશ સંચાર ક્ષેત્ર, વાહન વ્યવહાર ક્ષેત્ર, બેન્કિંગ ક્ષેત્રમાં પણ અતિ ઝડપથી પરિવર્તન થઈ રહ્યા છે. એમાં પણ ડિજીટલ ક્ષેત્રની તો વાત જ શું કરવી? ડિજીટલ ક્ષેત્રમાં થઈ રહેલા અતિ ઝડપી પરિવર્તનો જીવનશૈલી પર ખૂબ જ અસર કરે છે.

ગયા લેખમાં ત્રણ પરિસ્થિતિ વિશે જાણકારી આપેલી. સૌ વાચક મિત્રોએ પોતાની રીતે કેવી રીતે પરિસ્થિતિનો સામનો કરવો એના પર ઊંડાણથી વિચાર કરીને જીવનશૈલીમાં પરિવર્તનો લાવવાની શરૂઆત કરી હશે.

આ લેખમાં જીવનશૈલીમાં પરિવર્તનો લાવવા વિશે ચર્ચા કરીએ.

- **જીવનશૈલીમાં પરિવર્તનો કોને લાવવાની જરૂર છે?**

કઈ પેઢીએ પરિવર્તન લાવવું જરૂરી છે એ એક પ્રશ્ન છે. બાળકો તથા કિશોરો તો વર્તમાન સમયમાં જ મોટા થયા છે. એમનો ઉછેર અત્યારના સમયમાં થયો છે. એટલે એમનામાં પરિવર્તન લાવવું જરૂરી નથી.

મધ્ય વયના યુવાનોએ (Middle aged) બે પેઢીઓ વચ્ચે સમતુલન લાવવા પ્રયત્નો કરવા જરૂરી છે. એક બાજુ બાળકો તથા કિશોરો, તો બીજી બાજુએ પોતાના વડીલો તથા સિનિયર સિટીઝનો. બંને પેઢીઓ વચ્ચે મનમેળ લાવવા મધ્ય વયના યુવાનોને ઘણીવાર ઝઝુમવું પડે છે. આ પેઢી તાજેતરના ફેરફારો જલ્દીથી સ્વીકારી લે છે અને પોતાનામાં (સ્વભાવ તથા વલણમાં) ફેરફારો કરી શકે છે.

સૌથી વધારે પરિવર્તનો સિનિયર સિટીઝનોએ કરવાના છે. એમની અત્યાર સુધી જિંદગી અલગ જ વાતાવરણમાં પસાર થઈ છે અને હવે વર્તમાન સમયના બદલાયેલા વાતાવરણમાં બાકીની જિંદગી ગાળવાની છે તેમજ મોટી ઉંમરે (પાકટ વયે) બદલાવ (સ્વભાવ તથા વલણમાં) લાવવું અઘરું છે પણ અશક્ય નથી. જો મનથી વ્યક્તિ સ્વીકારે છે કે મારે બદલવું છે, તો એ વ્યક્તિ કોઈપણ ઉંમરે બદલી શકે છે. કદાચ એ બદલાવ લાવવા માટે થોડી મહેનત વધારે કરવી પડે.

નીચે મુખ્ય મુદ્દાઓ વિશે ચર્ચા કરી છે તથા અમારા મંતવ્યો રજૂ કર્યા છે. વાચકોને નમ્ર વિનંતી કે આ તથા અન્ય મુદ્દાઓ વિશે જરૂરથી મંથન કરશો તથા જો યોગ્ય લાગે તો જીવનશૈલીમાં બદલાવ લાવશો. જેથી શાંતિથી, સારી રીતે બાકીની જિંદગી પસાર થાય.

## વ્યક્તિગત સ્તરે જીવનશૈલીમાં પરિવર્તન

**૧. પોતાના કાર્યો જાતે કરો**

રોજિંદા જીવનના પોતાના કાર્યો જાતે કરો. અન્ય વ્યક્તિ પર ઓછામાં ઓછો આધાર રાખો. ખાસ કરીને આ નિયમ પુરુષો પર લાગુ પડે છે. આપણે સૌ જાણીએ છીએ કે મોટી ઉંમરે યુગલમાંથી જો પતિનું અવસાન થાય તો પત્ની એકલી લાંબુ જીવી શકે છે જ્યારે જો પત્નીનું અવસાન થાય તો પતિ વિધુર તરીકે લાંબુ જીવી શકતો નથી.

ભારતીય સંસ્કૃતિમાં ઘરનું કામકાજ સ્ત્રી / પત્ની કરે છે. પુરુષ/ પતિ પોતાના રોજિંદા જીવનમાં પણ સ્ત્રી / પત્ની પર આધાર રાખે છે. જો પુરુષ / પતિ પોતાના રોજિંદા જીવનના કાર્યો જેવા કે સવારની ચા બનાવવી, નાસ્તો તૈયાર કરવો, નાહવા માટે ટોવેલ તથા પોતાના કપડાં શોધી બાથરૂમમાં લઈ જવા જેવા કાર્યો જાતે કરી લેશે, જરૂરત પૂરતી રસોઈ પણ કરી લેશે તો દુઃખી નહીં થાય.

આ કાર્યો સ્વેચ્છાએ મનથી સમજી વિચારીને પુરુષ કરશે તો કામનો બોજ નહીં લાગે.

**૨. નાણાંકીય આયોજન અને સ્વતંત્રતા**

સિનિયર સિટીઝનની વયે આ એક અગત્યનો મુદ્દો છે. દરેક

વ્યક્તિએ પોતાનું નાણાંકીય આયોજન (Planning) કરવું જરૂરી છે અને નાણાંકીય કંટ્રોલ પણ પોતાની પાસે હોવો જોઈએ. આ માટે જરૂર પડે તો નાણાંકીય વ્યવસાયીક સલાહકાર (Professional Financial Advisor)ની સલાહ પણ લેવી જોઈએ.

આપણા સમાજમાં આ માટે સ્ત્રી / પત્નીએ જાગૃતિ લાવવી ખૂબ અગત્યનું છે. પત્નીને કુટુંબની તથા પતિની નાણાંકીય પરિસ્થિતિ વિશે સમજ હોવી જરૂરી છે. પતિએ પણ આ બાબતમાં પત્નીને યોગ્ય જાણકારી આપવી જરૂરી છે. મુખ્ય નિર્ણયો બંનેએ જોઈન્ટલી લેવા જોઈએ. બેંકના ખાતા, લોકર તથા અન્ય દસ્તાવેજોમાં પતિ તથા પત્ની બંનેની સહી હોવી જરૂરી છે.

**૩. વીલ બનાવો**

પોતાની સંપત્તિનું વીલ બનાવવું અગત્યનું છે. પોતાના મરણ બાદ કુટુંબમાં સંપત્તિ માટે ઝઘડા ન થાય એ માટે યોગ્ય કાયદેસર વીલ બનાવીએ, જેને પાછળથી ચેલેન્જ ન કરી શકાય.

**૪. સ્વાસ્થ્યમય જીવનશૈલી**

પોતાની જીવનશૈલી સ્વાસ્થ્યમય બનાવવી જરૂરી છે. સ્વાસ્થ્ય - હેલ્થ માટે સમય ફાળવવો જરૂરી છે. સવારના ચાલવાનું, કસરત અને / અથવા યોગા માટે રોજિંદા જીવનમાં અલગથી સમય ફાળવવો જરૂરી છે. આથી સ્વાસ્થ્ય સારું રહે છે. આપણે હલનચલન કરી શકીએ છીએ, બીમારીઓ અટકાવી શકાય છે.

સાદો પૌષ્ટીક ખોરાક ખાઈએ, લીલા શાકભાજી - ફળોનું નિયમિત સેવન કરીએ, સમયસર ખોરાક લઈએ.

**૫. નિવૃત્તિમાં પ્રવૃત્તિ**

નિવૃત્તિ એટલે વ્યવસાયીક અથવા ધંધાકીય પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ. પૈસા કમાવવાના ધ્યેયમાંથી નિવૃત્તિ. પરંતુ સમય સારી રીતે પસાર કરવા માટે પ્રવૃત્તિઓ કરવી અગત્યની છે. મનગમતી પ્રવૃત્તિ કરવી ખૂબ જ જરૂરી છે. જેથી સ્વાસ્થ્ય પણ સારું રહે છે.

નવી નવી રૂચિ કેળવો. સંગીત, વાંચન, બહારગામ ફરવા જવાનું, ધાર્મિક સ્થળો તથા અન્ય સ્થળોની મુલાકાત લેવાનું તથા જાણકારી મેળવવી. જેથી સમય સારી રીતે પસાર થાય તથા મન આનંદિત રહે.

ધર્મમાં રૂચિ કેળવવી જોઈએ. સમવયસ્ક, સરખા વિચારો ધરાવનાર સિનિયર સિટીઝનો જોડે સંબંધ બાંધી તથા જાળવી શકાય. જેથી નિવૃત્ત જીવનમાં પ્રવૃત્તિ મળી રહે.

**૬. ડિજીટલ ક્ષેત્ર**

ડિજીટલ ટેકનોલોજી કૂદકે ને ભૂસકે આગળ વધી રહી છે. સિનિયર સિટીઝનોએ નેટ બેન્કિંગ, મોબાઈલ બેન્કિંગ, મોબાઈલ ફોન તથા નવા ડિજીટલ સાધનો વિશે આધુનિક જાણકારી મેળવવાનો પ્રયત્ન કરવો તથા પોતાના માટે આ સાધનોનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તેની જાણકારી મેળવી, ઉપયોગ કરવો જરૂરી છે.

**૭. સોશિયલ ગ્રુપ**

પહેલા આપણી ઓળખ ગામથી થતી હતી. હવે આધુનિક ૨૧મી સદીમાં આપણે શહેરના કયા એરીયામાં રહીએ છીએ તેનાથી થાય છે. આપણા એરીયા (દા.ત. મુંબઈ - ઘાટકોપર - રાજાવાડી) પ્રમાણે આપણું સોશિયલ ગ્રુપ બનાવવું જોઈએ. આપણી આજુબાજુમાં રહેનારાઓ આપણને ઓળખે તથા આપણે એમને ઓળખીએ તથા સંકટના સમયે એકબીજાને કામ આવીએ.

## સામાજિક સ્તરે પરિવર્તન

**૮. સિનિયર સિટીઝનો માટે રહેઠાણ તથા સોસાયટી**

ખાસ સિનિયર સિટીઝનો માટે રહેવાની સગવડો તથા એ પ્રકારની બિલ્ડિંગો બનાવવી જોઈએ. જેમાં બધી સગવડો (જેવી કે મેડિકલ, વ્હીલ ચેર, રમતગમતના સાધનો, મીટિંગ રૂમ્સ) હોય.

- **સારાંશ :**

હાલના સમયમાં દરેક ક્ષેત્રે ઝડપી પરિવર્તનો થઈ રહ્યા છે. વ્યક્તિગત ક્ષેત્રે, કૌટુંબિક ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે, ટેકનોલોજી ક્ષેત્રે, આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્સ (AI) વગેરે ક્ષેત્રે ફેરફારો થઈ રહ્યા છે. આ ફેરફારોની અસર સ્વાસ્થ્ય ક્ષેત્ર, ધંધાકીય ક્ષેત્ર, વાહન વ્યવહાર ક્ષેત્ર, બેન્કિંગ ક્ષેત્ર, સંદેશા વ્યવહાર ક્ષેત્રે વગેરે પર થઈ શકે છે.

આ ફેરફારોને સ્વીકારી (સારા કે ખરાબ એ રીતે ન વિચારતા) આપણે આપણામાં ફેરફારો કરીશું તો આપણે શાંતિથી જીવી શકીશું. Only change is constant – એ સૂત્રને અપનાવવું જરૂરી છે.

***(સંપૂર્ણ)***

શુભેચ્છા સહ...
પૃથ્વી શાહ – ગાંધીનગર
મો. ૯૮૨૪૬ ૬૬૧૦૮ / ૮૭૮૦૩ ૯૬૩૩૪

# હૃદયરોગની સારવારનો ત્રીજો વિકલ્પ

ડૉ. કમલેશ એન. શાહ
M.D.

*મિત્રો,*

એ એટલું જ સાચું છે કે *લહેરો સે ડરનેવાલે કભી જીત નહીં શકતે, તુફાનોં સે ટક્કર લેનેવાલે કભી હાર નહીં સકતે. યહ હૃદયરોગ હૈ યારો, અચ્છી તરહસે સમજ લો, ફિર દુનિયાકી કોઈ તાકત તુમ્હારે પ્રાણ નહીં લે શકતી.*

*હૃદયરોગની સારવારનો ત્રીજો વિકલ્પ એટલે શું?*

જીવન જીવવાની પદ્ધતિમાં બદલાવ.

*જીવન જીવવાની પદ્ધતિમાં બદલાવ શા માટે?*

એન્જિયોગ્રાફી, એન્જિયોપ્લાસ્ટી, બલુન, સ્ટેન્ટ, બાયપાસ સર્જરી કરાવ્યા બાદ શું અને તે અટકાવવા માટે શું કરવું જોઈએ?

- **સૌપ્રથમ હૃદયરોગ થવાના કારણો :**

(૧) ડાયાબિટીસ, (૨) ઊંચું લોહી દબાણ (હાઈ બ્લડ પ્રેશર), (૩) લોહીમાં વિવિધ જાતની ચરબીનાં અતિશય પ્રમાણ, (૪) વારસાગત - કુટુંબમાં - બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, હૃદયરોગ તથા અચાનક મૃત્યુ થાય તો સમજવું વારસાગત છે. (૫) બેઠાડું જીવન - કસરત, હલન ચલનનો અભાવ, (૬) સતત ધૂમ્રપાન, (૭) તમાકુ તથા (૮) દારૂનું વ્યસન, (૯) માનસિક તણાવ (સ્ટ્રેસ) એશ આરામની હદને વટાવીએ ત્યારે સુખ આવતું નથી. વિવેકબુદ્ધિનો નાશ થાય છે. સ્વભાવની ઉગ્રતા, વેરવૃત્તિ, ક્રોધ, ટીકાત્મક વલણ, સ્વાર્થવૃત્તિ, લોભવૃત્તિ, વ્યવસાયીક તણાવ, કૌટુંબિક ઝઘડા, કોર્ટ કચેરીના પ્રશ્નો – આ બધા હૃદયરોગને આમંત્રણ આપે છે.

*સમજી લઈએ આ પંક્તિઓને :*

*નથી મેળવાતી ખુશી સંપત્તિથી, આ મોજા રડી રડીને કહે છે જગતને;*
*ભીતરમાં જ મોતી ભર્યા છે, છતાંયે સમંદરના જીવન ખારા થઈ ગયા છે.*

**હૃદયની નળીમાં બનતાં ચરબીવાળો નરમ પ્લેક :** સંશોધન દ્વારા જણાયું છે કે હૃદયરોગ થવાના કારણો ન હોવા છતાં હુમલો થાય છે, વ્યક્તિ અચાનક મૃત્યુ પામે છે. આમ, વ્યક્તિની પ્રકૃતિ અને વ્યક્તિત્વ વિશે વાતો કરતાં થયાં અને એટલે જ માનસિક તણાવ અને મનના અલગ અલગ પાસાનો વિચાર કરતાં માલૂમ પડ્યું કે હૃદયરોગ માત્ર હૃદયની ધમની સાંકડી થવાથી થતો નથી. હવે પ્રશ્ન થાય છે કે હૃદયરોગમાં ફેર વિચારણા એટલે શું? અમેરિકાના પ્રસિધ્ધ હૃદયરોગ નિષ્ણાતે આશરે ત્રીસ વર્ષ પહેલાં સંશોધન કરી નીચેના જવાબો આપ્યા છે. જેમાં એન્જિયોપ્લાસ્ટી (બલુન, સ્ટેન્ટ) કે એન્જિયોગ્રાફી હૃદયરોગની સારવારનો માત્ર જવાબ નથી... કારણકે

*હતાશા છોને ભયંકર હો, ઉષા નવરંગ લાવે છે*
*પતનનું હર પગથિયું, એક નવું ઉત્થાન લાવે છે.*
*નિરાશા પણ ખંખેરી નવી આશાઓ પાંગરતી શિશિરો તો વસંતોની હંમેશાં પૂર્વગામી છે.*

**હૃદયરોગનો ત્રીજો વિકલ્પ :**

૧. વજન ઘટાડવું. જેટલા ઇંચ ઊંચાઈ હોય તેટલા કિલો વજન. પુરુષોમાં પાંચ કિલો વધારે, સ્ત્રીઓમાં પાંચ કિલો ઓછું – એ સામાન્ય નિયમ બનાવી શકાય. આહારમાં ચુસ્તતા - શ્રમ કરીએ તેટલો જ ખોરાક - રાખવો જરૂરી છે. તેનો એકમ હવે કેલેરી છે. વધુ પડતા વજન માટે ૧૦૦૦ કેલેરી ખોરાક પૂરતો છે. કેવી રીતે, તે આગળ જોઈએ.

૨. તાજા શાકભાજી, શાકાહારી અને ફળફળાદિવાળા ખોરાક, વિટામિન સી, વિટામિન ઈ અને કેલ્શિયમથી ભરપૂર છે. જેમાં ફાઈબર છે. જેના કારણે મેદ ઓછો થવામાં મદદ થાય છે. શાકાહારી ખોરાક સ્વભાવની ઉગ્રતામાં ઘટાડો કરે છે.

૩. આહાર સંતુલિત. કોઈપણ વનસ્પતિ ઘી કે તેલ - તમારા કોલેસ્ટેરોલના વિવિધ ઘટકોને બગાડે છે. માત્ર સન ફ્લાવર, સોયાબીન તેલ તંદુરસ્ત છે. ગાયનું ઘી રોજિંદુ ત્રણ ચમચી - એક ચમચી વઘાર, એક ચમચી મોવણ, એક ચમચી ચોપડવામાં વાપરી શકાય. બેકરી, ફાસ્ટફુડ, ડેરી પ્રોડક્ટ બજારની તળેલી આઈટમોમાં એક જાતનું સફેદ ઝેર છે. પહેલાં જમાનો 'ઘ'નો હતો – ઘી, ગોળ, ઘઉં. વચ્ચેનો જમાનો 'ભ'નો થયો – ભજીયા, ભાજીપાંઉ, ભૂસળ અને હવેનો જમાનો 'પ'નો છે – પાસ્તા, પીઝા અને પફ. આ બધું તમોને ક્યાં લઈ જશે? સામાન્ય રીતે ચીકાશવાળી કોલેસ્ટેરોલની ચીપ્સ - જેને નરમ પ્લેક કહેવામાં આવે છે, તે ઉખડી કે તૂટી જવાથી રક્તવાહિનીની દીવાલમાં નાની તિરાડ પડે છે. જેમાંથી ઝરતા લોહીને અટકાવવામાં લોહીમાં રહેલા ત્રાકકણો (પ્લેટલેટ્સ) ત્યાં ભેગા થઈને લોહીનો ગઠ્ઠો બનાવે છે. જે અંતે હાર્ટ એટેકમાં

પરિણમે છે. અમેરિકામાં થયેલા સંશોધનો જણાવે છે કે ઉપરના કારણોને લઈને નરમ પ્લેકને અસ્થિર થતો અથવા જામતો અટકાવવો જરૂરી છે. હાલની દવાઓ આ નરમ પ્લેકને બનતો તથા તેને અસ્થિર થતાં અટકાવવાનો પ્રયત્ન કરે છે. મોટો પ્રશ્ન એ છે કે જે કારણોને લઈને હૃદયની નળીઓમાં ચીકાશવાળી કોલેસ્ટેરોલ મિશ્રિત ચીપ્સ બને છે તે શરીરમાં હાજર છે. હૃદયની નળીઓમાં આ ક્ષાર જામે જ નહીં તેના ઉપાયો કરવા એ શ્રેષ્ઠ વાત છે. દવાઓ, એન્જિયોપ્લાસ્ટી (બલુન, સ્ટેન્ટ) બાયપાસ સર્જરી એ હૃદયરોગ થયા પછીની વાત છે. હૃદયરોગનો તીવ્ર હુમલો - એકાએક મરણ એ રક્તવાહિનીઓની દીવાલમાં જામતો નરમ પ્લેક છે, જે અટકાવવો જોઈએ.

***હવે ભારતમાં આ નાની ઉંમરે થાય છે તેના કારણો જાણીએ.***

એશિયાના સમગ્ર વિસ્તારમાં જીનેટીક્સના કારણોને લઈને લોહીની નળીઓ અને ખાસ કરીને હૃદયની નળીઓમાં કોલેસ્ટેરોલના પ્લેક (ક્ષાર) વહેલી ઉંમરે થાય છે.

આ માટે આપણા ખોરાકની ટેવો જુવાન ઉંમરથી ખાસ કરીને ફાસ્ટ ફુડ, ચીઝ, ડેરીની આઈટમો જવાબદાર છે.

આપણા લોહીમાં ખરાબ કોલેસ્ટેરોલ (ટ્રાયગ્લીસરાઈડ) Triglyceride, LDL વધુ માત્રામાં જોવા મળે છે. તેને અટકાવવું પડશે. આ નાની ઉંમરે થાય છે. ગામડાંના લોકોની શહેર તરફની દોડ - આથી અચાનક જીવન પદ્ધતિમાં બદલાવ હૃદયરોગને આમંત્રણ આપે છે.

★ **નિયમિત ચાલવું :** રોજ ૩૦-૪૦ મિનિટ ચાલવાથી હૃદયરોગની માત્રા ઘટી શકે છે. અઠવાડિયામાં એક વખત સ્વિમિંગ, સાઈકલીંગ, બ્રીસ્ક વોકિંગ – એરોબિક કસરતની ગરજ સારે છે. તેના ફાયદા - વજન ઘટે છે, ડાયાબિટીસ કાબૂમાં રહે છે, મનનો તનાવ ઓછો થાય છે અને HDL નું પ્રમાણ વધે છે.

★ **યોગ અને ધ્યાન :** યોગ અને ધ્યાનથી સિમ્પથેટીક એક્ટીવિટી (ગતિવિધિ) મંદ થાય છે. આથી રક્તવાહિનીઓ પહોળી થાય છે. ઓક્સિજનની જરૂરિયાત ઘટે છે. ફેફસાં તંદુરસ્ત બને છે. શરીરને તંદુરસ્ત રાખનારા સ્રાવો સીરોટોનીન અને એન્ડોરફીનનું ઉત્પાદન વધે છે.

★ **વાતચીત - સંવાદ :** લાગણીઓની આપ-લે થાય છે. અભિવ્યક્તિ માત્રથી વ્યક્તિના તનાવમાં ઘટાડો થાય છે.

★ **ઉંદરીય શ્વસન :** આપણી સિમ્પથેટીક સિસ્ટમને મંદ ગતિએ લઈ જાય છે. હળવાશ અનુભવાય છે. મગજમાં લોહીનું પરિભ્રમણ સારું થાય છે.

★ **ધૂમ્રપાન :** તેમાં રહેલો $CO_2$ અને CO આપણી શ્વાસનળીઓને તથા હૃદયની નળીઓને નુકસાન કરે છે.

★ **તમાકુનું વ્યસન :** તમારા શરીરની લોહીની નળીમાં ક્ષાર બાજવાની પ્રક્રિયા ઝડપી બનાવે છે.

★ **દારૂનું સેવન :** કોઈપણ માત્રા - માત્રા રહેતી નથી અને લીવરને નુકસાન પહોંચાડે છે જે આપણા કોલેસ્ટેરોલ માટે જવાબદાર છે.

આમ, જીવન જીવવાની પદ્ધતિ બદલવાથી દવાઓના ખર્ચમાં ઘટાડો થાય છે અને કદાચ હૃદયરોગ આવે તો પણ હૃદયરોગના હુમલાની તીવ્રતા ઓછી હોય છે. નળીમાં ચરબીના કણો જામતા અટકાવી શકાય છે.

**એન્જિયોગ્રાફી :**

હૃદયરોગના નીચેના દર્દીઓએ એન્જિયોગ્રાફી કરાવવી જોઈએ અને તે પછીની સારવાર અપનાવવી જોઈએ.

૧. જે વ્યક્તિને ઘનિષ્ઠ દવાઓ લેવા છતાં ડગલે ને પગલે એન્જાઈના - છાતીનો દુઃખાવો રહેતો હોય.

૨. આ પ્રકારના દર્દીઓ જેઓમાં ડાયાબિટીસ, કોલેસ્ટેરોલ કે બ્લડ પ્રેશરની બીમારી હોય. કુટુંબમાં જુવાન ઉંમરે હૃદયરોગથી મૃત્યુ થતું હોય. આવી વ્યક્તિઓ જીભ નીચે Sorbitrate ની ગોળી મૂકતા આરામ થતો હોય.

૩. થોડા ડગલા ચાલવાથી શ્વાસ ચઢતો હોય અને ઊભા રહેવું પડે.

૪. તીવ્ર હૃદયરોગ થયા પછી હૃદયની નળીમાં લોહીનો ગઠ્ઠો જાણવા માટે - તે પછીની સારવાર તુરંત આપવા માટે. જેથી હૃદયને નુકસાન થતા પહેલા સારવાર દ્વારા આ કરવું પડશે.

એકવાર એન્જિયોપ્લાસ્ટી કે સર્જરી કરાવ્યા છતાં તેનું પુનરાવર્તન નહીં કરાવવું પડે તેની ખાતરી નથી. સંશોધનોએ પુરવાર કર્યું છે કે વિકસિત દેશોમાં હૃદયરોગનો ગ્રાફ નીચે થતો જાય છે જ્યારે વિકાસ પામતા દેશોમાં હૃદયરોગનો ગ્રાફ ઊંચો થતો જાય છે કારણકે એશિયન દેશોમાં માનસિક તણાવ અને ટ્રાઈગ્લીસરાઈડનું અતિશય પ્રમાણ જવાબદાર છે. રોગોમાં જાગૃતિનો અભાવ જવાબદાર છે.

ઉપનિષદોએ ઉચ્ચારેલું એક સત્યનું પૃથ્થકરણ કરીએ. કોઈપણ સમસ્યાનો ઉકેલ ગૂંચવાડાભર્યો હોય, અત્યંત ખર્ચાળ હોય, સામાન્ય માનવીને ઉપકારક ન હોય તો સમજવું કે તે કાયમી ઉકેલ નથી. જેટલું કુદરતથી વિરૂધ્ધ જીવન થયું, તેટલો આ રોગનો ફેલાવો વધ્યો છે.

પ્રગતિ અને સમૃધ્ધિ જરૂરી છે પરંતુ જીવનના પાયાના મૂલ્યોના ભોગે તો નહીં જ. બીજા સુખે જીવે અને હું પણ સુખે જીવું ત્યારે જ આ રોગની પક્કડ ઢીલી પડશે કારણકે ટકવું હોય તો અટકવું નહીં.

***બચાવ એ જ જીવનમંત્ર છે. આફતો છે જીવનનો ભાગ.***
***આત્મવિશ્વાસથી જ વધુ પ્રકટશે.***

# આકાશને આરસીમાં ઝીલવાની તમન્ના



રમીલા પી. મહેતા

વાત બહુ મજાની લાગે, કે 'આકાશને આરસીમાં ઝીલી લઉં અને આખું ગગન મારું થઈ જાય... હું મુક્ત પંખીની જેમ ઉડું અને મારી ઉડાન ઊંચે ને ઊંચે...' ચાર પાંચ ભાઈ-બહેનો વચ્ચે વાતોનો દોર ચાલતો હતો. કેન્દ્રમાં આરઝુ હતી. આરઝુ સંપન્ન ઘરની દીકરી... નોકરી કરતી અને મુક્ત મને વિહરતી. સખી વૃંદોમાં ફરવું, પ્રવાસે નીકળી જવું અને મસ્તી ધમાલ કરવામાં દિવસો પસાર કરતી... માતા-પિતા પણ સમજુ અને હેતાળ. ભાઈ-ભાભી અને ભત્રીજા વચ્ચે એક બહેન લાડકોડથી ઉછરતી. લાગણીના વહેણમાં ક્યારે તણાઈ ગઈ... એ ખ્યાલ આરઝુને પણ ન આવ્યો. નોકરી કરતો યુવાન સાથી વિનીત એને ગમવા માંડ્યો. આ ગમવાની વાતે બંનેને નજીક આણ્યા. વિનીત સ્થાનિકે ત્રણ-ચાર મિત્રો સાથે રહેતો. એના પરિવાર વિશે કશી જાણ નહોતી. વાત વહેતી થઈ...

આરઝુના ભાઈએ તપાસ કરી. વિનીત મોરબીથી અહીં બદલી થતા નોકરી કરવા આવ્યો. દેખાવે સુંદર અને વાતચીતમાં નમ્ર લાગતા યુવાન માટે ઘર પરિવારે વાંધો ન લીધો. વિનીતના પરિવારને મોરબી જઈ મળી આવ્યા. બધું એક રીતે બરાબર હતું પણ છતાં મા ની મરજી નહોતી. આરઝુને પોતાની જ્ઞાતિમાંથી સુખી, ગૃહસ્થ પરિવારના મુરતિયાના માંગા આવતા. આમને આમ પાંચ-સાત મહિના નીકળી ગયા. આરઝુ અને વિનીત પોતાની વાત પર મક્કમ હતા. અંતે મા એ પણ નમતું જોખ્યું. વિધિસર લગ્ન લેવાયા.

પણ પછી શું થયું? આશાએ વાતનો દોર લંબાતો જોઈ પ્રશ્ન પૂછી વાત ટૂંકી કરવા કહ્યું. જેણે વાત શરૂ કરી હતી એમણે મૂળ વાત પર આવતાં કહ્યું, 'આજે વીસ વર્ષ બાદ આરઝુનું ભાવિ જ બદલાઈ ગયું છે. આરઝુએ એક ભૂલ કરી અને હવે પસ્તાવાનો વારો આવ્યો.'

'આરઝુની કઈ એક ભૂલ કે જેને લીધે હવે આવી દયનીય હાલતમાં જીવવું પડે છે?' આશાના ભાઈએ એ બહેનને પૂછ્યું. બંને બાળકના આગમનથી બંને સુખી હતા. બંનેના પરિવારને પણ બંનેના સુખી લગ્નજીવન જોઈ આનંદ થતો. પણ બાળકના આગમન પછી જેનું આગમન થયું, એણે આરઝુની જિંદગીમાં આગ લગાડી...' એમ કહોને 'પતિ, પત્ની ઓર વો' રીવા બોલી ઊઠી... 'અને એ પણ ખાસ સહેલી હતી. બંને બાળકોની દેખભાળ, નોકરી અને પરિવારની જવાબદારીમાં આરઝુ દોડતી રહી. વિનીત આરઝુની વ્યસ્તતાને લીધે ધીમે ધીમે માનસી તરફ ઢળવા લાગ્યો.' જરા થોભો. આવું તો સ્ત્રીઓના જીવનમાં બનતું જ રહે છે. 'તો પુરુષોને એવો અધિકાર કોણે આપ્યો કે એ પત્નીને મદદ કરાવવાને બદલે ગમે ત્યાં રખડતો ફરે?' રીવા ઊંચા અવાજે બોલી તો ગઈ પણ સમાજનો સાચો અરીસો એણે જોયો નહોતો. એટલે આશાએ વાત ઉપાડી. 'તારી વાત સાચી છે રીવા, પણ આજે પણ મોટાભાગની નોકરી કરતી સ્ત્રીઓ પુરુષોની હીન ભાવનાનો શિકાર બનતી હોય છે. અરે, ખુદ પતિ પણ પોતાની મોજમસ્તીમા ઘર પરિવાર તરફની જવાબદારી તરફ ધ્યાન આપવાને બદલે આ રીતના રસ્તા શોધે છે.'

'પણ એ રીતના માર્ગ તો જીવનમાં આંધી તુફાન લાવે અને જે આરઝુના જીવનમાં બન્યું.' વાત છુટાછેડા સુધી પહોંચી. શહેરના પ્રતિષ્ઠિત લોકોએ આરઝુને વિનીતને છુટાછેડા આપવા સમજાવી. અરે, મોટી રકમની ઑફર પણ મૂકી.'

'આ તો ધરાર ગલત કહેવાય...' રીવાએ વાતને વચ્ચેથી કાપી. 'સમજાવટને બદલે જે ગલત છે એને પ્રોત્સાહન આપી, બે બાળકોની માતાને આ રીતે માનસિક યાતના - પીડા આપનાર લોકોએ ઉચિત કર્યું છે એવું માનનારા અને પ્રોત્સાહન આપનારા સમાજમાં દીપક સમાન છે.'

'હવે આરઝુ ક્યાં છે?' રીવાએ છેલ્લો પ્રશ્ન પૂછ્યો.

થોડીવાર ગ્રુપમાં શાંતિ છવાઈ ગઈ. મયંકને વાતની ખબર હતી એટલે પછીની વાતનો તંતુ સાધ્યો. 'આકાશને આરસીમાં ઝીલવાની તમન્ના લઈને જીવતી આરઝુને પતિ વિનીતે એની હાજરીમાં જ માનસીને ઘરમાં બોલાવવા માંડી. વારંવારના ઝઘડા અને કોઈ વાર તો વિનીત હાથ પણ ઉપાડતો. આરઝુએ પોલીસમાં ફરિયાદ કરવાની ધમકી પણ આપી.

'થાય તે કરી લે. આ ઘર મારું છે. રહેવું હોય તો ચૂપચાપ પડી રહે.' વિનીતે માનસીની હાજરીમાં ધમકી આપી. અને એક સાંજે એ રીક્ષામાં બેસી ભાઈ-ભાભીના ઘેર ચાલી આવી. આ ભૂલે એને માટે વિનીતના ઘરના દરવાજા બંધ કરી દીધા.' મયંક ધીમા સ્વરે વાત પૂરી કરે એ પહેલા આશાએ વાત શરૂ કરીકે 'બસ, આ એક ભૂલે એને ક્યાંયની નથી રાખી. સમાજે, સંસ્થાએ મદદ કરી છે પણ હવે માનસિક રીતે એટલી હદે ભાંગી પડી

છે કે કોઈ નિર્ણય નથી લઈ શકતી. બંને બાળકો પણ હવે છુટાછેડા બાદ મા સાથે નહીં પણ બાપ સાથે, બીજી મા સાથે રહે છે. બધાને લાગે છે, બરાબર થયું છે.'

'શું બરાબર થયું છે!' રીવાએ પૂછ્યું. 'શું એક પતિ પોતાની પત્નીને વહાલથી સંભાળીને સાચવે એ બરાબર નથી? કે પછી પત્નીને મઝધારમાં ડૂબવા માટે છોડી દે અને પોતાના 'સુખ' માટે આ રીતે વર્તે એ તમને બરાબર લાગે છે?'

'ના, અમને પણ નથી લાગતું.' આશા અને મયંકે પોતાની વાત મૂકી. 'અમે આરઝુને દોષિત નથી ગણતા પણ વિનીતની ભ્રમરવૃત્તિને દોષ દઈએ છીએ. આરઝુને જ્યારે માનસિક આધાર અને મારું પણ કોઈ છે એવી ભાવના વ્યક્ત કરનાર સગાવહાલા કે મિત્રો ન હોય તો એના જીવનમાં ક્યારેય આનંદ કે સુખની લાગણી ફરીવાર નહીં પ્રગટે.' પણ આપણે આપણા દાયરામાં રહી પોતાના સુખમાં રાચીએ છીએ. બીજાની આવી વાતને રસ લઈ લઈને કહીએ છીએ. સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન બને છે ત્યારે વિચારવા જેવું કે, આકાશની આરસીમાં તમન્નાને ઝીલીને જીવવા ઈચ્છતી આરઝુની ભૂલો જોવાને બદલે એને સાચો રાહ બતાવવો. વિનીત જેવાને પાઠ ભણાવવાની વૃત્તિ રાખવી.'

*૧૬/એ, 'ધવલ ધારા', પ્રાથમિક શાળા સામે,*
*ભાનુશાલી નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૭૨૭૨૯૧૯*

## બોધકથા : હંમેશાં સકારાત્મક ભાવ રાખો

બીજાના માટે આપણા મનમાં જેવો ભાવ હોય છે તેવો જ ભાવ સામાવાળાના મનમાં આવે છે. આ એક મનોવૈજ્ઞાનિક સત્ય છે. આ વિશે એક ઐતિહાસિક ઘટના જોઈએ.

એકવાર રાજા ભોજની સભામાં એક વેપારી આવે છે. રાજાએ વેપારીને સામેથી આવતા જોયો તે જ સમયે રાજાના મનમાં વિચાર આવ્યો કે આ વેપારીનું સર્વસ્વ લઈ લેવામાં આવે. વેપારીના ગયા પછી રાજા વિચાર કરે છે કે હું હંમેશાં પ્રજાને ન્યાય આપું છું. આજે મારા મનમાં વેપારીના પ્રત્યે આવો અન્યાયપૂર્ણ ભાવ કેમ આવ્યો કે આ વેપારીનું બધું જ લૂંટી લેવું!

રાજાએ પોતાના મંત્રીને આ પ્રશ્ન કર્યો તો મંત્રીએ કહ્યું કે આપના પ્રશ્નનો યોગ્ય અને સાચો જવાબ હું આપશ્રીને અઠવાડિયા પછી આપીશ. રાજાએ મંત્રીની વાત સ્વિકારી લીધી. મંત્રી વિલક્ષણ બુદ્ધિનો હતો. તે સીધો વેપારીને મળવા માટે પહોંચી જાય છે. વેપારી સાથે મિત્રતા કરીને પૂછે છે કે તમે તો ચંદનના લાકડાના વેપારી છો તેમ છતાં તમે આટલા બધા ચિંતિત અને દુઃખી કેમ છો?

ત્યારે વેપારી કહે છે કે આ ધારાનગરી સહિત હું ઘણા નગરોમાં ચંદનના લાકડાઓની ગાડીઓ ભરી વેચવા માટે ફરું છું તેમ છતાં ચંદનના લાકડાનું વેચાણ થતું નથી. મારી મોટાભાગની મૂડી આ ચંદનના લાકડાની ખરીદીમાં રોકાયેલ છે. એટલે હવે આ નુકસાનથી બચીને નીકળવાનો કોઈ ઉપાય નથી.

વેપારીની વાત સાંભળીને મંત્રીએ પૂછ્યું કે શું હવે તેના માટે કોઈ રસ્તો નથી? ત્યારે વેપારી હસીને કહે છે કે, જો રાજા ભોજનું મૃત્યુ થાય તો તેમના દાહ સંસ્કાર માટે મારા તમામ ચંદનના લાકડા વેચાઈ જાય તેમ છે.

મંત્રીને રાજાના પ્રશ્નનો જવાબ મળી ગયો. બીજા દિવસે મંત્રીએ વેપારીને કહ્યું કે તમે આજથી રાજાના ભોજન બનાવવા માટે દરરોજ વીસ કિલો ચંદનના લાકડા મોકલજો અને તેના પૈસા રોજ રોકડા લઈ લેજો. મંત્રીનો આવો આદેશ સાંભળીને વેપારીને ઘણી ખુશી થાય છે. હવે તે રાજાના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરે છે.

એક દિવસ રાજસભા ચાલી રહી હતી. તે સમયે તે વેપારી ત્યાં આવે છે. તો રાજા વિચાર કરે છે કે કેટલો આકર્ષક વ્યક્તિ છે. તેને શું પુરસ્કાર આપી શકાય? રાજાએ મંત્રીને બોલાવ્યા અને પૂછ્યું કે મંત્રીવર, આ વેપારી જ્યારે મારી રાજસભામાં આવ્યો હતો ત્યારે તેના વિશે મેં આપને કંઈક પૂછ્યું હતું. તેનો જવાબ તમે આજદિન સુધી આપ્યો નથી. આજે જ્યારે મેં તેને જોયો ત્યારે મારા મનના ભાવ જ બદલાઈ ગયા છે. ખબર નથી પડતી. આજે હું તેના ઉપર આટલો ખુશ કેમ થઈ ગયો અને તેને ઈનામ આપવા ઈચ્છું છું!

મંત્રીને તો આ જ ક્ષણની પ્રતીક્ષા હતી. એટલે તેમણે કહ્યું કે, મહારાજ! આપના બંને પ્રશ્નોના જવાબ આજે હું આપીશ. જ્યારે વેપારી પ્રથમવાર રાજસભામાં આવ્યા ત્યારે તેને પોતાના ગણા બધા ચંદનના લાકડા વેચવાની ચિંતા હતી અને તે વિચારતો હતો કે રાજાનું મૃત્યુ થાય તો મારા ચંદનના બધા લાકડા વેચાઈ જાય. હવે આપના ભોજન બનાવવા માટે દરરોજ વીસ કિલો ચંદનના લાકડા તેની પાસેથી ખરીદવામાં આવી રહ્યા છે. એટલે હવે આ વેપારી આપના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરે છે અને તે કારણોસર પહેલા આપ તેને દંડીત કરવા ઈચ્છતા હતા અને અત્યારે ઈનામ આપવા ઈચ્છો છો.

આપણી જેવી ભાવના હોય છે અને બીજાના વિશે જેવું વિચારતા હોઈએ છીએ તેનું જ પ્રતિબિંબ સામાવાળાના મન ઉપર પડતું હોય છે. આપણે જેવા હોઈએ છીએ તેવી જ પરિસ્થિતિ આપણને પોતાની તરફ આકર્ષિત કરે છે. આપણા જેવા વિચારો હોય છે તેવા જ લોકો આપણને મળે છે. આ જ જગતનો નિયમ છે. આપણે જેવું વાવીએ છીએ તેવું જ ફળ આપણને મળે છે. આપણે બીજાઓના માટે મનમાં જેવા ભાવ રાખીએ છીએ તેવા જ ભાવ બીજાઓ આપણા માટે રાખતા હોય છે.

એટલે આ વાર્તામાંથી આપણને એ જ શિક્ષા મળે છે કે બીજાઓના પ્રત્યે હંમેશાં સકારાત્મક ભાવ રાખવો જોઈએ.

*– સુમિત્રાબેન દાદુભાઈ નિરંકારી*

## NanoNine® શબ્દ રમત-૧૯૫

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | | ૫ | ૬ | | | | ૭ |
| ૮ | | | | | | ૯ | | | ૧૦ | | |
| ૧૧ | | | | | ૧૨ | | | | | | |
| | ૧૩ | | ૧૪ | ૧૫ | | | ૧૬ | | | ૧૭ | |
| ૧૮ | | | ૧૯ | | | | | | ૨૦ | | ૨૧ |
| | | ૨૨ | | | | ૨૩ | | | | ૨૪ | |
| | ૨૫ | | | | ૨૬ | | | | ૨૭ | | |
| ૨૮ | | ૨૯ | | ૩૦ | | | | ૩૧ | | | ૩૨ |
| | | ૩૩ | ૩૪ | | | | ૩૫ | | | ૩૬ | |
| ૩૭ | | | ૩૮ | | | ૩૯ | | ૪૦ | ૪૧ | | |
| | | ૪૨ | | | ૪૩ | | | | ૪૪ | | |
| | ૪૫ | | | ૪૬ | | | | ૪૭ | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૦-૦૬-૨૦૨૩ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. શ્વાસ, દમ, જીવ, પ્રાણ (૨)
૩. સાપ (૨)
૫. વાંસળી, મુરલી (૩)
૮. બાસુંદી, લાલુની પત્ની (૩)
૯. સાધન કે વસ્ત્રોથી તૈયાર થયેલું (૨)
૧૦. ગિરિજા પાર્વતી (૩)
૧૧. સાહેબ, પત્તાની ગેમમાં હુકમ, સરોવર (૨)
૧૨. પૈસો, ધન, કિંમત, મૂલ્ય (૨)
૧૩. પાણીની સપાટી નીચે ચાલતી બોટ (૫)
૧૬. મહેક, ખુશબો (૪)
૧૯. લડાઈ (૩)
૨૦. સીતાજીના પિતા (૩)
૨૨. ભેદ, જાત (૩)
૨૩. આંખ, નૈના, ______ને બંધ રાખીને જ્યારે તમને જોયા છે (૩)
૨૪. ટપકવાનો અવાજ (૨)
૨૬. ઠીંગણું, બટકું (૩)
૨૭. રાતની ચોકી માટે ફરવું તે (૨)
૨૮. રાત્રિ, નિશા, રાત (૩)
૩૦. પગ, કડી (કવિતાની) (૩)
૩૧. વહેમ, શંકા (૨)
૩૩. ચનોઠી, જરાક (૨)
૩૫. પાણી, જળ, તેજ, નૂર (૨)
૩૬. બંધી, નિષેધ (૨)
૩૭. આગલા દિવસનું રાંધેલું (૨)
૩૮. ઝાડ, વૃક્ષ (૨)
૪૦. ગુસ્સો, રીસાવું તે (૨)
૪૨. પતિ, વરદાન (૨)
૪૩. નમ્રતા, સભ્યતા, વિવેક (૩)
૪૪. શત્રુની છૂપી રીતે બાતમી જાણી લાવનાર (૩)
૪૫. કુંતીનો સૂર્યથી થયેલ પુત્ર, દાનેશ્વરી (૨)
૪૬. અનિલ, વહેતો વાયુ (૩)
૪૭. વાટ, રાહ, ધરડ (૩)

### ઊભી ચાવીઓ

૧. સદાય જોડીમાં ફરતું લાંબી ચાંચવાળું પક્ષી (૩)
૨. મીઠું (૪)
૪. હાથી, માતંગ, લંબાઈ ભરવાનું માપ (૨)
૫. ઋતુ (૩)
૬. ધૂળનો કણ, થોડું, જરાક (૨)
૭. નિભાવ, નિર્વાહ (૩)
૮. જીભથી માલૂમ પડતા સ્વાદ, દ્રવ, પ્રવાહી (૨)
૯. સોગન, સરખું, સમાન (૨)
૧૦. પર્વતોનો રાજા, મોટો પર્વત (૪)
૧૨. મનનું વલણ, વૃત્તિ (૩)
૧૪. મંદ સ્મિત (૪)
૧૫. અંગ્રેજી વાંચનમાળાનું પાઠ્ય પુસ્તક (૩)
૧૬. નાસી જવું તે (૪)
૧૭. નાના છોકરાની ગાડી, ઘંટનો અવાજ (૪)
૧૮. એક કઠોળ, મોટો કપ (૨)
૨૧. રકાબી સાથે વપરાય (૨)
૨૩. દેવ પૂજાનું પાણી, નમવું તે (૩)
૨૫. શરમ, મર્યાદા, આબરૂ, મલાજો (૨)
૨૬. કથા, સ્ટોરી (ઇં), નવલિકા (૩)
૨૭. રોકણી, મના (૨)
૨૮. અઠવાડિયાનો પહેલો વાર, સૂર્યનો વાર, આતવાર (૪)
૨૯. પાણી, જલ (૨)
૩૧. રામની પરમ સ્ત્રી ભક્ત (૩)
૩૨. વારાણસી (૪)
૩૪. તેતર (૩)
૩૮. ધરાયેલું, તૃપ્ત, મલાઈની પોપડી (૨)
૩૯. ચિંતન, તર્ક વિતર્ક (૩)
૪૧. જાગ્રત, સાવધાન (૩)
૪૨. રંગ, અક્ષર, જાત (૨)
૪૪. માતાદેવીનું અનુષ્ઠાન, જગ્યા, જાગવું તે (૨)

*ચોખા અગર કુમકુમ સાથે ભળી જાય તો કોઈના મસ્તક સુધી પહોંચી જાય...*
*અને દાળની સાથે ભળી જાય તો ખીચડી બની જાય.*
*અર્થાત્*
*આપણે કોણ છીએ તેના મહત્ત્વ કરતાં, કોની સંગતમાં છીએ તેનું મહત્ત્વ વધુ છે.*

## NanoNine® શબ્દ રમત-૧૯૪નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રા | મ | | કા | ગ | | રા | ત | | છ | ત્રી | |
| જ | તિ | | કા | પ | | જા | લ | | બી | સ | |
| | | કા | | | ચા | | | પ | | | ભૂ |
| | ગા | ન | | હા | ર | | લા | રી | | સા | ત |
| બા | લ | | કં | થ | | તા | લ | | મા | પ | |
| ગ | | તા | પ | | વા | સ | | આ | હ | | રા |
| | કા | જ | | બા | ટ | | કા | ચ | | કા | જી |
| બા | મ | | નિ | જ | | સા | ર | | સે | ઠો | |
| ર | | આ | શા | | આ | ગ | | આ | ખી | | લાં |
| | દા | ળ | | જા | મ | | લા | ભ | | ચાં | ચ |
| મા | ન | | રા | ન | | વા | ડો | | ના | દ | |
| તા | | મા | મી | | જી | ત | | કા | ણું | | દ્વિ |

*એપ્રિલ-૨૦૨૩ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૧૯૩ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૩. રીના કુબડિયા – અમદાવાદ
૪. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૫. યેશા મહેતા – અમદાવાદ
૬. રાજકુમારી શાહ – અમદાવાદ
૭. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૮. જીયા સંઘવી – અમદાવાદ
૯. કામિની શેઠ – અમદાવાદ
૧૦. પ્રવીણ દંડ – અમદાવાદ
૧૧. સ્મિતા શાહ – અમદાવાદ
૧૨. ચંદ્રા શાહ – અમદાવાદ
૧૩. દમયંતી દંડ – અમદાવાદ
૧૪. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૫. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૧૬. હસમુખ દેઢિયા – અડાલજ
૧૭. પ્રભા શેઠિયા – વલસાડ
૧૮. હસ્તી ઠક્કર – ભુજ
૧૯. ફાલ્ગુની શાહ – આદિપુર
૨૦. કંચનબેન મોરબીયા – ભુજ
૨૧. મણિલાલ રૂડાણી – રાણાવાવ
૨૨. સાવિત્રી જેસરાણી – મુંબઈ
૨૩. અંકિતા મારૂ – મુંબઈ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાનું ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

ફાલ્ગુની શાહ – આદિપુર

## લઘુ કથા : મોટી બા

કોઈને જરાપણ ઘસરકો આપ્યા વગર મોટી બા ઘરડા ઘરમાં રહેવા ચાલ્યા ગયા. તેમને પાછા વાળવા કોઈનું પણ ડગલું ભરાયું નહીં. તેમની ઓરડીમાં છૂ છૂ બોલતા કબૂતરનો માળો વિખરાયેલો જોઈ મોટી બાની સાથે ગેલ કરતા બચ્ચાઓ મોટી બાની ધાબળીમાં ઢબુરાઈ જઈ ચકળવકળ જોતા હતા. તેમની ઓરડીની તૂટેલી બાટલી, તૂટેલી કામળીના દોરા, કાંસકી કબાડીવાળાને વેચવા કાઢી હતી પપ્પા-મમ્મીએ. મારે કોઈ નિસ્બત નહોતી.

રાત્રે અનરાધાર વરસાદમાં ઠુંઠવાતી હું ઘરે મોડી આવી. મોટીબાની ધાબળીમાં લપેટાયેલા પારેવાના બચ્ચા સાથે સૂઈ ગઈ. ધાબળીમાં ભરેલા મોટી બા ના હેતથી ભરેલા ટેભાના સ્પર્શથી કુટુંબ પ્રેમ, પંખી પ્રેમ, માણસાઈની કવિતાના સ્પંદનોની અનુભૂતિ માણતા પેલા બચ્ચાની ભીની આંખ મને સ્પર્શી ગઈ. તેમના ઘડપણનું મીઠું ગાન મારી આંખોને સ્પર્શિત ભીંજવતું હતું.

દરવાજે ટકોરા સાંભળી જોયું. કાગડો થયેલી છત્રી ઓઢી અનરાધાર વરસાદ વચ્ચે ટેકે ટેકે ઊભા હતા. સહજતાથી બોલ્યા : 'તને એકલીને ઘરડા ઘરની પરસાળમાંથી નિર્જન રસ્તે પસાર થતી જોઈ હૈયું ઝાલ્યું ન રહ્યું.' તેમને ઘરડા ઘરે પાછા ફરતા જોઈ પાસે ઊભેલા પપ્પા-મમ્મીને મારાથી પૂછાઈ જવાયું, 'કબાડીવાળાને વેચવા કાઢેલી મોટી બા ના સંભારણા તરીકે રાખી શકું?' તેમની આંખો છલોછલ થતી જોઈ મોટી બાએ પારેવાના બચ્ચા સાથે બધાને સાંકડ મોંકડ ઢબુરી દીધા.

**ડૉ. ચંદ્રકાંત ત્રિવેદી - અજમેર (રાજસ્થાન)**
**મો. ૯૪૧૪૮ ૪૦૩૫૦**

## મૉલ મથા ઢક

ખાઈધલ કોઈ નઈં, મૉલ મથા ઢક અઈં,
કરસી કુટુંમ જેંજા, ખરા ગંધી છંઢ અઈં.

કોરા કિપાર, સુઞૂં સીંધૂં વિજેં નિસાખા,
કેંજેક કિપારેં ચાંધલા લાલચટ અઈં.

વસંત મેં ફોરેં મોરેં કૂપડું, કોયલ ટહુંકા,
ખિરધે પનખર જાડ ઉભા ઠૂંઠાઠિપ અઈં.

ઘુઘાટ કે ઉછરેં મોજા મૅરાણેં ભર ઊનારે,
તિતડી ફોટુ પિઈયું, નધી નાડા સૂકાભઠ અઈં.

હીંયડા ભાગ ભાગ 'કુસુમ' વુડે પિરીંજો હેત,
વિછોડે રુએ ધિલડા નેંણ કોરાકટ અઈં.

**કુસુમ ગાલા 'કુસુમ' - ભોજાય**

## NanoNine® Sudoku

**એપ્રિલ-૨૦૨૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૫૧ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. અંકિતા મારૂ – મુંબઈ
૨. હેમલતા દેઢિયા – અડાલજ
૩. પ્રવીણસિંહ ચૌહાણ – અમદાવાદ
૪. મિતેશ દેઢિયા – અમદાવાદ
૫. ખુશી વોરા – અમદાવાદ
૬. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૭. યેશા મહેતા – અમદાવાદ
૮. જીયા સંઘવી – અમદાવાદ
૯. કેશા મહેતા – અમદાવાદ
૧૦. કામિની શેઠ – અમદાવાદ
૧૧. સ્મિતા શાહ – અમદાવાદ
૧૨. ચંદ્રા શાહ – અમદાવાદ
૧૩. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૧૪. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૫. ફાલ્ગુની શાહ – અમદાવાદ
૧૬. નયના ગોગરી – અમદાવાદ
૧૭. બીનોય ગોગરી – અમદાવાદ
૧૮. હેનીલ ગોગરી – અમદાવાદ
૧૯. નયના ગોગરી – અમદાવાદ
૨૦. ધ્વનિ પટવા – અમદાવાદ
૨૧. પ્રતાપસિંહ ચૌહાણ – અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

કેશા મહેતા – અમદાવાદ

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૫૩અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૦૬-૨૦૨૩ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૧૫૩

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 3 | 6 | | | | | 9 | 2 |
| | | | 6 | | | 7 | | |
| 7 | 5 | | 3 | 9 | | 6 | | |
| 5 | | 4 | 2 | 3 | | | | |
| | 1 | | | 7 | | | 3 | |
| | | | | 1 | 5 | 2 | | 9 |
| | | 8 | | 2 | 4 | | 7 | 1 |
| | | 3 | | | 9 | | | |
| 1 | 4 | | | | | 9 | 2 | 8 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 6 | | | 8 | | | |
| | | 1 | | | 5 | | 3 | 8 |
| | 8 | 3 | | 7 | 9 | | 6 | |
| 9 | | 8 | 6 | | | 3 | | 1 |
| 7 | | | 8 | | 1 | | | 4 |
| 3 | | 4 | | | 2 | 6 | | 7 |
| | 3 | | 2 | 8 | | 5 | 4 | |
| 8 | 4 | | 9 | | | 7 | | |
| | | | 7 | | | 8 | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | 7 | | 9 | | |
| 2 | | | 9 | | | | | 4 |
| 8 | | 5 | | 1 | | | 6 | 7 |
| | 5 | | | | 2 | 3 | 7 | 6 |
| | 6 | | 1 | | 9 | | 5 | |
| 3 | 4 | 2 | 6 | | | | 8 | |
| 5 | 8 | | | 2 | | 7 | | 1 |
| 1 | | | | | 4 | | | 5 |
| | | 7 | | 8 | | | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 8 | 9 | | | 1 | 7 | |
| | 9 | 1 | | | | | | 4 |
| | 4 | | 1 | 8 | 7 | 6 | | |
| 2 | | | | | 1 | | 3 | 9 |
| | 8 | | 4 | | 2 | | 6 | |
| 9 | 6 | | 7 | | | | | 8 |
| | | 6 | 2 | 7 | 9 | | 4 | |
| 5 | | | | | | 7 | 2 | |
| | 7 | 2 | | | 3 | 9 | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૫૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 6 | 4 | 5 | 9 | 2 | 7 | 1 | 8 |
| 2 | 8 | 7 | 1 | 3 | 4 | 6 | 5 | 9 |
| 5 | 9 | 1 | 6 | 7 | 8 | 3 | 2 | 4 |
| 4 | 3 | 2 | 7 | 8 | 6 | 1 | 9 | 5 |
| 8 | 7 | 9 | 3 | 1 | 5 | 4 | 6 | 2 |
| 6 | 1 | 5 | 4 | 2 | 9 | 8 | 3 | 7 |
| 7 | 2 | 6 | 9 | 4 | 3 | 5 | 8 | 1 |
| 1 | 5 | 8 | 2 | 6 | 7 | 9 | 4 | 3 |
| 9 | 4 | 3 | 8 | 5 | 1 | 2 | 7 | 6 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 2 | 9 | 3 | 7 | 5 | 8 | 6 | 1 |
| 5 | 8 | 6 | 1 | 9 | 2 | 3 | 7 | 4 |
| 3 | 1 | 7 | 4 | 6 | 8 | 2 | 9 | 5 |
| 7 | 5 | 4 | 8 | 1 | 3 | 6 | 2 | 9 |
| 1 | 9 | 3 | 6 | 2 | 7 | 4 | 5 | 8 |
| 8 | 6 | 2 | 9 | 5 | 4 | 7 | 1 | 3 |
| 6 | 3 | 5 | 2 | 4 | 1 | 9 | 8 | 7 |
| 9 | 7 | 8 | 5 | 3 | 6 | 1 | 4 | 2 |
| 2 | 4 | 1 | 7 | 8 | 9 | 5 | 3 | 6 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 3 | 6 | 8 | 5 | 7 | 1 | 9 | 2 |
| 8 | 2 | 9 | 6 | 4 | 1 | 7 | 5 | 3 |
| 7 | 5 | 1 | 3 | 9 | 2 | 6 | 8 | 4 |
| 5 | 9 | 4 | 2 | 3 | 6 | 8 | 1 | 7 |
| 6 | 1 | 2 | 9 | 7 | 8 | 4 | 3 | 5 |
| 3 | 8 | 7 | 4 | 1 | 5 | 2 | 6 | 9 |
| 9 | 6 | 8 | 5 | 2 | 4 | 3 | 7 | 1 |
| 2 | 7 | 3 | 1 | 8 | 9 | 5 | 4 | 6 |
| 1 | 4 | 5 | 7 | 6 | 3 | 9 | 2 | 8 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 9 | 6 | 3 | 2 | 8 | 1 | 7 | 5 |
| 2 | 7 | 1 | 4 | 6 | 5 | 9 | 3 | 8 |
| 5 | 8 | 3 | 1 | 7 | 9 | 4 | 6 | 2 |
| 9 | 2 | 8 | 6 | 4 | 7 | 3 | 5 | 1 |
| 7 | 6 | 5 | 8 | 3 | 1 | 2 | 9 | 4 |
| 3 | 1 | 4 | 5 | 9 | 2 | 6 | 8 | 7 |
| 1 | 3 | 7 | 2 | 8 | 6 | 5 | 4 | 9 |
| 8 | 4 | 2 | 9 | 5 | 3 | 7 | 1 | 6 |
| 6 | 5 | 9 | 7 | 1 | 4 | 8 | 2 | 6 |

Nano 9® kitchenware in new avatar

NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!

Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in

AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# અન્ય સંસ્થાઓના સમાચાર

## હરિયા હાઈસ્કૂલ - બાડા

બાડાની તપોભૂમિ પર દાતાશ્રીની દાનગંગા હંમેશાં વહેતી રહે છે. પણ આ જ દાન જ્યારે વિદ્યાર્થી વિકાસના ક્ષેત્રે હોય ત્યારે સોનામાં સુગંધ ભળે છે. **હાલમાં સારસ્વતમ્ સંચાલિત હરિયા હાઈસ્કૂલ - બાડા માટે રૂા. ૨,૦૦,૦૦૦/- (રૂપિયા બે લાખ)ની માતબર રકમનું અનુદાન શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા પરિવાર દ્વારા સારસ્વતમ્ મધ્યસ્થ કાર્યાલયને આકાશ એક્સ્પ્લોરેશન - અમદાવાદના સૌજન્યથી આપવામાં આવ્યું.**

ઉપરોક્ત રકમ દ્વારા શાળાને વિજ્ઞાન સાધનો, રમત ગમતના સાધનો જેવા કે વોલીબોલ, ફૂટબોલ, નેટ, બેડમિન્ટન, ક્રિકેટના બોલ, રસ્સા ખેંચ માટેના દોરડા તેમજ સંગીતના સાધનો કેસીઓ, ડ્રમ સેટ, ખંજરી, બેરેક્ષ શાળાને આપવામાં આવ્યા. આ ઉપરાંત સ્કેનર કમ પ્રિન્ટર ડેસ્ક બેન્ચ-૨૦, કબાટ, શેતરંજી, વિદ્યુત સગડી શાળાને મળતા ભૌતિક સુવિધામાં વધારો થયો.

શાળાને મળેલ ઉપરોક્ત દાન સરવાણી માટે બાડા હાઈસ્કૂલ શાળા પરિવાર એવમ્ સારસ્વતમ્ સંસ્થાએ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## ઉપનામ 'અલ્પ' પણ સાહિત્યયાત્રા છ દાયકાની. ભુજમાં સાહિત્યકાર સર્જક નવીન ત્રિપાઠી 'અલ્પ'ની સર્જન યાત્રાને ભુજની ૧૭ સંસ્થાઓએ પોંખીને કર્યું અભિવાદન

કચ્છના નામાંકિત બહુ આયામી સાહિત્ય સર્જક તથા શિક્ષણક્ષેત્રે રાષ્ટ્રીય ઍવોર્ડ પ્રાપ્ત શ્રી નવીનભાઈ ત્રિપાઠી 'અલ્પ'ની સાહિત્યિક સેવાઓ અને સર્જન બદલ રવિવારની સંધ્યાએ ૧૭ જેટલી સંસ્થાઓએ પોંખણા કરીને કરેલા સન્માન પ્રસંગે વક્તાઓએ તેમની પ્રવૃત્તિઓને બિરદાવીને આ સન્માનને માત્ર પડાવ ગણીને સર્જન અવિરત ચાલુ રાખવાની શુભેચ્છા વ્યક્ત કરી હતી.

અહીં પ્રેમજીભાઈ બી. ઠક્કર હિંદી ભવનના મધ્યસ્થ હોલ ખાતે યોજાયેલા લાગણીભર્યા કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય કરતાં જાણીતા સાહિત્ય ઉત્તેજક અને પીઢ ધારાશાસ્ત્રી શ્રી શંકરભાઈ સચદેએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, સન્માનિત સર્જક નવીન ત્રિપાઠીનું ઉપનામ 'અલ્પ' છે પણ તેમની સાહિત્ય યાત્રા ૬૦ વર્ષની સિંહકાલીન છે. તેમનું સર્જન અવિરત છે. એટલું જ નહીં, તેઓ સારા, સફળ અને નીવડેલા સાહિત્યકાર છે. ૭૮ વર્ષની વયે ૭૮ સર્જકનું સ્વખર્ચે તેમણે સન્માન કરી એક વિશેષ દાખલો પ્રસ્થાપિત કર્યો છે. કારણકે આજે કલા હોય કે સાહિત્ય ક્ષેત્ર, ગળાકાપ સ્પર્ધા છે. તેવામાં અન્ય સર્જકોનું સન્માન અલ્પ કરતા રહ્યા છે. શિક્ષક તરીકે છાત્રોની ભીતરની વાતો ઉલેચીને લોક શિક્ષક તરીકે કામ કર્યું છે. વધુમાં શ્રી શંકરભાઈએ ઉમેર્યું હતું કે, સાંપ્રતકાળમાં પતિ-પત્ની વચ્ચે ઘણી જગ્યાએ અવિશ્વાસની ભાવના જોવા મળે છે. જેના કારણે સંબંધોની કટોકટી છતી થાય છે. ત્યારે શ્રી ત્રિપાઠીએ દિવંગત પત્નીની સ્મૃતિ છેલ્લા ૧૨ વર્ષથી જીવંત રાખી છે. તેથી તેમનું જીવન કવન તથા કાર્યો કાબિલે ગૌર, કાબિલે તારીફ અને કાબિલે ફક્ર છે. તેમણે કેટલાક રસપ્રદ કિસ્સાઓ વર્ણવીને પણ ઉપસ્થિતોને મંત્રમુગ્ધ કર્યા હતા.

કાર્યક્રમના પ્રમુખ જયંતીભાઈ જોશી 'શબાબે' નવીન ત્રિપાઠીને આજના કાર્યક્રમના ઉત્સવમૂર્તિ લેખાવતા કહ્યું હતું કે તેમણે દાયકાઓ સુધી સાહિત્યની સેવા કરી છે, ત્યારે તેમનું પીઢવયે સન્માન એટલે જેવી રીતે ગ્રીષ્મ ઋતુમાં શીતળતા અને પાણીની જરૂર હોય અને તે પ્રાપ્ત બને તે રીતનું અભિવાદન છે. તેમનું ૧૭ જેટલી સંસ્થાઓએ અભિવાદન કર્યું તેમાં કુલ ૮૫૦ જેટલા સાહિત્ય પ્રવૃત્ત લોકોની ભાવના જોડાયેલી છે. બ્રાહ્મણોનું કામ દક્ષિણા લેવાની તથા આપવાની છે. અભિવાદનના વિચાર બદલ શ્રી શંકરભાઈ સચદેની ભાવનાને શ્રી શબાબે બિરદાવી હતી.

સન્માન બદલ ગદ્‌ગદ્ થયેલા સર્જક 'અલ્પે' પોતાના પ્રતિભાવ આપતા કહ્યું કે, પોતે ૧૮ વર્ષની વયે સાહિત્ય યાત્રા આરંભી છે. અનેક અખબાર અને સામાયિકો તેમના સર્જનના સાક્ષી અને નિમિત્ત બન્યા છે. પુસ્તકો જિંદગીનો આધાર છે. તેને ભાર ન કહેવાય. સાહિત્યક્ષેત્રે આવા સન્માનના કાર્યક્રમ જૂજ થયા છે. અભિવાદન બદલ ખુશી દર્શાવી હતી. સામૂહિક સન્માનનો અવસર યોજવા બદલ શ્રી અલ્પે શ્રી શંકરભાઈનો તથા વિવિધ સંસ્થાઓનો આભાર માન્યો હતો. વધુમાં ૨૭મીના 'રશ્મિ' કાવ્ય સંગ્રહના લોકાર્પણની વિગતો આપી હતી.

પ્રારંભમાં કચ્છ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના મંત્રી શ્રી પદ્મકાંતભાઈ રાવલે સ્વાગત પ્રવચનમાં માતૃદિને આજના કાર્યક્રમને મા સરસ્વતીને અર્પણ કરીને ઉચિત લેખાવ્યો હતો. સન્માનપત્રનું વાંચન ઉદ્‌ઘોષિકા શ્રીમતી કાજલબેન ઠક્કરે કર્યું હતું.

## વર્ધમાનનગરના સ્થાપક પ્રમુખ શ્રી કાંતિલાલભાઈ શાહને પુણ્યતિથિએ ભાવાંજલી અર્પણ કરાઈ

વર્ધમાનનગરનાં સ્વપ્નદૃષ્ટા, શિલ્પી અને સ્થાપક પ્રમુખ શ્રી કાંતિલાલભાઈ બાબુલાલ શાહની પુણ્યતિથિ નિમિત્તે વર્ધમાનનગર ઑનર્સ એસોસિએશન, વર્ધમાન શ્વેતાંબર જિનાલય ટ્રસ્ટ, વર્ધમાનનગરનાં રહેવાસીઓ તથા તેમના પરિવારજનો દ્વારા તેમનાં સેવાકાર્યોને બિરદાવી શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવેલ.

કાંતિભાઈ શાહની દીર્ઘદૃષ્ટિ અને અંતરની ભાવનાઓ તેમજ ભૂકંપ પછી જૈન પરિવારોને બેઠા કરવા વર્ધમાનનગરનું નિર્માણ, જેવી સેવાઓને બિરદાવાઈ હતી. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે કર્યું હતું.

## કવિકલા વૃંદ સાહિત્ય સંસ્થા માતૃદિનની ઉજવણી

તા. ૧૪-૫-૨૦૨૩ના રોજ ભુજ રાણાવાવના સંયુક્ત ઉપક્રમે માતૃદિન ઉજવણી ધામધૂમથી કરવામાં આવી. આ પ્રસંગે ‘મા’ વિશે માતાની મમતા, સ્નેહ અને લાગણી - પ્રેમભરી રજૂ કરતી કવિ બોટાદકરની રચના ‘જનનીની જોડ સખી નહીં જડે રે લોલ...’ સહિત માતાનું વાત્સલ્ય યાદ કરતી રજૂ કરવામાં આવી હતી. જેને ઉપસ્થિત શ્રોતાઓ દ્વારા તાળીઓના ગડગડાટ સાથે વાહવાહીની લાગણીથી ઉમળકાભેર આવકારવામાં આવી હતી. અન્ય કવિઓની કૃતિના કેટલાક અંશો નીચે રજૂ કરવામાં આવ્યા છે.

હેત પ્રેમ માતાને ખોળે રહી ગયા
અમારી આંખોમાં માત્ર અશ્રુ રહી ગયા
એક આંખે સ્નેહ બીજી આંખે પ્રેમ ‘મા’ ના ગયા
યાદમાં બસ મા ના સ્મરણો રહી ગયા.

*દિલીપ આચાર્ય ‘દિલકશ’ - ભુજ*

ભલે મખમલી શૈયા ન હોય પણ
માથું ઢાળ્યા ભેગું ‘હાશ’ થાય છે
સ્વર્ગની અનુભૂતિ તો કરી નથી
પણ મા ના ખોળામાં ઈનો અહેસાસ થાય છે.

★

બારેમાસ સતત ખીલતો રહે છે
મા નો પ્રેમ બારમાસી ફૂલ જેવો છે.

*મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ*

ગોત્યું ન જડ્યું બાળપણ મારું ક્યાં ખોવાણું?
પારણામાં બેનડીના મીઠા હાથે હીંચકાયેલું
મમ્મીના ખોળામાં નિરાંતે છુપાયેલું
પા... પા... પગલી ચલાવતા પપ્પામાં જડાયેલું.

*દિવ્યકાંત છાયા ‘એકાંત’ - ભુજ*

સ્વર્ગથી સુંદર ચરણ જેના
મંદિર જેવું આવરણ છે મા.

*અમૃતબા ડી. જાડેજા - ભુજ*

શીખ ઉત્તમ આપતો અમૂલ્ય ગ્રંથ છે મા
પ્રાર્થના કે ગીત શીખવતો મનહર છંદ છે મા
પાનખર મજબૂર થઈ ને પછી વળી જાય છે
બાળકોની જિંદગીમાં ફોરતી વસંત છે મા.

*દિવ્યાબેન દેઢિયા ‘દિવ્યા’ – વડાલા, મુંબઈ*

માતૃદિને જન્મદાત્રીને અર્પણ શું કરું?
મા એ મા છે એના વિશે બીજું શું કહું?
જન્મ પહેલા આપ્યા ગર્ભમાં સંસ્કારો
મમતાભરી મા નું ઋણ અદા કેમ કરું?

*આરતીબેન રાઠોડ - ભુજ*

અને આ તકે સામાજિક કાર્યકર અને પેન્શન સમાજ - રાણાવાવના પ્રમુખ શ્રી કિશોરભાઈ રાજપરાએ શુભેચ્છા પાઠવી હતી.

## કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થા

કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થા દ્વારા વિશ્વ મધમાખી દિવસે તેમના વરિષ્ઠ કવિ આઈદાન ગઢવીને શ્રદ્ધાંજલી સાથે તેમની સાહિત્ય સેવા ચારણ કવિની બિરદાવવામાં આવી હતી. આ બેઠકમાં સાહિત્ય ગોષ્ઠિ સાથે કેટલીક મહત્ત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવતા આગામી કાર્યક્રમમાં કાવ્ય સ્પર્ધા, પ્રવાસ સહિત વિવિધ વિષય સાથે સંસ્થાની વધુ સંગઠન શક્તિ પર ભાર મૂકતા કવિ ‘ખ્વાબ’ને કારાણી ઍવોર્ડ મળેલ તેની સાહિત્ય – કચ્છી - ગુજરાતીની સેવાને બિરદાવવા અંગે ચર્ચા કરવા સાથે દિલીપ આચાર્ય ‘દિલકશ’ના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી.

જેમાં અતિથિ વિશેષ તરીકે પધારેલા અશ્વિનભાઈ જાનીને આવકારવામાં આવેલ હતા. તેમના પરિચય સાથે હાસ્યપદ લેખન અને પ્રકાશન ટૂંક સમયમાં થશે તે બદલ અભિનંદન પાઠવવામાં આવેલ હતા. પછીથી તુલસીદાસ બોરા, વિનોદ સલાટ, આરતીબેન રાઠોડ, ખુશ્બુ સરવૈયા, દિલીપ આચાર્ય, વિનોદ એ. ગોર, નેણશી મીઠિયા, ચંદુભાઈ ગોર વગેરે સ્વરચિત રચનાઓ રજૂ કરી હતી. પછી જેમાં મધમાખી વિશ્વ દિન પ્રસંગે ગ્રુપ સભ્યની આવેલ મધમાખી અંગે રચનાનું દિલીપ આચાર્યએ પઠન કરેલ હતું. આ પ્રસંગે મદનકુમાર અંજારીયા ‘ખ્વાબ’ને

દુલેરાય કારાણી ઍવોર્ડ મળેલ છે તેની સાહિત્ય સેવા સન્માન રૂપે બિરદાવવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ હતું. ટૂંક સમયમાં કાવ્ય લેખન સ્પર્ધા યોજવાની અને સભ્યોનો પ્રવાસ કાર્યક્રમ વગેરે અલગ અલગ વિષય અને પ્રકારની સ્પર્ધા યોજવા સહિતની માહિતી આપવામાં આવી હતી.અંતમાં કવિ આઈદાન કે. ગઢવી 'દેવીપુત્ર'ના અવસાનના દુઃખદ સમાચાર બદલ પરિવારને શોક સંદેશારૂપે શ્રદ્ધાંજલી આપીને તેમની વિવિધ સાહિત્ય સેવાના સંસ્મરણો યાદ કરીને બિરદાવવામાં આવેલ હતા. આ પ્રસંગે કાર્યક્રમમાં અશ્વિનભાઈ જાનીએ પોતાની રચના અને મનપસંદ ગીત વગેરે રજૂ કરેલ હતા.

## 'માનવ જ્યોત' સંસ્થા - ભુજ

### 'માનવ જ્યોત' સંસ્થા - ભુજને વધુ ૧ લાખનું અનુદાન અપાયું

માનવસેવા અને જીવદયાનું કાર્ય કરી રહેલ ભુજની માનવ જ્યોત સંસ્થાને બાપાશ્રીનું મંદિર - કેરા મધ્યે મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, દરબારગઢ ચોક, ભુજ દ્વારા પૂજ્ય સ્વામિ જીતેન્દ્રિયપ્રિયદાસજીનાં વરદ્ હસ્તે ભક્તજનોની વિશાળ ઉપસ્થિતિમાં રૂપિયા એક લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. માનવ જ્યોતનાં શ્રી પૃથ્વીરાજસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, આનંદ રાયસોનીએ પૂજ્યશ્રીનાં વરદ્ હસ્તે ચેક સ્વીકારેલ.

### વાડી વિસ્તારમાં વૃદ્ધ ત્રણ દિવસ ભૂખ્યો રહ્યો માનવ જ્યોત સંસ્થા વહારે આવી

પશ્ચિમ બંગાળનાં કુટીરપારા વિસ્તારનાં વૃદ્ધ બીરેન સરદાર (ઉં.વ. ૭૦) પોતાની દીકરીના ઘરે જવા નાંદિયાથી બર્ધમાન જવા નીકળ્યા હતા. પણ રખડતી - ભટકતી હાલતમાં તે રેલવે મારફત ભુજ પહોંચ્યા અને ત્યાંથી પગે ચાલી નાગોરવાડી વિસ્તાર સુધી પહોંચ્યા. જ્યાં તરસ અને ભૂખનાં કારણે ધીરજ ખૂટી અને વાડી વિસ્તારમાં બેઠા રહ્યા. અહીં તેની મુશ્કેલી ખૂબ વધી. કોઈ પૃચ્છા કરશે કે નહીં કે જીવ નીકળી જશે તેવી પરિસ્થિતિમાં ધકેલાઈ ગયા. ત્યાંથી પસાર થતાં વિશ્રામભાઈ કારા ભીલની નજરે આ વૃદ્ધ ચડ્યા. તેમણે માનવ જ્યોત સંસ્થાનાં વાલજી કોલીને જાણ કરતાં જ આ વૃદ્ધ વડીલને શ્રી રામદેવ સેવાશ્રમ - પાલારા (કચ્છ) મધ્યે લાવી તેની સારવાર શરૂ કરવામાં આવી. પાણી, ભોજન આપવામાં આવ્યું. ઘર ભૂલેલા આ વૃદ્ધ થોડીકવારમાં જ સ્વસ્થ બનતાં જ તે ઘર ભૂલ્યા હોવાનું અને બે મહિનાથી રખડતા - ભટકતા રહ્યા હોવાનું જણાવ્યું હતું. પણ હવે ઘર અને પરિવાર મળતા નથી તેવું જણાવતા જ સંસ્થાના સામાજિક કાર્યકર રીતુબેન વર્માએ પશ્ચિમ બંગાળ પોલીસનો સંપર્ક કરી તેનું ઘર-પરિવાર શોધી કાઢ્યા. તેમનાં પરિવારના જણાવ્યા મુજબ બે મહિનાથી પરિવારજનો રાત-દિવસ એક કરી તેમની શોધ ચલાવી રહ્યા હતા. આખરે પશ્ચિમ બંગાળથી તેમનાં પરિવારજનો બાપા સરદાર - સોમિત સરદાર ભુજ આવી વડીલનો કબજો લઈ ખુશી વ્યક્ત કરી સંસ્થાની કામગીરીને બિરદાવી હતી.

### પતિ-પત્ની અને પિતા-પુત્રીનું પાંચ વર્ષે થયું ફેરમિલન • માતા-પુત્રીએ પાંચ વર્ષ સુધી પીડા વેઠી

રાજસ્થાનના કુનવારીયા જિલ્લાના રાજસમંદ વિસ્તારનો સુરેશ પ્રજાપતિ (ઉં.વ. ૪૫) અચાનક ગુમ થયો હતો. વિવિધ રાજ્યોમાં તે રખડતો - ભટકતો રહ્યો હતો. માર્ગમાં તેને અકસ્માત નડ્યો. જેના કારણે પગમાં મોટું ફ્રેક્ચર થયું. કોઈ તેની વહારે આવ્યું નહીં. કોઈ ટ્રીટમેન્ટ થઈ નહીં. ખૂબ જ પીડા વેઠી. પરિણામે પગમાં કાયમી દિવ્યાંગતા આવી ગઈ. પગમાં કાયમી ખોટ રહી ગઈ છે. જેથી તેને ચાલવામાં મુશ્કેલી સર્જાઈ. પાંચ વર્ષ પછી આખરે તે લંગડાતો મોરબી પહોંચ્યો. મોરબીની સેવાભાવી સંસ્થા યદુનંદન સેવાશ્રમ ટ્રસ્ટે તેને આશ્રમમાં આશ્રય આપી તેની સારવાર કરાવી. કાનજીભાઈ તથા સ્ટાફ તેને ખૂબ જ મદદરૂપ બન્યા. મોરબી યદુનંદન સેવા ટ્રસ્ટની મુલાકાતે ગયેલા માનવજ્યોત સંસ્થા ભુજનાં સામાજિક કાર્યકર રીતુબેન વર્માએ તેને માનવજ્યોત સંસ્થા ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છ મધ્યે લઈ આવી ભુજની માનસિક આરોગ્યની હોસ્પિટલના મનોચિકિત્સક ડોક્ટરશ્રી પાસેથી સારવાર કરાવતા તે સ્વસ્થ બન્યો હતો. રીતુબેન વર્માએ તેની પાસેથી મળેલી માહિતીનાં આધારે રાજસ્થાન પોલીસનો સંપર્ક કરી તેનું ઘર શોધી કાઢ્યું. પરિવારજનોને આ સમાચાર મળતા જ તેના પરિવારજનો સંજય પ્રજાપતિ અને હાર્દિક પ્રજાપતિ વાહન દ્વારા ભુજ આવી પહોંચ્યા હતા. પરિવારજનોનાં જણાવ્યા મુજબ સુરેશ પાંચ વર્ષથી ગૂમ છે. પત્ની અને બાળકી ઘરે રાહ જોઈ બેઠા છે.

પરિવારજનોની લાંબા સમયની વેદનાનો અંત આવ્યો. વિખરાયેલો પરિવાર ફરી એકઠો થયો. તે ભુજનો માત્ર ૧૦ દિવસનો મહેમાન બન્યો હતો. તે પાંચ વર્ષ પછી પત્ની-બાળકીને મળતા જ ભાવુક દૃશ્યો સર્જાયા હતા. સૌની આંખો અશ્રુભીની બની હતી.

માનવતાના આ કાર્યમાં પ્રબોધ મુનવર, આનંદ રાયસોની, દીપેશ શાહ, વિક્રમ રાઠી, જયેશ લોડાયા, અક્ષય મોતા, દીપેશ ભાટીયા સહભાગી બન્યા હતા.

## માનવ જ્યોત દ્વારા બાળ શ્રમયોગીઓને અક્ષરજ્ઞાન

છેલ્લા ૧૯ વર્ષથી માનવજ્યોત સંસ્થા - ભુજ દ્વારા જે બાળકો શાળાએ જતા નથી, તેવા બાળકોને શોધી શોધીને શાળાએ જતા કરવામાં આવે છે. સરકારશ્રીના શાળા પ્રવેશોત્સવ વખતે જુદી જુદી શાળાઓમાં આવા બાળકોને શાળામાં દાખલ પણ કરાવી આપવામાં આવે છે.

કચરા પ્લાસ્ટીક વીણતા તેમજ મજૂરીકામે ચાલ્યા જતા બાળકોને મજૂરી કામમાંથી મુક્ત કરાવી વાંચતા-લખતા શિખવાડી, નજીકની સરકારી શાળાઓમાં પ્રવેશ અપાવવામાં આવે છે. **અત્યાર સુધીમાં સંસ્થાએ આવા ૪૫૦ બાળકોને અક્ષરજ્ઞાન અપાવ્યું છે.**

# આંજો કાગર

મને થોડા સમયથી હર્નીયાની તકલીફ હતી. મારું હર્નીયું મોટું હતું અને બહુ ક્રિટીકલ હતું. હર્નીયાના ઓપરેશન માટે મેં ઘણા બધા તબીબોની સલાહ લીધેલી અને તેમણે મને જે સલાહ આપી, એ બધાથી હું ખૂબ ડરી ગયો હતો. ત્યાર પછી હું મારા રીપોર્ટ કરાવવા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં આવ્યો અને આ સેન્ટરના ઇન્ચાર્જર પીન્ટુભાઈ સાથે વાત થઈ ત્યારે તેમણે આપણા પાલડી ભવન પર સેવા આપવા આવતા હર્નીયા સ્પેશિયાલીસ્ટ ડૉ. તપનભાઈ શાહનું નામ સજેસ્ટ કર્યું. હું ડૉ. તપન સરને મળ્યો. મારા રીપોર્ટ તેમને બતાવ્યા. તેમણે ફર્સ્ટ ટાઈમ જ મને એટલું સારી રીતે સમજાવ્યું અને મને ઑપરેશન માટે તૈયાર કર્યો. તેઓ માટે મારું આ ઑપરેશન ચેલેન્જ રૂપ હતું. મારું નાનું આંતરડું, મોટા આંતરડાનો થોડો ભાગ, એપેન્ડિક્ષ – તે બધું નીચે વૃષણની થેલીમાં આવી ગયેલું હતું. આવું ક્રિટીકલ ઑપરેશન તેમણે સફળતાપૂર્વક પાર પાડ્યું. તેમણે મને કહી દીધેલું કે તમને કોઈપણ પ્રકારની તકલીફ નહીં થાય એની જવાબદારી મારી છે અને હું બે મિનિટ ઊભો પણ નહોતો રહી શકતો. પેટમાં એટલું દર્દ થતું હતું, ચાલવામાં પણ તકલીફ પડતી હતી. તો આ બધી જ તકલીફો હવે દૂર થઈ ગઈ છે. મને કોઈપણ જાતની તકલીફ નથી. મારું ઓપરેશન AIMS હોસ્પિટલ - પાલડીમાં ડૉ. તપન સરે કરેલું.

તેઓ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - પાલડી, અમદાવાદ; સંજીવની મેડિકલ સેન્ટર - વાસણા, એસ.જી.વી.પી. હોસ્પિટલ - વૈષ્ણોદેવી સર્કલ અને એલ.જી. હોસ્પિટલ - મણિનગર ખાતે તેઓ પ્રોફેસર છે અને આ બધા સ્થળોએ તેઓ તેમની સેવા આપે છે. ઘણા બધા જરૂરિયાતમંદ લોકોના ઓપરેશનો તેમણે ફ્રીમાં કર્યા છે. તેવી ઉમદા ભાવના તેઓ ધરાવે છે. તેમનું ટીમવર્ક પણ ખૂબ સારામાં સારું છે. તેમનો સ્વભાવ ડાઉન ટુ અર્થ છે. તેઓ એટલા જ શાંત અને સરળ છે. તેઓના મુખ પર હંમેશાં એક સ્વજન જેવી ફિલીંગ્સ આવે છે. તેમણે નાની ઉંમરમાં ઘણા બધા ઑપરેશનો કર્યા છે અને ક્રિટીકલમાં ક્રિટીકલ ઑપરેશનો સફળતાપૂર્વક પાર પાડ્યા છે.

આ માટે હું શ્રી કચ્છી જૈન સેવા સમાજ અને તેના મેડિકલ સેન્ટરનો પણ આભાર માનું છું કે ડૉ. તપન સર જેવા કાબેલ અને દયાવાન ડોક્ટરો આપના મેડિકલ સેન્ટરમાં આવે છે અને સેવા આપે છે, જે આપણા સમાજ માટે ખૂબ સારું છે. આપણે બીજા ઘણા બધા લાલચુ ડોક્ટરોની ચુંગાલમાં જતા બચી જઈએ છીએ અને આપણને સાચી સલાહ અને માહિતી મળે છે.

તપન સર ખૂબ પ્રગતિ કરતા રહે અને સફળતાના શિખરો સર કરતા રહે અને તેમના સેવાના કાર્યોની સુવાસ દૂર દૂર સુધી ફેલાતી રહે એવી અંતરથી હાર્દિક શુભેચ્છા.

***નિખિલ કનકભાઈ મહેતા - પાલડી, અમદાવાદ***
***મો. ૯૨૨૭૨ ૧૧૭૧૭***

★

*માનનીય શ્રી અશોકભાઈ,*

'મંગલ મંદિર' ષષ્ઠીપૂર્તિ વિશેષાંકના ૨૮થી ૨૪૪ સુધીના પૃષ્ઠો ધ્યાનપૂર્વક વાંચી ગયો છું. એક સામાજિક સંસ્થાનું આવું મુદ્દાસરનું પ્રેરણાદાયક માહિતીસભર દસ્તાવેજી સંકલન "કાળજયી" રહેશે. સમાજના બધા જ પહેલુઓને આવરી લેતી તસવીરોનું આ Four Dimensional મોન્ટાઝ રસપ્રદ અને આકર્ષક છે. આવો સર્વથા સુંદર અંક પ્રસ્તુત કરવા માટે આપ અને આપના સહયોગીઓને મારા હાર્દિક અભિનંદન.

સંપુટ (૧) વિશે થોડી વિગતે વાત કરીએ તો એના પૃષ્ઠો (૫૧-૧૪૯) આ અંકનું હાર્દ છે. એનો સંક્ષેપ તંત્રીલેખમાં અને ઝીણવટભરી વિગતો પ્રસ્તાવના (૩૧-૧૫૦)માં તવારીખી સંદર્ભ

સાથે મૂકેલી છે. જૈન કે જૈનેતર સમાજના સર્વે વાચકોએ આ પૃષ્ઠોમાં સમાવિષ્ટ વિગતો વાગોળવા જેવી છે. એક વ્યવસ્થિત સ્વયંસિધ્ધ સમાજ કેવા સ્વપ્નો સેવે છે અને સમાજના સભ્યો સંપીને આ સ્વપ્નો કેવી રીતે સાકાર કરે છે, એનું ઉમદા ઉદાહરણ આ સંકલનમાં જોવા મળે છે. સમાજ હાલે જે મુકામ પર છે, ત્યાંથી બીજા અનેક સમાજો તેમજ સ્વયંસેવી સંસ્થાઓ માટે માર્ગદર્શક બની શકે છે.

અંતમાં ડૉ. ગુલાબ દેઢિયાએ ષષ્ઠીપૂર્તિ નિમિત્તે પાઠવેલા શુભેચ્છા સંદેશ પ્રત્યે સહુનું ધ્યાન દોરી સમાજના સર્વે સભ્યોનું ભાવપૂર્વક અભિવાદન કરું છું.

***હંસરાજ કંસારા***
***માનદ્ સલાહકાર – 'કચ્છશ્રુતિ'***
***(શ્રી કચ્છી સમાજ - અમદાવાદ)***

★

કાલે જ એટલે કે તા. ૧૯-૪-૨૩ના રોજ 'મંગલ મંદિર'નો વિશેષાંક મળ્યો. પ્રથમ નજર કરી ગયો. હવે નિરાંતે વાંચીશ.

૬૦ વર્ષનો ઈતિહાસ જે ઝીણવટથી અને રસપૂર્વક રજૂ કર્યો છે, તે સ્તબ્ધ કરે છે. ઝીણી ઝીણી પ્રવૃત્તિઓની વિગતો આપી છે. ઉત્તમ દસ્તાવેજીકરણ થયું છે. જેણે પણ કર્યું છે, તે સલામને પાત્ર છે.

આ ઘટનાઓ / પ્રવૃત્તિઓમાં ક્યારેક રસપ્રદ અનુભવો પણ થયા હશે – કરુણ કે હાસ્યાસ્પદ. તેને પણ નોંધી તેનો વિશેષાંક અલગ કરી શકાય. સંસ્થા અને પ્રવૃત્તિઓ અનેક અનુભવો કરાવે છે અને વિવિધ માનવ સ્વભાવોના દર્શન કરાવે છે.

કચ્છ પરના લેખો પણ સરસ છે. તમારી બધાની મહેનત આદર પ્રેરે તેવી છે. મારા તો વંદન જ.

***હરેશ ધોળકિયા - ભુજ, કચ્છ***
***ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬***

★

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : ગરૂડ દષ્ટિની વિકાસરેખા**

'મંગલ મંદિર'નો એપ્રિલ-૨૦૨૩નો અંક સમાજની ષષ્ઠીપૂર્તિ વિશેષાંક તરીકે પ્રસિદ્ધ થયો છે. દળદાર ગ્રંથ જેવા અંકો એની વિશેષતા છે. આ અંક પણ તેમાંનો ગણી શકાય તેવી અને તેટલી કાળજીપૂર્વકની વાંચન સામગ્રી પીરસાઈ છે. એ માટે સમગ્ર સંપાદક મંડળ ધન્યવાદનું અધિકારી છે.

સમાજની ૬૦ વર્ષની યાત્રાનો સંચિત ઈતિહાસ એક અમૂલ્ય સંદર્ભગ્રંથની ગરજ સારે છે અને સમસ્ત સમયસારણી સાથેની નોંધ પણ એથીય વિશેષ અમૂલ્ય છે. આમાં સંપાદકો, લેખકોનું યોગદાન નોંધપાત્ર છે. સર્વશ્રી અશોકભાઈ મહેતા, બહેન ફાલ્ગુની હિરેન, ડૉ. કાંતિભાઈ ગોર વગેરેનું આલેખન ધન્યવાદને પાત્ર છે. સંપુટ-૨ માં કચ્છના ઈતિહાસમાં સર્વશ્રી કીર્તિભાઈ ખત્રી, દીપક માંકડ, ચૌલાબેન કુરૂવા, હરેશ ધોળકિયા, હસમુખ અબોટી, લીલાધર ગડા, સંજય ઠાકર, ડૉ. મિહિર વોરાએ પણ પોતાના વિષયોની સારી માવજત કરી છે. ધોળાવીરા જાણે છવાઈ ગયું છે. કીર્તિ ખત્રી પોતાના મનની વાત અસંદિગ્ધ રીતે કહી છે. એમના નીવડેલા પત્રકારત્વનો નીચોડ એમાં છે. પણ કચ્છના કમનસીબે આ પણ એક અરણ્ય રૂદન જ છે. કોઈને આંગળી ચીંધી દોષ દેવાનું મન થાય છતાં એથી દૂર રહીએ. છતાં, આ અભ્યાસુ લેખો કચ્છની ધરતીને ઓળખવામાં ઘણી બધી ઉપયોગીતા ધરાવે છે.

બાકીના સંપુટોમાં રાબેતા મુજબની પણ વાંચનક્ષમ અને ગમતાનો કરીએ ગુલાલ જેવી સાહિત્ય સરિતાનો પ્રવાસ પણ ગુમાવવા જેવો નથી.

સમાજની સ્થાપના થઇ ત્યારે હું અમદાવાદની એલ.ડી. આર્ટસ કોલેજનો વિદ્યાર્થી. ભદ્ર વિસ્તારમાં બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડિંગમાં આવેલી જન્મભૂમિ અખબાર જૂથની બ્યુરોમાં અને 'કુમાર' માસિકના સંપાદક મંડળ સાથે જોડાયેલો હતો ત્યારે સમાજના ખૂબ સક્રિય સભ્ય અને મારા અનુઠા મિત્ર સ્વ. શાંતિલાલ છગનલાલ શાહે સમાજની સ્થાપના થઇ હોવાના સમાચાર આપ્યા. પછી એ માત્ર કે.વી.ઓ.નો સમાજ હોવાનું દુઃખ વ્યક્ત કર્યું. હાલની ઓળખ વખતેય દોઢેક વર્ષ અમદાવાદ આંટો મારી ગયો. પણ નિકટ ન થવાયું. પાલડી ભવનના નિર્માણમાં અવરોધિત સમસ્યા ડૉ. કુમારપાળ દેસાઇનો સાથ લઇ ઉકેલાઈ અને ભૂમિ પૂજનનોય સાક્ષી બન્યો. ૧૯૯૦-૯૨ દરમિયાન, 'જન્મભૂમિ'ના નિવાસીતંત્રી તરીકે અમદાવાદ આવ્યો એટલે સમાજના 'ઉત્કર્ષક' ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા અને છેક ૧૯૫૯થી મારા 'તું-કાર' મિત્ર અશોકભાઈ મહેતાના આગ્રહથી આજીવન સભ્ય બન્યો. એ બાદ, વળી 'મંગલ મંદિર'નો દળદાર દક્ષિણ ગુજરાત વિશેષાંક ભાઈ દિનેશભાઈ

શુભેચ્છા સહ...
**કમલેશ મનુભાઈ શાહ - અમદાવાદ**
**મો. ૯૮૨૫૦ ૧૮૧૮૦**

જગજીવન શાહ અને સ્વ. શ્રી ચંપકભાઈ હરિયાની ઓથથી તૈયાર કરી શક્યો. આમ, સમાજ અને 'મંગલ મંદિર' સાથે ભાવવિશ્વ ભળી ગયું, જે આજે પણ અખંડ છે. અ.સૌ. ચંદ્રિકાબેન દેઢિયા, શ્રી પ્રતાપભાઈ દંડ પણ આ ભાવ અતૂટ રહે તે માટે પૂરકબળ બની રહ્યા છે. સમાજની ષષ્ઠી પૂર્તિ યાત્રાના સાક્ષી બનવાનું સૌભાગ્ય જ સાંપડ્યું કહેવાય.

ફરીને સમાજ સૂત્રધારોને, સંપાદકોને અને લેખકોને ધન્યવાદ.

*જગદીશ ર. શાહ - વડોદરા*

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર 'મંગલ મંદિર'નો એપ્રિલ-૨૦૨૩નો વિશેષ અંક ષષ્ઠી પૂર્તિ અંક ખરેખર ખૂબ માહિતીસભર સમૃધ્ધ વાંચન સામગ્રી સાથે રજૂ થયું. સેવા સમાજની પ્રવૃત્તિઓનો ક્રમવાર વાર્ષિક આલેખન, સૌ કાર્યકરો તેમજ નામી અનામી સહયોગીઓની કાર્યશક્તિ અને કાર્યકુશળતાનો પરિચય કરાવે છે, જે ખૂબ જ બિરદાવવા લાયક છે. અભિનંદન!

કચ્છના ઈતિહાસ વિશે, ઔદ્યોગિકીકરણ વિશે, ખનીજ અને અન્ય ઉત્પાદનો વિશેના લેખો અતિ સુંદર રીતે રજૂ કરનાર લેખકો સર્વશ્રી વનરાજસિંહ જાડેજા, ભાવિન વોરા, હરેશ ધોળકિયા, ચૌલા કુરૂવા, કીર્તિ ખત્રી, પ્રવીણચંદ્ર ઠક્કર તથા લીલાધર માણેક ગડા વગેરે સૌને આદરપૂર્વક સલામ!

અન્ય લેખો પણ સરાહનીય રહ્યા.

આવા સુંદર સામાજિક કાર્યો કરવા બદલ શ્રી કચ્છી જૈન સેવા સમાજના સૌ સભ્યોને ખૂબ ખૂબ શુભેચ્છા!

*વસંત 'કચ્છ કેસરી' – દેવપુર / મુલુંડ*
*મો. ૮૪૫૧૦ ૯૮૬૭૮*

★

'મંગલ મંદિર'ના એપ્રિલ માસના ષષ્ઠી પૂર્તિ વિશેષાંકમાં સમાવી લેવામાં આવેલ દરેક લેખો ઉત્તમ કોટીના છે. દરેક લેખકે પોતાની પસંદગીના વિષય પર લખી, એ વિષયનું અસરદાર અવલોકન કરી સુંદર આલેખન કર્યું છે.

આટલા રસપ્રદ અને માહિતીસભર રજૂ થયેલ લેખોમાંથી કોઈ એકને અગ્રીમ નંબર આપવું અઘરું પડે. પણ આપ તંત્રીગણના આહ્વાનને માન આપી મારા અભિપ્રાય પ્રમાણે શ્રી હરેશ ધોળકિયાની કલમે લખાયેલ લેખ "કચ્છનું શિક્ષણ" (પાના નં.-૧૬૦), કચ્છના વિવિધ પાસાઓને આવરી લઈ ઉત્તમ શિક્ષણ પદ્ધતિને બ્રાન્ડેડ બનાવવા માટે ખૂબ સચોટ માર્ગ ચીંધે છે. કચ્છના સર્વાંગી વિકાસ માટે મહામાર્ગની રચનાની રૂપરેખા આ મૂર્ધન્ય લેખકે સુંદર રીતે રજૂ કરી છે, જે સરાહનીય છે! સર્વોત્તમ લેખ તરીકે બિરદાવવા યોગ્ય છે.

લેખકને અભિનંદન.

*વસંત કચ્છ કેસરી - મુલુંડ, મુંબઈ*
*મો. ૮૪૫૧૦ ૯૮૬૭૮*

★

## સામાજિક સમસ્યા

કચ્છી વીસા ઓસવાળ, કચ્છી દશા ઓસવાળ અને નાની ન્યાત જ્ઞાતિઓ ક્યારે અને કેવી રીતે અસ્તિત્વમાં આવી એ તો ખબર નથી પણ એક અનુમાન મુજબ આપણે કચ્છમાં આવ્યા ત્યારે પહેલા સૌ રાજસ્થાનમાં હતા ત્યારે પણ આ દશા/વીસાનો જ્ઞાતિભેદ હોવો જોઈએ. ખેર, એ સંશોધનનો વિષય છે. આજના વર્તમાનમાં આપણે ત્રણેય જ્ઞાતિજોની જીવનશૈલી એકસમાન છે. મોટા ભાગે અચલગચ્છ વિધિપક્ષના અનુયાયીઓ તથા મંદિરમાર્ગી સાધર્મિક બંધુઓ છીએ. ભાષા એક જ છે. બાર ગાઉએ બોલી બદલાય એ ઉક્તિ પ્રમાણે કદાચ કોઈક શબ્દ અને ઉચ્ચારમાં ફરક હોઈ શકે. રોટી વ્યવહાર છે પણ કોઈ અગમ્ય કારણે બેટી વ્યવહાર માન્ય નથી થયો. હવે નાની પેઢી આ ભેદને ગૌણ ગણી પાત્રની યોગ્યતા જોઈને લગ્નથી જોડાય છે. છતાં જ્ઞાતિની જુદાઈ વયસ્ક વડીલો સહેલાઈથી ભૂલતા નથી. જો આ જ્ઞાતિ ભેદ મટી જાય અને આપણે સૌ જૈન સાધર્મિક છીએ એ ભાવના જાગૃત થાય તો આપણાં સમાજમાં થતા આંતરધર્મિય લગ્નો ઘણાં પ્રમાણમાં ઘટી શકે તથા જૈન ધર્મની હાનિ પણ ન થાય.

દશા/વીસા જ્ઞાતિના સૌ મોભીઓ આ વિષયમાં ચર્ચા વિચારણા કરી એક કચ્છી જૈન સમાજની સ્થાપના કરવા પ્રયાસ કરે એ આજના સમયમાં ખૂબ અગત્યનું છે.

આશા રાખીએ કે નજીકના ભવિષ્યમાં જ સોનાનો સૂરજ સમાજની નાની પેઢી માટે સોનેરી અજવાળા લાવે.

*વસંત 'કચ્છ કેસરી' – દેવપુર, મુલુંડ (મુંબઈ)*

***(નોંધ : શ્રી વસંતભાઈ, કચ્છી જૈનમાં કચ્છ તથા વાગડના ગૂર્જર સમાજ પણ આવી શકે. આપશ્રીને ખ્યાલ હશે કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદમાં નીચે મુજબના બધા જ કચ્છી જૈનોનો સમાવેશ કરવામાં આવેલ છે : (૧) કચ્છી વીસા ઓસવાળ, (૨) કચ્છી દશા ઓસવાળ, (૩) વાગડ કચ્છી વીસા ઓસવાળ, (૪) વીસા શ્રીમાળી / ઓસવાળ ગૂર્જર જૈન, (૫) દશા શ્રીમાળી / ઓસવાળ ગૂર્જર જૈન, (૬) વાગડ સાત ચોવીસી ગૂર્જર જૈન અને (૭) વાગડ બે ચોવીસી ગૂર્જર જૈન.***

***– તંત્રી મંડળ)***

'મંગલ મંદિર'નો ષષ્ઠીપૂર્તિ અંક મળ્યો છે. આભાર... સંસ્થાને આ પ્રસંગે લાખ લાખ ધન્યવાદ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સેવાયજ્ઞમાં સતત કાર્યરત છે અને સમગ્ર સમાજને કશું આપવા કટીબધ્ધ છે એનો રાજીપો વ્યક્ત કરું છું.

'મંગલ મંદિર' સદૈવ નવોદિતો તેમજ સતત કલમ વડે અવનવા લેખો લખનાર લેખકો, કવિઓ અને વિવેચનકારોને પ્રેરણા આપે છે, એ પણ મંગલ મંદિરનું જમા પાસું છે. ડૉ. મિહિર વોરા, સંજય ઠાકર, પ્રા. સૂર્યકાંતભાઈ ભટ્ટ, નરેશ અંતાણી, લીલાધરભાઈ ગડા અને ડૉ. કાંતિ ગોરના લેખો આ અંકમાં મનનીય રહ્યા.

કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદમાં હોય કે મુંબઈ, મદ્રાસ કે દેશ વિદેશમાં સ્થાપિત હોય - સાચા અર્થમાં મહાજનની ભૂમિકા ભજવે છે, એનો અનેરો આનંદ છે.

ફરીવાર 'મંગલ મંદિર'ને શુભેચ્છા.

***રમીલાબેન પી. મહેતા - ભુજ, કચ્છ***

★

સવિનય જણાવવાનું કે આપશ્રીએ 'મંગલ મંદિર' મુખપત્રના ફેબ્રુઆરી અંકમાં, જાન્યુઆરી મહિનામાં કચ્છી ભવનમાં યોજાયેલા કવયિત્રી સંમેલનનો અહેવાલ કવયિત્રીના પરિચય સાથે પ્રગટ કર્યો એ બદલ હું આપની સહૃદય આભારી છું. અમને જે ગૌરવ બક્ષ્યું એના માટે આપની સદાય ઋણી રહીશ.

***અંકિતા મારૂ "જીનલ" - કાંદિવલી, મુંબઈ***

★

સવિનય જણાવવાનું કે ષષ્ઠીપૂર્તિ વર્ષ પ્રસંગે પ્રસિધ્ધ થયેલ વિશેષાંક દળદાર છે અને તે ખૂબ જ સુંદર બનેલ છે. જેમાં પ્રગટ તંત્રીલેખ, પ્રસ્તાવના, જૈન સમાજની ગઈકાલ અને આજની સફર, સંપુટ-૧ તેમજ સંપુટ-૨ માં કચ્છ ઈતિહાસ, પ્રાચીન અર્વાચીન, કચ્છનું સફેદ રણ, દરિયાપટ સાથે તીર્થ દર્શન, તંદુરસ્તી, વ્યક્તિ વિશેષ. સંપુટ-૩માં જ્ઞાન વિજ્ઞાન ઉપરાંત લેખ સાથે સમાવવામાં આવેલ કાવ્ય સહિતની વિવિધતાસભર વિવિધ વિષયની માહિતી જાણવા - માણવા જેવી ખૂબ ઉપયોગી થાય તેવી માહિતીનું સંકલન કરવામાં આવેલ છે. જેમાં સંપાદક / તંત્રી સાથેની ટીમે જહેમત ઉઠાવેલ છે, જે કાબિલેદાદ હોય છે એટલી સુંદર અને સ્વચ્છ પ્રકાશન કાર્ય સાથે દીપી ઉઠે તેવું હોય છે. અભિનંદન.

***દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ***

★

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત કેરિયર કાઉન્સેલિંગ ક્લાસીસ

મારી ૧૬ વર્ષની દીકરીને સતત ૧ વર્ષથી માથાનો દુઃખાવો રહેતો હતો. જે માટે અમે ઘણા ડોક્ટર્સની દવા કરાવી પણ કોઈ ફરક પડતો ન હતો. તે ૧૨મા ધોરણમાં અભ્યાસ કરતી હોવાથી અમે મગજને લગતી કોઈ દવા આપવા નહોતા માંગતા.

જ્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજમાં ડૉ. શૈલેન્દ્રજી ગુપ્તાને મળ્યા અને તેમની પાસે કાઉન્સેલિંગ કરાવ્યા પછી તેના મનમાં જે ડર હતો, જેના કારણે તણાવ રહેવાથી માથાનો દુઃખાવો થતો હતો, તેની બે-ત્રણ મહિનાની સારવારથી તેમાં ઘણો ફરક પડી ગયો અને અમે ફક્ત પાસ થવાની આશા રાખતા હતા, તેની જગ્યાએ તે ૭૫% માર્ક સાથે પાસ થઈ.

તેજ રીતે મારા ભાઈને છેલ્લા ૨૦ વર્ષથી માનસિક તકલીફ હતી, જે એક એક્સિડેન્ટને લીધે થઈ હતી અને તે ઘણા વર્ષથી હેરાન થતો હતો. જેને ડૉ. શૈલેન્દ્રજી ગુપ્તા પાસે કાઉન્સેલિંગ કરાવ્યા પછી આજે ઘણો ફરક છે. હવે તે જોબ ચાલુ કરી શક્યો છે. અમે ઘણા આભારી છીએ શ્રી કચ્છી જૈન સેવા સમાજના તથા ડૉ. શૈલેન્દ્રજી ગુપ્તાના, જે ખાસ કરીને છોકરાઓના ભણતરના લીધે થતા તણાવમાંથી બહાર લાવી કઈ રીતે જીવનમાં સંઘર્ષ કરી આગળ વધવું તેનું સાચું માર્ગદર્શન આપે છે.

***– અમી શાહ***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

# જ્ઞાન – વિજ્ઞાન

• સંકલન : રસીક ખીમજી મહેતા •

## શરદી અને રૂમાલને શું સંબંધ છે?

આપણે સહુ જાણીએ છીએ કે, ઠંડીની ઋતુ હોય અથવા વાતાવરણમાં અચાનક પલટો આવે એટલે શરદીનો એટેક આવે!

આમ જુઓ તો શરદી એક સામાન્ય રોગ ગણાય. બેક્ટેરીયલ કે વાઈરલ કે પછી સાયનસ ઈન્ફેક્શન અથવા તો એલર્જીથી શરદી થાય છે અને સામાન્ય દવાથી કે શરીરની રોગ પ્રતિકારક શક્તિથી બે-ચાર દિવસમાં મટી જાય છે.

પરંતુ વાત અહીં અટકતી નથી. આ રોગ બહુ ચેપી છે. શરદી થયેલ વ્યક્તિના ઉચ્છવાસથી તે ઝડપથી ફેલાય છે. શરદી એટલે કે ઉધરસ અને છીંકથી ચેપ ઝડપથી પ્રસરે છે. જ્યારે આપણે ઉધરસ ખાઈએ છીએ ત્યારે શરદીના જીવાણુઓ ૧૦૦ કિ.મી. પ્રતિ કલાકના વેગથી વાતાવરણમાં ફેંકાય છે. દાખલા તરીકે એક ક્લાસરૂમમાં એક ઉધરસ કે છીંકથી આ ઝડપને હિસાબે, પળવારમાં જીવાણુઓ પૂરા ક્લાસરૂમમાં ફેલાઈ જાય છે. આથી નબળી રોગ પ્રતિકારક શક્તિ ધરાવતા વિદ્યાર્થીઓ તુરત આ રોગનો ભોગ બને છે. આજ વસ્તુ આપણા મિત્રો, પરિવારજન અને અન્ય લોકો જે શરદીવાળી વ્યક્તિના સંપર્કમાં આવે છે, તેમને ચેપ લાગે છે. એટલે અને એટલે જ આ ચેપી રોગનો ફેલાવો અટકાવવા જ્યારે શરદી હોય ત્યારે ઉધરસ કે છીંક વખતે સ્વચ્છ રૂમાલથી મોઢાને ઢાંકવું બહુ જરૂરી બને છે. આથી ચેપ ફેલાતા રોકાઈ જાય છે. આ છે શરદી અને રૂમાલનો સંબંધ.

સામાન્ય રીતે આપણે જ્યાં સુધી કોઈ ચીજની હકીકત કે સચ્ચાઈ નથી જાણતા ત્યાં સુધી આપણે તેને ગંભીરતાથી નથી લેતા. **માણસના ઉચ્છવાસથી ફેલાતો સ્વાઇન ફ્લુ કેટલાય નિર્દોષ લોકોને દર વર્ષે ભરખી જાય છે.**

## જાતજાતના વીજ ચમકારા

ચોમાસામાં આકાશમાં થતા વીજળીના ચમકારા અને ગડગડાટી સહુએ જોયા હશે. વીજળી એ કુદરતી પરિબળ છે. ક્યારેક હોનારત પણ સર્જે. આકાશમાં થતી વીજળી કેવી રીતે થાય છે તે જાણીતી વાત છે.

વીજળી, એ માત્ર વીજળી નથી. તેના અનેક પ્રકારો છે. વૈજ્ઞાનિકોએ વીજળીના લક્ષણો જોઈને પણ પ્રકાર પાડ્યા છે. વૈજ્ઞાનિકો સેંકડો વર્ષોથી વીજળીનો અભ્યાસ કરીને કંઈક નવું શોધી કાઢે છે અને તે માણસજાતને ઉપયોગી થાય છે.

સામાન્ય રીતે વાદળોમાં થતા વીજ ચમકારાને **સ્ટ્રીક લાઇટનિંગ** કહે છે. આવી વીજળી આકાશમાં જ રહે છે. બીજો પ્રકાર છે **ક્લાઉડ ટુ ગ્રાઉન્ડ**. એટલે કે વાદળમાંથી નીકળીને જમીન તરફ આવતો ચમકારો. આ જોખમી વીજળી છે. પૃથ્વીના વીજભારથી આકર્ષાઈને તે જમીન પર પડે છે અને તે સ્થળે બધું બળીને ભસ્મ થઈ જાય છે. ખૂબ પવન હોય ત્યારે વાદળોની વચ્ચે વારંવાર ચમકારા દેખાય તેને **રીબન લાઇટનિંગ** કહે છે.

બે વાદળો વચ્ચે આવ-જા કરતા ચમકારાને **ક્લાઉડ ટુ ક્લાઉડ લાઇટનિંગ** કહે છે. આ ચમકારા ક્યારેક દેખાય નહીં પણ ગડગડાટ સંભળાય છે. ક્યારેક વાદળોની કિનારી ચમકી ઉઠે છે. ચોમાસા સિવાય જ્વાળામુખી સક્રિય થાય ત્યારે તેના વીજભાર ધરાવતા રજકણોને કારણે પણ વીજળી થાય છે. તેને **ડ્રાય લાઇટનિંગ** કહે છે.

## રબરની ઇલાસ્ટીસિટીનું વિજ્ઞાન

ઈલાસ્ટીકની પટ્ટીનો ઉપયોગ જાણીતો છે. કેટલાક પોષાક અને ખાસ કરીને મોજા વગેરેમાં તેનો ઉપયોગ જાણીતો છે. કેટલાક પદાર્થોના ઈલાસ્ટીસિટીના ગુણથી આપણા રોજિંદા જીવનમાં સરળતા આવી છે. **રબર બેન્ડ તો અવારનવાર ઉપયોગી થતી ચીજ છે.**

ઘન પદાર્થો દબાણ કરવાથી કે ખેંચવાથી વિસ્તાર પામતા કે સંકોચાતા નથી. પરંતુ રબર જેવા ઘણા પદાર્થો દબાણ આપવાથી થોડા ઘણા સંકોચાય અને દબાણ હટાવી લેતા મૂળ સ્થિતિમાં આવી જાય છે. **આ ગુણને સ્થિતિસ્થાપકતા કે ઇલાસ્ટીસિટી કહે છે.**

લોખંડ સ્થિતિસ્થાપક નથી પરંતુ પાતળા તારમાંથી બનેલી સ્પ્રિંગ સ્થિતિસ્થાપક છે. માણસના હાડકાં પણ સ્થિતિસ્થાપક હોય છે. સ્થિતિસ્થાપક પદાર્થો વધુ આંચકા સહન કરી શકે છે અને જલ્દી તૂટતા નથી. સૂતરના દોરા ખેંચવાથી તૂટી જાય પણ રબર ખેંચવાથી લાંબી થાય પણ તૂટે નહીં.

સ્થિતિસ્થાપક પદાર્થોમાં અણુઓ સંભવિત દબાણથી ચોક્કસ અંતરે ગોઠવાયેલા હોય છે. અણુઓ વચ્ચે થોડી જગ્યા હોય છે અને તેના કદ પ્રમાણે વજન પણ ઓછું હોય છે. રબર સૌથી વધુ સ્થિતિસ્થાપક કહેવાય છે. પરંતુ તે સાચું નથી. **રબર કરતાં સ્ટીલની સ્પ્રિંગ વધુ સ્થિતિસ્થાપક છે.** રબર બેન્ડ વધુ વખત ખેંચવાથી મૂળ સ્થિતિ કરતાં લાંબુ થાય છે પરંતુ સ્ટીલની સ્પ્રિંગ હજારો વખત દબાય કે ખેંચાય પરંતુ તેનો મૂળ આકાર જળવાઈ રહે છે.

## મીઠાઈમાં વપરાતો મોંઘો મસાલો : કેસર

શીખંડ, દૂધપાક જેવા મિષ્ટાન્ન અને આઇસ્ક્રીમ વગેરેમાં કેસર એક લોકપ્રિય મસાલો છે. કેસર વસ્તુને કેસરી રંગ આપી સોડમ વધારે છે. તે અતિશય મોંઘું પણ હોય છે.

કેસર એક વનસ્પતિ છે. તેના ફૂલનું નિરીક્ષણ કરશો તો પાંખડીની વચ્ચે પરાગરજવાળા તાંતણા જોવા મળશે. **કેસરમાં છોડ પર થતા ફૂલમાંના તાંતણા, એ કેસર છે.** આ તાંતણા સૂકાવીને બજારમાં વેચાય છે. કેસરના ફૂલોમાંથી તાંતણા જુદા પાડવાનું કામ મુશ્કેલ છે. લાખો ફૂલોમાંથી તાંતણા એકઠા કરીએ ત્યારે માંડ એકાદ કિલો કેસર મળે અને સૂકાય ત્યારે તેનું વજન ઘટે. ઘણી મહેનત પછી મળતું હોવાથી તે મોંઘું હોય છે. **ઘણા દેશોમાં કેસરની ખેતી થાય છે. કેસર ઠંડા પ્રદેશની વનસ્પતિ છે.**

કેસરના લીલા પાનના રક્ષણ માટે તેની ફરતે સફેદ પાનનું પડ હોય છે. પાન ખૂબ જ ઝીણા હોય છે. કેસરના ફૂલ મોટા અને ઘટ્ટ ગુલાબી (પર્પલ) રંગના હોય છે. છોડ એકાદ ફૂટ ઊંચો હોય છે. ફૂલની વચ્ચે કેસરી રંગના તાંતણા હોય છે.

## કચ્છનું લોકજીવન જ્યાં ધબકે છે તે ભૂંગા

કચ્છના ગામડાના વિશિષ્ટ રીતે બનેલા ઘર એટલે ભૂંગા. ભૂંગા ગોળાકાર હોય છે અને ભૂકંપ પ્રતિરોધક હોય છે. એટલે ભૂકંપમાં પણ એ અડીખમ ઊભા રહે છે.

ભૂંગાની દીવાલો માટી અને લીંપણથી તૈયાર થાય છે અને એની શંકુ આકારની છત ઘાસ, ઝાડની ડાળીઓ તથા પાંદડાની બનેલી હોય છે. આ ઘાસ અને પાંદડા એવી રીતે ગૂંથેલા હોય છે કે વરસાદનું પાણી તેમાંથી અંદર ન પ્રવેશે પણ હવા ગળાઈને ઠંડી બનીને આવી શકે. **માટી અને ઘાસને કારણે ભૂંગામાં શિયાળામાં હૂંફ અને ઉનાળામાં ઠંડક અનુભવાય છે.**

બહારથી સામાન્ય લાગતા ભૂંગા અંદરથી કલામંડિત, આકર્ષક અને એકદમ સ્વચ્છ હોય છે. અંદરની દીવાલ પર માટીકામ, વાસણ મૂકવાની છાજલી, પાણિયારા અને ગોખલાઓનું સુશોભન આંખ ખસેડવાનું મન ન થાય તેવું હોય છે. અને સૌથી ધ્યાન ખેંચે એવી તો એની રંગબેરંગી છત હોય છે.

## જીનેટીક વિજ્ઞાનનો પ્રણેતા : ગ્રેગોર મેન્ડેલ

માણસ, પશુપક્ષીઓ અને વનસ્પતિના શરીરની રચના અને લક્ષણો વારસાગત હોય છે. દરેક સજીવને પોતાનો વંશવેલો હોય છે. આ ક્ષેત્રના અભ્યાસને જીનેટીક્સ કહે છે. આ વિજ્ઞાનનો પાયો ગ્રેગોર મેન્ડેલે નાખ્યો હતો. **આ શોધ પછી જીન અને ડી.એન.એ.ની શોધ થઈ હતી. આ સંશોધનથી ઘણા રોગોની સારવાર શક્ય બની અને જીનેટીક વિજ્ઞાનની અલગ શાખા શરૂ થઈ.**

મેન્ડેલનો જન્મ ૨૦ જુલાઈ, ૧૮૨૨માં ઓસ્ટ્રીયામાં થયો હતો. બાળવયે તે ખેતર અને બગીચાની સારસંભાળનું કામ કરતો. ઓલોમુક યુનિવર્સિટીમાં ફિલોસોફી અને ફિઝીક્સનું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને કારકિર્દી શરૂ કરી. યુનિવર્સિટીના નેચરલ હિસ્ટ્રી વિભાગમાં વનસ્પતિના વંશવેલા અંગે સંશોધનો થતા હતા. મેન્ડેલે તેમાં અભ્યાસ કર્યો અને સાથે સાથે પાદરી પણ બન્યો. પાદરી બન્યા પછી તેનું નામ ગ્રેગોર રખાયું. વિયેનાના એક ચર્ચમાં તે પાદરી તરીકે જોડાયો. સેન્ટ થોમસ ચર્ચમાં રહીને તેણે મધમાખી અને વનસ્પતિનો ઉછેર કરી સંશોધનો કરવાનું ચાલુ રાખ્યું. **તેણે ૨૯૦૦૦ જેટલા વટાણાના છોડ ઉછેરી તે વારસાના ચોક્કસ નિયમો જાળવી રાખે છે – તેની શોધ કરી અને અભ્યાસ નિબંધ લખ્યો.**

શરૂઆતમાં તેની ટીકા થઈ અને તેની વાત કોઈએ સ્વિકારી નહીં. ઇ.સ. ૧૮૮૪ની જાન્યુઆરીની છઠ્ઠી તારીખે તેનું અવસાન થયું. ત્યારબાદ ૧૯૦૦ પછી જીવવિજ્ઞાન ક્ષેત્રે ઘણા સંશોધનો થયા ત્યારે મેન્ડેલે કરેલા સંશોધનો સાચા હોવાનું જણાયું અને તેના સિદ્ધાંતનો જગતભરમાં સ્વીકાર થયો.

## એ.ટી.એમ. અને ક્રેડિટ કાર્ડ પર કાળી પટ્ટી શેની હોય છે?

એ.ટી.એમ.માંથી પૈસા ઉપાડવા હોય તો તેનું કાર્ડ મશીનના સ્લોટમાં યોગ્ય રીતે નાખવું પડે. કાર્ડ ઉપરની કાળી પટ્ટી જરૂરી દિશામાં હોય તો જ કાર્ડ ઓળખાય છે. ઘણા ઈલેક્ટ્રોનિક કાર્ડ ઉપર આ કાળી પટ્ટી હોય છે. તેને મેગ્નેટીક સ્ટ્રીપ કહે છે. મેગ્નેટીક સ્ટ્રીપ ચુંબકીય ધાતુ એટલે કે લોખંડના સૂક્ષ્મ રજકણોને પ્લાસ્ટીકમાં ભેળવી તૈયાર કરેલી પાતળી ફિલ્મ છે. લોખંડના રજકણો શક્તિશાળી મેગ્નેટની નજીક આવે તો પોતે જ ચુંબક બની જાય છે અને રજકણો કતારબંધ ગોઠવાઈ જાય છે. ટેપ રેકોર્ડરમાં હોય છે તેવું મેગ્નેટીક રેકોર્ડર આ સ્ટ્રીપ ઉપર કાર્ડના માલીકની વિગતો, નંબર વગેરે ટેપ કરે છે. જ્યારે કાર્ડ મશીનના સ્લોટમાં નાખવામાં આવે ત્યારે આ મેગ્નેટીક સ્ટ્રીપ કાર્ડ રીડરની સામે રહે છે. કાર્ડ રીડરમાં વાયરની કોઈલ હોય છે. આ કરંટ કોમ્પ્યુટરની સર્કીટમાં જાય છે અને કાર્ડની વિગતો ઉકેલાય છે. સ્ટ્રીપ ઉપરનો ડેટા બારકોડની જેમ ઊભી લીટીઓથી અંકાયેલો હોય છે. આ સૂક્ષ્મ રેખાઓ મેગ્નેટીક ફિલ્ડની હોય છે. તે આપણને દેખાતી નથી.

એ.ટી.એમ. ક્રેડિટ કાર્ડની મેગ્નેટીક સ્ટ્રીપ ઉપરનો ડેટા વર્ષો સુધી સચવાય છે. તેમ છતાં કાળજી રાખવી જરૂરી છે. તેને કોઈ શક્તિશાળી ચુંબકની નજીક રાખવું જોઈએ નહીં કે વધુ પડતું ગરમ પણ થવા દેવાય નહીં. તેમ થવાથી તેનું મેગ્નેટીક ફિલ્ડ નબળું પડે છે અને ડેટા ભૂંસાઈ જાય છે.

# દેશ-વિદેશ....



ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

### તલાટીના રેકોર્ડબ્રેક ૮.૫૦ લાખ ઉમેદવાર

ગુજરાતમાં સરકારી સ્પર્ધાત્મક પરીક્ષામાં અત્યાર સુધીના ઈતિહાસમાં સૌપ્રથમ વખત તલાટી-કમ-મંત્રીની પરીક્ષામાં ૮.૫૦ લાખ ઉમેદવારો રવિવાર તા. ૭-૫-૨૦૨૩ના પરીક્ષા આપવાના છે.

રાજ્યભરના ઉમેદવારો આ વખતે પરીક્ષા કેન્દ્ર સુધી સુરક્ષિત પહોંચી શકે અને તેમને રસ્તામાં કોઈપણ મુશ્કેલી ના પડે એ માટે રાજ્ય સરકાર દ્વારા તમામ પ્રકારની તૈયારી કરી દેવાઈ છે.

આ અંગે ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે પ્રેસ કોન્ફરન્સ સંબોધી હતી. એમાં તેમણે જણાવ્યું હતું કે શંકાસ્પદ પરીક્ષાર્થી પરીક્ષા આપી શકશે, પણ પરીક્ષા પૂર્ણ થયે પરીક્ષા કેન્દ્રમાં જ તેની પૂછપરછ કરાશે. તેમજ ઉમેદવારો સાદી કાંડા ઘડિયાળ પહેરી શકશે પરંતુ ઈલેક્ટ્રોનિક કોઈપણ વસ્તુ અંદર લઈ શકશે નહીં. હેલ્પલાઈન નંબર શરૂ કર્યા છે.

૪૫૦૦ બસની સુવિધા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ૨૦૦૦થી વધુ એક્સ્ટ્રા બસ પણ રાખવામાં આવી છે. જેથી દરેક ઉમેદવાર તેમના સ્થળ સુધી સમયસર પહોંચી શકે.

*(તા. ૦૬-૦૫-૨૦૨૩)*

### ૩૯ વર્ષથી બંધ છે જગન્નાથ મંદિરનો ‘રત્ન ભંડાર’

**તેમાં ૪૦૦ કિલો સોનુ અને ચાંદી છે. સરકાર ઓડિટ કેમ નથી કરાવતી?**

૮૬૧ વર્ષ જૂના જગન્નાથપુરી મંદિરનો ખજાનો એટલે કે રત્ન ભંડાર ૩૯ વર્ષથી બંધ છે. તે છેલ્લે ૧૯૮૪માં ખોલવામાં આવ્યો હતો. મંદિરના આ ખજાનામાં ૧૫૦ કિલો સોનું અને ૨૫૦ કિલો ચાંદી છે. હવે ફરી એકવાર ભાજપ અને કોંગ્રેસ આ તિજોરી ખોલીને તેનું ઓડિટ કરાવવા માંગ કરી રહ્યા છે. હાઈકોર્ટે આ મામલે ઓડિશા સરકાર પાસેથી ૧૦ જુલાઈ સુધીમાં જવાબ માંગ્યો છે.

હવે રાજ્ય સરકાર ૧૦ જુલાઈએ ઓરીસ્સા હાઈકોર્ટમાં આ સવાલોના જવાબ આપશે.

ઓડિશા સરકારનું કહેવું છે કે જગન્નાથ મંદિરના ‘રત્ન ભંડાર’ની અંદરની ચેમ્બરની ચાવી ગુમ થવાને કારણે તિજોરીનું ઓડિટ થઈ રહ્યું નથી. આ ચાવી ગુમ થવા માટે શ્રી જગન્નાથ મંદિર પ્રશાસનના મુખ્ય અધિકારી પી.કે. મહાપાત્રાને જવાબદાર ગણવામાં આવી રહ્યા છે. સોના, ચાંદી અને કિંમતી પથ્થરો ઉપરાંત હજારો એકર જમીન પણ મંદિરના નામે છે.

પૂરી જિલ્લાની વેબસાઈટ પર કહેવામાં આવ્યું છે કે અહીંના રાજા અનંત વર્મને આ મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. આ મંદિર ૮૬૧ વર્ષ પહેલા ૧૧૬૧માં પૂર્ણ થયું હતું.

૧૨૩૮ સુધી ઓડિશા પ્રદેશના રાજા અનંગભીમ દેવે આ મંદિરમાં ૧.૨૫ લાખ તોલા કરતાં વધુ સોનું દાન કર્યું હતું. આ સિવાય ૧૪૬૫માં રાજા કપિલેન્દ્ર દેવે પણ આ મંદિરમાં ઘણું સોનું દાન કર્યું હતું.

૧૯૫૨માં એક કાયદો ઘડવામાં આવ્યો હતો. જેના હેઠળ મંદિરની તમામ સંપત્તિની યાદી તૈયાર કરવામાં આવી હતી. આ યાદી પૂરીના કલેક્ટરના ટ્રેઝરી રૂમમાં રાખવામાં આવી હતી. આ સમયે મંદિરની તિજોરીમાં સોના-ચાંદીથી બનેલી કુલ ૮૩૭ વસ્તુઓ રાખવામાં આવી હતી. તેમાંથી રત્ન ભંડારના બહારના રૂમમાં ૧૫૦ પ્રકારની જ્વેલરી રાખવામાં આવી હતી.

*(તા. ૦૬-૦૫-૨૦૨૩)*

### પેમેન્ટ બાકી હોવાથી ગો-ફર્સ્ટની ૧૫૦ પેસેન્જર ભરેલી ફ્લાઇટ મંગળવારે બપોરે વારાણસીથી ૩.૫૭ કલાકે ટેક ઓફ • મુંબઈના બદલે અમદાવાદ લેન્ડ

**નાણાંકીય કટોકટીમાં સપડાયેલી ગો-ફર્સ્ટે નાદારી નોંધાવતા અમદાવાદ સહિત દેશભરમાં તમામ ફ્લાઇટો ૧૫ મે સુધી બંધ કરી છે**

કેન્દ્રિય ઉડ્ડયન મંત્રાલયના નિયમ મુજબ જ્યારે વિમાન

હાઈજેકનો મેસેજ હોય તો જ એ.ટી.સી. લેન્ડિંગ પરવાનગી આપવાનો ઈન્કાર કરી શકે છે. પરંતુ ચાર્જિસ બાકી હોય તો લેન્ડિંગની પરવાનગી ન આપી હોય તેવા સંજોગોમાં આ ગંભીર ઘટના કહેવાય. એરપોર્ટ ઑપરેટરનો દાવો, કે વારાણસી ફ્લાઇટને રન-વે વ્યસ્ત હોવાથી અમદાવાદ ડાયવર્ટ કરાઈ છે.

*(તા. ૦૭-૦૫-૨૦૨૩)*

## NEET UGની પરીક્ષા
## રાજ્યમાં ૮૦ હજાર વિદ્યાર્થીઓ પરીક્ષામાં

મેડિકલમાં પ્રવેશ મેળવવા દર વર્ષે NEET ની પરીક્ષા લેવામાં આવે છે. નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા આવતીકાલે દેશભરમાં NEET ની પરીક્ષા લેવામાં આવશે. દેશભરમાં ૨૦ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જ્યારે રાજ્યમાં ૮૦ હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે.

ગત વર્ષની સરખામણીએ ૨.૫૭ લાખ વિદ્યાર્થીઓ વધુ નોંધાયા છે. NEET ના પરિણામના આધારે વિદ્યાર્થીઓને મેડિકલમાં પ્રવેશ આપવામાં આવશે. બોર્ડમાં ૫૦ ટકા હોય તે જ વિદ્યાર્થીઓ NEET ની પરીક્ષા આપીને મેડિકલમાં પ્રવેશ મેળવી શકશે.

*(તા. ૦૭-૦૫-૨૦૨૩)*

## ગર્લફ્રેન્ડને કોકપીટમાં લઇ ગયેલાં પાઇલોટનું લાઇસન્સ સસ્પેન્ડ

**DGCAએ એર ઇન્ડિયા પર ૩૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો. ૨૭ ફેબ્રુઆરીની ઘટના**

એર ઈન્ડિયાના ફ્લાઇટના કોકપીટની અંદર તેની ગર્લફ્રેન્ડને લઇ જવાનો આરોપ લાગ્યા બાદ પાઇલોટનું લાઇસન્સ ત્રણ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) એ આ મામલે તાત્કાલિક પગલાં ન લેવા બદલ એર ઈન્ડિયા પર રૂા. ૩૦ લાખ રૂપિયાનો દંડ પણ લગાવ્યો છે. આ ઘટના ૨૭ ફેબ્રુઆરીએ દુબઈથી દિલ્હી આવી રહેલી એર ઈન્ડિયાની ફ્લાઇટ AI-95 માં બની હતી.

*(તા. ૧૨-૦૫-૨૦૨૩)*

## શ્રીનગરમાં જી-૨૦ની તડામાર તૈયારીઓ

જમ્મુ-કાશ્મીરની રાજધાની શ્રીનગરમાં ૨૨થી ૨૪ મે દરમિયાન જી-૨૦ સમિટ યોજાવા જઈ રહી છે. આ માટે SKICC તરીકે ઓળખાતા શેર-એ-કાશ્મીર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ સેન્ટરમાં તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. દાલ સરોવરના કિનારે યોજાનારી આંતરરાષ્ટ્રીય સમિટથી પ્રદેશમાં પ્રવાસનને વેગ મળવાની અપેક્ષા છે.

આ ક્ષેત્રમાં પર્યટનને વધુ કેવી રીતે વધારી શકાય તે માટે આ સમિટમાં જી-૨૦ દેશોનું ટુરિઝમ વર્કિંગ ગ્રુપ હાજર રહેશે. પ્રવાસન સચિવ સૈયદ આબીદ રશીદ શાહે કહ્યું કે, કાશ્મીર માટે તેની પ્રાકૃતિક સુંદરતા અને પર્યટનની ક્ષમતાને વિશ્વ સમક્ષ દર્શાવવાની આ મોટી તક છે.

શ્રીનગરના બજારોને રોશનીથી શણગારવામાં આવ્યા છે. સ્થાનિક લોકો પણ આ કોન્ફરન્સને લઇને ઉત્સાહિત છે.

*(તા. ૧૨-૦૫-૨૦૨૩)*

## ભારતીય રેલવેમાં નીકળી વેકેન્સી

**૩૧ મે સુધી અરજી કરો ● ૧.૬૦ લાખ સુધીનો પગાર મળશે**

રેલવેમાં સરકારી નોકરીની તૈયારી કરી રહેલા યુવાનો માટે આ એક મોટી તક છે. નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશને સિવિલ એન્જિનિયર અને મેનેજર સહિત ૬૪ જગ્યાઓ માટે ખાલી જગ્યાઓ બહાર પાડી છે. આ માટે ૪૫ વર્ષ સુધીના ઉમેદવારો નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશનની સત્તાવાર વેબસાઈટ nhsrcl.in પર ૩૧ મે સુધીમાં ઓનલાઈન અરજી કરી શકે છે. આ પછી ઉમેદવારોએ કમ્પ્યુટર આધારીત પરીક્ષામાં હાજર રહેવાનું રહેશે. આમાં, શોર્ટલીસ્ટ થયેલા ઉમેદવારની પસંદગી ઈન્ટરવ્યુના આધારે કરવામાં આવશે.

***વય શ્રેણી :*** નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશનમાં ભરતી માટે ૨૦થી ૪૫ વર્ષની વયજૂથના ઉમેદવારો અરજી કરી શકે છે.

***પસંદગી પ્રક્રિયા :*** ઉમેદવારોની પસંદગી લેખિત કસોટી (CBT આધારીત) અને ઈન્ટરવ્યુ દ્વારા કરવામાં આવશે.

***પગાર :*** નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશનમાં ભરતીમાં પસંદગી પામવા પર, ઉમેદવારને દર મહિને રૂા. ૫૦,૦૦૦ થી રૂા. ૧,૬૦,૦૦૦ મૂળ પગાર મળશે. આ સાથે તેમને અન્ય સરકારી ભથ્થાનો લાભ પણ મળશે.

***ખાલી જગ્યાની વિગતો :*** નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશનમાં એન્જિનિયર અને મેનેજરની કુલ ૬૪ જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે. જેમાં ટેકનિશિયનની ૮ જગ્યાઓ ભરવામાં આવશે. આ ઉપરાંત જુનિયર એન્જિનિયરની ૮ જગ્યાઓ, જુનિયર મેનેજર સિવિલની ૧૨ જગ્યાઓ, જુનિયર

ઈજનેર, ઈલેક્ટ્રીકલની ૨૧ જગ્યાઓ, આસિસ્ટન્ટ મેનેજરની ૧૧ જગ્યાઓ અને આસિસ્ટન્ટ મેનેજર પ્લાનિંગની ૨ જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે.

***યોગ્યતા : ★ આસિસ્ટન્ટ મેનેજર સિવિલ :*** ઉમેદવારો પાસે માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી સિવિલ એન્જિનિયરીંગમાં ડિપ્લોમા અથવા ડિગ્રી હોવી આવશ્યક છે. તેમજ ૪ વર્ષનો અનુભવ જરૂરી છે. ★ ***આસિસ્ટન્ટ મેનેજર એચ.આર. :*** અરજી કરવા માટે એમ.બી.એ. પાસ કરેલ હોવું જરૂરી છે. આ માટે ૪ વર્ષનો અનુભવ માંગવામાં આવ્યો છે. *(તા. ૧૩-૦૫-૨૦૨૩)*

## ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના પુત્ર અનુજ પટેલ બીમાર

ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના પુત્ર અનુજ પટેલને બ્રેઈન સ્ટ્રોક આવતાં તેમને ગત ૭મે ના રોજ રવિવારે અમદાવાદની કે.ડી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. દરમિયાન તેમને વધુ સારવાર માટે ૧૧ મે ના રોજ એર એમ્બ્યુલન્સથી મુંબઈ લઈ જવાયા હતા. હાલમાં અનુજ પટેલ મુંબઈની હિંદુજા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

હિંદુજા હોસ્પિટલના બુલેટીન મુજબ અનુજ પટેલ કોમામાંથી બહાર આવી ગયા છે અને તેમની તબિયત સારી છે.

*(તા. ૧૪-૦૫-૨૦૨૩)*

## ૨૦ હજાર કરોડનો એફ.પી.ઓ. રદ કર્યા પછી અદાણી ૨૧ હજાર કરોડના શેર વેચશે

હિન્ડનબર્ગે અદાણી ગ્રુપ પર શેર્સમાં કરેલી ગેરરીતિના આક્ષેપો લગાવ્યા બાદ અદાણી ગ્રુપે એન્ટરપ્રાઇઝના ૨૦,૦૦૦ કરોડના એફ.પી.ઓ.ને રદ કરવો પડ્યો હતો.

પરંતુ ફરી ગ્રુપ એન્ટરપ્રાઇઝ અને ટ્રાન્સમિશન કંપનીના શેર્સનો હિસ્સો વેચીને રૂા. ૨૧,૦૦૦ કરોડ એકત્ર કરવાની યોજના બનાવી છે. અદાણી ગ્રુપની મુખ્ય કંપની અદાણી એન્ટરપ્રાઇઝ લિમિટેડ રૂા. ૧૨,૫૦૦ કરોડ જયારે ઇલેક્ટ્રીસિટી ટ્રાન્સમિશન કંપની અદાણી ટ્રાન્સમિશન રૂા. ૮,૫૦૦ કરોડ એકત્ર કરવાની યોજના છે તેમ કંપનીએ સ્ટોક એક્સચેન્જ ફાઈલીંગમાં જણાવ્યું હતું. *(તા. ૧૫-૦૫-૨૦૨૩)*

**હાઈકુ**

દિલના ઘાવ
કેટલા જીવનના
યાદ આવે છે.

જીવન ધરા
પાપ કર્મથી ધ્રૂજે
સદાય હવે.

***દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ***

## વિશ્વ પરિવાર દિવસ
## અમદાવાદના આ પરિવારમાં ૧૭ લોકો રહે છે સાથે

૪ વર્ષના બાળકથી લઈને ૮૦ વર્ષના દાદા સુધીના ૧૭ સભ્યો એક સાથે રહે છે. પરિવારના ત્રણ ભાઈ તેમની પત્ની, ત્રણેયના એક-એક દીકરા અને ૩ પુત્રવધૂ અને તેમનાં ૩ બાળકો – તમામ એક જ ફ્લેટમાં એકસાથે રહે છે.

આજથી ૫૬ વર્ષ પહેલાં પરિવાર દિલ્હી ચકલા રહેતું હતું. ત્યારબાદ પાલડી મકાન લઈને જૂના મકાનને તોડીને ફ્લેટ બનાવ્યો અને આ જ ફ્લેટમાં એક પરિવારનાં ૩ દીકરા અને તેમનો પરિવાર રહે છે.

વિશ્વ પરિવાર દિવસ સાથે મધર્સ ડે પર આજે આ પરિવાર પોતાની માતાને યાદ કરે છે. જેમનાં કારણે તેમના ના હોવા છતાં આખોય પરિવાર એક તાંતણે બંધાયેલો છે.

*(તા. ૧૬-૦૫-૨૦૨૩)*

## આદિ કૈલાસ યાત્રા પર નીકળેલા યાત્રીઓ રસ્તો બંધ થવાને કારણે ફસાયા

ઉત્તરાખંડમાં તવાઘાટ-લિપુલેખ નેશનલ હાઈવે પર ગરબાધારમાં સોમવારે ભૂસ્ખલન થયું હતું. આ ઘટનામાં કોઈ જાનહાનિની માહિતી નથી. ગરબાધર પિથૌરાગઢ જિલ્લામાં ધારચુલાને ચીન સરહદ સાથે જોડતા માર્ગ પર છે. આ રસ્તો બંધ થવાને કારણે આદિ કૈલાસ યાત્રા પર જઈ રહેલા શ્રદ્ધાળુઓનું જૂથ અટવાઈ ગયું હોવાનું જાણવા મળે છે. ભૂસ્ખલનને કારણે સ્થાનિક વહીવટીતંત્ર એલર્ટ મોડ પર છે.

આદિ કૈલાસના ત્રીજા અને ચોથા બેચના મુસાફરો અને અન્ય વાહનોની અવરજવર શરૂ થવાની હતી જ્યારે સોમવારે માર્ગ થોડા સમય માટે ખુલ્લો હતો. પરંતુ અચાનક ટેકરીમાં તિરાડ પડી. ભૂસ્ખલનમાં પહાડની સાથે ત્યાં બનેલો રસ્તો પણ પડી ગયો. ભારે કાટમાળને કારણે તવાઘાટ-લિપુલેખ મોટરવે બંધ કરી દેવામાં આવ્યો હતો. રાજ્યમાં દર વર્ષે ભારે વરસાદ પડે છે અને આવી ઘટનાઓ સામાન્ય છે.

રાજ્યની આપત્તિ એજન્સીએ અગાઉ ૪૨ આદિ કૈલાસ યાત્રાળુઓને બચાવ્યા હતા. જેઓ તવાઘાટ નજીક ફસાયેલા હતા. જ્યારે ભારે વરસાદને કારણે રસ્તો બંધ થઈ ગયા બાદ તીર્થયાત્રામાંથી પરત ફરી રહ્યા હતા.

એક અધિકારીએ જણાવ્યું કે તીર્થયાત્રીઓ મુખ્યત્વે રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ અને દિલ્હીના હતા.

*(તા. ૧૬-૦૫-૨૦૨૩)*

## વિવાદો વચ્ચે ‘ધ કેરલ સ્ટોરી’ ૧૦૦ કરોડ ક્લબમાં સામેલ

**માત્ર ૯ દિવસમાં સલમાનની ફિલ્મને પાછળ છોડી. ટૂંક સમયમાં ૨૦૦ કરોડનો આંકડો પાર કરી શકે છે.**

કેરલની સ્ટોરીએ ૧૦૦ કરોડનો આંકડો પાર કરી લીધો છે. ફિલ્મે તેના નવમા દિવસે એટલે કે સનિવારે ૧૯.૫૦ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે. આ રીતે ફિલ્મની કુલ કમાણી ૧૧૨.૯૯ કરોડ રૂપિયા થઈ ગઈ છે. લગભગ ૩૦થી ૩૫ કરોડમાં બનેલી આ ફિલ્મના આંકડા ચોંકાવનારા છે.

હવે કમાણીમાં વધુ ઉછાળો આવી શકે છે.

*(તા. ૧૬-૦૫-૨૦૨૩)*

## મ્યુઝીયમ દિવસ

**આ છે ગુજરાતનું સૌથી મોટું મ્યુઝીયમ ● અહીં સચવાયું છે ઇજિપ્તની બાળકીનું મમી અને ૭૨ ફૂટનું બ્લ્યુ વ્હેલનું હાડપિંજર ● વર્ષે દોઢ લાખ મુલાકાતીઓ આવે છે**

૧૮ મે – આજે ઇન્ટરનેશનલ મ્યુઝીયમ ડે છે, ત્યારે વડોદરા શહેરમાં આવેલું ૧૨૯ વર્ષ જૂનું બરોડા મ્યુઝીયમ ગુજરાતનું સૌથી મોટું મ્યુઝીયમ છે. ૧૮૮૭માં આ સંગ્રહાલયના બિલ્ડિંગનો શિલાન્યાસ કરાયો હતો અને બાંધકામ પૂર્ણ થઈ જતાં ૧૮૯૪માં તેને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ મ્યુઝીયમમાં વિવિધ દેશોની વિશિષ્ટ કલાકૃતિઓ અને હસ્તકલાના નમૂનાઓનું ખાસ કલેક્શન છે. વર્ષે દોઢ લાખ લોકો બરોડા મ્યુઝીયમ એન્ડ પિક્ચર ગેલેરીની મુલાકાત લે છે.

આગામી સમયમાં બરોડા મ્યુઝીયમની મુલાકાતે ઢળતી સાંજે આવતા મુલાકાતીઓ મ્યુઝીયમ ખાતે લેઝર શો ની મજા માણી શકશે. ૧૨૯ વર્ષ જૂના બરોડા મ્યુઝીયમના ઈતિહાસમાં પહેલીવાર આ પ્રકારનો શો શરૂ થવાનો છે. આ લેઝર શો ૨૧ મિનિટનો હશે અને મુલાકાતીઓને આ માટે અલાયદી ટિકિટ લેવી પડશે.

૧૮૯૪માં સર સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ આ મ્યુઝીયમ તૈયાર કરાવ્યું હતું. આ મ્યુઝીયમની ખાસિયત એ છે કે, આ બિલ્ડિંગની રચના માત્ર મ્યુઝીયમને ધ્યાને રાખીને જ કરવામાં આવી હતી. આ મ્યુઝીયમમાં અલગ અલગ ૨૯ જેટલી ગેલેરીઓ આવે છે.

અહીં પિક્ચર ગેલેરી અને સંદર્ભ પુસ્તકાલય છે. આ પુસ્તકાલયમાં ૧૫ હજાર જેટલા પુસ્તકોનો સંગ્રહ છે. જેમાં ૩૦૦ વર્ષ જૂનાં પુસ્તકોનો પણ સમાવેશ થાય છે. અહીં ઈતિહાસ, પુરાતત્ત્વ અને ભારતીય સંસ્કૃતિનાં દુર્લભ પુસ્તકો પણ સંગ્રહિત છે. આ ઉપરાંત અહીં ગાયકવાડ બરોડા સ્ટેટના કલા અને સંસ્કૃતિ વિભાગમાં રાજ્યનો ઈતિહાસ અને મરાઠાકાલીન કલાનો પરિચય આપતા નમૂનાઓ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. અહીં ચીની સંસ્કૃતિને રજૂ કરતા ચીની ભરતકામનાં નમૂનાઓ અને વાસણો પણ સંગ્રહિત છે.

મ્યુઝીયમ વિભાગના સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ આ શો માં વડોદરાના પ્રાચીન ઈતિહાસથી શરૂ કરીને વડોદરા નામ કેવી રીતે પડ્યું? મહારાજા સયાજીરાવ ગાયકવાડ, તેમનું વડોદરાના વિકાસમાં પ્રદાન અને તે માહિતી આ શોમાં આપવામાં આવશે.

*(તા. ૧૮-૦૫-૨૦૨૩)*

## સુરતના આઠ લાખ લોકોને ટ્રાફિકમાંથી રાહત

**ભગવાન સ્વામિનારાયણે કતારગામથી વરીયાવ જવા તાપી નદી પાર કરી ત્યાં જ ગુરૂકુળ બ્રિજ બન્યો. મુખ્યમંત્રીના હસ્તે ઇ-લોકાર્પણ**

સુરતમા ૧૨૦મા બ્રિજનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઈ-લોકાર્પણ થયું. ૧૧૮ કરોડના ખર્ચે બનેલા આ તાપી નદી પરના ૧૫મા બ્રિજથી ૮ લાખ લોકોને ટ્રાફિકમાંથી રાહત મળશે.

૨૦૭ વર્ષ પહેલા સ્વામિનારાયણ ભગવાને કતારગામથી વરીયાવ જવા માટે તાપી નદી અહિયા જ પાર કરી હતી. ત્યાં જ આ બ્રિજનું નિર્માણ કરાયું છે.

*(તા. ૧૮-૦૫-૨૦૨૩)*

## વડાપ્રધાન ૨૮ મે એ નવા સંસદ ભવનનું ઉદ્‌ઘાટન કરશે

**જૂના બિલ્ડિંગ કરતાં ૧૭ હજાર ચો.મીટર મોટું. ૨૮ મહિનામાં બનીને તૈયાર. નવા સંસદ ભવનમાં ૧૨૨૪ સાંસદ માટે બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. રાજપથને ગયા વર્ષે કર્તવ્ય પથનું નામ મળ્યું હતું. સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ હેઠળ રાષ્ટ્રપતિ ભવનથી ઇન્ડિયા ગેટ સુધીના ૩ કિ.મી. લાંબા રસ્તાને રીડેવલપ કરવામાં આવ્યો હતો.**

૬૪,૫૦૦ ચો.મીટરમાં બનેલું નવું સંસદ ભવન ૪ માળનું

છે. એના ૩ દરવાજા છે. તેના નામ જ્ઞાન દ્વાર, શક્તિ દ્વાર અને કર્મ દ્વાર છે. સાંસદો અને વી.આઈ.પી. માટે અલગથી પ્રવેશ છે. નવી ઇમારત જૂની ઇમારત કરતાં ૧૭,૦૦૦ ચો.મી. મોટી છે. એના પર ભૂકંપની અસર નહીં થાય.

નવી ઇમારતની મુખ્ય વિશેષતા બંધારણ હોલ છે. કહેવામાં આવી રહ્યું છે કે આ હોલમાં બંધારણની નકલ રાખવામાં આવશે. આ સિવાય મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરુ, સુભાષચંદ્ર બોઝ, દેશના વડાપ્રધાનોની મોટી તસવીરો પણ લગાવવામાં આવી છે.

નવા સંસદ ભવનમાં ભારતના પ્રાચીન સાંસ્કૃતિક વારસાથી પ્રેરીત એલીમેન્ટ્સ સ્થાપિત કરવામાં આવ્યા છે. સંસદના નવા બિલ્ડિંગમાં હાઈટેક ઓફિસો બનાવવામાં આવી છે. અહીં સભાઓ માટે પણ અલગથી વ્યવસ્થા કરવામાં આવી છે.

PM નરેન્દ્ર મોદીએ ૧૦ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ નવા સંસદ ભવનનો શિલાન્યાસ કર્યો હતો. ત્યારે તેમણે કહ્યું હતું કે, જ્યારે ભારત તેની આઝાદીનાં ૭૫ વર્ષ ઉજવશે ત્યારે સંસદની નવી ઇમારતથી વધુ સુંદર બીજું કંઈ ન હોઈ શકે.

હાલમાં લોકસભામાં ૫૯૦ લોકોની બેઠક ક્ષમતા છે. નવી લોકસભામાં ૮૮૮ બેઠકો છે અને મુલાકાતીઓની ગેલેરીમાં ૩૩૬થી વધુ લોકો માટે બેઠક છે.

હાલમાં રાજ્યસભાની બેઠક ક્ષમતા ૨૮૦ છે. નવી રાજ્યસભામાં ૩૮૪ બેઠકો છે અને વિઝીટર ગેલેરીમાં ૩૩૬થી વધુ લોકો બેસી શકશે.

*(તા. ૧૮-૦૫-૨૦૨૩)*

## વિદેશના સમાચાર

### ચાર્લ્સનો રાજ્યાભિષેક : વૃદ્ધો માટે એક સંસ્કૃતિ. યુવાનોએ કહ્યું : ધનિકોનો શોખ, પૈસાનો બગાડ

સપ્ટેમ્બર ૨૦૨૨માં ક્વિન એલીઝાબેથના અવસાન પછી તેમનો પુત્ર ચાર્લ્સ રાજા બન્યો. ૬ મહિના પછી હવે તેમનો રાજ્યાભિષેક થઈ રહ્યો છે. આ ઈવેન્ટ પર લગભગ એક હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થઈ રહ્યો છે. રાજાશાહી વિરોધી જૂથો વિરોધ કરી શકે છે. તેથી ઈવેન્ટ દરમિયાન સુરક્ષા માટે લંડનમાં ૨૯,૦૦૦ પોલીસકર્મી તહેનાત રહેશે.

બ્રિટનમાં ૭૦ વર્ષ પછી રાજ્યાભિષેક કાર્યક્રમ થઈ રહ્યો છે. એ મુજબ લંડનમાં તૈયારીઓ કરવામાં આવી છે.

આ ઈવેન્ટ ૧૦મી સદીમાં બનેલ વેસ્ટમિન્સ્ટર એબે ખાતે યોજાશે. શાહી પરિવારના તમામ રાજ્યાભિષેક આ ચર્ચમાં થયા છે. કેન્ટબરી ચર્ચના આર્કબિશપ વેલ્બી નવા રાજાનો દરેક પરિચય કરાવશે અને ત્યારબાદ રાજા ચાર્લ્સ શપથ લેશે. આ શપથ ૩૩૫ વર્ષ પહેલાં લખવામાં આવ્યો હતો.

બ્રિટનના રાજા બનવા પર લેવાતા શપથની કોપી, કિંગ ચાર્લ્સ શપથ લેશે કે તેઓ સંસદ દ્વારા બનાવેલા કાયદાઓ અનુસાર શાસન કરશે, કાયદો અને ન્યાયનું પાલન થાય એની ખાતરી કરશે અને ઍંગ્લિકન ચર્ચ અને પ્રોટેસ્ટન્ટ ધર્મ માટે જે શક્ય હશે એ કરશે.

કિંગ ચાર્લ્સને ૧૬૬૧માં બનેલો સેન્ટ એડવર્ડ્સ ક્રાઉન પહેરાવવામાં આવશે. ૨.૨૩ કિલો વજન ધરાવતો અને ૨,૮૬૮ હીરાથી જડાયેલો આ તાજ રાજ્યાભિષેક વખતે માત્ર એક જ વાર પહેરવામાં આવે છે. છેલ્લી વખત રાણી એલિઝાબેથ-૨ એ ૭૦ વર્ષ પહેલાં ૨ જૂન, ૧૯૫૩ના રોજ આ તાજ પહેર્યો હતો.

સેન્ટ એડવર્ડ ક્રાઉનને ૩૬૪ વર્ષ પહેલાં ચાર્લ્સ-૨ માટે બનાવવામાં આવ્યો હતો. એ ૨૨ કેરેટ સોલીડ ગોલ્ડથી બનેલો છે. અત્યાર સુધીમાં ૬ સમ્રાટ એને પહેરી ચૂક્યા છે.

દેશના લોકો રાજ્યાભિષેકની ઉજવણી કરી શકે, તેથી બ્રિટનમાં ૮ મે સુધી રજા રહેશે. લગભગ ૧ કલાક સુધી ચાલનારા આ કાર્યક્રમમાં ૨૦૦૦ દેશી અને વિદેશી મહેમાનો ભાગ લેશે. લંડનમાં આ કાર્યક્રમની તૈયારીઓ કેટલાય અઠવાડિયાથી ચાલી રહી હતી. રસ્તાઓ પર કિંગ ચાર્લ્સ અને રાજવી પરિવારના બેનર - પોસ્ટર લાગેલા છે. ઘરોની બહાર બ્રિટીશ ધ્વજ છે. બાર, રેસ્ટોરન્ટ અને સુપર માર્કેટને પણ સજાવવામાં આવ્યા છે.

૧૮થી ૨૪ વર્ષની વયના બહુ ઓછા લોકો ઇચ્છે છે કે બ્રિટનમાં રાજાશાહી રહે. ૬૫ વર્ષથી વધુ ઉંમરના મોટાભાગના લોકો શાહી પરિવારને જાળવી રાખવા માંગે છે.

*(તા. ૦૫-૦૫-૨૦૨૩)*

### ચાર્લ્સના રાજ્યાભિષેકમાં મહાનુભાવો

**૨૦૦ રાષ્ટ્રાધ્યક્ષો અને અનેક મહાનુભાવોને આ સમારોહમાં ખાસ આમંત્રિત કરવામાં આવ્યા છે. પરંતુ બ્રિટીશ રાજવી પરિવારની નાની પુત્રવધૂ આ સમારોહમાં હાજર રહેશે નહીં**

જો કે આ કાર્યક્રમમાં પ્રિન્સ હેરી, જેઓ મેગન મર્કેલના પતિ છે અને તેમને સસેક્સ ઑફ ડ્યુકનું બિરૂદ પ્રાપ્ત થયું છે, તેઓ આજના તાજપોશી સમારોહમાં હાજરી આપશે.

ભારતીય મૂળના બ્રિટીશ વડાપ્રધાન ઋષિ સુનક અને તેમનાં પત્ની અક્ષતા મૂર્તિ સમારોહમાં ફ્લેગ બિયરર્સના કાફલાનું નેતૃત્વ કરશે. ખરાબ વાતાવરણની ચેતવણી હોવા છતાંય જે રસ્તાથી કિંગનો કાફલો જશે ત્યાં ભીડ એકઠી થઈ ગઈ છે. તાજપોશી દરમિયાન કિંગ ચાર્લ્સ ૭૦૦ વર્ષ જૂની સેન્ટ એડવર્ડની ખુરશીમાં

બિરાજમાન થશે. એના અભિષેક માટે ૧૨મી સદીનો સોનાનો ચમચો અને પવિત્ર તેલનો ઉપયોગ થશે.

તાજપોશી ૫ સ્ટેપમાં થશે.

***સ્ટેપ-૧ : રાજા તરીકે ઓળખ :*** સૌપ્રથમ ચાર્લ્સને રાજા તરીકે લોકો સમક્ષ રજૂ કરવામાં આવશે. આ દરમિયાન તેઓ સિંહાસનની સામે એબે તરફ મોં કરીને ઊભા રહેશે. આર્કબિશપ તેમની તાજપોશીની જાહેરાત કરશે. આ પછી તાજપોશીમાં સામેલ લોકો કહેશે 'ગોડ સેવ ધ કિંગ.'

***સ્ટેપ-૨ : શપથ :*** આર્કબિશપ શપથ પહેલા ત્યાં હાજર તમામ ધર્મના લોકોને સંબોધિત કરશે. તેઓ કહેશે કે ચર્ચ ઑફ ઇંગ્લેન્ડ એવા વાતાવરણને પ્રોત્સાહન આપે છે, જેમાં તમામ ધર્મના લોકોને સમાન રીતે સન્માન આપવામાં આવે. આ પછી ચાર્લ્સ હંમેશાં કાયદાનું પાલન કરવા અને વિશ્વાસુ પ્રોટેસ્ટન્ટ બનવાના શપથ લેશે. આ પછી તેઓ પવિત્ર ગોસ્પેલ (ખ્રિસ્તીઓનું પવિત્ર પુસ્તક) પર હાથ મૂકશે અને વચનોનું પાલન કરવાના શપથ લેશે.

***સ્ટેપ-૩ : અભિષેક :*** રાજા ચાર્લ્સ તાજપોશી માટે ખુરશી પર બેસશે. આર્કબિશપ સોનાના કળશમાંથી પવિત્ર તેલ લેશે અને તેને રાજા ચાર્લ્સના હાથ અને માથા પર રેડશે. આ સ્ટેપ સમગ્ર સમારંભનો સૌથી પવિત્ર ભાગ માનવામાં આવે છે. તેથી એને સ્ક્રીન લગાવીને છુપાવવામાં આવશે.

***સ્ટેપ-૪ : ક્રાઉનિંગ :*** રાજા ચાર્લ્સને સેન્ટ એડવર્ડનો તાજ પહેરાવવામાં આવશે. આ પછી ચર્ચનો ઘંટ ૨ મિનિટ સુધી વાગશે. સમગ્ર બ્રિટનમાં બંદૂકોની સલામી આપવામાં આવશે. ટાવર ઓફ લંડન ખાતે ૬૨ રાઉન્ડમાં સલામી આપવામાં આવશે. આ સિવાય એડિનબર્ગ, કાર્ડિફ અને બેલફાસ્ટ જેવા ૧૧ સ્થળેથી ૨૧ રાઉન્ડ સલામી આપવામાં આવશે.

તમામ ધાર્મિક વિધિઓ પૂર્ણ થયા બાદ રાજા ચાર્લ્સ સિંહાસન પર બેસશે. પ્રિન્સ વિલિયમ તેમની સામે ઘૂંટણિયે પડશે અને તેમના હાથને ચુંબન કરશે અને રાજાનું સન્માન કરશે. ત્યારબાદ આર્કબિશપ લોકોને રાજવી પરિવાર અને નવા રાજા પ્રત્યે વફાદારી રાખવાનું જણાવશે.

તાજપોશી દરમિયાન મોટાભાગના રિવાજો પહેલા જેવા જ રહેશે પરંતુ હવે તેનો અર્થ બદલાઈ ગયો છે. ટાઈમ પોલ મુજબ, ૨૦૧૨માં જ્યારે એલિઝાબેથ રાણી હતા ત્યારે લગભગ ૮૦% બ્રિટન રાજાશાહીની તરફેણમાં હતા. જોકે ૨૦૨૨માં તેમના મૃત્યુ પછી આ આંકડો ઘટીને ૬૮% થઈ ગયો.

મહારાણી એલિઝાબેથની તાજપોશી દરમિયાન આ સમગ્ર સમારોહ લગભગ ૪ કલાક સુધી ચાલ્યો હતો. બકિંગહામ પેલેસ અનુસાર, કિંગ ચાર્લ્સનો તોજપોશી સમારોહ ૧ કલાકમાં પૂર્ણ થશે. રાણી એલિઝાબેથના સમય દરમિયાન સમારોહમાં ૮,૨૫૦ મહેમાનોએ હાજરી આપી હતી. એ જ સમયે રાજા ચાર્લ્સની તાજપોશી માટે માત્ર ૨૮૦૦ મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યું છે. *(તા. ૦૬-૦૫-૨૦૨૩)*

## બ્રિટીશ શાહી રાજ્યાભિષેકમાં મુંબઈના ડબ્બાવાળા મહેમાનો

### ૧૩૩ વર્ષથી ફૂડ ડિલીવરીનું સૌથી મોટું નેટવર્ક. દરરોજ ૨ લાખ ટિફિન કેવી રીતે પહોંચાડે છે

બ્રિટનના રાજા ચાર્લ્સનો ગઈકાલે રાજ્યાભિષેક થયો હતો. આ ખાસ અવસર પર બ્રિટીશ શાહી પરિવારે મુંબઈના ડબ્બાવાળાઓને પણ આમંત્રણ આપ્યું હતું. રાજવી પરિવાર અને ડબ્બાવાળા વચ્ચેનો સંબંધ લગભગ ૨૦ વર્ષ જૂનો છે. રાજા ચાર્લ્સ પોતે તેમના પ્રશંસક છે.

*(તા. ૦૭-૦૫-૨૦૨૩)*

## લિન્ડા યાકારીનો ટ્વિટરના નવા સી.ઈ.ઓ. બની શકે છે ઇલોન મસ્ક એક્ઝીક્યુટીવ ચેરમેન અને સી.ટી.ઓ. રહેશે

ઈલોન મસ્કે નવા સી.ઈ.ઓ.નું નામ જાહેર કર્યું નથી. જોકે વોલ સ્ટ્રીટ જર્નલના એક અહેવાલ અનુસાર NBC યુનિવર્સલની ટોચની જાહેરાત સેલ્સ એક્ઝીક્યુટીવ લિન્ડા યાકારીનો ટ્વિટરના નવા સી.ઈ.ઓ. બની શકે છે. યાકારીનોએ ગયા મહિને મિયામીમાં એક એડવર્ટાઈઝીંગ કોન્ફરન્સમાં મસ્કનો ઈન્ટરવ્યૂ લીધો હતો. કોન્ફરન્સમાં યાકારીનોએ મસ્કના વર્ક એથિકની પ્રશંસા કરી હતી.

લિન્ડા યાકારીનો એન.બી.સી. યુનિવર્સલની ટોચની જાહેરાત સેલ્સ એક્ઝીક્યુટીવ છે.

*(તા. ૧૨-૦૫-૨૦૨૩)*

## એર ઇન્ડિયાની ફ્લાઇટે હવામાં ઝટકા ખાધા

### દિલ્હીથી સીડની જઈ રહેલા ૭ મુસાફરો સીટમાં જ ઉછળતાં ઘાયલ. ખરાબ હવામાનને કારણે દુર્ઘટના ઘટી...

ક્રૂએ અકસ્માત દરમિયાન ગભરાયેલા અને ઘાયલ મુસાફરોને પ્રાથમિક સારવાર આપી હતી. આ દરમિયાન મુસાફરો તરીકે મુસાફરી કરી રહેલા ડૉક્ટર અને નર્સે પણ ઘાયલોને મદદ કરી હતી. સિડની ઍરપોર્ટ પર ઉતર્યા બાદ ૩ મુસાફરોને તબીબી સારવાર મળી હતી. આ ઘટનામાં કોઈને ગંભીર ઈજા થઈ નથી.

*(તા. ૧૮-૦૫-૨૦૨૩)*

# આપણા ડૉક્ટર્સને પહેચાનો

(મણકો : ૧)

## ડૉ. નીતુબેન પરીખ, M.D. (Medicine)



અશોક મહેતા

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આયોજિત શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેનું "નવનીત મેડિકલ સેન્ટર" છેક ૧૯૯૭થી કાર્યરત રહેવા પામેલ છે. આયુર્વેદ અને ફિઝીયોથેરાપી વિભાગથી શરૂ કરવામાં આવેલ આ મેડિકલ સેન્ટર આજે મેડિકલના વિવિધ વિભાગની લગભગ ૩૩ બ્રાંચો સાથે અને અઠવાડિયા દરમિયાન વિવિધ વિભાગના લગભગ ૭૦ જેટલા તજજ્ઞ ડૉક્ટર્સ અને તેમાં પણ લગભગ ૧૫ જેટલા સુપર સ્પેશિયાલિસ્ટ ડોક્ટર્સશ્રીઓની સેવાથી ધમધમતું રહેવા પામેલ છે. અહીં પેથોલોજી લેબોરેટરી, એક્સ-રે, સોનોગ્રાફી, ઈ.સી.જી., ટી.એમ.ટી., મેમોગ્રાફી પ્રકારના વિવિધ વિભાગના પરીક્ષણ ક્ષેત્રના કાર્યો પણ પૂરેપૂરી ક્ષમતાથી કાર્યરત રહેવા પામેલ છે.*

*જ્યારે આ નિઃસ્વાર્થભાવે ચાલતા મેડિકલ સેન્ટરની મોટાભાગના અમદાવાદમાં નોંધ લેવાઈ રહી છે ત્યારે સ્વાભાવિકપણે અહીંના મેનેજમેન્ટની, મેડિકલ વિભાગની સંભાળ રાખતા કાર્યકરોની અને ખાસ કરીને તો અહીંના સેવારત એવા ડૉક્ટરોની નોંધ લેવાઈ રહેલ છે. દર્દી પોતાની જરૂરિયાત અનુસાર જ્યારે જરૂર પડે ત્યારે પૂરા વિશ્વાસ સાથે અહીંના ડૉક્ટરોની વારંવાર મુલાકાત લે છે, તે અહીંના સેવાભાવી અને તજજ્ઞ ડૉક્ટરોની કાર્યશૈલીનું પરિણામ છે. તેઓશ્રીના જ્ઞાન અને અગાધ મહેનતનું પરિણામ છે.*

*અહીંનું વાતાવરણ જ એવું છે કે અહીં કાર્યરત ડૉક્ટર્સશ્રીઓ આ મેડિકલ સેન્ટરને પોતાનું આગવું સેન્ટર ગણી, તેની પૂરેપૂરી કાળજી રાખે છે અને અહીં આવનાર પ્રત્યેક દર્દીને તેની માંદગીમાંથી શક્ય ત્વરાએ બહાર કાઢવા પૂરેપૂરી કોશિશ કરે છે.*

*આ મેડિકલ સેન્ટરના પ્રભાવી દરેક ડૉક્ટરનો ભવ્ય ઈતિહાસ છે અને એ ઈતિહાસને 'મંગલ મંદિર'ની "આપણા ડૉક્ટર્સને પહેચાનો" નામની કોલમમાં આપણે તેના જૂન-૨૦૨૩ના અંકથી મણકા સ્વરૂપે પરિચય કરતા રહીએ.*

*– તંત્રી મંડળ*

ડૉ. નીતુબેનનો જન્મ અમદાવાદના જ એક પ્રતિષ્ઠિત પરિવારમાં તા. ૨૪-૧૦-૧૯૭૧ના રોજ થયેલ હતો. તેમના પિતાશ્રીનું નામ ભરતભાઈ દલાલ અને માતુશ્રીનું નામ આશાબેન દલાલ. તેમના ભાઈ સંજય દલાલ અને બહેન સીટુ દલાલ યુ.એસ.એ.માં સેટલ થયેલ છે કે જ્યારે ડૉ. નીતુબેને અહીં ભારતમાં જ રહેવાનું અને સામાન્ય જન સમાજની સેવા કરવાનો ધ્યેય નક્કી કરેલ છે.



ડૉ. નીતુબેન પરીખ

તેઓશ્રીનો પ્રાઈમરીથી હાયર સેકન્ડરી સુધીનો અભ્યાસ જી.એલ.એસ. - ગુજરાત લૉ સોસાયટીની સ્કૂલમાં થયેલ કે જ્યાંથી તેઓએ વર્ષ ૧૯૯૦માં હાયર સેકન્ડરી (ધોરણ-૧૨) પાસ કર્યું. આ અભ્યાસના સમયે દર વર્ષે તેઓ અગ્રતાક્રમે રહેવા પામેલ હતા. તે સમયે તેમની ગણના ક્લાસના હોંશિયાર વિદ્યાર્થી તરીકે કરવામાં આવતી હતી.

ત્યારબાદ તેઓએ MBBSનો અભ્યાસ કરવા NHL મ્યુનિસિપલ મેડિકલ કોલેજમાં એડમિશન મેળવ્યું અને વર્ષ ૧૯૯૪માં એમ.બી.બી.એસ.ની પદવી પ્રાપ્ત કરી. **એ સમયે તેઓ ગોલ્ડ મેડાલિસ્ટ રહેવા પામેલ હતા.** સાથે સાથે તેઓ ઈતર પ્રવૃત્તિઓમાં પણ તેટલા જ સંકળાયેલા રહેતા. તેઓશ્રીએ રોટરેક્ટ ક્લબ ઓફ અમદાવાદ - સાઉથના બે વર્ષ સુધી પ્રમુખપદે રહી અહીં અનેક પ્રવૃત્તિઓ કરવામાં અગ્રીમ ભાગ ભજવેલ હતો.

ત્યારબાદ ૩ મહિના સુધી તેઓએ ગેલ્વેટ્ન યુનિવર્સિટી, ટેક્સાસ, યુ.એસ.એ. ખાતે એક્સ્ટર્નલશિપ કરેલ હતી.

ત્યાંથી પરત આવીને NHL મ્યુનિસિપલ કોલેજમાં વધુ અભ્યાસ કરી ૧૯૯૮માં તેઓએ M.D. (Medicine) ની પદવી પ્રાપ્ત કરી હતી.

ડૉ. નીતુબેન વર્ષ ૧૯૯૭માં શ્રી પરાગભાઈ પરીખ, M.D. (Medicine) કે જેઓ પણ તેમની સાથે જ અભ્યાસ કરતા હતા, તેમની સાથે લગ્નગ્રંથિથી જોડાયા. લગ્ન જીવનમાં તેમના થકી, તેમને એક દીકરી દિવ્યા પ્રાપ્ત થઈ કે જે હાલે ધોરણ-૧૨માં અભ્યાસ કરી રહેલ છે.

ડૉ. પરાગભાઈ હાલે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત પાલડી ખાતેના જ 'નવનીત મેડિકલ સેન્ટર'ના 2-D Echo વિભાગમાં પોતાની સેવા આપી રહ્યા છે.

ડૉ. નીતુબેન પરીખે વર્ષ ૧૯૯૮માં એમ.ડી. કર્યા બાદ ન્યુરોફિઝીશિયન ડૉ. સુધીર શાહ સાથે જોડાયા અને સતત ૪ વર્ષ સુધી ત્યાં રહી અનુભવ મેળવ્યો. એ જ રીતે લાઈફ લાઈન હોસ્પિટલના ICCU વિભાગમાં પણ લગભગ તેટલા જ વર્ષ સુધી સેવા આપી, આ ક્ષેત્રનો પણ સારો એવો અનુભવ મેળવ્યો.

**તેઓશ્રી વર્ષ ૧૯૯૯માં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં જોડાયા** કે જ્યાં તેઓએ શરૂઆતમાં સવારના ભાગે માત્ર ૧.૩૦ કલાક સેવા આપવાની શરૂઆત કરી. અહીં તેઓની કામગીરીના કારણે દર્દીઓનો ફ્લો એટલો વધવા લાગ્યો કે તેમણે ૧.૩૦ કલાકમાંથી ૩ કલાક સુધી સેવા આપવાની શરૂ કરેલ હતી. આ વિભાગના તેઓશ્રી તજજ્ઞ હોવાથી તેઓના કાર્યની જશરેખા એકદમ વધવા લાગી અને તેઓની વિખ્યાતિ પણ વધવા લાગી. પરિણામ એ આવ્યું કે સવાર-સાંજ એમ બે સમય મળીને દરરોજના ૬ કલાકની સેવા આપવાનું શરૂ કરવું પડ્યું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે આ મેડિકલ વિભાગની શરૂઆત આયુર્વેદ અને ફિઝીયોથેરાપી વિભાગથી કરેલ હતી. ત્યારબાદ મેડિસીન, આઈ વગેરે વિભાગો શરૂ કરવામાં આવ્યા. મેડિસીન વિભાગની કામગીરી એટલી અદ્વિતીય રહી કે જેના કારણે સમાજે અહીં પેથોલોજી લેબોરેટરી, એક્સ-રે, સોનોગ્રાફી, ઈકો, ટી.એમ.ટી. અને છેવટે બોડી ચેક-અપની કામગીરી શરૂ કરી. હાલે અહીં મેમોગ્રાફી વિભાગ પણ શરૂ કરવામાં આવેલ છે. **હાલે અહીં મેડિસીનના ૩૩ વિભાગો અને ૭૦થી વધુ વિઝીટીંગ ડોક્ટર્સ કાર્યરત રહેવા પામે છે.**

ડૉ. નીતુબેનની વાત કરીએ તો તેઓશ્રી સવારના ભાગે લગભગ ૩૦ પેશન્ટ અને સાંજના ભાગે લગભગ ૨૦ પેશન્ટ – એમ ટોટલ ૫૦ પેશન્ટને દરરોજ ચકાસી, તેઓના દર્દનું નિરાકરણ લાવે છે. આ હિસાબે મહિનાના ૧૨૫૦ પેશન્ટ અને બાર મહિનાના લગભગ ૧૫,૦૦૦ પેશન્ટ થયા. આ સિલસિલો લગભગ ૨૦ વર્ષથી ચાલુ રહેવા પામેલ છે. **તેના પરથી આપણે એવું જરૂરથી કહી શકીએ કે ડો. નીતુબેને તેમની જિંદગીમાં અત્યાર સુધી લગભગ ૩ લાખ લોકોનું સ્વાસ્થ્ય સુધારેલ છે. આ એક મોટો "સેવા યજ્ઞ" કહેવાય અને આ પ્રકારના સેવાભાવીઓ થકી જ ભારતના લોકોની આઝાદીના સમયે સરેરાશ જિંદગી જે ૪૬ વર્ષની હતી, તે આજે ૬૮ વર્ષ સુધી પહોંચી શકેલ છે.**

આપણને ગર્વ છે કે ડૉ. નીતુબેન અને તેમના જેવા અનેક સેવાભાવી ડૉક્ટર્સ આપણી સાથે જોડાયેલા છે અને તેના થકી આ સમાજ અડીખમ ઊભો રહી શકેલ છે.

ડૉ. નીતુબેન પરીખે આપણા મેડિકલ સેન્ટર માટે થોડા સૂચનો પણ કરેલ છે કે જે નીચે મુજબ છે :

૧. ઘરે ઘરે જઈ બ્લડ કલેક્શનની સુવિધા વધારવી.
૨. અમદાવાદમાં અન્યત્ર બ્લડ કલેક્શન સેન્ટર ઊભા કરવા.
૩. હાલના મેડિકલ સેન્ટરને રીનોવેટ કરી તેની સુવિધાઓ વધારવી.
૪. **અને છેલ્લે અને તે પણ ખૂબ જ અગત્યનું કે આપણી પોતાની ૫૦ બેડની હોસ્પિટલ ઊભી કરવી.**

ડૉ. નીતુબેન પરીખના સૂચનો આ સમાજની મેડિકલ સમિતિ જરૂરથી ધ્યાન પર લેશે અને અહીં કાર્યરત ડૉક્ટરોની સાથે રહી ભવિષ્યમાં જન સમુદાયની કઈ રીતે વધુને વધુ સેવા થઈ શકે તેવા પ્રયત્નો પણ જારી રાખશે.

ડૉ. નીતુબેન પરીખની નવનીત મેડિકલ સેન્ટરની સેવાને આપણે સલામ ભરીએ.... ■

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

## ઉડતી નજરે....

### માસ એપ્રિલ-૨૦૨૩ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ **૬૪૨**<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ **૧૧૨**<br>● બોડી ચેક-અપ ........ **૩૬૯**<br>● સોનોગ્રાફી ........ **૧,૨૨૫**<br>● ટી.એમ.ટી. ........ **૫૨**<br>● ઑપરેશન ........ **૬**<br>● અન્ય ........ **૮,૨૪૪** | **૯,૮૯૬** |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● પુરુષો ........ **૪૧૫**<br>● સ્ત્રીઓ ........ **૧૯૯**<br>● બાળકો ........ **૪૦** | **૬૫૪** |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● પુરુષો ........ **૯૯**<br>● સ્ત્રીઓ ........ **૪૩**<br>● બાળકો ........ **૨** | **૧૪૪** |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | **૭૪** |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર ........ **૨,૦૮૦**<br>● મ્યુઝીયમ ........ **૧,૩૦૦**<br>● કેન્ટીન ........ **૩,૯૫૦**<br>● જલારામ અન્નક્ષેત્ર ........ **૬૨૦**<br>● ડિસ્પેન્સરી ........ **૪૭** | **૮,૪૨૫** |
| ૫. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | **૪૨૮** |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર,<br>દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● તબીબી ચેક- અપ ........ **૨૩૩**<br>● સોનોગ્રાફી ........ **૨૨૦**<br>● અન્ય ........ **૬૦૬૯** | **૬૫૨૨** |
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | **૧૩૩** |
| | *માસ એપ્રિલ- ૨૦૨૩ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ..............* | **૨૬,૨૭૬** |

# અતીતના ઓવારેથી.... : મણકો-૨

*અતીતના ઓવારેથી મણકા-૨ માં આપણે વર્ષ ૧૯૬૩થી ૧૯૭૦ની નીચે મુજબની વિગતોનું વિહંગાવલોકન કરીશું.*

*૧. શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ - અમદાવાદની કારોબારી સમિતિઓ (વર્ષ ૧૯૬૩થી વર્ષ ૧૯૬૯)*

*૨. અમદાવાદમાં વસવાટ કરતા કચ્છી વીસા ઓસવાળના જ્ઞાતિજનોની યાદી*

*૩. એ સમયમાં મંડળને શુભ પ્રસંગોએ મળેલ ભેટની રકમ.*

*ઉપરોક્ત વિગતોથી જાણી શકાય છે કે એ સમયે જે લોકો આ સંસ્થાનું સંચાલન કરતા હતા તેમાંના કેટલાક મહારથીઓનું માર્ગદર્શન આજે પણ આપણને મળી રહેલ છે.*

*વિશેષમાં એ સમયે રૂપિયાની જે કિંમત હતી તેમાં આજે એટલે કે ૬૦ વર્ષ પછી જમીન - આસમાન જેટલો તફાવત આપણી જિંદગીની હયાતીમાં જ આપણે જોઈએ છીએ. એ સમયે રૂા. ૫/-ની રકમ પણ ડોનેશનના સમયે ગણનામાં લેવામાં આવતી હતી કે જ્યારે આજે રૂા. ૨૫૦/- કે રૂા. ૫૦૦/-ના ડોનેશન ખૂબ જ નજીવા ગણાય છે. કદાચ આવતા દિવસોમાં આ મિનિમમ (ઓછામાં ઓછી) રકમ રૂા. ૨૦૦૦/- કે રૂા. ૫૦૦૦/- પર પહોંચે તેવી શક્યતા દેખાય જ છે. એ સમયે વધુમાં વધુ ડોનેશન રૂા. ૨૩૦/-નું હતું કે જે આજે સ્વાભાવિકપણે રૂા. ૨૦૦૦/- થી રૂા. ૫૦૦૦/- કે રૂા. ૧૦,૦૦૦/- સુધી પહોંચી શકે.*

*અતીતના ઓવારેના મણકા-૨ની વિગતવાર માહિતી નીચે મુજબ છે.*

## શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ - અમદાવાદની કારોબારી સમિતિઓ

*મંડળની સ્થાપના* : ૧૪મી એપ્રિલ ૧૯૬૩

*બંધારણ સમિતિ* : ૧. શ્રી પ્રાગજી મેઘજી શાહ
૨. શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા
૩. શ્રી પોપટલાલ નેણશી ધરોડ

### કારોબારી સમિતિ (વર્ષ ૧૯૬૩-૬૪)

| | | |
|---|---|---|
| ૧. | શ્રી મગનલાલ ધનજી ગડા | પ્રમુખ |
| ૨. | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | મંત્રી |
| ૩. | શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા | ખજાનચી |
| ૪. | શ્રી પ્રાગજી વેલજી શાહ | કારોબારી સભ્ય |
| ૫. | શ્રી પ્રેમજી મેઘજી નીસર | કારોબારી સભ્ય |
| ૬. | શ્રી દામજી લાલજી રાંભિયા | કારોબારી સભ્ય |
| ૭. | શ્રી રતિલાલ કુંવરજી શાહ | કારોબારી સભ્ય |
| ૮. | શ્રી નાનાલાલ વીરજી સાવલા | કારોબારી સભ્ય |

### કારોબારી સમિતિ (વર્ષ ૧૯૬૪-૬૫ અને ૧૯૬૫-૬૬)

| | | |
|---|---|---|
| ૧. | શ્રી કેશવજી ઉકેડા ગોગરી | પ્રમુખ |
| ૨. | શ્રી દામજી લાલજી રાંભિયા | મંત્રી |
| ૩. | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | ખજાનચી |
| ૪. | શ્રી ડુંગરશી વેલજી રાંભિયા | કારોબારી સભ્ય |
| ૫. | શ્રી નાનાલાલ વીરજી સાવલા | કારોબારી સભ્ય |
| ૬. | શ્રી બાબુભાઈ નરશી રાંભિયા | કારોબારી સભ્ય |

### કારોબારી સમિતિ (વર્ષ ૧૯૬૬-૬૭)

| | | |
|---|---|---|
| ૧. | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | પ્રમુખ |
| ૨. | શ્રી રમેશચંદ્ર ઉમરશી સાવલા | મંત્રી |
| ૩. | શ્રી બાબુભાઈ નરશી રાંભિયા | ખજાનચી |
| ૪. | શ્રી વિશનજી દેવજી દેઢિયા | કારોબારી સભ્ય |
| ૫. | શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા | કારોબારી સભ્ય |
| ૬. | શ્રી હીરજી પાસુ દેઢિયા | કારોબારી સભ્ય |

### કારોબારી સમિતિ (વર્ષ ૧૯૬૭-૬૮)

| | | |
|---|---|---|
| ૧. | શ્રી ડુંગરશી વેલજી રાંભિયા | પ્રમુખ |
| ૨. | શ્રી હીરજી પાસુ દેઢિયા | મંત્રી |
| ૩. | શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા | ખજાનચી |

| | | |
|---|---|---|
| ૪. | શ્રી વિશનજી દેવજી દેઢિયા | કારોબારી સભ્ય |
| ૫. | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | કારોબારી સભ્ય |
| ૬. | શ્રી શામજી શિવજી ગાલા | કારોબારી સભ્ય |

## કારોબારી સમિતિ (વર્ષ ૧૯૬૮-૬૯)

| | | |
|---|---|---|
| ૧. | શ્રી હીરજી પાસુ દેઢિયા | પ્રમુખ |
| ૨. | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | મંત્રી |
| ૩. | શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા | ખજાનચી |
| ૪. | શ્રી ડુંગરશી વેલજી રાંભિયા | કારોબારી સભ્ય |
| ૫. | શ્રી બાબુભાઈ નરશી રાંભિયા | કારોબારી સભ્ય |
| ૬. | શ્રી તલકશી ખેતશી છેડા | કારોબારી સભ્ય |

# અમદાવાદમાં વસતા આપણા જ્ઞાતિજનોની માહિતી

| | નામ | કચ્છમાં ગામ | અમદાવાદનું ઠેકાણું |
|---|---|---|---|
| | **અનાજ અને પ્રોવિઝન વિભાગ** | | |
| ૧. | શ્રી કાંતિલાલ મુરજી ગડા | ભુજપુર | મણિનગર |
| ૨. | શ્રી કેશવજી ઉકેડા ગોગરી | કપાયા | મણિનગર |
| ૩. | શ્રી કેશવજી નરશી સાવલા | રામાણિયા | સેટેલાઈટ |
| ૪. | શ્રી ગાંગજી લાલજી મામણિયા | કપાયા | મણિનગર |
| ૫. | શ્રી ઠાકરશી વેલજી રાંભિયા | પત્રી | સેટેલાઈટ |
| ૬. | શ્રી ડુંગરશી વેલજી રાંભિયા | પત્રી | શાહીબાગ |
| ૭. | શ્રી દામજી હીરજી શાહ | કપાયા | મણિનગર |
| ૮. | શ્રી નાગજી પોપટલાલ સૈયા | પત્રી | શાહીબાગ |
| ૯. | શ્રી નાનજી કાનજી ગાલા | વાંઢ | શાહઆલમ |
| ૧૦. | શ્રી પ્રેમજી ભુલાભાઈ રાંભિયા | ગોધરા | મણિનગર |
| ૧૧. | શ્રી પોપટલાલ ભવાનજી સોની | ટોડા | મણિનગર |
| ૧૨. | શ્રી બાબુભાઈ કેશવજી શાહ | કપાયા | મણિનગર |
| ૧૩. | શ્રી ભવાનજી ધનજી દેઢિયા | કપાયા | મણિનગર |
| ૧૪. | શ્રી મગનલાલ ધનજી ગડા | નાના ભાડિયા | ઉસ્માનપુરા |
| ૧૫. | શ્રી મણિલાલ ઉમરશી ભેદા | ભુજપુર | અસારવા |
| ૧૬. | શ્રી માવજી હીરજી સોની | વડાલા | સેટેલાઈટ |
| ૧૭. | શ્રી મૂલચંદ શામજી સાવલા | બીદડા | નરોડા |
| ૧૮. | શ્રી રવજી વસાઈયા હરીયા | હાલાપુર | મણિનગર |
| ૧૯. | શ્રી રવજી વેરશી ગોગરી | ટુંડા | મણિનગર |
| ૨૦. | શ્રી રામજી વીજપાલ સોની | દેશલપુર | ગાંધી રોડ |
| ૨૧. | શ્રી વિશનજી દેવજી દેઢિયા | કુંદરોડી | મણિનગર |
| ૨૨. | શ્રી વિશનજી નરશી લાપસીયા | મોખા | મણિનગર |
| ૨૩. | શ્રી વેલજી ઉકેડા ગોગરી | કપાયા | મણિનગર |
| ૨૪. | શ્રી હંસરાજ હીરજી સોની | વડાલા | શાહીબાગ |
| | **ગોળ વિભાગ** | | |
| ૨૫. | શ્રી શામજી શિવજી ગાલા | ભોજાય | માધુપુરા |
| ૨૬. | શ્રી ખુશાલચંદ મૂલચંદ શાહ | વીંઢ | માધુપુરા |
| | **રેડીમેડ કપડા વિભાગ** | | |
| ૨૭. | શ્રી આણંદજી વેલજી વીરા | મેરાઉ | એલિસબ્રિજ |
| ૨૮. | શ્રી તલકશી ખેતશી છેડા | મોટા આસંબીયા | એલિસબ્રિજ |
| ૨૯. | શ્રી વલ્લભજી મુરજી દેઢિયા | બીદડા | એલિસબ્રિજ |
| | **કટલરી - સ્ટેશનરી વિભાગ** | | |
| ૩૦. | શ્રી મૂલચંદ નરશી રાંભિયા | રામાણિયા | શાહઆલમ |
| ૩૧. | શ્રી નાનજી પ્રેમજી ગાલા | દેવપુર | મણિનગર |
| ૩૨. | શ્રી ટોકરશી કેશવજી મારૂ | પુનડી | શાહઆલમ |
| ૩૩. | શ્રી નાનજી કેશવજી મારૂ | પુનડી | શાહઆલમ |
| ૩૪. | શ્રી મેઘજી ખેતશી વીરા | પત્રી | નરોડા |
| | **ટ્રાન્સપોર્ટ વિભાગ** | | |
| ૩૫. | શ્રી રતિલાલ કુંવરજી છેડા | રતાડિયા | પાંચકુવા |
| ૩૬. | શ્રી હીરજી પાસુ દેઢિયા | શેરડી | સારંગપુર |
| ૩૭. | શ્રી બંસીલાલ મગનલાલ ગડા | નાના ભાડિયા | માધુપુરા |
| ૩૮. | શ્રી કુરપાલ ખેતશી | નાની તુંબડી | પ્રેમ દરવાજા |
| | **પેટ્રોલીયમ, કેરોસીન વિભાગ** | | |
| ૩૯. | શ્રી કલ્યાણજી રવજી છેડા | નાની ખાખર | શાહઆલમ |
| ૪૦. | શ્રી માવજી ગાંગજી દેઢિયા | મોટી ખાખર | શાહઆલમ |
| ૪૧. | શ્રી નાગજી રવજી લાપસીયા | કોડાય | નરોડા |
| ૪૨. | શ્રી માવજી ધારશી ફુરિયા | મેરાઉ | સાબરમતી |
| ૪૩. | શ્રી શાંતિલાલ મુરજી સાવલા | નાની તુંબડી | સાબરમતી |
| ૪૪. | શ્રી ઝવેરચંદ લાલજી છેડા | લાયજા | સાબરમતી |
| | **લોન્ડ્રી વિભાગ** | | |
| ૪૫. | શ્રી જાદવજી હીરજી સોની | વડાલા | મણિનગર |
| ૪૬. | શ્રી રતનશી પ્રેમજી જેવત | કુંદરોડી | મણિનગર |

| | | |
|---|---|---|
| ૪૭. શ્રી વેલજી કરમશી ગાલા | સાડુ | એલિસબ્રિજ |

### કોલસા વિભાગ

| | | |
|---|---|---|
| ૪૮. શ્રી રામજી સોજપાલ સતરા | ડોણ | ઘીકાંટા |

### સરકારી વિભાગ

| | | |
|---|---|---|
| ૪૯. ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | નાની ખાખર | મણિનગર |
| ૫૦. શ્રી પોપટલાલ નેણશી ધરોડ | પત્રી | અસારવા |
| ૫૧. શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા | ભુજપુર | નરોડા |

### અભ્યાસ વિભાગ

| | | |
|---|---|---|
| ૫૨. કુ.સરોજબેન દેવજી ગંગર | બીદડા | અસારવા |
| ૫૩. કુ. ઈંદુબેન ખીમજી શાહ | ગોધરા | અસારવા |
| ૫૪. કુ. ઉર્મિલાબેન ખીમજી કેનીયા | બારોઈ | પાલડી |

### શિક્ષણ વિભાગ

| | | |
|---|---|---|
| ૫૫. કુ. શાંતિબેન શાહ | લાખાપુર | પાલડી |

### ઉદ્યોગ વિભાગ

| | | |
|---|---|---|
| ૫૬. શ્રી જાદવજી રતનશી સતરા | ગુંદાલા | મણિનગર |
| ૫૭. શ્રી લક્ષ્મીચંદ નાનજી કેણિયા | કપાયા | મણિનગર |
| ૫૮. શ્રી લાલજી રામજી ગાલા | રાયણ | ઘી કાંટા |
| ૫૯. શ્રી શાંતિલાલ રામજી ગાલા | રાયણ | શાહપુર |
| ૬૦. શ્રી દેવજી રતનશી છેડા | રાયણ | રીલીફ રોડ |
| ૬૧. શ્રી પ્રેમજી મેઘજી નીસર | વડાલા | નરોડા |
| ૬૨. શ્રી કેશવજી નાનજી સચ્ચાણી | બેરાજા | વસ્ત્રાપુર |
| ૬૩. શ્રી નવીનચંદ્ર નાનજી પોલડિયા | તલવાણા | કાલુપુર |
| ૬૪. શ્રી જવેરીલાલ વીરજી સાવલા | મોટી રાયણ | કાલુપુર |
| ૬૫. શ્રી લક્ષ્મીચંદ ચનાભાઈ શાહ | કોડાય | કાલુપુર |

### ઇતર વિભાગ

| | | |
|---|---|---|
| ૬૬. શ્રી શામજી પુનશી નંદુ | નાના ભાડિયા | શાહ આલમ |
| ૬૭. શ્રી વાલજી કાલીદાસ ગાલા | ભચાઉ | વટવા |
| ૬૮. શ્રી ગુલાબચંદ ધારશી રાંભિયા | નાના ભાડિયા | ગોળ લીમડા |
| ૬૯. શ્રી હંસરાજ ગણશી સતરા | હાલાપુર | કાલુપુર |
| ૭૦. શ્રીમતી કેસરબાઈ ટોકરશી નાગડા | નાગ્રેચા | મણિનગર |
| ૭૧. શ્રીમતી મંજુલાબેન એ. ખત્રી | ભુજપુર | પાલડી |
| ૭૨. શ્રીમતી પાનબાઈ કાંતિલાલ શાહ | મોટા રતાડિયા | ગોમતીપુર |

### પાછળથી આવેલ નામો

| | | |
|---|---|---|
| ૭૩. શ્રીમતી પૂર્ણિમા શરદચંદ્ર નાળકર | — | અસારવા |
| ૭૪. શ્રી હરખચંદ ગાંગજી કેણીઆ | મોટી ખાખર | — |
| ૭૫. શ્રી કલ્યાણજી શિવજી ભેદા | કોડાય | — |
| ૭૬. શ્રી સુંદરજી શિવજી ભેદા | કોડાય | — |
| ૭૭. શ્રી ટેકચંદ લાલજી લાપસીયા | કોડાય | — |
| ૭૮. શ્રી રામજી માવજી ગાલા | દેવપુર | — |
| ૭૯. શ્રી કાંતિલાલ કુંવરજી સાવલા | પત્રી | — |

## મંડળને શુભ પ્રસંગોએ મળેલ ભેટ

### ૧૯૬૩-૬૪

| | | |
|---|---|---|
| રૂા. | ૨૫.૨૫ | ગામ કુંદરોડીના શ્રી વિશનજી દેવજી દેઢિયા તરફથી તેમના પુત્ર ચુનીલાલના લગ્ન પ્રસંગે |
| રૂા. | ૨૫.૨૫ | ગામ રામાણિયાના શ્રી બાબુભાઈ નરશી રાંભિયા તરફથી પોતાના લગ્ન પ્રસંગે |
| રૂા. | ૨૫.૨૫ | ગામ ઉનડોઠના શ્રી દામજી લાલજી રાંભિયા તરફથી પોતાના લગ્ન પ્રસંગે |
| રૂા. | ૧૦.૨૫ | ગામ કુંદરોડીના શ્રી પ્રેમજી જેવત તરફથી મંડળને ભેટ |
| રૂા. | ૧૦.૨૫ | ગામ પત્રીના શ્રી પોપટલાલ નેણશી ધરોડ તરફથી પુત્ર જન્મ પ્રસંગે ભેટ |
| રૂા. | ૫.૨૫ | ગામ રામાણિયાના શ્રી બાબુભાઈ નરશી રાંભિયા તરફથી પુત્ર જન્મ પ્રસંગે ભેટ |
| રૂા. | ૫૧.૨૫ | ગામ કોડાયના શ્રી નાગજી રવજી લાપસીયા તરફથી ભાઈના લગ્ન પ્રસંગે ભેટ |
| રૂા. | ૧૫.૨૫ | ગામ હાલાપુરના શ્રી રવજી વસાઈયા હરીયા તરફથી પુત્રના લગ્ન પ્રસંગે |

### ૧૯૬૪-૬૫

| | | |
|---|---|---|
| રૂા. | ૨૫.૨૫ | ગામ નાના ભાડિયાના શ્રી મગનલાલ ધનજી ગડા તરફથી પૌત્ર જન્મ પ્રસંગે |

### ૧૯૬૫-૬૬

| | | |
|---|---|---|
| રૂા. | ૫૧.૦૦ | ગામ કોડાયના શ્રી નાગજી રવજી લાપસીયા તરફથી પુત્ર જન્મ પ્રસંગે |

### ૧૯૬૬-૬૭

| | | |
|---|---|---|
| રૂા. | ૧૦.૨૫ | ગામ કુંદરોડીના શ્રી વિશનજી દેવજી દેઢિયા તરફથી પૌત્ર જન્મ પ્રસંગે |

| | | |
|---|---|---|
| રૂા. | ૫૧.૨૫ | ગામ કપાયાના શ્રી કેશવજી ઉકેડા ગોગરી તરફથી તેમની પુત્રીના લગ્ન પ્રસંગે |
| રૂા. | ૨૫.૨૫ | ગામ કપાયાના શ્રી કેશવજી ઉકેડા ગોગરી તરફથી તેમની પુત્રીએ અઠ્ઠાઈ કરેલ તે પ્રસંગે |
| રૂા. | ૧૨.૦૦ | ગામ શેરડીના શ્રી હીરજી પાસુ દેઢિયા તરફથી ભેટ |
| રૂા. | ૫૧.૨૫ | ગામ વાંઢના શ્રી કાનજી દેવરાજ ગાલા તરફથી તેમના પુત્રના લગ્ન પ્રસંગે |
| રૂા. | ૧૧.૨૫ | ગામ મોટા આસંબીયાના શ્રી રતનશી વેલજી તરફથી તેમની પુત્રીના લગ્ન પ્રસંગે |
| રૂા. | ૨૧.૦૦ | ગામ શેરડીના શ્રી નવીનચંદ્ર વીરજી તરફથી ભેટ |
| રૂા. | ૭૫.૨૫ | ગામ વાંકીના શા. લાલજી પાસુ તરફથી ચિ. ખીમજીના લગ્ન પ્રસંગે |

### ૧૯૬૭-૬૮

| | | |
|---|---|---|
| રૂા. | ૧૦૧.૨૫ | ગામ રતાડિયાના શ્રી રતિલાલ કુંવરજી શાહ તરફથી તેમના મકાનના વાસ્તુ પ્રસંગે |
| રૂા. | ૨૫.૦૦ | ગામ પત્રીના શ્રી પ્રેમજી વેલજી રાંભિયા તરફથી દુકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે |
| રૂા. | ૨૫.૦૦ | કપાયાવાળાના 'સહકાર' સ્ટોર્સના ઉદ્‌ઘાટન પ્રસંગે |
| રૂા. | ૨૫.૦૦ | શ્રી ગણેશ ઓઈલ ડેપોના ઉદ્‌ઘાટન પ્રસંગે |
| રૂા. | ૨૦.૦૦ | શ્રી કુંવરજી આશારીયા દેશલપુરવાળા તરફથી ભેટ |
| રૂા. | ૨૨૯.૪૫ | મે. વિસત કેરોસીન સપ્લાય કું. - સાબરમતી (અમદાવાદ)વાળા તરફથી વિદ્યાર્થીઓને પુરસ્કાર પ્રસંગે ભેટ |
| રૂા. | ૪૪.૦૦ | વિજય ટ્રાન્સપોર્ટવાળા શ્રી રતિલાલ કુંવરજી શાહ ગામ રતાડિયાવાલા તરફથી વાર્ષિક દિન પ્રસંગે નાના ભૂલકાઓને રમકડાંની ભેટ |

### ૧૯૬૮-૬૯

| | | |
|---|---|---|
| રૂા. | ૨૫.૨૫ | ગામ વાંઢના શ્રી નાનજી કાનજી ગાલાને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે |
| રૂા. | ૩૦.૦૦ | ગામ પત્રીના શ્રી ડુંગરશી વેલજી તથા ઠાકરશી વેલજી રાંભિયા તરફથી ડીશ માટે |
| રૂા. | ૫૧.૦૦ | શાહ ટ્રાન્સપોર્ટ કું. } પૂર વખતે અમદાવાદમાં રોકાઈ ગયેલ પ્રવાસીઓને રાહત અપાઈ તે પ્રસંગે ફંડ ફાળામાં |
| રૂા. | ૫૧.૦૦ | વિજય ટ્રાન્સપોર્ટ } |
| રૂા. | ૫૧.૦૦ | ભારત ગ્રેન સ્ટોર્સ } |
| રૂા. | ૩૧.૨૫ | શ્રી ધનલક્ષ્મી સ્ટોર્સ |
| રૂા. | ૮૦.૦૦ | પૂર વખતે અમદાવાદ ખાતે રોકાઈ ગયેલ કચ્છના પ્રવાસીઓ તરફથી મંડળને સ્વેચ્છાએ ભેટ |
| રૂા. | ૨૫.૨૫ | નાડકો ડ્રેસીસ અને ડ્રાયફ્રુટ્સના ઉદ્‌ઘાટન પ્રસંગે |
| રૂા. | ૩૦.૦૦ | ગામ પત્રીના શ્રી ડુંગરશી વેલજી રાંભિયા અને શ્રી ઠાકરશી વેલજી રાંભિયા તરફથી વાર્ષિક દિનની ઉજવણીના પ્રસંગે |
| રૂા. | ૧૦.૦૦ | ઓજસ સાબુવાલા – શ્રી બાબુભાઈ તરફથી ભેટ |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

**મંગળવાર, તા. ૨૫-૪-૨૦૨૩**

- આજ રોજ વયસ્ક સમિતિની એક મીટિંગ મળેલ હતી. તા. ૧૨-૬-૨૦૨૩ના રોજ યોજાનારા કાર્યક્રમ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. શ્રી દિલીપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, શ્રી નરેન્દ્ર કોઠારી, શ્રી જીતુભાઈ સંઘવી, શ્રી રોહિતભાઈ સંઘવી વગેરે આ મીટિંગમાં ઉપસ્થિત રહેલ હતા.

**બુધવાર, તા. ૨૬-૪-૨૦૨૩**

- આજ રોજ સાંજના શ્રી કચ્છી જૈન ભવન પર પાલડી મેડિકલ સમિતિની એક મીટિંગ મળેલ હતી. (૧) આ સેન્ટરમાં જે નવા ડૉક્ટરો જોડાયા તેની વિગતો દક્ષાબેને આ સમિતિને આપેલ હતી. (૨) મેડિકલ સ્ટોર્સ બાબતે વિગતે ચર્ચા કરવામાં આવેલ હતી. (૩) પાલડીના ડૉક્ટર્સ સાથે મે-૨૦૨૩માં એક ગેટ-ટુ-ગેધર રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું. આ મીટિંગમાં શ્રી અશ્વિનભાઈ સાવલા, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી અશોક મહેતા, શ્રી હિરેન કે. શાહ, શ્રી દેવેશ દંડ, શ્રી પ્રદીપ મહેતા, શ્રી લક્ષ્મીચંદ વીરા, શ્રીમતી હાસ્યલતાબેન મહેતા, શ્રીમતી દક્ષાબેન રામાવત તથા શ્રી પીન્ટુ પટેલ ઉપસ્થિત રહેલ હતા.

**શુક્રવાર, તા. ૨૮-૪-૨૦૨૩**

- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે બંધારણ કમિટીની એક મીટિંગ મળેલ હતી કે જેમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી હિરેન કે. શાહ, શ્રી અશોક મહેતા, શ્રી રજનીકાંત પારેખ, શ્રી વિમેશ શાહ, શ્રી કે.ડી. શાહ, શ્રી વિશાલ શાહ, શ્રી નરેન્દ્ર કોઠારી અને શ્રી દેવેન છેડા ઉપસ્થિત રહેલ હતા. બંધારણની સૂચિત

નવી કલમો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. આ ચર્ચા અપૂર્ણ રહેતા ફરી મીટિંગ બોલાવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

**શનિવાર, તા. ૨૯-૪-૨૦૨૩**

- પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર ખાતે ચાંગોદર મેડિકલ સમિતિની એક મીટિંગ મળેલ હતી. ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશોક મહેતા, શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી ગિરીશ પોલડિયા, શ્રી અજયસિંહ વાઘેલા વગેરે ઉપસ્થિત રહેલ હતા. ચર્ચા કર્યા બાદ ઓ.પી.ડી. વિભાગના કન્સલ્ટેશન ચાર્જ ઘટાડવામાં આવ્યા હતા. આ વિસ્તારમાં કેમ્પનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. અન્ય અનેક બાબતે નિર્ણયો લેવાયેલ હતા.

**સોમવાર, તા. ૧-૫-૨૦૨૩**

- આજ રોજ પાલડી ખાતેના મેડિકલ સેન્ટરના ડેન્ટલ વિભાગના બે એક્સ-રે મશીનમાંથી એક મશીન બગડી ગયેલ હોવાથી તેના બદલે ગોમેક્ષ કંપનીનું નવું ડેન્ટલ એક્સ-રે મશીન મૂકવામાં આવ્યું.

**મંગળવાર, તા. ૨-૫-૨૦૨૩**

- બોપલ મેડિકલ સેન્ટર ખાતે આજે એક મીટિંગ મળેલ હતી કે જેમાં ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશોક મહેતા, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી લક્ષ્મીચંદ વીરા, શ્રી મનીષભાઈ ગોસર અને ડૉ. રીધ્ધિબેન જોશી હાજર રહેલ હતા. આ મીટિંગમાં પ્રથમ માળના અન્ય ત્રણ ગાળામાં કયા કયા વિભાગ લઈ જવા તેનું આયોજન વિચારવામાં આવેલ હતું. આયુર્વેદ વિભાગ શરૂ કરવા અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી. મેડિકલ સ્ટોરને પ્રથમ માળે લઈ જવા તથા ફિઝીયોથેરાપી વિભાગને વધુ જગ્યા ફાળવવા પણ ચર્ચા કરી, જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા. તદ્ઉપરાંત મેડિકલ સ્ટોર્સના લાઇસન્સ બાબત પણ ચર્ચા કરવામાં આવેલ હતી. ડૉ. રીદ્ધિબેનને મંગલ મંદિરના 'ઉડતી નજરે' વિભાગ માટે પેશન્ટની સંખ્યા, સોનોગ્રાફીના આંકડા, હેલ્થ ચેક-અપના આંકડા વગેરે વિગત દર મહિને આપવાનું જણાવવામાં આવેલ હતું. અહીં ઓ.પી.ડી.ની સરેરાશ સંખ્યા ૨૦૦ની રહે છે કે જેની પણ નોંધ લેવામાં આવેલ હતી.

**બુધવાર, તા. ૩-૫-૨૦૨૩**

- ડૉ. હિતેન્દ્ર શાહ તા. ૫-૫-૨૦૨૩થી ૧૫ દિવસ માટે યુ.એસ.એ. જવાના હોવાથી તેઓએ બોપલ ખાતેના મેડિકલ સેન્ટરની દેખરેખ રાખવાની જવાબદારી શ્રી મનીષભાઈ ગોસરને સોંપેલ હતી અને પ્રથમ માળે ચાલી રહેલ રીનોવેશન કામ અંગેની પણ તેમની સાથે ચર્ચા કરી લીધેલ હતી.
- શ્રી રજનીભાઈ પારેખ તથા શ્રી લક્ષ્મીચંદભાઈ વીરાએ શાહીબાગ ખાતેના ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત લઈ ત્યાંની વ્યવસ્થા અંગે જરૂરી સૂચનો કરેલ હતા અને આવતા મહિના માટે જોઈતી જરૂરી મેડિસિન અને જોઈતા ડાયાલાઇઝરની નોંધ લઇ તે અંગે જરૂરી વ્યવસ્થા કરેલ હતી.

**ગુરુવાર, તા. ૪-૫-૨૦૨૩**

- ચાંગોદર ખાતેના મેડિકલ સેન્ટરવાળા મકાનમાં જ એચ.ડી.એફ.સી. બેંક હોવાથી ત્યાં સમાજનું ખાતું ખોલાવવા આજ રોજ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિભાઈ સાવલા, શ્રી રજનીભાઈ પારેખ અને શ્રી કે.ડી. શાહ ત્યાં ગયેલ હતા અને તેને લગતી જરૂરી કાર્યવાહી કરેલ હતી.
- શ્રી પ્રતાપભાઈ દંડ વગેરેએ હેમલોન ઇન્ડસ્ટ્રીઝના શ્રી જયેશભાઈ મજમુદાર સાથે વાત કરી તેમની ઇન્ડસ્ટ્રીઝ ખાતે ગુરૂવાર, તા. ૧૧-૫-૨૦૨૩ના રોજ મેડિકલ વિભાગના વિવિધ પ્રકારના ફ્રી કેમ્પ રાખવાનો નિર્ણય લીધેલ હતો.
- આજ રોજ મંગલ મંદિરની વર્ષ ૨૦૨૩-૨૪ની જાહેરાતના બીલો અને એપ્રિલ-૨૦૨૩ના ષષ્ઠી પૂર્તિ વિશેષાંકના સૌજન્યના બીલો બનાવવામાં આવેલ હતા.

**શુક્રવાર, તા. ૫-૫-૨૦૨૩**

- શ્રી દીપકભાઈ ભેદા મુંબઈથી પધારેલ હોવાથી તેમની સાથે ભવન પર એક મીટિંગ ગોઠવવામાં આવેલ હતી કે જેમાં શ્રી મહેન્દ્રભાઈ મોરબીયા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશોક મહેતા, શ્રી હિરેન કે. શાહ, શ્રી રજનીકાંત પારેખ વગેરે ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં મુંબઈના અતિથિ ભવન વિશે ચર્ચા કરવામાં આવેલ હતી અને કોર્ટ રાહે આગળ વધવા વગેરે અંગે જરૂરી નિર્ણયો પણ લેવામાં આવેલ હતા.
- ડૉ. રીદ્ધિબેન જોશીએ કાર્ડિયોલોજી વિભાગ (બોપલ મેડિકલ સેન્ટર) અંગેની કેટલીક માહિતી ડૉ. હિતેન્દ્ર શાહને આપેલ હતી. ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી મનીષ વીરા તથા ડૉ. રીદ્ધિબેન જોશીએ ત્રીજા માળ પરના બંને ઓ.ટી. – મેજર અને માઇનોરની મુલાકાત લઇ તે બંનેને પ્રથમ માળે શિફ્ટ કરવા અંગે જરૂરી ચર્ચા પણ કરેલ હતી.

**શનિવાર, તા. ૬-૫-૨૦૨૩**

- શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હિરેન કે. શાહ તથા શ્રી કિશોરભાઈ

ઠક્કર બોપલ ખાતેના સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના પ્રિમાઇસીસ માટેના જરૂરી દસ્તાવેજો રજિસ્ટર્ડ કરાવવા સાણંદ રજિસ્ટ્રાર ઓફિસ ખાતે જઇ જરૂરી કાર્યવાહી પૂર્ણ કરેલ હતી.

- આજ રોજ બોપલ મેડિકલ સેન્ટર ખાતે મોતિયાના ૩ ઑપરેશન કરવામાં આવેલ હતા.

**ગુરૂવાર, તા. ૧૧-૫-૨૦૨૩**

- આજ રોજ ચાંગોદર ખાતેના મેડિકલ સેન્ટર દ્વારા હેમલોન ઇન્ડસ્ટ્રીઝ - ચાંગોદર ખાતે મેડિકલની વિવિધ બ્રાંચોનો કેમ્પ રાખવામાં આવેલ હતો કે જેમાં ચાંગોદર મેડિકલ સેન્ટર ખાતેના મેડિકલ ઓફિસર શ્રી અજયસિંહ વાઘેલા, ઓર્થોપેડિક ડોક્ટર શ્રી અનિકેત શાહ, આંખ વિભાગના ડૉક્ટર શ્રીમતી પ્રકૃતિ કેતન અને શ્રીમતી ચાંદની મોદી હાજર રહ્યા હતા તેમજ કૉલેજ ઓફ ડેન્ટલ સાયન્સ એન્ડ રીસર્ચ સેન્ટર - મણિપુરના ડેન્ટલ ડૉક્ટર અંકિતાબેન અને તેમની ટીમ હાજર રહેલ હતી. આ કેમ્પમાં ટોટલ ૧૫૩ વ્યક્તિની ચકાસણી કરવામાં આવેલ હતી અને પ્રત્યેકને જરૂરી સૂચના આપવામાં આવેલ હતી. આ પ્રસંગે શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના શ્રી રજનીકાંત પારેખ તથા શ્રીમતી દક્ષાબેન રામાવત અને હેમલોન ઇન્ડસ્ટ્રીઝના શ્રી જયેશભાઈ મજમુદાર તથા શ્રી ધવલ મજમુદાર ઉપસ્થિત રહેલ હતા.
- આજ રોજ ગીતા મંદિર ખાતેના ડાયાલિસિસ સેન્ટરની ચકાસણી કરવા 'આયુષ્યમાન કાર્ડ' - દિલ્હીની વિજીલન્સ ટીમે મુલાકાત લીધેલ હતી અને આ સેન્ટરની વ્યવસ્થા જોઈને ખૂબ જ સંતોષ વ્યક્ત કરેલ હતો. આ યોજનાનો લોકો બહોળા પ્રમાણમાં લાભ લે તેવા સૂચનો પણ દિલ્હીની ટીમે કરેલ હતા.

**રવિવાર, તા. ૧૪-૫-૨૦૨૩**

- બોપલ ખાતેના મેડિકલ સેન્ટર પરના મેડિકલ સ્ટોરનું યોગ્ય લાઇસન્સ ન હોવાથી આજ રોજ સવારમાં સૌ પ્રથમ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશોક મહેતા, શ્રી શાંતિભાઈ સાવલા, શ્રી હિરેન કે. શાહ, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી દેવેન છેડા, શ્રી વિમેશ શાહ વગેરેએ જરૂરી ચર્ચા કરી આ બાબતે તાત્કાલિકપણે આગળની કાર્યવાહી કરવા જરૂરી નિર્ણયો લીધેલ હતા.
- પાલડી ભવન ખાતે પાલડી મેડિકલ સેન્ટરના ડૉક્ટર્સશ્રીઓ સાથે એક મિલન સમારંભનું આયોજન કરવામાં આવેલ હતું કે જેમાં લગભગ ૩૫ જેટલા વિવિધ બ્રાંચના ડૉક્ટર્સશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. શરૂમાં કરાઓકે પર ગીતો ગાવામાં આવેલ હતા અને ત્યારબાદ ઉપસ્થિત ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારી સમિતિના સભ્યશ્રીઓને વિવિધ વિભાગોના ડૉક્ટરોનો પરિચય આપવામાં આવેલ હતો. ઉપસ્થિત વિવિધ વિભાગના ડૉક્ટરોએ પાલડી પરના આ મેડિકલ સેન્ટર માટે પોતાના અભિપ્રાયો પણ આપેલ હતા. એકંદરે ખૂબ જ આનંદદાયક વાતાવરણમાં આ સમારંભ પૂર્ણ થયેલ હતો. ઉપસ્થિત દરેક ડૉક્ટરશ્રીને સમાજ તરફથી પ્રતીક સ્વરૂપે એક-એક ગીફ્ટ પણ આપવામાં આવેલ હતી.

**સોમવાર, તા. ૧૫-૫-૨૦૨૩**

- પાલડી ભવન ખાતે બંધારણ સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હિરેન કે. શાહ, શ્રી વિમેશ શાહ, શ્રી દેવેન છેડા, શ્રી કે.ડી. શાહ, શ્રી ગિરીશ દેઢિયા તથા શ્રી નરેન્દ્ર કોઠારી ઉપસ્થિત રહેલ હતા અને બંધારણની વિવિધ કલમો અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. આજની ચર્ચા અપૂર્ણ રહેતા ફરી એક મીટિંગ યોજવાનું નક્કી કરવામાં આવેલ હતું.
- બોપલ ખાતેના મેડિકલ સ્ટોરનું લાઇસન્સ પ્રોપર સ્વરૂપે ન હોતાં તેને આજથી થોડા સમય માટે એટલે કે લાઇસન્સ મળી જાય ત્યાં સુધી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.
- આજ રોજ શ્રી રજનીકાંત પારેખ તથા બોપલ મેડિકલ સ્ટોરના શ્રી સંજયભાઈ પટેલે ફુડ્સ એન્ડ ડ્રગ્સ વિભાગ - ગાંધીનગર જઈ મેડિકલ સ્ટોરના લાઇસન્સ માટે યોગ્ય કાર્યવાહી કરેલ હતી.
- ડૉ. હિતેન્દ્ર શાહની ફોન પર પરમિશન લઈ ડૉ. રીદ્ધિબેન જોશીએ આજરોજ બોપલ મેડિકલ સેન્ટર માટે નવા રેડિયોલોજિસ્ટ ડૉ. સુનીલભાઈ શાહની નિમણૂંક કરેલ છે.

**મંગળવાર, તા. ૧૬-૫-૨૦૨૩**

- આજ રોજ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશોક મહેતા અને શ્રી હિરેન કે. શાહે શ્રી સંદીપ ગાલાની તેમની ઓફિસ ખાતે મુલાકાત લીધેલ હતી અને નીચે મુજબના જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા : (૧) આવતા દિવસોમાં શ્રી ક.જૈ.સે.સ.ને યોગ્ય લાગે ત્યાં અમદાવાદમાં બે નવા મેડિકલ સેન્ટર સ્થાપવા કે જેના મકાન અંગેની વ્યવસ્થા નવનીત ગ્રુપ દ્વારા કરી આપવામાં આવશે. (૨) બોપલ ખાતેના સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની અલગ અલગ પ્રકારની બે બેચ – આસિસ્ટન્ટ નર્સિંગ અને બ્યુટી પાર્લરનો તા. ૧-૬-૨૦૨૩થી પ્રારંભ કરી દેવો.

**બુધવાર, તા. ૧૭-૫-૨૦૨૩**

- આજ રોજ મંગલ મંદિર તંત્રી મંડળની એક મીટિંગ ભવન પર મળેલ હતી અને મંગલ મંદિરના એપ્રિલ-૨૦૨૩ના ષષ્ઠીપૂર્તિ વિશેષાંકના લેખકો બાબત નિર્ણાયક સમિતિનો જે નિર્ણય આવેલ, તેને માન્ય રાખવામાં આવેલ હતો અને લેખકશ્રીઓને આપવાના પુરસ્કાર અંગે જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

**નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર – પાલડી, અમદાવાદ**

# ડૉક્ટરોનું સ્નેહ મિલન

*મિલે સૂર મેરા તુમ્હારા, તો સૂર બને હમારા*
*સાથી હાથ બઢાના, એક અકેલા થક જાયેગા, મિલકર બોજ ઉઠાના*

ઉપર્યુક્ત પંક્તિઓને સાર્થક કરતા શ્રી કચ્છી જૈન સેવા સમાજ અને મેડિકલ સેન્ટરના ડોક્ટરોનું એક સ્નેહ મિલન પાલડી ભવન ખાતે તા. ૧૪-૫-૨૦૨૩ને રવિવારના રોજ સવારે ૧૧ કલાકે યોજાઈ ગયો.

સમારંભની શુભ શરૂઆત સૂરીલા સંગીતથી થઈ. સૌપ્રથમ શ્રી પ્રદીપભાઈ મહેતાએ મુકેશના અવાજમાં 'તારોં કે સજકે...' ગીત ગાઈને હૃદયના તાર ઝણઝણાવ્યા. ત્યાર પછી સમાજના ઉપપ્રમુખ શ્રી હિરેન કે. શાહે કિશોરકુમારના અવાજમાં 'છૂકર મેરે મનકો, કિયા તુને ક્યા ઈશારા...' ગીત ગાઈને સર્વના દિલને ડોલાવ્યા. સમાજના જ સભ્ય, ટ્રસ્ટી અને મેડિકલ સેન્ટરના યુરોલોજિસ્ટ ડૉક્ટર શ્રી હિમાંશુભાઈએ માઉથ ઑર્ગન ઉપર બે ગીત વગાડીને બધાને મંત્રમુગ્ધ કર્યા. ત્યાર પછી મેડિકલ સેન્ટરની સ્વર કોકીલા ડૉ. શિલ્પા તોશનીવાલે લતા મંગેશકરના અવાજમાં 'તુજસે નારાજ નહીં જિંદગી...' અને રાગ યમન પર આધારીત ૫ ગીતોની મંડલી પ્રસ્તુતિ કરી હતી.

ડૉક્ટર શ્રી પ્રમોદ મેનને યશુદાસના અવાજમાં 'સૂરમયી અખિયોંમેં...' ગીત ગાઈને પ્રેમની ભાષાને પારીત કરેલ હતી.

ગીતોના સુંદર કાર્યક્રમ પછી સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખશ્રી પ્રતાપભાઈ દંડે સર્વેને આવકાર્યા હતા.

કન્વીનર શ્રી અશ્વિનભાઈ સાવલાએ કોરોનાકાળ પછી લાંબા સમયે આપણે આ કાર્યક્રમ યોજી શક્યા છીએ તેવું જણાવ્યું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આપણી સંસ્થા અને ડૉક્ટરો વચ્ચેનો સંબંધ એક પારિવારિક સંબંધની જેમ મજબૂત રહ્યો છે. આજ સુધી અહીં સેવા આપવા આવનાર ડૉક્ટર પોતાની પ્રગતિ માટે સેન્ટર છોડીને ગયેલ છે પણ આજ સુધી કોઈપણ ડોક્ટરે અસંતોષ સાથે સેન્ટર છોડેલ નથી.

આવકાર પ્રવચન પછી ડૉક્ટરોએ પોતાની ઓળખાણ અને અભિવ્યક્તિ નીચે પ્રમાણે રજૂ કરી હતી.

૧. **વૈદ્ય ગાર્ગીબેન વસાવડા (આયુર્વેદ અને પંચકર્મ ડિપાર્ટમેન્ટ)** : ગાર્ગીબેન સમાજના દીકરી હોવાના નાતે સંસ્થાએ જ્યારે મેડિકલ સેન્ટર બનાવવાનું નક્કી કર્યું ત્યારે તેમને સૌથી પ્રથમ જવાબદારી સોંપવામાં આવી હતી અને મેડિકલ સેન્ટરની શરૂઆત એક આયુર્વેદના વિભાગથી કરવામાં આવી હતી. અને તેમણે જણાવ્યું હતું કે તેમને ખૂબ જ ગર્વ થાય છે કે એક નાની સંસ્થા આજે આટલું મોટું વટવૃક્ષ બનીને ઊભી થઈ છે. જેમાં ૭૦ જેટલા અલગ અલગ ફિલ્ડના ડૉક્ટરો સેવા આપે છે.

૨. **ડૉ. નીતુબેન પરીખ** (M.D. Medicine) : ડૉ. નીતુબેન સંસ્થા સાથે શરૂઆતના વર્ષોથી જોડાયેલા છે અને તેમણે જણાવ્યું કે **ભવિષ્યમાં પણ તે સંસ્થા સાથે આ જ રીતે સંકળાઇને સેવા આપતા રહેશે.**

૩. **ડૉ. દેવલ શાહ** : ૨૦થી વધુ વર્ષથી સંસ્થા સાથે સંકળાયેલ છે. તેમણે જણાવ્યું કે તેમણે જ્યારે સંસ્થા સાથે જોડાવાનું નક્કી કર્યું ત્યારે તેમની એક જ રીક્વાયરમેન્ટ હતી કે આંખોની સારવાર માટે સર્જિકલ ડિપાર્ટમેન્ટ જોડે હોવું જોઈએ અને સમાજના ટ્રસ્ટીઓએ એ શરત માન્ય રાખી અને **આજની તારીખ સુધી ૪૦૦૦થી વધારે સર્જરી મેડિકલ સેન્ટરમાં કરવામાં આવી છે.** તેમણે જણાવ્યું કે જગ્યાના અભાવ વચ્ચે પણ આપણું મેડિકલ સેન્ટર ખૂબ જ સારી રીતે કાર્યરત છે અને **૧૯૯૯-૨૦૦૦ની સાલમાં જે ભાવે કામ થતા હતા, તે જ દરે આજની તારીખમાં પણ દર્દીઓને સેવા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.**

૪. **ડૉ. રાગેશભાઇ ફડિયા** (ENT ડિપાર્ટમેન્ટ) : રાગેશભાઈ ફડિયા પણ શરૂઆતના વર્ષોથી સંસ્થા સાથે જોડાયેલા છે અને તેમણે જણાવ્યું કે જે તે વખતના એડમિન સ્ટાફે દરેક ડોક્ટરને ખૂબ જ સારો સહકાર આપ્યો છે અને **તેઓ પોતે જ્યાં સુધી શરીર સાથ આપશે ત્યાં સુધી આ સંસ્થા સાથે જોડાયેલા રહી દર્દીઓને સેવા આપવા કટીબધ્ધ છે.**

ડૉ. રાગેશભાઈ વિશે રજનીભાઈએ માહિતી આપતા જણાવ્યું કે **રાગેશભાઈને સંસ્થા સાથે એટલી સારી લાગણી છે કે તેઓ પોતાના અને પરિવારના જન્મદિવસ તેમજ લગ્ન દિવસની ઉજવણી વર્ષોથી સંસ્થાને દાન આપીને કરે છે.**

૫. **ડૉ. કિરણબેન શાહ** (ગાયનેકોલોજિસ્ટ) : ડૉ. કિરણબેન ૨૧ વર્ષથી સંસ્થા સાથે સંકળાયેલા છે. કિરણબેને જણાવ્યું કે **સંસ્થા સાધુ અને સાધ્વી ભગવંતોને કોઈપણ**

**પ્રકારના ચાર્જ વગર મેડિકલ સહાય આપે છે અને પોતે જૈન હોવાને નાતે તેમને તે વાતનો ખૂબ જ ગર્વ છે અને સાથોસાથ તેમણે ભવિષ્યમાં પણ સંસ્થા સાથે સંકળાયેલા રહેવાની બાંહેધરી આપી હતી.**

૬. **સંસ્થાના ટ્રસ્ટી અને ડૉ. હિમાંશુભાઈ** : ડૉ. હિમાંશુભાઈએ ટ્રસ્ટીઓ અને કાર્યકારી સ્ટાફની નિઃસ્વાર્થ સેવાભાવનાની કદર કરી હતી અને જણાવ્યું કે **સંસ્થાના હોદ્દેદારો ભલે ઉંમરથી વયોવૃદ્ધ છે પણ આજે પણ યુવાઓને છાજે તે ઉત્સાહથી સંસ્થામાં કાર્યરત છે અને સંસ્થાએ જે ઊંચાઈ હાંસલ કરી છે, તે એનું જ પરિણામ છે.** સાથોસાથ તેમણે સુજાવ આપ્યો કે હવે મેડિકલ સેન્ટરને ઓ.પી.ડી.થી આગળ લઈ જઈ ઇન્ડોર સેવા શરૂ કરવાની દિશામાં વિચારવું જોઈએ અને **શ્રી કચ્છી જૈન સેવા સમાજની પોતાની એક સ્ટેટ ઓફ આર્ટ હોસ્પિટલ બનાવવાનો સમય આવી ગયો છે.**

૭. **ડૉ. લીના કોઠારી** : શરૂઆતના વર્ષોથી સંસ્થા સાથે જોડાયેલા છે અને દરેક દિવસે સવાર અને સાંજના સમયે આંખના વિભાગમાં સેવા આપે છે. તેમણે જણાવ્યું કે ડોક્ટર બન્યા બાદ તેમને શરૂઆતના વર્ષોથી સેવામાં ખૂબ જ ઇન્ટરેસ્ટ હતો અને આ સાથે જ તેઓ કચ્છી જૈન સેવા સમાજ સાથે સંકળાયા અને ડૉક્ટરની પ્રેક્ટીસની શરૂઆત કરી અને **આજ દિવસ સુધી તેમણે કદી પોતાની પ્રાઇવેટ ક્લિનિક કરી નથી. સંસ્થાની સાથે જ રહી જરૂરિયાતમંદોની સેવા કર્યાનો આત્મસંતોષ તેમને થાય છે.**

૮. **ડૉ. શિલ્પાબેન તોશ્નીવાલ** : ૧૧ વર્ષથી તેઓ સંસ્થા સાથે સંકળાયેલા છે. **તેમણે જણાવ્યું કે સંસ્થા સાથે જોડાઈને તેમનો પર્સનલ, ફાઇનાન્સિયલ તેમજ કેરિયરનો ઘણો સારો ગ્રોથ થયો છે અને સંસ્થા સાથે કામ કરીને ઘણું બધું શીખ્યા પણ છે.** તેમના સીંગીંગના ટેલેન્ટ માટે પણ આ સંસ્થાએ ઘણું સારું પ્લેટફોર્મ પૂરું પાડેલ છે અને તેમના સીંગીંગના શોખને વિકસાવવામાં પણ સંસ્થા ખૂબ મદદરૂપ બની છે. આજ કારણથી તેમને આ સંસ્થા એક પરિવારથી પણ વધુ લાગે છે.

૯. **ડૉ. તપન શાહ (લેપ્રોસ્કોપીક સર્જન)** : પોતાની ઓળખ આપતા ડૉ. તપન શાહ (લેપ્રોસ્કોપીક સર્જન) એ જણાવ્યું કે આ ઓળખ મને સંસ્થાએ આપી છે. **૧૧ વર્ષ પહેલાં જ કેરિયરની શરૂઆતના સમયમાં સંસ્થાએ તેમને જે કેરિયર ગ્રોથ અપાવવામાં મદદ કરી એના માટે તેઓ સદાય સંસ્થાના ઋણી રહેશે અને ભવિષ્યમાં પણ સંસ્થા સાથે કામ કરી અને પોતાના તેમજ સંસ્થાના વિકાસ માટે કટીબધ્ધ રહેશે.**

૧૦. **ડૉ. જુલી દેસાઈ** : ૧૨-૧૩ વર્ષથી સંસ્થા સાથે સંકળાયેલા છે. તેમણે જણાવ્યું કે અહીં દરરોજ સ્કીનના ખૂબ જ પેશન્ટો આવે છે અને દરરોજના ૧૦થી ૧૫ પેશન્ટોની ઓ.પી.ડી. હોય છે. **તેથી કામ કરવામાં ખૂબ જ આનંદ આવે છે અને જરૂરિયાતમંદની સેવા કર્યાનો આત્મસંતોષ મળે છે.**

૧૧. **ડૉ. નીલય શાહ (હોમિયોપેથી ડૉક્ટર)** : તેઓ ૨૦થી પણ વધુ વર્ષથી આ સંસ્થા સાથે સંકળાયેલા છે. કેરિયરની શરૂઆતના દિવસથી સંસ્થા સાથે જોડાયેલા **અને હવે કોઈપણ ભોગે સમય કાઢીને પણ તેઓ અહીં સેવા આપે છે.**

**૧૨ અને ૧૩. ડૉ. શશાંક ગાંધી અને ડૉ. અર્ચિત ગાંધી :** પિતા-પુત્રની જોડી છેલ્લા દસ વર્ષથી સંસ્થા સાથે સંકળાયેલા છે અને ડિપાર્ટમેન્ટમાં પોતાની સેવા આપે છે. ડૉ. અર્ચિતે જણાવ્યું કે **તેમના વ્યસ્ત શિડ્યુલને કારણે ઘણીવાર તેમને મોડું થતું હોય છે પરંતુ પીન્ટુભાઈ જે રીતે ટાઈમ મેનેજમેન્ટ કરે છે તે તેમને ખૂબ જ હેલ્પફુલ થાય છે અને તેમના કામને ખૂબ જ સરળ બનાવે છે.**

૧૪. **ડૉ. પ્રમોદ મેનન (પ્લાસ્ટીક સર્જન)** : છેલ્લા ૯ વર્ષથી સંસ્થા સાથે સંકળાયેલા છે અને તેમણે જણાવ્યું કે પીન્ટુભાઈ અને મેનેજમેન્ટ જે રીતે તેમને મદદરૂપ થાય છે તેને લીધે તેમનું કાર્ય ઘણું સરળ બની જાય છે.

૧૫. **ડૉ. ચૈતસી શાહ** : તેઓ ૮થી ૯ વર્ષથી આ સંસ્થા સાથે સંકળાયેલા છે અને તેમણે પણ જણાવ્યું કે ઘણા વર્ષોથી ઓ.પી.ડી. સેવા કચ્છી જૈન સેવા સમાજ આપતું રહ્યું છે પરંતુ હવે આગળ વધવાનો સમય છે અને ઇન્ડોર સેવા શરૂ કરવી જોઈએ. કમસે કમ માઈનોર ઓ.ટી.ની સેવા આપવાની શરૂઆત તો સંસ્થા કરી જ શકે છે. **રોજ ઘણા બધા દર્દીઓ અહીં દવા કરાવવા માટે આવે છે અને અમે તેમને અધૂરી સેવા આપી બીજા ડોક્ટરને રીફર કરવાનું જણાવીએ છીએ જે અમને ખૂબ જ દુઃખદ લાગે છે. જો કચ્છી જૈન સેવા સમાજ માઇનોર ઓ.ટી. અને ઇન્ડોર ટ્રીટમેન્ટ જેવી સેવા શરૂ કરે તો દર્દીને પૂરી ટ્રીટમેન્ટ એક જ જગ્યાએથી આપી શકાય અને દર્દીને પણ પૂર્ણરૂપથી મદદરૂપ થયાનો આત્મસંતોષ મળી રહે. તે માટે ટ્રસ્ટીઓને એ દિશામાં વિચારવા**

**માટે તેમણે આગ્રહભરી વિનંતી કરી હતી.**

૧૬. **ડૉ. સીમુલ પટેલ (પેથોલોજી લેબોરેટરી) :** તેઓશ્રી વર્ષ ૨૦૧૮થી સંસ્થા સાથે જોડાયેલા છે અને તેમણે જણાવ્યું કે સંસ્થાના ટ્રસ્ટીઓ અને કાર્યકારી સભ્યો ખૂબ જ સપોર્ટીંગ છે. નવા મશીન લેવા હોય કે અન્ય કોઈપણ રજૂઆત કરવી હોય તો હંમેશાં તેમના તરફથી હકારાત્મક અભિગમ જ જોવા મળે છે.

૧૭. **ડૉ. નિગમ મહેતા (ફિઝીયોથેરાપિસ્ટ) :** તેઓ આઠ વર્ષથી આ સંસ્થા સાથે સંકળાયેલા છે. તેમણે જણાવ્યું કે ૨૦૦૮માં બેચલર થયા બાદ તેમણે આજ સંસ્થા સાથે કેરિયરની શરૂઆત કરી હતી અને ફરી પાછા માસ્ટર્સ કરવા પૂના ગયા પછી ૨૦૧૫માં પૂનાથી પરત ફરતા ફરી કચ્છી જૈન સેવા સમાજ સાથે કેરિયરની નવી શરૂઆત કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું કે **સંસ્થાએ ફિઝીયોથેરાપીને લગતું ખૂબ જ સારું સેટઅપ તૈયાર કરેલ છે** અને સંસ્થાના દરેક ટ્રસ્ટીઓ નવી ટેકનોલોજી કે નવા ઇક્વિપમેન્ટ માટે ખૂબ જ ઉત્સાહી હોય છે અને તેમની તરફથી હંમેશાં હકારાત્મક જ જવાબ હોય છે.

ડૉ. શિલ્પાબેને ટીપ્પણી કરતાં જણાવ્યું કે ફિઝીયોથેરાપી વિભાગ એવો વિભાગ છે કે જેમની દરેક ડૉક્ટરો પણ અવારનવાર સેવા લેતા હોય છે.

૧૮. **ડૉ. સ્નેહલભાઈ (ઓર્થોપેડિક સર્જન) :** તેઓશ્રી શરૂઆતના દિવસોથી સંસ્થા સાથે સંકળાયેલા છે. તેમણે જણાવ્યું કે નાના લગભગ દરેક કન્સલ્ટીંગ રૂમમાં તેમણે પોતાની બેઠક બનાવી હશે અને દરેક પ્રગતિમાં પોતે સહભાગી બન્યા છે અને તેમને સંસ્થાનો તેમજ પોતાના વિકાસનો ખૂબ જ આત્મસંતોષ છે. **તેમણે જણાવ્યું કે ૨૦૦૧માં ભૂકંપ વખતે પણ સંસ્થા સાથે રહી તેમણે જરૂરિયાતમંદોને ખૂબ જ સારી સેવા આપી હતી.**

૧૯. **ડૉ. પરાગભાઈ (M.D. Physician) :** ઘણા વર્ષોથી સંસ્થા સાથે જોડાયેલા છે અને મજાકમાં જણાવ્યું કે આજે પણ ડૉ. નીતુબેન પરીખના પતિ તરીકે સંસ્થામાં તેમની ઓળખ છે. તેમણે એમ પણ જણાવ્યું કે આ સંસ્થા સેવાના સારા કામો કરી રહી છે.

૨૦. **ડૉ. મહાવીર તમૈયા (કેન્સર સર્જન) :** તેઓશ્રી હાલમાં જ આ સંસ્થા સાથે જોડાયેલા છે અને તેમણે જણાવ્યું કે પોતાની જાતને એક ન્યુ બોર્ન બેબી તરીકે જુએ છે અને તેમને આશા છે કે તેઓ ઘણા લાંબા સમય સુધી આ સંસ્થા સાથે જોડાઈ અને જરૂરિયાતમંદોને લાંબા સમય સુધી સેવા આપી શકશે.

૨૧. **ડૉ. કૃપેશ શાહ (બાળરોગ નિષ્ણાત) :** કિરણબેને વર્ષ ૨૦૧૩માં તેમને સંસ્થાથી માહિતગાર કર્યા હતા અને તેમને સંસ્થા સાથે જોડવામાં કડી બન્યા તે બદલ કિરણબેનનો તેમણે આભાર માન્યો હતો. **વધુમાં તેમણે જણાવ્યું કે સંસ્થાની દર્દીઓને કોઈ પણ સંજોગોમાં સહાય કરવાની તમન્ના તેમને ખૂબ જ પ્રભાવિત કરે છે અને તેમને લાગે છે કે આ સંસ્થા ખૂબ જ** 'પેશન્ટ ફ્રેન્ડલી' સંસ્થા છે.

૨૨. **ડૉ. જય શાહ (નેફ્રોલોજિસ્ટ) :** તેઓશ્રી ૭થી ૮ વર્ષથી સંસ્થા સાથે સંકળાયેલા છે. **શાહીબાગના ડાયાલિસિસ સેન્ટરને તેઓ અમદાવાદના ખૂબ જ સારા ડાયાલિસિસ સેન્ટરોમાંના એક તરીકે ગણે છે.** તેમણે જણાવ્યું કે દૂર દૂરથી પણ લોકો શાહીબાગ, શ્રી કચ્છી જૈન સેવા સમાજનું નામ સાંભળીને ડાયાલિસિસ માટે આવે છે. અત્યાધુનિક મશીનો અને અન્ય સગવડને લીધે દર્દીઓ આપણા ડાયાલિસિસ સેન્ટરનો આગ્રહ રાખે છે.

૨૩. **ડૉ. ઋત્વિન શાહ (નેફ્રોલોજિસ્ટ) :** હાલમાં જ એકાદ મહિનાથી સંસ્થા સાથે જોડાયેલા છે અને દર્દીને કઈ રીતે વધુ સહાયરૂપ બની શકાય તેવા સંસ્થાના વલણથી તેઓ ખૂબ જ પ્રભાવિત છે.

૨૪. **ડૉ. આકાશ શાહ (એન્ડોક્રાઈનોલોજિસ્ટ) :** ૧ વર્ષથી સંસ્થા સાથે જોડાયેલા છે. જ્યારે અમદાવાદ આવ્યા ત્યારે તેમના માટે ખૂબ જ અઘરું હતું કે કારકિર્દીની શરૂઆત ક્યાંથી શરૂ કરવી. પરંતુ તેઓ ખૂબ ખુશ છે કે આ સંસ્થા સાથે જોડાઈને તેમને ખૂબ જ સારો કેરિયર ગ્રોથ મળ્યો અને સમાજની સેવા કર્યાનો તેમને અહેસાસ થાય છે. અને **તેઓ પણ અન્ય સિનિયર ડોક્ટરોની જેમ ૨૫ વર્ષ સંસ્થા સાથે રહી ખૂબ ગર્વથી કહેવા માંગે છે કે તેઓ ૨૫ વર્ષથી આ સંસ્થા સાથે સંકળાયેલા છે.**

૨૫. **ડૉ. કમલેશભાઈ શાહ (M.D. Physician) :** ૩૯-૪૦ વર્ષ પહેલા ખેડા જિલ્લામાં હોસ્પિટલ ચલાવ્યા પછી છેલ્લા પાંચ વર્ષથી આપણી સંસ્થાના મેડિકલ સેન્ટર સાથે સંકળાયેલા છે. તેઓશ્રીએ જણાવ્યું કે પીન્ટુભાઈ અને દક્ષાબેન સિનિયર હોય કે જુનિયર દરેક ડૉક્ટરને ખૂબ જ મદદરૂપ થાય છે અને સરળ મેનેજમેન્ટને લીધે તેમને અહીં ઓ.પી.ડી. ખૂબ જ આરામદાયક લાગે છે. ડૉ. **કમલેશભાઈએ વધુમાં જણાવ્યું કે તેમના મેડિકલ અને અન્ય ક્ષેત્રના આર્ટીકલોને પણ સંસ્થાના મુખપત્રમાં સ્થાન મળ્યું છે તેના માટે પણ તેઓ સંસ્થાના ખૂબ**

**જ આભારી છે.**

૨૬. **ડૉ. મીત બારભાયા (સ્કીન સ્પેશિયાલિસ્ટ) :** તેઓશ્રી છેલ્લા બે વર્ષથી સંસ્થા સાથે સંકળાયેલા છે અને સંસ્થા સાથે રહી વધુને વધુ સેવા કરવા કટીબધ્ધ છે.

૨૭. **પરિતા શર્મા (સાઈકોલોજિસ્ટ કાઉન્સેલર) :** છેલ્લા દોઢેક વર્ષથી સંસ્થા સાથે સંકળાયેલા છે અને તેઓ જણાવે છે કે સંસ્થાના કાર્યો સંતોષજનક છે.

૨૮. **ડૉ. કેતુલ પૂજ (કેન્સર સર્જન) :** ગુજરાત કેન્સર ઈન્સ્ટિટ્યૂટ સિવિલમાં એસોસિએટ પ્રોફેસર તરીકે સેવા આપે છે અને કચ્છી જૈન સેવા સમાજના સભ્ય છે. પ્રાઈવેટ સંસ્થામાં સેવા ન આપી શકવાના સિવિલ સાથેના કરારને લીધે અહીં સેવા નથી આપી શકતા **પરંતુ કચ્છી સંસ્થાએ રીફર કરેલા કોઈપણ દર્દીને સિવિલના કોઇપણ ડિપાર્ટમેન્ટમાં મદદરૂપ થવા માટે હંમેશાં તત્પર રહે છે અને તેમણે કહ્યું કે તેમને ગર્વ છે કે કચ્છી જૈન સેવા સમાજ તબીબી ક્ષેત્રે આટલી સારી સેવા સમાજને આપી રહ્યું છે.**

૨૯. **ડૉ. સેતુલ શાહ (ડેન્ટીસ્ટ - ઓરલ સર્જન) :** તેઓ છેલ્લા ૮ વર્ષથી સંસ્થા સાથે સંકળાયેલા છે અને ભવિષ્યમાં પણ સંસ્થા સાથે રહી જરૂરિયાતમંદોને સેવા આપવા કટીબધ્ધ છે.

૩૦. **ડૉ. તિલક પરીખ (ઓર્થોડોન્ટીસ્ટ) :** તેઓ વર્ષોથી આ સંસ્થા સાથે સંકળાયેલા છે અને તેમને લાગે છે કે સપોર્ટીવ સ્ટાફના હિસાબે તેમનું કાર્ય કરવું સરળ બની જાય છે અને ભવિષ્યમાં પણ સંસ્થા સાથે સંકળાયેલા રહી સેવા આપવાની ઈચ્છા ધરાવે છે.

૩૧. **ડૉ. રીદ્ધિ જોશી (ફિઝીયોથેરાપિસ્ટ) :** ફિઝીયોથેરાપિસ્ટ છે અને છેલ્લા બે વર્ષથી સંસ્થા સાથે સંકળાયેલા છે. ટ્રસ્ટીઓ અને સ્ટાફના આત્મીય વ્યવહારને લીધે તેમને અહીં ખૂબ અનુકૂળતા રહે છે.

૩૨. **ડૉ. કૈવન શાહ (ગેસ્ટ્રો ફિઝીશિયન) :** ડૉ. કૈવને જણાવ્યું કે સંસ્થાના સ્ટાફના આત્મીય વ્યવહારને લીધે જ સંસ્થાનો આટલો વિકાસ શક્ય બન્યો છે.

૩૨. **ડૉ. ચિરાગ શાહ (કાર્ડિયોલોજિસ્ટ) :** છેલ્લા બે વર્ષથી આ સંસ્થા સાથે સંકળાયેલા છે. તેઓએ સંસ્થાને સુજાવ આપતા જણાવ્યું કે **હવે સંસ્થાએ સી.ટી. સ્કેન અને એમ.આર.આઈ. જેવી સેવાઓ ઉમેરવા પર ધ્યાન આપવું જોઈએ.** તેમણે જણાવ્યું કે જો આ સેવાઓ પણ સંસ્થામાં ઉમેરવામાં આવે તો જરૂરિયાતમંદ દર્દીઓને ઘણી રાહત મળી શકે તેમ છે.

છેલ્લે ડૉ. નીતુબેને દક્ષાબેન અને પીન્ટુભાઈ વિશે કહ્યું કે દક્ષાબેન અને પીન્ટુભાઈ માતા-પુત્રની જોડીની જેમ સંસ્થામાં ખૂબ જ કાર્યશીલ રહ્યા છે અને આ માતા-પુત્રની નિઃસ્વાર્થ સેવા જ આ મેડિકલ સેન્ટરની પ્રગતિની ચાવી છે.

રજનીભાઈએ પણ પીન્ટુભાઈના વખાણ કરતા કહ્યું કે એક કોમ્પ્યુટર ઑપરેટર તરીકે શરૂઆત કરી આજે આખું પાલડી મેડિકલ સેન્ટર ખૂબ જ સરસ રીતે સંભાળે છે.

★

ડૉક્ટરશ્રીઓના અભિપ્રાય પછી સંસ્થાના હોદ્દેદારો અને ટ્રસ્ટીશ્રીઓ અને મેડિકલ સમિતિના સભ્યોએ પોતાની ઓળખાણ આપેલ હતી.

કાર્યક્રમની પુર્ણાહૂતિ કરતાં સંસ્થાના મંત્રી રજનીકાંત પારેખે આભારવિધિ કરી હતી.

**રાષ્ટ્રગીતના ગાન સાથે સમારંભની પુર્ણાહૂતિ કરવામાં આવી હતી.**

સૌ ભાવતું ભોજન લઈને છૂટા પડ્યા હતા ત્યારે આપણા માનનીય વડાપ્રધાનનું સૂત્ર સાર્થક થતું લાગ્યું "સૌનો સાથ... સૌનો વિકાસ... સૌનો વિશ્વાસ...."

***અશ્વિનભાઈ સાવલા - કન્વીનરશ્રી***
***રજનીકાંત પારેખ - માનદ્ મંત્રીશ્રી***

*(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં. ૮૭-૮૯)*

## ડૉક્ટરોના ગેટ-ટુ-ગેધર કાર્યક્રમ બાદ મળેલા પ્રતિભાવો

★ I am delighted in this beautiful & discipline foram. I am proud to be a part of Shri Kachhi Jain Samaj. I have completed a Senior Physician 43 years of my practice. Wish to be a part of my Golden Jubilee year. Thanks for your gift. Pray a God for much more to come.

***– Dr. Kamlesh Shah, M.D. (Physician)***

★ Wonderful gathering. Enjoyed a lot. It was like family function.

***– Dr. Tapan Shah***

# મહિલા ઉત્કર્ષ સમિતિ

*સમિતિ દ્વારા*
***'Doctors Meet and Talk" કાર્યક્રમ યોજાઈ ગયો.***

***ડૉ. અલય બેન્કર – Retina Specialist***
***આંખના પડદાને લગતી સમસ્યા વિશેની જાણકારી***

***ડૉ. કાનન શાહ – ડેન્ટીસ્ટ***
***Dental Implant Procedure વિશેની માહિતી***

***ડૉ. ગાર્ગીબેન વસાવડા – આયુર્વેદ ડોક્ટર***
***૪૦ પછીની તંદુરસ્તી આયુર્વેદ સાથે***

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ષષ્ઠી પૂર્તિ મહોત્સવની શરૂઆતમાં મહિલા ઉત્કર્ષ સમિતિ વતી ઉપરોક્ત કાર્યક્રમ મંગળવાર, તા. ૧૮-૪-૨૦૨૩ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજાઈ ગયો. છેલ્લા છ દાયકાથી સતત પ્રવૃત્તિશીલ સમાજ (KJSS)ના આધાર સ્થંભો જેવા દીર્ઘદષ્ટિવાળા વડીલોને વંદન કરતા કાર્યક્રમની શરૂઆત થઈ હતી.

મહિલા ઉત્કર્ષ સમિતિ હંમેશાં બહેનોની તંદુરસ્તી માટે ચિંતિત હોઈ અવારનવાર આરોગ્ય જાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરતી આવી છે. જે અંતર્ગત આ ગોઠવાયેલ કાર્યક્રમમાં જુદા જુદા ક્ષેત્રના નિષ્ણાત ઉપરોક્ત ત્રણ ડૉક્ટર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા અને એમણે પોતાના વિષય ઉપર સચોટ, વિસ્તૃત અને સરળ માહિતી PPT ની મદદથી આપી હતી. વક્તવ્ય પછીની પ્રશ્નોત્તરી પણ એટલી જ સંતોષકારક રહી હતી.

## ● પરિચય ●

### ડૉ. અલય બેંકર – રેટીના સ્પેશિયાલીસ્ટ.

બેંકર્સ રેટીના ક્લિનિકના તેઓ ડાયરેક્ટર છે. ગુજરાત ટેલી મેડિસીનનો ROP Project, જેના તેઓ મુખ્ય સંચાલનકર્તા છે. ગુજરાત યુનિવર્સિટીમાંથી M.S. ની ડિગ્રી ગોલ્ડ મેડલ સાથે મેળવ્યા પછી દેશ અને વિદેશમાંથી પોતાના વિષયનું વિસ્તૃત જ્ઞાન ઉંડાણપૂર્વક મેળવ્યું છે. એમની કારકિર્દી દરમિયાન એમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સંખ્યાબંધ ઍવોર્ડસ હાંસલ કર્યા છે.

પોતાની રેગ્યુલર પ્રેક્ટીસ ઉપરાંત તેઓ સેવાકીય પ્રવૃત્તિ પણ કરી રહ્યા છે. જેવી કે ROP Project (Retinopathy of Prematurity) (અધૂરા માસે જન્મેલ બાળકની પહેલા જ મહિનામાં રેટીનાની તપાસ). જે અંતર્ગત એઓ હમણાં સુધી ૬૦,૦૦૦ બાળકોને examine કરી ચૂક્યા છે. એમાંથી ૨૦૦૦ બાળકોને પ્રોબ્લેમ હોઈ, ટેલીમેડિસીન દ્વારા સારવાર અપાઈ અને એમને દૃષ્ટિ ફરી અપાવી છે.

આ સેવાકીય કાર્ય એનું પૅશન બની ગયું છે. આ જ એમની મોટી સિધ્ધિ છે એવું તેઓ પોતે માની રહ્યા છે. આ સોશિયલ સર્વિસ બદલ અમદાવાદ મેડિકલ એસો. દ્વારા તેમને ઍવોર્ડથી નવાજવામાં પણ આવ્યા છે.

***એમના વક્તવ્યના અંશો :***

૧. Diabetic Retinopathy (ડાયાબિટીસવાળા દર્દીઓને થતાં આંખના પ્રોબ્લેમ્સ). ગુજરાત રાજ્ય ડાયાબિટીસના દર્દીઓની સંખ્યામાં મોખરે છે. આ દર્દીઓને રેટીના ઉપર પહેલી અસર થાય છે. જો શરૂઆતના તબક્કે નિદાન થાય તો સારવાર શક્ય છે પણ જો ઘેટાંઈ જાય તો સારવાર અશક્ય બની જાય છે. અંધાપો આવી જવાની સંભાવના રહે છે. Precaution is better than Cure.

   ***સૂચન :*** ડાયાબિટીસનું નિદાન થાય કે તરત જ રેટીના ચેક-અપ કરાવવું અને સમયાંતરે કરાવતા રહેવું ખૂબ જરૂરી.

૨. Age related degeneration
   ઉંમર થતા અન્ય અંગોમાં ઘસારો દેખાય. એવી જ રીતે Retina માં પણ.

   ***સૂચન :*** ૫૦ વર્ષની ઉંમર પછી નિયમિત રેટીના ચેક-અપ કરાવવું. દર કલાકે આંખમાં પાણી છાંટતા રહેવું.

૩. Retinopathy of Prematurity (અધૂરા માસે જન્મેલું બાળક)
   આવા બાળકોને જન્મ પછી પહેલા જ મહિનામાં રેટીના ચેક-અપ કરાવવું ખૂબ જરૂરી. જો પ્રોબ્લેમ હોય તો તરત જ એની સારવાર થઈ શકે અને એને ભવિષ્યમાં અંધાપો આવવાની શક્યતા ઘટી જાય.

   ***સૂચન :*** તમારા નજીકના વર્તુળમાં એટલે કે સગા-સંબંધી, પાડોશી, ઘરકામ કરવા આવતા બહેનો, તમારા કાર્યક્ષેત્રમાં કામ કરવા આવતા કારીગર બહેનો – કોઈને પણ ત્યાં જો આવું પ્રિમેચ્યોર બાળક જન્મે તો તરત એમને સમજાવીને બાળકનું પહેલા જ મહિનામાં રેટીના ચેક-અપ કરાવવું અત્યંત જરૂરી.

### ડૉ. કાનન શાહ (સિનિયર ડેન્ટીસ્ટ)નો પરિચય

એમના કેરિયરની શરૂઆત અને આપણા પાલડી ભવનના મેડિકલ સેન્ટરની શરૂઆત લગભગ સાથે સાથે જ. જ્યાં એમણે પાંચેક વર્ષ સેવા આપી. હાલમાં તેઓશ્રી પ્રીતમનગર ખાતે

પોતાનું ક્લિનિક – “આગમ ડેન્ટલ ક્લિનિક” ચલાવે છે. તેઓશ્રી બધી જ ડેન્ટલ સારવાર જેવી કે રૂટ કેનાલ ટ્રીટમેન્ટ (RCT), Partial Dentures, Fall dentures, Cosmetic Dentistry વગેરે સારવાર આપી રહ્યા છે. સાથે સાથે Advanced technologyની ટ્રીટમેન્ટ એટલે કે Implant Dental Procedure પણ સફળતાપૂર્વક કરી રહ્યા છે.

***એમના વક્તવ્યના અંશો :***

આપણા દાંતની રચના વિશેની માહિતીથી ઈમ્પ્લાન્ટ સુધીની માહિતી PPT ની મદદથી ખૂબ સરળ ભાષામાં સમજાવી હતી.

સંજોગોવશાત જ્યારે દાંતને બચાવવો અશક્ય બને અને કાઢવો જ પડે ત્યારે શું?

જો એક કે બે દાંત પડી ગયા હોય તો બ્રિજ બનાવી શકાય. એનાથી વધારે પડી ગયા હોય તો Partial denture બનાવી શકાય.

જો બધા જ પડી ગયા હોય તો Full Denture (ચોકઠું) બનાવાય.

પરંતુ જો ચોકઠું પણ ના પહેરવું હોય તો?

Advanced medical Science & Technology ની મદદથી કાયમી ફિક્સ્ડ દાંત પણ બેસાડી શકાય. જેને Implant – Dental Procedure કહેવાય છે. જે એક, બે કે વધારે કે બધા જ દાંત માટે possible છે.

આમાં ઈમ્પ્લાન્ટ (Titanium Screws) એની ઉપર abundant અને એની ઉપર દાંત મૂકવામાં આવે છે. ટુંકમાં, Bolt & Nut જેવું મિકેનિઝમ માની શકાય. જે વર્ષો સુધી ચાલે – થોડી સાવચેતી સાથે. બે પ્રકારના ઈમ્પ્લાન્ટ – Conventional Implant & Basal Implant.

- ***સાવચેતી :*** Oral hygiene maintain કરવું પડે. Water flossing કરવું પડે. રેગ્યુલર ચેક-અપ કરાવવું પડે.
- ***ફાયદા :*** આ કાયમી સારવાર કરાવવાથી ચહેરાનો દેખાવ સારો થાય છે (જળવાઈ રહે છે). ઉચ્ચાર સ્પષ્ટ બોલી શકાય છે જેવી Quality of Life સુધરી શકે છે.
- ***મર્યાદા (Limitations) :*** આ સારવાર સમય માંગી લે એવી છે (૮ થી ૧૨ મહિના). આ સારવાર થોડી ખર્ચાળ પણ છે.

**ડૉ. ગાર્ગીબેન વસાવડા (આયુર્વેદ ડોક્ટર)**

BSAM ની ડિગ્રી ધરાવતા ગાર્ગીબેન હાલમાં આપણા પાલડી મેડિકલ સેન્ટરમાં એક આયુર્વેદ ડોક્ટર તરીકે સેવા આપી રહ્યા છે. વડોદરાથી ડિગ્રી હાંસલ કર્યા પછી મુંબઈની પોદ્દાર હોસ્પિટલમાં ગાયનેક / સર્જરી વિભાગમાં હાઉસમેન તરીકે સેવા આપી છે. તેમણે દૂરદર્શન અમદાવાદ માટે ૪૦ જેટલા આયુર્વેદિક કાર્યક્રમો પ્રસારીત કર્યા છે.

અમદાવાદમાં આયુર્વેદ અને પંચકર્મ ક્લિનિક ધરાવે છે. ઉપરાંત તેઓ આયુર્વેદિક હર્બલ પ્રોડક્ટ્સ For Skin care & Hair care અને Dietary supplements Products નું ઉત્પાદન પણ કરી રહ્યા છે.

***એમના વક્તવ્યના અંશો :***

બાળક જન્મે – છ દિવસનું થાય – છઠ્ઠીના દિવસે જ આપણે એને મધ ચટાડીએ છીએ. એટલે કે આયુર્વેદ આપણી ગળથૂથીમાં જ છે, પણ આજકાલ આપણે આપણી પરંપરાગત ઔષધિઓ ભૂલી ગયા છીએ. પ્રકૃતિથી દૂર થઈ ગયા છીએ. એ બધી ઔષધિઓ એમણે ફરી યાદ કરાવી. “દિનચર્યા આયુર્વેદ સાથે” વિષય ઉપર ખૂબ રસપ્રદ માહિતી આપી હતી.

સવારના પ્રાણાયામ, કસરત, દાંત માટે Oil Pulling, નાહ્યા પહેલાં તેલ માલીશ, નાહવામાં ઉબટનનો ઉપયોગ વગેરે ક્રિયાઓનું મહત્ત્વ સમજાવતા વક્તવ્યની શરૂઆત કરી હતી. સુવર્ણ પ્રાશન, રસાયણ ચૂર્ણ, સુવર્ણ વસંતમાલતી, ભૃંગરાજ વગેરેનું સેવન કરવાથી થતા ફાયદા સમજાવ્યા હતા. હળદર, કુંવારપાઠું, અજમો, દલીયા, ગળો, લીમડો, ગોખરું, ત્રિફળા, તુલસી, આમળા, કાળી દ્રાક્ષ, ધાણા, મેથી, ઈસબગુલ, દેશી ગોળ, ગાયનું ઘી, તલનું તેલ, દીવેલ... આ બધી જ હાથવગી રોજિંદી ચીજવસ્તુઓને સચોટ રીતે ઉપયોગ કરીએ તો આપણી શારીરિક સમસ્યાઓ દૂર થઈ શકે અને આપણે સારું સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી શકીએ – એવી સમજણ વિસ્તારથી પૂરી પાડી હતી.

★

***ઉપસ્થિત ત્રણેય ડૉક્ટર મિત્રોનું બહુમાન મોમેન્ટો અર્પણ કરીને કરાયું હતું.***

★ ***ડૉ. અલય બેંકર :*** શ્રીમતી ઉષાબેન શુક્લના હસ્તે (Wife of ડૉ. શિલીન શુક્લ – Onchophysician.) જેમણે ત્રીસેક વર્ષ સુધી શાળામાં આચાર્ય તરીકે સેવા આપી. ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ઘણા ઍવોર્ડસ પ્રાપ્ત કરેલ છે.

★ ***ડૉ. કાનનબેન શાહ :*** શ્રીમતી રેવંતીબેન મણિલાલ ગોસરના હસ્તે (સહયોગી દાતા).

★ ***ડૉ. ગાર્ગીબેન વસાવડા :*** શ્રીમતી ફણી ત્રિવેદીના શુભ હસ્તે. Environmentalist & Climate Action Expert છે.




*ડૉ. અલય બેંકરનું સન્માન કરતા શ્રીમતી ઉષાબેન શુક્લ*



*ડૉ. કાનન રાવલનું સન્માન કરતા રેવંતીબેન ગોસર*



*ડૉ. ગાર્ગીબેન વસાવડાનું સન્માન કરતા શ્રીમતી ફણી ત્રિવેદી*



*ડૉ. ગાર્ગીબેન વસાવડા અને ડૉ. કાનન રાવલની સાથે સમિતિની બહેનો*



*કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત દર્શક બહેનોની બહોળી સંખ્યા*

ત્રણેય ડૉક્ટર મિત્રોના વક્તવ્ય બાદ શ્રીમતી ફણી ત્રિવેદી – જેઓ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ ઉપર કામ કરી રહ્યા છે, એમણે બહેનોને પ્લાસ્ટીક વેસ્ટ કેમ ઓછું થાય, એનો પર્યાય શું – એના વિશે ટૂંકમાં માહિતી આપી હતી. કચરાની બાસ્કેટમાં Inner તરીકે પ્લાસ્ટીકની થેલીના બદલે Biodegradable Bags (જે માટીમાં ભળી જઈને પર્યાવરણને પ્રદૂષિત થતું અટકાવે)નું ડેમોન્સ્ટ્રેશન આપ્યું હતું.

***એક નવી પહેલ :*** આ કાર્યક્રમ દરમિયાન પીરસાયેલ નાસ્તો આપણા જ સમાજની બહેનો પાસેથી બનાવડાવેલ હતો. સમિતિની આ પહેલને સૌ બહેનોએ આવકારી હતી.

સમિતિની પ્રણાલી મુજબ કાર્યક્રમ દરમિયાન સમાજની મહિલા સાહસિક બહેનોને પોતાની પ્રોડક્ટ્સ પ્રદર્શિત કરવા ટેબલ ફાળવવામાં આવ્યા હતા.

લગભગ ૧૦૦ જેટલી બહેનોએ હાજરી આપી હતી. સૌના ચહેરા ઉપર એમની સમસ્યાઓનું સમાધાન મળ્યાનો સંતોષ દેખાઈ આવતો હતો.

સમિતિના સભ્યોની મહેનત, ત્રણેય ડૉક્ટર મિત્રોનું ઉપયોગી વક્તવ્ય અને ૧૦૦ બહેનોની હાજરીએ (ઉનાળાની બપોરે) કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

અંતમાં, ડૉક્ટર મિત્રો જેમણે પોતાનો અમૂલ્ય સમય વિના મૂલ્યે આપ્યો હતો, મહેમાનો અને સભ્ય બહેનો સૌનો આભાર મનાયો હતો.

***સમિતિની પ્રવૃત્તિઓની જાણકારી મેળવવા***
***WhatsApp Group @ 80009 72969 માં જોડાઓ.***

***શ્રીમતી સુલુ જલદીપ શાહ - કન્વીનર***

# ગૃહ ઉદ્યોગ સમિતિ

આપ સહુ સભ્યોને અગાઉ જણાવેલ છે તે પ્રમાણે આપણા સભ્યો દ્વારા બનાવાતી કે વેચાતી વસ્તુઓ હાલ અમે આપ સહુ સુધી ''રતનવીર ગૃહ ઉદ્યોગ''ના નામથી પહોંચાડવા માંગીએ છીએ. આપ સહુને વિનંતી, કે આ કાર્યમાં આપ સહુનો સાથ અને સહકાર પ્રાપ્ત થઈ શકશે. દરેક વસ્તુ સીઝન પ્રમાણે મળી શકશે.

**ફરસાણ :**

સેવ, લકડિયા ગાંઠિયા, ભાવનગરી ગાંઠિયા, મેથી ગાંઠિયા, મરી ગાંઠિયા, તીખું ચવાણું, ખાટુ-મીઠું ચવાણું, નડિયાદી ભૂસું, ચણાજોર ગરમ, મગજોર ગરમ, તીખા અને મીઠા શક્કરપારા, તીખી પાપડી, મોળી પાપડી, નાની ભાખરવડી, બટર ભાખરવડી, મકાઈનો ચેવડો, નાયલોન પૌંઆનો ચેવડો, ચણાની દાળ, મગની દાળ, તીખી અને મોળી બુંદી, ઘઉંની ચકરી, મેથીની પુરી, મસાલા પુરી, ફરસી પુરી વગેરે.

*ભાવ : ૨૦૦ ગ્રામના પેકિંગમાં રૂા. ૪૦/-*

**ખાખરા હાથે વણેલા :**

(૧) મેથી, જીરા, મસાલા, સાદા.
*ભાવ : ૫૦૦ ગ્રામના પેકિંગમાં રૂા. ૯૫/-*

(૨) મેથી, જીરા, મસાલા, મેંગ્લોરી, કુરકુરે, મેથી મસાલા, ચાટ મસાલા, ચટપટા, ચોળાફળી, પાણીપુરી, પીઝા, સેઝવાન, નાચોસ, પેરી પેરી.
*ભાવ : ૨૦૦ ગ્રામના પેકિંગમાં રૂા. ૪૫/-*

**નેચરલ શરબત :**

| *નામ* | **500 ml** | **900 ml** |
|---|---|---|
| ગુલાબ | ૯૦/- | ૧૬૦/- |
| કાલાખટ્ટા | ૯૦/- | ૧૬૦/- |
| ખસ | ૯૦/- | ૧૬૦/- |
| કાચી કેરી | ૯૦/- | ૧૬૦/- |
| કોકમ | ૯૦/- | ૧૬૦/- |
| કેસર બદામ | ૧૩૫/- | ૨૪૦/- |
| વરીયાળી | ૧૨૦/- | ૨૧૦/- |
| લેમન | ૯૦/- | ૧૬૦/- |
| જીંજર લેમન | ૧૦૦/- | ૧૭૦/- |
| ઓરેન્જ | ૯૦/- | ૧૬૦/- |
| મેંગો | ૯૦/- | ૧૬૦/- |
| કેસર ઈલાયચી | ૧૩૫/- | ૨૫૦/- |
| પીસ્તા | ૧૩૫/- | ૨૫૦/- |
| બદામ | ૧૩૫/- | ૨૫૦/- |
| મીન્ટ લેમન | ૯૦/- | ૧૬૦/- |

**નેચરલ ક્રશ :**

| *નામ* | **500 ml** | **900 ml** |
|---|---|---|
| સ્ટ્રોબેરી | ૧૨૦/- | ૨૨૦/- |
| મેંગો | ૧૨૦/- | ૨૨૦/- |
| બ્લેક કરન્ટ | ૧૨૦/- | ૨૨૦/- |
| ઓરેન્જ | ૧૨૦/- | ૨૨૦/- |
| પીન્ક ગુઆવા | ૧૨૦/- | ૨૨૦/- |
| રસ મલાઈ | ૧૩૫/- | ૨૫૦/- |
| કિવી | ૧૨૦/- | ૨૨૦/- |
| અંજીર | ૧૩૫/- | ૨૫૦/- |
| પાન મસાલા | ૧૩૫/- | ૨૫૦/- |
| પાઈનેપલ | ૧૨૦/- | ૨૨૦/- |
| બટર સ્કોચ | ૧૨૦/- | ૨૨૦/- |
| ગ્રીન ગ્રેપ વીથ જીંજર | ૧૨૦/- | ૨૨૦/- |
| ઠંડાઈ | ૧૩૫/- | ૨૫૦/- |

**નેચરલ શરબત પ્રિ-મિક્સ :**

લેમન, કાલા ખટ્ટા, ઓરેન્જ, પાન, પીન્ક ગુઆવા, કાચી કેરી, બ્લેક કરન્ટ, ગુલાબ, ખસ, પાઈનેપલ, સ્ટ્રોબેરી, કિવી

*ભાવ : ૨૫૦ ગ્રામ – રૂા. ૬૦/-*

**લસ્સી પ્રિ-મિક્સ :**

★ ગુલાબ લસ્સી, સ્ટ્રોબેરી લસ્સી, ચોકલેટ લસ્સી, મેંગો લસ્સી, જીરા લસ્સી, મસાલા લસ્સી, ચીઝ લસ્સી.
*ભાવ : ૨૫૦ ગ્રામ – રૂા. ૭૫/-*

★ કેસર લસ્સી
*ભાવ : ૨૫૦ ગ્રામ – રૂા. ૮૫/-*

★ રાજભોગ લસ્સી, પીસ્તા લસ્સી
*ભાવ : ૨૫૦ ગ્રામ – રૂા. ૯૦/-*

**ફાલુદા પ્રિ-મિક્સ :**

★ ગુલાબ, સ્ટ્રોબેરી, રબડી, રાજભોગ, મેંગો, રસમલાઈ, કેસર, પીસ્તા.
*ભાવ : ૧૦૦ ગ્રામ – રૂા. ૬૦/-*

**નેચરલ મિલ્કશેક પ્રિ-મિક્સ**

★ વેનીલા, સ્ટ્રોબેરી, મેંગો, બનાના, બટર સ્કોચ
*ભાવ : ૨૫૦ ગ્રામ – રૂા. ૯૦/-*

★ બદામ, હોટ એન્ડ કોલ્ડ ચોકલેટ, કોલ્ડ કોકો, એક્સપ્રેસો કોફી, ઠંડાઈ ● *ભાવ : ૨૫૦ ગ્રામ – રૂા. ૧૧૦/-*

**ઇન્સ્ટન્ટ પંજાબી ગ્રેવી પ્રિ-મિક્સ :**

*(૧૦૦ ગ્રામનું પેકેટ)*

| *નામ* | *જૈન* | *રેગ્યુલર* |
|---|---|---|
| મેથી મટર મલાઈ | ૧૧૦/- | ૧૦૦/- |
| મેથી પનીર મલાઈ | ૧૧૦/- | ૧૦૦/- |
| પનીર બટર મસાલા | ૧૧૦/- | ૧૦૦/- |
| ચીઝ બટર મસાલા | ૧૧૦/- | ૧૦૦/- |
| પનીર ટીક્કા મસાલા | ૧૧૦/- | ૧૦૦/- |
| પનીર પસંદા | ૧૧૦/- | ૧૦૦/- |
| કડાઈ પનીર ટીક્કા | ૧૧૦/- | ૧૦૦/- |
| તવા પનીર | ૧૧૦/- | ૧૦૦/- |
| વેજ તુફાની | ૧૧૦/- | ૧૦૦/- |
| પનીર દો પ્લાઝા | ૧૧૦/- | ૧૦૦/- |
| કાજુ કરી | ૧૧૦/- | ૧૦૦/- |
| મિક્સ વેજ | ૧૧૦/- | ૧૦૦/- |
| છોલે ચણા | ૧૧૦/- | ૧૦૦/- |
| રાજમા મસાલા | ૧૧૦/- | ૧૦૦/- |
| સંભાર પ્રિ-મિક્સ | ૧૧૦/- | — |
| ઉપમા પ્રિ-મિક્સ | ૬૦/- | — |
| પૌંઆ પ્રિ-મિક્સ | ૭૦/- | — |

**મીઠાઈ :**

હોમ મેઈડ ઓર્ડર મુજબ બનાવી આપીશું.

*(વજન : ૫૦૦ ગ્રામ)*

| *નામ* | *ભાવ* |
|---|---|
| કાજુ કતરી | ૪૦૦/- |
| રોઝ કતરી | ૪૧૦/- |
| બ્લ્યુબેરી કતરી | ૪૧૦/- |
| ઓરેન્જ કતરી | ૪૧૦/- |
| કાચી કેરી કતરી | ૪૧૦/- |
| લેમન કતરી | ૪૧૦/- |
| સ્ટ્રોબેરી કતરી | ૪૧૦/- |
| કેસર કતરી | ૪૧૦/- |
| મેંગો કતરી | ૪૧૦/- |
| બ્લેક કરન્ટ કતરી | ૪૧૦/- |
| પીસ્તા કતરી | ૪૧૦/- |
| લીચી કતરી | ૪૧૦/- |
| રાસબરી કતરી | ૪૧૦/- |
| ચીલી ગુઆવા કતરી | ૪૧૦/- |
| કાજુ પીસ્તા રોલ | ૪૨૫/- |
| કાજુ અંજીર રોલ | ૪૨૫/- |
| ડ્રાયફ્રુટ ખજુર રોલ | ૩૫૦/- |
| ડ્રાયફ્રુટ બુંદી લાડુ | ૨૮૫/- |
| ગોળીયા લાડુ | ૨૬૦/- |
| ડ્રાયફ્રુટ ચુરમાના લાડુ | ૨૮૦/- |
| ફિણીયા લાડુ | ૨૬૦/- |
| ડ્રાયફ્રુટ ઓટ્સ માખણીયા લાડુ | ૩૯૦/- |
| મગસના લાડુ | ૨૫૦/- |
| ઈલાયચી પેંડા | ૨૭૦/- |
| કેસર પેંડા | ૨૯૦/- |
| મોહનથાળ | ૨૬૦/- |
| ગુંદરપાક | ૨૮૫/- |
| અડદિયા પાક | ૩૫૦/- |
| મગદળીયા | ૨૫૦/- |

ઉપરની કોઈપણ વસ્તુનો ઓર્ડર લખાવવા તમે નીચે મુજબના સમિતિના સભ્યોનો કોન્ટેક્ટ કરી આપનો ઓર્ડર લખાવી શકો છો.

***અમીબેન એન. શાહ : મો. ૯૯૭૯૯ ૬૧૯૨૯***
***કૃપાલીબેન સી. રાંભિયા : મો. ૯૦૮૧૮ ૧૭૮૧૪***
***ભાવનાબેન દેઢિયા : મો. ૯૪૦૯૬ 03010***
***નંદિતાબેન શાહ : મો. ૮૩૨૦૦ ૫૪૬૩૬***

આપને આપના ઓર્ડરની ડિલીવરી નીચે દર્શાવ્યા મુજબના કોઈ પણ સરનામેથી મળી શકશે પણ તે આપે ઓર્ડર સમયે લખાવવાની રહેશે. જેથી અમો આપનો ઓર્ડર જે તે સરનામે પહોંચાડી શકીએ.

૧. **રતનવીર ગૃહ ઉદ્યોગ**
ફ્લેટ નં. ૧-૨, નવનીત આવાસ,
કલ્યાણજી આણંદજી બ્લોક્સ, બહેરામપુરા, અમદાવાદ.

૨. **રતનવીર ગૃહ ઉદ્યોગ**
C/o. શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.

૩. **રતનવીર ગૃહ ઉદ્યોગ**
C/o. શ્રી કચ્છી જૈન સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ.

૪. **રતનવીર ગૃહ ઉદ્યોગ**
C/o. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ, અમદાવાદ.

જે સભ્યોને ઘર બેઠા ડિલીવરી જોઈતી હશે, તો તેનો ડિલીવરી ચાર્જ અલગથી લેવામાં આવશે.

આપ સૌ સભ્યોને વિનંતી કે અમારા આ પ્રયાસમાં આપ અમોને સાથ સહકાર આપશો તેવી અભ્યર્થના.

***સંદીપ એ. મહેતા - કન્વીનર***
***ગૃહ ઉદ્યોગ સમિતિ***

## ગૃહ ઉદ્યોગ સમિતિ

આજરોજ તા. ૨૦-૦૫-૨૦૨૩ના રોજ રાત્રે ૯ કલાકે ગૃહ ઉદ્યોગ સમિતિની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ. જેમાં નીચે મુજબના સભ્યો હાજર હતા.

(૧) સંદીપ એ. મહેતા, (૨) રોહિત એસ. સંઘવી, (૩) નીતિન બી. શાહ, (૪) અમીબેન એન. શાહ, (૫) કવિતાબેન સતરા, (૬) ભાવનાબેન દેઢિયા, (૭) પીયૂષભાઈ આર. પારેખ

આ મીટિંગમાં મંત્રીશ્રી તરફથી આવેલ ગૃહ ઉદ્યોગ સમિતિના કામ કરવાના નીતિ નિયમોના પત્રનું વાંચન કરેલ. તેમાં સમજ ના પડતી હોવાથી સમિતિએ પ્રમુખશ્રી / મંત્રીશ્રીને કાગળ લખી આ પત્ર બાબતે રૂબરૂમાં સમિતિને બોલાવી સમજણ આપે તેવી વિનંતી કરવાનું નક્કી કરેલ.

આ સિવાય સમિતિએ ખાખરા - ફરસાણ કે અન્ય વસ્તુઓ ધીરે ધીરે સમાજના સભ્યો કે બહારના લોકોને બોલાવી, બનાવી અને તેને વેચવાનું ચાલુ કરવું અને આ બાબતે મંજૂરી લઈને આગળ વધવું તેમ નક્કી કરેલ છે.

ઓર્ગેનિક વસ્તુઓ જેમ કે શાકભાજી, ફળ, અનાજ, કરીયાણું વગેરે પણ ચોક્કસ જગ્યાએ ચકાસણી કરીને, મંગાવી, સમાજના સભ્યોને તે વેચવું તેવું નક્કી કરેલ છે.

મેક્સનર વેલનેસ કંપનીની હેલ્થકેર, હોમકેર વગેરે પ્રોડ્ક્ટસ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યોને એમ.આર.પી.થી ૫૦% ઓછા ભાવે કંપની આપશે. તો તેનો લાભ સમાજના સભ્યોને મળે તે રીતે તેનું આયોજન કરવાનું નક્કી કરેલ.

ત્યારબાદ અન્ય કોઈ ચર્ચા ન રહેતા, મીટિંગ પૂરી કરી સૌ છૂટા પડેલ હતા.

***સંદીપ એ. મહેતા - કન્વીનર***

## પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદરના નેજા હેઠળ મેડિકલ કેમ્પ

*દયા ધર્મકા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન;*
*તુલસી દયા ન છોડીયે, જબતક ઘટમેં પ્રાણ.*

આપણા દેશમાં દરેક ધર્મમાં દયાનું મહત્ત્વ ખૂબ જ છે. તેમાંય જૈન ધર્મ આ બાબતમાં શિરમોર છે. આપણા હૃદયમાં માનવ તો ઠીક પણ પશુ-પંખી અને કીડી મંકોડા તરફ પણ દયા ભારોભાર રહેલી છે. માનવ માટે તો આપણે ઘણી જાતની સખાવત કરીએ છીએ. તેમનાં માટે અન્નક્ષેત્ર, કપડાં, મકાનો વગેરે દાનમાં આપીએ છીએ. આજના મનુષ્યના જીવનમાં તંદુરસ્તી અને રોગ ખૂબ જ અગત્યનો ભાવ ભજવે છે. માનવજાતની આ પરિપ્રેક્ષ્યમાં સેવા કરવા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત પરમકૃપા ફાઉન્ડેશન પ્રોયાજિત પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદરમાં કામદારોની સુખાકારી માટે એક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૧-૫-૨૦૨૩ને ગુરૂવારે બપોરે હેમટેક ઈન્ડસ્ટ્રીઝ, સરી - મટોડામાં ફ્રી મેડિકલ ચેક-અપનું આયોજન કરેલ હતું. જેમાં હેમટેક ઈન્ડસ્ટ્રીઝના માલીક શ્રી જયેશભાઈ મજમુદાર તેમજ શ્રી ધવલભાઈ મજમુદાર હાજર રહ્યા હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી અને મંત્રી શ્રી રજનીકાંત પારેખ અને પાલડી મેડિકલ સેન્ટરના શ્રીમતી ડૉ. દક્ષાબેન રામાવત હાજર રહ્યા હતા.

કેમ્પમાં હાજરી આપનાર ડૉ. અજયસિંહ વાઘેલા - મેડિકલ ઓફિસર, ઓર્થોપેડિક ડૉક્ટર શ્રી અનિકેત શાહ, આંખ વિભાગના ડૉક્ટર શ્રીમતી પ્રકૃતિ કેતન અને શ્રીમતી ચાંદની મોદી, ડૉ. હિતેન્દ્ર શાહની કોલેજ ઓફ ડેન્ટલ સાયન્સ એન્ડ રીસર્ચ સેન્ટર - મણિપુરના ડૉ. અંકિતા અને એમના જુનિયર ડૉક્ટરોએ સેવા આપેલ હતી.

આ કેમ્પ માટે શ્રી જયેશભાઈ મજમુદાર તરફથી તેમની સંસ્થામાં સંપૂર્ણ એ.સી. અને વિશાળ કોન્ફરન્સ રૂમ ફાળવવામાં આવેલ હતો અને જરૂરી ફર્નીચરની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી.

***આ મેડિકલ ચેક-અપ કેમ્પમાં લાભ લેનાર દર્દીઓની સંખ્યા***

| | |
|---|---|
| હાડકા વિભાગ | ૦૬ |
| ઈ.સી.જી. | ૦૭ |
| જનરલ ફિઝીશિયન | ૩૬ |
| આંખ વિભાગ | ૪૮ |
| દાંત વિભાગ | ૫૬ |
| *કુલ* | *૧૫૩ દર્દીઓએ લાભ લીધો.* |

આ મેડિકલ ચેક-અપ કેમ્પના આયોજનમાં ડૉ. હિતેન્દ્ર શાહનું માર્ગદર્શન અને સલાહ સૂચન તેમજ ડૉ. અજયસિંહ વાઘેલા તથા પરમકૃપા મેડિકલ સેન્ટરના ઈન્ચાર્જ શ્રી ગિરીશભાઈ પોલડિયાની અથાગ મહેનતથી આ કેમ્પ સફળ થયેલ છે. કેમ્પના અંતમાં શ્રી જયેશભાઈ તરફથી ચા અને નાસ્તાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

***રજનીકાંત પારેખ***
***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

*(મેડિકલ કેમ્પની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં. ૯૦)*

## ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટરમાં દિલ્હી સ્થિત 'આયુષ્યમાન કાર્ડ' સમિતિની વિઝીટ

ભારતભરમાં આયુષ્યમાન કાર્ડ દ્વારા કરોડો લોકો માંદગી દરમિયાન વિનામૂલ્યે સારવાર પ્રાપ્ત કરે છે. આ સારવાર ઉત્તમ કક્ષાની જળવાય તે માટે દિલ્હી સ્થિત વિજીલન્સ ટીમ જુદા જુદા સ્થળોની અવારનવાર મુલાકાત લેતી હોય છે.

આવી એક ટીમ અમદાવાદની મુલાકાતે આવેલ હતી. અમદાવાદ સ્થિત અહીંની વહીવટ કચેરી સુંદર વ્યવસ્થા અને ઉત્તમ સંચાલન ધરાવતા સેન્ટરની મુલાકાત આ ટીમને લેવડાવતી હોય છે. આપણે અભિમાન લઈ શકીએ એવા સુંદર વ્યવસ્થા ધરાવતા સેન્ટરમાં આપણી ગણના થાય છે અને તેથી દિલ્હી સ્થિત ટીમને આપણા ગીતા મંદિર ખાતેના ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત લેવા માટે પસંદ કરવામાં આવી હતી.

દિલ્હીથી ડૉ. સુયોગ લોંકરે અને અમદાવાદ સ્થિત ડૉ. અંસારુ આપણા સેન્ટરથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. આપણા ગીતા મંદિર ખાતેના સેન્ટરની મુલાકાતના સમયે ડૉ. દિલીપભાઈ રામાવત, ડૉ. રાજ ગગલાની, શ્રી કૃષ્ણકાંત મોદી, મેનેજર, શ્રી જાવેદ તથા રીન્કુ રોહિત ટેકનિશિયન હાજર રહ્યા હતા.

આપણા સેન્ટરની મુલાકાત બાદ તેમણે નીચે મુજબના સૂચનો કર્યા હતા.

આયુષ્યમાન કાર્ડથી થતી સારવાર અંગેની જાહેરાત આપણા અન્ય બીજા સેન્ટરોમાં તેમજ આ એરીયાના સ્લમ વિસ્તારોમાં બોર્ડ મૂકાવીને તેનો પ્રચાર કરવાનું જણાવ્યું હતું. આમ, આ મુલાકાતથી આવનાર મુલાકાતીઓએ ખૂબ જ સંતોષ સાથે વિદાય લીધી.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## મેડિકલ સેન્ટર - પાલડી ખાતે મેડિસીન વિભાગની તક્તીનું અનાવરણ

નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટરમાં અવારનવાર સારવાર અર્થે શ્રી વિક્રમભાઈ કાંતિલાલ શાહ આવતા હતા.

આપણી સારવાર અને સેવા જોઈને તેઓએ અગાઉ રૂા. ૨૧,૦૦૦/- અને રૂા. ૩૧,૦૦૦/-નું દાન આપેલ હતું.

આ સંસ્થા પ્રત્યેની તીવ્ર લાગણી અને સેવાની સરવાણી જોઈને તેમના હૃદયમાં આ સંસ્થા દ્વારા સેવા કરવાની પ્રબળ ઉત્કંઠા જાગી અને આપણા શ્રી કચ્છી જૈન સેવા સમાજને રૂા. ૫,૦૦,૦૦૦/- (રૂપિયા પાંચ લાખ)નું માતબર ડોનેશન મેડિસીન વિભાગ માટે આપ્યું.

આ અનુદાનના સંદર્ભે તેમના અનુરોધ પ્રમાણે તા. ૨૪-૪-૨૦૨૩ના રોજ નીચે પ્રમાણેની તક્તીનું અનાવરણ નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ ખાતે મેડિસીન વિભાગ પર શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી અશ્વિનભાઈ સાવલા, ડૉ. નીતુબેન પરીખ, શ્રી રમણિકલાલ ગોસર, અન્ય સ્ટાફ મેમ્બર્સ અને દર્દીઓની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

**મેડિસીન વિભાગ**
*સ્મરણાર્થે*
**સ્વ. સીતાબેન ડાહ્યાભાઈ ફડિયા**
**હસ્તે : વિક્રમ – નિશા**
**આનંદ, આરતી, અવ્યાન**

*(કલર તસવીરો માટે જુઓ : પાના નં. ૮૯)*

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## મેરેજ બ્યુરો સમિતિ

તા. ૧૨-૫-૨૦૨૩ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મેરેજ બ્યુરો સમિતિની મીટિંગ મળેલ હતી. જેમાં શ્રીમતી વીણાબેન સંઘવી, શ્રી ગિરીશભાઈ હીરજી શાહ, શ્રી ચેતનભાઈ ધરોડ, શ્રીમતી નયનાબેન અને શ્રી સંજયભાઈ સંઘવીની હાજરી હતી.

તા. ૧૬-૪-૨૦૨૩ના રોજ મેરેજ બ્યુરો સમિતિએ ગોઠવેલ સંમેલનના વિવિધ પાસાઓ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી અને ભવિષ્યના કાર્યો અંગે પણ જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

***વીણાબેન સંઘવી – કન્વીનર***

## મેડિકલ સ્ટોર વ્યવસ્થા સમિતિ

મેડિકલ સ્ટોર વ્યવસ્થા સમિતિની પહેલી મીટિંગ મંગળવાર, તા. ૯-૫-૨૦૨૩ના રોજ સાંજે ૭ વાગે યોજાયેલ હતી કે જેમાં નીચે પ્રમાણેના સભ્યો હાજર હતા.

૧. શ્રી લક્ષ્મીચંદ વીરા
૨. શ્રી અશ્વિનભાઈ સાવલા
૩. શ્રી ગિરીશભાઈ દેઢિયા
૪. શ્રી દેવેનભાઈ છેડા
૫. શ્રી કમલેશભાઈ શાહ

પ્રથમ તો પાલડી સ્થિત મેડિકલ સ્ટોરનું વિહંગાવલોકન કરવામાં આવ્યું હતું. છેલ્લા ૧૬ વર્ષથી આ વ્યવસ્થા સારી રીતે ચાલે છે. દર્દીઓને બ્રાન્ડેડ અને બ્રાન્ડેડ જેનરીક દવાઓ કન્સેશનલ ભાવે મળી રહે છે. અહીંનું વેચાણ વધે અને સમાજને વધારે ફાયદો કેવી રીતે મળી શકે એની વિસ્તૃત ચર્ચા થયેલ હતી.

બોપલ અને ચાંગોદર ખાતેના મેડિકલ સ્ટોર્સ, જે તે ટ્રસ્ટનાં ભાડુઆત હશે. જેથી તેઓ જે તે ટ્રસ્ટના નેજા હેઠળ સ્ટોર ચલાવશે તેની પણ આ મીટિંગમાં ચર્ચા કરવામાં આવેલ હતી.

નેમિ મેડિસિન - પાલડી અને જે નવી ઑપર એસ.એમ.જે. ફાર્મસીથી આવેલ છે તેમની સાથે રૂબરૂ મીટિંગ ગોઠવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

***લક્ષ્મીચંદ વીરા - કન્વીનર***

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વિદ્યાર્થી પુરસ્કાર યોજના

દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ પુરસ્કાર સમિતિ ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવાનું આયોજન કરી રહેલ છે. આ આયોજનના અનુસંધાને બે પ્રકારના ફોર્મ આ સાથે પ્રસારિત કરવામાં આવી રહેલ છે.

૧. બાળ વર્ગથી ધોરણ-૯ સુધી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓનું ફોર્મ *(આ ફોર્મ પાના નં.-૮૩ ઉપર છાપવામાં આવેલ છે.)*

૨. ધોરણ ૧૦ અને તેનાથી ઉપરના વર્ગમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓનું ફોર્મ.
*(આ ફોર્મ પાના નં.-૮૫ ઉપર છાપવામાં આવેલ છે.)*

આ વિગતો મંગલ મંદિરના જૂન-૨૦૨૩ના અંકમાં પ્રસારિત કરવામાં આવી રહેલ છે. વિદ્યાર્થીઓએ મોડામાં મોડા તા. ૧૦-૮-૨૦૨૩ સુધીમાં ફોર્મ ભરીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પાલડી ખાતેની ઓફિસે પહોંચતા કરવાના રહેશે.

ફોર્મમાં આપેલ ગૂગલ ફોર્મની લીંક મેળવી આપશ્રી એ લીંકથી પણ આપનું ભરેલું ફોર્મ મોકલાવી શકો છો અથવા ફોર્મમાં જણાવેલ વોટ્સ અપ નંબર દ્વારા પણ આપ ફોર્મનો તથા માર્કશીટનો ફોટો પાડીને આપનું ફોર્મ મોકલાવી શકો છો.

આપશ્રીના ત્વરીત સહકારની અપેક્ષા.

***કન્વીનર - પુરસ્કાર સમિતિ***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## જૈનોના દીકરાઓ તથા દીકરીઓ માટે

**પવિત્ર ગિરિરાજ જૈન તીર્થના સાંનિધ્યમાં ભણવાનું, રહેવાનું, જમવાનું – નિઃશુલ્ક**

**ખુશ ખબર! ખુશ ખબર! ખુશ ખબર!**

પવિત્ર ગિરિરાજના સાંનિધ્યમાં દેવભૂમિ કુદરતી વાતાવરણ વચ્ચે જમવાનું, રહેવાનું અને ભણવાનું તદ્દન મફત

જ્યાં તમને ભણતર સાથે ગણતરનું જ્ઞાન મળશે

સ્કૂલના જ્ઞાન સાથે ધર્મનું અને વિનય, વિવેક સાથે સંસ્કારનું પણ જ્ઞાન...

***ધોરણ ૪ થી ૧૨ સુધી અભ્યાસ***

***(સંસ્થાની પોતાની જ શાળા, જે અવ્વલ નંબરનું સ્થાન ધરાવે છે.)***

*વહેલા તે પહેલાના ધોરણે મર્યાદિત સંખ્યામાં પ્રવેશ. મોકો ચૂકતા નહીં...*

***સ્થળ*** : શ્રી સિધ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ,
તળેટી રોડ, પાલીતાણા (ગુજરાત)

***એડમિશન માટે આજે જ ફોન કરો***

***હસમુખભાઈ*** : (૦૨૮૪૮) ૨૫૨૩૩૮
મો. ૯૪૦૮૧ ૭૫૬૪૧, ૮૭૮૦૦ ૩૦૩૫૯

શાસનસેવા જોગ આટલું કરશોજી. જેથી જરૂરિયાતવાળા જૈન વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓને આ લાભ મળી શકે.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# ‘મંગલ મંદિર’ના લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી

નીચે મુજબની વિગત અનુસાર જે તે સભ્યોના શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર ‘મંગલ મંદિર’ના લવાજમ પૂરા થાય છે. આ સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ પોતાના લવાજમની રકમ મંગલ મંદિરના લવાજમની મુદત પૂરી થતા અગાઉ મોકલી આપે કે જેથી તેઓને મુખપત્ર મોકલવાનું ચાલુ રાખી શકાય.

- **જૂન-૨૦૨૩ દરમિયાન લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી**

| *ક્રમ* | *નામ* | *સ્થળ* | *મોબાઈલ નંબર* |
|---|---|---|---|
| ૧. | જયા નાગડા હિતુન નાગડા | થાણા (વેસ્ટ) | ૯૨૨૪૧ ૨૫૨૬૭ |
| ૨. | ગુલાબભાઈ એ. શાહ | અંકલેશ્વર | |
| ૩. | કરમચંદ આણંદજી વિકમશી | હુબલી | |

- **જુલાઈ-૨૦૨૩ દરમિયાન લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી**

| | | | |
|---|---|---|---|
| ૧. | ભૂપેન્દ્ર એસ. વ્યાસ | રાજકોટ | ૬૩૫૨૨ ૪૩૬૧૯ |
| ૨. | પ્રવીણ કુંવરજી છેડા | અમદાવાદ | ૯૯૭૮૭ ૩૭૦૬૪, ૯૦૯૯૯ ૫૩૧૭૩ |
| ૩. | સુનીલ ચંદુલાલ શાહ | વડોદરા | ૯૮૨૫૦ ૬૬૪૨૪ |
| ૪. | નમન નવીનચંદ્ર મહેતા | કચ્છ | |

- **ઓગસ્ટ-૨૦૨૩ દરમિયાન લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી**

| | | | |
|---|---|---|---|
| ૧. | નવીન કલ્યાણજી ધનજી ગઢેચા | અમદાવાદ | ૯૬૩૮૪ ૯૧૧૦૯ |
| ૨. | નવીન પારેખ | મુંબઈ | |
| ૩. | ચેતન ભવાનજી છેડા | મુંબઈ | |

*વિશેષમાં જણાવવાનું કે ‘મંગલ મંદિર’ના લવાજમના દરો નીચે મુજબ રાખવામાં આવેલ છે.*

★ ૧ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦/-
★ ૨ વર્ષનું લવાજમ : રૂા. ૩૦૦/-
★ ૩ વર્ષનું લવાજમ : રૂા. ૪૦૦/-
★ ૫ વર્ષનું લવાજમ : રૂા. ૬૦૦/-
★ ૧૫ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦૦/-

શક્ય હોય ત્યાં સુધી ૧૫ વર્ષનું લવાજમ ભરીને મોકલી આપવા વિનંતી કે જેથી દર વર્ષે આ બાબતે પત્ર વ્યવહાર કરવાની જરૂરત ના રહે.

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :*

★ *ખાતાનું નામ* : *શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*
★ *બેંક* : *કેનેરા બેંક, પાલડી બ્રાંચ, અમદાવાદ.*
★ *એકાઉન્ટ નંબર* : ***70072010016032***
★ ***IFSC CODE*** : ***CNRB0017007***

અન્ય લોકો પણ ઉપર પ્રમાણેની લવાજમની રકમ મોકલી શકે છે કે જેથી તેઓને પણ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર ‘મંગલ મંદિર’ નિયમિતપણે મોકલી શકાય.

*સહકારની અપેક્ષા સહ...*

**માનદ્ મંત્રી,**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## તા. ૧૧-૦૪-૨૦૨૩થી તા. ૨૦-૦૫-૨૦૨૩ સુધી 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી

| ક્રમ | નામ | સ્થળ | લવાજમ ભર્યા તારીખ |
|---|---|---|---|
| | **૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | હર્ષદ ભોગીલાલ શાહ | અમદાવાદ | ૧૬-૦૪-૨૩ |
| ૨. | ગુલાબચંદ ભવાનજી મૈશેરી | અમદાવાદ | ૨૪-૦૪-૨૩ |
| ૩. | અપ્પાભાઈ એ. કહોર | જુનાગઢ | ૨૮-૦૪-૨૩ |
| ૪. | કાંતિલાલ રામજી શાહ | અમદાવાદ | ૦૬-૦૫-૨૩ |
| ૫. | લક્ષ્મીચંદ ખીમજી પોલડિયા | મુંબઈ | ૧૦-૦૫-૨૩ |
| ૬. | ભાવના બકુલ શાહ | અમદાવાદ | ૧૩-૦૫-૨૩ |
| ૭. | એમ. ડી. સોલંકી | ધોળકા | ૧૩-૦૫-૨૩ |
| ૮. | દિનેશ રવજી મહેતા | અમદાવાદ | ૧૮-૦૫-૨૩ |
| ૯. | રજનીકાંત બાબુલાલ ત્રેવાડિયા | અમદાવાદ | ૧૮-૦૫-૨૩ |
| | **૨ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | હિરેન શિવજી ટોકરશી લોડાયા | અમદાવાદ | ૦૫-૦૫-૨૩ |
| | **૩ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | કલ્પેશ ખીમજી ફુરિયા | અમદાવાદ | ૧૩-૦૪-૨૩ |
| ૨. | શેઠ નરશી નાથા ટ્રસ્ટ | નલિયા, કચ્છ | ૧૯-૦૪-૨૩ |
| ૩. | નવીનચંદ્ર વેલજી પાસડ | માંડવી, કચ્છ | ૧૯-૦૪-૨૩ |
| ૪. | મૂલચંદ જે. છેડા | મુંબઈ | ૨૬-૦૪-૨૩ |
| ૫. | ગૌરાંગ જિતેન્દ્ર ફોફલીયા | અમદાવાદ | ૦૪-૦૫-૨૩ |
| ૬. | ભરત શામજી સંગોઈ | મુંબઈ | ૧૦-૦૫-૨૩ |
| ૭. | અભયકુમાર હિરજી મોમાયા | હુબલી | ૧૨-૦૫-૨૩ |
| ૮. | હર્ષ હરિલાલ મોરબીયા | અમદાવાદ | ૨૦-૦૫-૨૩ |
| ૯. | હેમા જગતકુમાર શાહ | અમદાવાદ | ૨૦-૦૫-૨૩ |
| | **૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | ડૉ. ધીરેન શાંતિલાલ શાહ | અમદાવાદ | ૧૭-૦૪-૨૩ |
| ૨. | મનીષ આણંદજી વેલજી વીરા | અમદાવાદ | ૧૭-૦૪-૨૩ |
| ૩. | જગદીશ રવિલાલ શાહ | વડોદરા | ૨૪-૦૪-૨૩ |
| ૪. | પ્રભુલાલ મોહનલાલ સંઘવી | મુંબઈ | ૨૪-૦૪-૨૩ |
| ૫. | અરવિંદ કાંતિલાલ શેઠ | અમદાવાદ | ૨૫-૦૪-૨૩ |
| ૬. | કલ્પેશ ઉગરચંદ ગઢેચા | અમદાવાદ | ૨૫-૦૪-૨૩ |
| ૭. | નીતિન ધનજી ગાલા | અમદાવાદ | ૨૫-૦૪-૨૩ |
| ૮. | ખુશાલ પદમશી ગોસર | અમદાવાદ | ૨૫-૦૪-૨૩ |
| ૯. | છોટાલાલ કે. શાહ | બેંગ્લોર | ૨૬-૦૪-૨૩ |
| ૧૦. | કમલેશ શામજી લાલન | અમદાવાદ | ૨૭-૦૪-૨૩ |
| ૧૧. | રમેશ બી. ચૌહાણ | ભાવનગર | ૨૮-૦૪-૨૩ |
| ૧૨. | લક્ષ્મીબેન મહેશભાઈ ખત્રી | અમદાવાદ | ૨૮-૦૪-૨૩ |
| ૧૩. | હિરેન વાડીલાલ વોરા | અમદાવાદ | ૦૧-૦૫-૨૩ |
| ૧૪. | અનિલ નાગજી ગાલા | ગાંધીધામ | ૦૨-૦૫-૨૩ |
| ૧૫. | ધનપત લાલજી પરબત મોતા | હૈદ્રાબાદ | ૦૩-૦૫-૨૩ |
| ૧૬. | કમલેશ મનુભાઈ શાહ (શેઠ) | અમદાવાદ | ૦૪-૦૫-૨૩ |
| ૧૭. | ચિત્રસેન રવજી શાહ | ગાંધીનગર | ૦૫-૦૫-૨૩ |
| ૧૮. | લક્ષ્મીચંદ વીરજી વીરા | અમદાવાદ | ૧૦-૦૫-૨૩ |
| ૧૯. | દામજી કાનજી છેડા | કોલ્હાપુર | ૧૦-૦૫-૨૩ |
| ૨૦. | વિનોદચંદ્ર શિવચંદ્ર મહેતા | અમદાવદ | ૧૦-૦૫-૨૩ |
| ૨૧. | ગૌરવ પ્રદીપ દૌલત | અમદાવાદ | ૧૦-૦૫-૨૩ |
| ૨૨. | કુંવરજી રામજી સાવલા | ગાંધીનગર | ૧૦-૦૫-૨૩ |
| ૨૩. | દીપક પ્રવીણ રવિલાલ સંઘવી | અમદાવાદ | ૧૧-૦૫-૨૩ |
| ૨૪. | હિતેશ ભાનુશાલી | ચેન્નાઈ | ૧૨-૦૫-૨૩ |
| ૨૫. | રક્ષા ભરત શાહ | બેંગ્લોર | ૧૬-૦૫-૨૩ |
| | **૧૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | ભદ્રેશ મહેશ શાહ | અમદાવાદ | ૧૪-૦૪-૨૩ |
| ૨. | અમૃતલાલ ડી. ગાલા | વાપી | ૧૭-૦૪-૨૩ |
| ૩. | અરુણ નાનાલાલ પટવા | અમદાવાદ | ૧૯-૦૪-૨૩ |

| ક્રમ | નામ | સ્થળ | લવાજમ ભર્યા તારીખ |
|---|---|---|---|
| ૪. | શિરીષ જયસુખલાલ પારેખ | અમદાવાદ | ૧૯-૦૪-૨૩ |
| ૫. | અનિલ હેમચંદ મહેતા | અમદાવાદ | ૧૯-૦૪-૨૩ |
| ૬. | રસીકલાલ મોરારજી વોરા | અમદાવાદ | ૨૦-૦૪-૨૩ |
| ૭. | અનિકેત શાંતિલાલ સંઘવી | અમદાવાદ | ૨૦-૦૪-૨૩ |
| ૮. | અનિલ મધુકાંત શાહ | અમદાવાદ | ૨૧-૦૪-૨૩ |
| ૯. | ભરત ઉગરચંદ ગઢેચા | અમદાવાદ | ૨૨-૦૪-૨૩ |
| ૧૦. | સંજય વિશનજી છેડા | મુંબઈ | ૨૪-૦૪-૨૩ |
| ૧૧. | સોહિત દિનેશચંદ્ર મહેતા | અમદાવાદ | ૨૪-૦૪-૨૩ |
| ૧૨. | અતુલ ગુલાબચંદ સંઘવી | અમદાવાદ | ૨૫-૦૪-૨૩ |
| ૧૩. | દિવ્યાબેન શરદ શાહ | અમદાવાદ | ૨૫-૦૪-૨૩ |
| ૧૪. | સુરેશ ચુનીલાલ શાહ | અમદાવાદ | ૨૬-૦૪-૨૩ |
| ૧૫. | દામજી હીરજી છેડા | અમદાવાદ | ૨૮-૦૪-૨૩ |
| ૧૬. | નિરંજન ઠાકરશી સાવલા | અમદાવાદ | ૨૯-૦૪-૨૩ |
| ૧૭. | દીપક ચુનીલાલ મહેતા | અમદાવાદ | ૦૧-૦૫-૨૩ |
| ૧૮. | તુષાર મગનલાલ દેઢિયા | મુંબઈ | ૦૧-૦૫-૨૩ |
| ૧૯. | હંસકુમાર લક્ષ્મીચંદ છેડા | મુંબઈ | ૦૨-૦૫-૨૩ |
| ૨૦. | મોહનલાલ નાગજી જૈન (ગાંધી) | અમદાવાદ | ૦૨-૦૫-૨૩ |
| ૨૧. | કેવિન લક્ષ્મીચંદ કાનજી ગાલા | અમદાવાદ | ૦૨-૦૫-૨૩ |
| ૨૨. | ચૈતન્ય દામજી હીરજી રાંભિયા | અમદાવાદ | ૦૨-૦૫-૨૩ |
| ૨૩. | ધીરજલાલ ડાહ્યાલાલ તન્ના | જુનાગઢ | ૦૩-૦૫-૨૩ |
| ૨૪. | નવદીપ કુંવરજી શાહ | ગાંધીનગર | ૧૦-૦૫-૨૩ |
| ૨૫. | કિશોર કેશવજી મોતા | મુંબઈ | ૧૦-૦૫-૨૩ |
| ૨૬. | ખુશાલ ખેરાજ ગાલા | અમદાવાદ | ૧૦-૦૫-૨૩ |
| ૨૭. | રાજેન્દ્ર વાડીલાલ મહેતા | અમદાવાદ | ૧૦-૦૫-૨૩ |
| ૨૮. | દામજી પ્રેમજી નીસર | અમદાવાદ | ૧૧-૦૫-૨૩ |
| ૨૯. | પ્રફુલચંદ્ર નારાણજી શાહ | વર્ધા | ૧૧-૦૫-૨૩ |
| ૩૦. | જયપ્રકાશ હરિલાલ દલાલ | અમદાવાદ | ૧૧-૦૫-૨૩ |
| ૩૧. | દીપક હરિલાલ શાહ | અમદાવાદ | ૧૨-૦૫-૨૩ |
| ૩૨. | હંસકુમાર શામજી દંડ | મુંબઈ | ૧૩-૦૫-૨૩ |
| ૩૩. | પ્રકાશ તલકશી સાવલા | થાણા (વેસ્ટ) | ૧૮-૦૫-૨૩ |
| ૩૪. | ધર્મેન્દ્ર બાબુલાલ ગાંધી | અમદાવાદ | ૧૯-૦૫-૨૩ |
| ૩૫. | પ્રવીણ નાગજી વીરા | મુંબઈ | ૨૦-૦૫-૨૩ |

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **નીલેશ કાંતિલાલ રણશી શેઠિયા**
  એન-૩૦૪, શુક્લ ગોલ્ડ, વંદેમાતરમ ચાર રસ્તા પાસે, દેવ રેસિડેન્સી સામે, ગોતા, અમદાવાદ-૩૮૨ ૪૮૧.
  મો. ૯૮૨૧૭ ૧૮૩૫૩, ૯૦૨૯૯ ૯૨૭૧૬
- **લહેરચંદ ધનજીભાઈ દીપચંદ શાહ**
  ફ્લેટ નં.-૧૪, પહેલો માળ, બ્લોક : ઈ-૫, ઓર્ચિડ હેવન, એપ્પલવુડ ટાઉનશિપ, શેલા, અમદાવાદ-૩૮૦ ૦૫૮.
  મો. ૯૬૬૨૪ ૬૦૭૫૭ ૭૪૮૬૯ ૬૭૬૨૪

# અવસાન નોંધ

- શનિવાર, તા. ૧૩-૫-૨૦૨૩
  **મયુર ડુંગરશી રાંભિયા** (ઉં.વ. ૩૬) (અમદાવાદ - સમાઘોઘા)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સદ્‌ગતશ્રીના આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

# અભિનંદન

## ૯ વર્ષના હેતાંશ પ્રતીક હરિયાએ ગૂગલ પાયથન ક્રેશ કોર્સ ૮૮.૭૫%થી પાસ કર્યો




શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના અને ફક્ત ૯ વર્ષના હેતાંશ પ્રતીક હરિયાએ પાયથનનો ક્રેશ કોર્સ પાસ કર્યો. ગૂગલ સર્ટીફાઈડ આ ક્રેશ કોર્સની તૈયારી હેતાંશે લોકડાઉનમાં શરૂ કરી હતી. પણ લોકડાઉન બાદ સ્કૂલો શરૂ થઈ જતાં કોર્સની તૈયારી ના થઈ શકી. જેથી ગત વર્ષથી તેણે ફરી તૈયારીઓ શરૂ કરી દીધી હતી. જેના માટે તે સ્કૂલના ભણતરની સાથે દિવસમાં ૩ કલાક કોડિંગ શીખવા માટે કાઢતો. પાયથન ક્રેશ કોર્સ તેણે ૧ મહિના પહેલા શરૂ કર્યો અને તેના ૪ મોડ્યુલ્સની એક્ઝામ ક્લિયર કરીને ૮૮.૭૫% સાથે કોર્સ પાસ કરી લીધો.

દરેક મોડ્યુલની એક્ઝામ ૫૦ મિનિટ ચાલી હતી અને તેના ક્વેશ્ચન્સ ગૂગલમાંથી સીધા આવ્યા હતા. પાયથન એવો પ્રોગ્રામ છે જેનો ઉપયોગ નાનામાં નાની ગેમ ડેવલપ કરવામાં પણ થાય છે. ઓનલાઈન ડેટાબેઝમાં પાયથન હોય જ છે જેના થકી વર્ચ્યુઅલ કામો સરળ બની રહ્યા છે.

'મારે કોડિંગ ક્ષેત્રે આગળ વધીને લોકોના કામો સરળ કરવામાં ભાગ ભજવવો છે' – એવું હેતાંશનું કહેવું છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક સભ્ય શ્રી અનિલભાઈ હરીયાનો ચિ. હેતાંશ પૌત્ર થાય છે.

શ્રી અનિલભાઈ હરીયા તથા તેમના સુપુત્ર શ્રી પ્રતીકભાઈ હરિયાને પણ ખૂબ ખૂબ અભિનંદન.

CUT FROM HERE

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વર્ષ ૨૦૨૩માં બાળવર્ગથી ધોરણ-૯ સુધીના પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાઓનું માહિતી પત્રક

**(નોંધ : ફોર્મ ભરતાં પહેલાં પાછળની સૂચનાઓ અવશ્ય વાંચી જવી)**

વસતીપત્રક ક્રમાંક

તા. :

વાલીનું પૂરું નામ અને અટક ____________________

(વાલીનું નામ) (દાદાનું નામ) (અટક)

પત્રવ્યવહારનું પૂરું સરનામું ____________________

____________________ પીન __________

ફોન : __________ મોબાઈલ : __________ ઈ-મેઈલ : __________

કચ્છમાં ગામ __________ તાલુકો __________ ★ ગૂગલ ફોર્મ **WhatsApp Link No. : 63526 17022**

તા. – – ૨૦૨૩ **ગૂગલ ફોર્મ ભરવાનો જ આગ્રહ રાખવો.** વાલીની સહી __________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ – પિતા – અટક | વય | ઉત્તીર્ણ કરેલું ધોરણ | કયા ધોરણમાં આવ્યા | મેળવેલ માર્ક | કુલ માર્ક | કુલ ટકા | પરીક્ષા પાસ કરી હોય તે શાળાનું નામ અને સ્થળ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

★ પુરસ્કારપાત્ર વિદ્યાર્થીના વાલીઓને વિનંતી કે તેઓના પુરસ્કાર સ્વામિવાત્સલ્યના દિવસે જ મેળવી લેવા. પછીથી ક્ષમા.

★ ઉપરોક્ત ફોર્મમાં દરેક વિગત સારી અને સંપૂર્ણ રીતે લખીને મોકલવી.

*(નામ વધુ હોય તો બીજું પાનું જોડવું)*

**ફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ : ૧૦-૮-૨૦૨૩**

# સૂચનાઓ

(૧) આ પુરસ્કાર યોજના આ સમાજ હેઠળ આવરાયેલા અમદાવાદ - ગાંધીનગર અને તેની આજુબાજુના વિસ્તારોમાં વસવાટ કરનાર કચ્છી જૈન પરિવારોના અભ્યાસ કરતા બાળકો માટે છે.

(૨) ફોર્મમાં માગ્યા પ્રમાણેની પૂરી વિગતો સ્પષ્ટ વંચાય તે રીતે ગુજરાતી ભાષામાં સારા અક્ષરે ભરવી. નામો ટૂંકાક્ષરી ન લખતાં પૂરેપૂરાં લખવાં. ભરેલું ફોર્મ **તા. ૧૦-૮-૨૦૨૩** સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલવું. **પુરસ્કાર સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.**

(૩) ધોરણ ૫ થી ધોરણ ૯ માં પાસ થનાર દરેક વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટની અધિકૃત નકલ મોકલવાની ફરજિયાત રહેશે.

(૪) ફોર્મ તા. ૧૦-૮-૨૦૨૩ સુધી જ સ્વીકારવામાં આવશે. પછી ક્ષમા કરશોજી.

(૫) વિદ્યાર્થીની સંપૂર્ણ શૈક્ષણિક માહિતી ગૂગલ ફોર્મ તથા WhatsApp દ્વારા પણ મોકલી શકાશે.

- WhatsApp માટે મોબાઈલ નંબર : 6352617022 પર વોટ્સએપ કરવું.
- ગૂગલ ફોર્મ માટે મોબાઈલ નંબર : 6352617022 પરથી લીંક મળશે.

(૬) **વધુ માહિતી માટે સંપર્ક :**

★ *મનીષ વીરા : મો. ૯૪૨૬૮ ૬૧૧૩૬*

★ *અમીબેન શાહ : મો. ૯૯૭૯૯ ૬૧૯૨૯*

★ *રોહિતભાઈ સંઘવી : મો. ૯૮૨૪૦ ૦૬૬૪૮*

★ *ધનરાજભાઈ દેઢિયા : મો. ૮૯૮૦૦ ૪૮૮૩૪*

★ *અલ્પાબેન : મો. ૭૫૬૭૧ ૦૮૯૬૯*

(૭) આખરી નિર્ણય પુરસ્કાર સમિતિનો જ રહેશે.

***પંકજ મેઘજી ગોગરી,*** *કન્વીનર - પુરસ્કાર સમિતિ*

CUT FROM HERE

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વર્ષ ૨૦૨૩માં ધોરણ-૧૦ અને તેનાથી ઉપરના વર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાઓનું માહિતી પત્રક

**(નોંધ : ફોર્મ ભરતાં પહેલાં પાછળની સૂચનાઓ અવશ્ય વાંચી જવી)**

વસતીપત્રક ક્રમાંક

તા. :

વાલીનું પૂરું નામ અને અટક ______________________________

(વાલીનું નામ) (દાદાનું નામ) (અટક)

પત્રવ્યવહારનું પૂરું સરનામું ______________________________

______________________________ પીન __________

ફોન : __________ મોબાઈલ : __________ ઈ-મેઈલ : __________

કચ્છમાં ગામ __________ તાલુકો __________ ★ ગૂગલ ફોર્મ **WhatsApp Link No. : 63526 17022**

તા. – – ૨૦૨૩ **ગૂગલ ફોર્મ ભરવાનો જ આગ્રહ રાખવો.** વાલીની સહી __________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ – પિતા – અટક | વય | ઉત્તીર્ણ કરેલું ધોરણ | કયા ધોરણમાં આવ્યા | મેળવેલ માર્ક | કુલ માર્ક | કુલ ટકા | પરીક્ષા પાસ કરી હોય તે શાળા/કોલેજનું નામ અને સ્થળ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

★ પુરસ્કારપાત્ર વિદ્યાર્થીના વાલીઓને વિનંતી કે તેઓના પુરસ્કાર સરસ્વતી સન્માનના દિવસે જ મેળવી લેવા. પછીથી ક્ષમા. ★ ઉપરોક્ત ફોર્મમાં દરેક વિગત સારી અને સંપૂર્ણ રીતે લખીને - જરૂરી માર્કશીટની ફોટો નકલ સાથે મોકલાવશો. અન્યથા તે ફોર્મ રદબાત્તલ થશે.

*(નામ વધુ હોય તો બીજું પાનું જોડવું)*

**ફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ : ૧૦-૮-૨૦૨૩**

# સૂચનાઓ

(૧) આ પુરસ્કાર યોજના આ સમાજ હેઠળ આવરાયેલા અમદાવાદ - ગાંધીનગર અને તેની આજુબાજુના વિસ્તારોમાં વસવાટ કરનાર કચ્છી જૈન પરિવારોના અભ્યાસ કરતા બાળકો માટે છે.

(૨) ફોર્મમાં માગ્યા પ્રમાણેની પૂરી વિગતો સ્પષ્ટ વંચાય તે રીતે ગુજરાતી ભાષામાં સારા અક્ષરે ભરવી. નામો ટૂંકાક્ષરી ન લખતાં પૂરેપૂરાં લખવાં. ભરેલું ફોર્મ **તા. ૧૦-૦૮-૨૦૨૩** સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલવું. **પુરસ્કાર સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.**

(૩) ધોરણ-૧૦થી ઉપરના વર્ગના દરેક વિદ્યાર્થીએ ફોર્મની સાથે ગુણ પત્રકની અધિકૃત નકલ જોડવી ફરજિયાત છે. **જે વિદ્યાર્થીઓના ગુણપત્રક પછીથી આવવાના હોય તેમણે તેની નોંધ ફોર્મમાં જરૂરથી લખવી.**

(૪) ફોર્મ તા. ૧૦-૦૮-૨૦૨૩ સુધી જ સ્વીકારવામાં આવશે. પછીથી ક્ષમા કરશોજી.

(૫) નીચેની વિગતો અનુસાર ચાલુ વર્ષે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ પુરસ્કારને પાત્ર છે.

(i) ધો. ૧૦થી પૂર્વસ્નાતક **(Under graduate)** સુધીના તેમજ સર્ટિફિકેટ, ડિપ્લોમા કે તેમના સમકક્ષ વર્ગની પરીક્ષામાં **૬૦.૦ ટકા ગુણ** કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીના GUJCET નું પરિણામ જરૂરથી બીડવું.

(ii) સ્નાતક **(Graduate)** (કોલેજના ત્રીજા વર્ષમાં) વર્ગની પરીક્ષામાં **૫૦.૦ ટકા** કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે.

(iii) અનુસ્નાતક **(Post Graduate)** વર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર **દરેક વિદ્યાર્થી** પુરસ્કાર પાત્ર છે.

(૬) વિદ્યાર્થીની સંપૂર્ણ શૈક્ષણિક માહિતી ગૂગલ ફોર્મ તથા WhatsApp દ્વારા પણ મોકલી શકાશે.

- WhatsApp માટે મોબાઈલ નંબર : 6352617022 પર વોટ્સએપ કરવું.
- ગૂગલ ફોર્મ માટે મોબાઈલ નંબર : 6352617022 પરથી લીંક મળશે.

(૭) **વધુ માહિતી માટે સંપર્ક :**

- ★ *મનીષ વીરા : મો. ૯૪૨૬૮ ૬૧૧૩૬*
- ★ *અમીબેન શાહ : મો. ૯૯૭૯૯ ૬૧૯૨૯*
- ★ *રોહિતભાઈ સંઘવી : મો. ૯૮૨૪૦ ૦૬૬૪૮*
- ★ *ધનરાજભાઈ દેઢિયા : મો. ૮૯૮૦૦ ૪૮૮૩૪*
- ★ *અલ્પાબેન : મો. ૭૫૬૭૧ ૦૮૯૬૯*

(૮) આખરી નિર્ણય પુરસ્કાર સમિતિનો જ રહેશે.

***પંકજ મેઘજી ગોગરી,* કન્વીનર - પુરસ્કાર સમિતિ**

## નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર – પાલડી, અમદાવાદ

# ડૉક્ટરોનું સ્નેહ મિલન



પોતાના અવાજનો જાદુ પાથરનાર
શ્રી પ્રદીપ કે. મહેતા



મધુર ગીત ગાતા
સમાજના ઉપપ્રમુખ શ્રી હિરેન કે. શાહ



માઉથ ઓર્ગન પર ગીતની ધૂન ગાતા
ડૉક્ટર અને સમાજના ટ્રસ્ટી શ્રી હિમાંશુ શાહ



સ્વર કોકિલા ડૉ. શિલ્પા તોશ્નીવાલ



સુંદર અવાજ અને સુમધુર ગીતોનો સંગમ
ડૉ. પ્રમોદ મેનન




ડૉક્ટરશ્રીઓને સંબોધન કરતા
મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ




મેડિકલ સેન્ટર અંગે વાર્તાલાપ કરતા
કન્વીનર શ્રી અશ્વિનભાઈ સાવલા




આભારવિધિ કરતા
માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ



હળવી પળોમાં... ડૉ. નીતુબેન પરીખ,
ડૉ. દક્ષાબેન રામાવત અને પીન્ટુભાઈ પટેલ



પાલડી મેડિકલ સેન્ટરના ડૉક્ટરશ્રીઓ કન્વીનર શ્રી અશ્વિનભાઈ સાવલા સાથે...



ડૉક્ટરશ્રીઓના સ્નેહ મિલનમાં – ડૉક્ટરશ્રીઓ તેમના પરિવાર સાથે, સમાજના ટ્રસ્ટીઓ અને સમિતિના સભ્યશ્રીઓ



પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં 'મેડિસીન' વિભાગ માટે દાન આપનાર અને વિભાગને ખુલ્લો મૂકતાં (ડાબેથી) ડૉ. નીતુબેન પરીખ, શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી રમણિકલાલ ગોસર, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રીમતી નિશાબેન શાહ અને શ્રી વિક્રમભાઈ શાહ



શ્રી વિક્રમભાઈ શાહ અને શ્રીમતી નિશાબેન શાહને મોમેન્ટો આપતા ડૉ. નીતુબેન પરીખ

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત*

### પરમકૃપા ચેરીટેબલ ફાઉન્ડેશન *પ્રાયોજિત*

### પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદરના નેજા હેઠળ

# મેડિકલ કેમ્પ



ચાંગોદર ખાતેના પરમકૃપા મેડિકલ સેન્ટરમાં યોજવામાં આવેલ કેમ્પમાં
શ્રી જયેશભાઈ મજમુદાર, શ્રી રજનીકાંત પારેખ, ડૉ. દક્ષાબેન રામાવત, શ્રી ગિરીશભાઈ પોલડિયા અને ડૉક્ટરશ્રીઓ



દર્દીને તપાસતા ડૉ. અજયભાઈ વાઘેલા



દર્દીઓને તપાસતા આંખના ડૉક્ટર



પેશન્ટનું ઇ.સી.જી. લેતા ટેકનિશિયન

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

**શાંતિનાથ ડેકોરેટર્સ**
**(મહાવીર ગ્રુપ - ધામાવાળા)**
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર
બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

*With Best Compliments From*

**Sathwara Construction**
C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com

**INDOTEX**
**PAINTS**
● DURABLE ● DECORATIVE ● PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 ● M. : 9909444598 ● Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in ● Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 ● Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

khadi
VEDA
Essence of Nature
HAIR CARE | MEDICATED | BODY CARE
WELLNESS | BEAUTY & FACE CARE






મિત્રતા અને સંબંધ એવા લોકો સાથે રાખો
જેના માટે તમે શું છો કરતા તમે કેમ છો?
એ મહત્ત્વનું હોય....



'દુઃખ'ના દરવાજા પર 'સુખ'નું બોર્ડ,
એનું નામ 'સંસાર.'



સંબંધો ત્યારે નબળા પડે
જ્યારે એક-મેકને "પામવા" નીકળેલા
બે જણ એકબીજાને "માપવા" લાગે



મહેમાનગતિ દરેક જીવોની કરવાની
પરંતુ હેરાનગતિ કોઈનીયે નહીં કરવાની...

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month


# વિશ્વસનીયતા અનુભવો




વી-ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી- ટ્રાન્સ- ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ- પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી- એક્સપ્રેસ- મલ્ટીમોડલ અને ઈ-કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી- લોજિસ- સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

**મુખ્ય વાસ્તવિકતાઓ**

**1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
**850 +** શાખા
વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
**1.2** મિલિયન ચો.ફૂટ વેર-હાઉસિંગ જગ્યા
**1500 +** જીપીએસ અભિમુખ ફ્લીટ
ISO **9001 : 2015** એક્રેડિટેશન
**3300 +** જોશીલા વ્યાવસાયિકો

વી-ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ- 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

V-TRANS® Driving Excellence

Other Divisions: V-Xpress | V-Logis


*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**